પુષ્ટિવાક્સુધા

:: પ્રકાશન એવં પ્રાપ્તિસ્થાન ::
ષોડશગ્રંથ પ્રવચનમાલા સમિતી
(શ્રીપ્રવિણભાઈ ડઢાણીયા)
૨૧૪, અમરદીપ કોમ્પલેક્ષ, રજપુતપરા, રાજકોટ.
મો. ૯૪૨૭૪૯૫૧૫૯

પ્રકાશનવર્ષ :
શ્રીમહાપ્રભુજી પ્રાકટ્ય ઉત્સવ ૫૩૨મો
વિ.સં. ૨૦૬૬, ચૈત્ર વદી ૧૧

પ્રથમ સંસ્કરણ પ્રતિ : ૧૦૦૦
દ્વિતીય સંસ્કરણ પ્રતિ : ૧૦૦૦
તૃતીય સંસ્કરણ પ્રતિ : ૧૦૦૦

ઐચ્છિક ગ્રન્થ પ્રકાશન સહાય : ૧૦/-
(પોસ્ટેજ-પેકેજિંગ્ : રૂ. ૫/-)

:: પ્રકાશન સહયોગી ::
શ્રીકુરજીભાઈ પાંચાભાઈ સરધારા, રાજકોટ.
ગો.વા. શ્રીવાલજીભાઈ રત્નાભાઈ રાખોલીયા
(હ. શ્રીવજુભાઈ વાલજીભાઈ રાખોલીયા-ધોરાજી)

મુદ્રક : પૂર્વી પ્રેસ પ્રા. લીમીટેડ, રાજકોટ.

પૂરોવાક્

અમોને ''પુષ્ટિવાક્સુધા'' ની ત્રીજી આવૃત્તિ પ્રકાશીત કરતાં અતિશય આનંદ થઈ રહ્યો છે કે પહેલી બે આવૃત્તિઓનું વિતરણ ખૂબ જ ત્વરિત ગતિથી થયું. ઘણા સમયથી ત્રીજી આવૃત્તિની જરૂરિયાત જણાતી હતી. પરંતુ અન્ય નવા પ્રકાશનોમાં સમય વ્યતિત થવાના કારણે વિલંબ થયો છે.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે ''સત્સંગ (શ્રીમહાપ્રભુજીની વાણીનો) શ્રીકૃષ્ણ સ્મરણ અને શરણાગતિરૂપ સાધન વડે બુદ્ધિની રક્ષા કરવી, જો એમ ન કરવામાં આવે તો બધી જ ક્રિયા વ્યર્થ જશે. તેથી જ સ્વકીયજનો ઉપર દયાળુ શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે કે બુદ્ધિના પ્રેરક શ્રીકૃષ્ણના ચરણકમલ પ્રસન્ન થાવ. ગીતાજીમાં શ્રીકૃષ્ણએ અર્જુન પ્રત્યે આનંદથી કહ્યું છે કે ''આ બુદ્ધિયોગ હું આપું છું જેના વડે મને પ્રાપ્ત થવાય છે'' બુદ્ધિની સ્થિરતા હોય ત્યારે હૃદયમાં હરિની સ્થિરતા થાય એમાં સંશય નથી. બુદ્ધિનો નાશ થાય તો સર્વનાશ થાય તેમ ગીતાજીમાં નિરુપણ કર્યું છે, તેથી, સર્વભાવની ઉત્પત્તિના કારણરૂપ બુદ્ધિની સારી રીતે રક્ષા કરવી. મહાપ્રસાદના લક્ષણ વડે, નિત્ય ભગવત્સેવા દ્વારા, સત્સંગ અને હંમેશા શ્રીકૃષ્ણની કથાના શ્રવણ કીર્તન વડે બુદ્ધિની રક્ષા કરવી.'' (શિક્ષાપત્ર ૨૯/૨ થી ૭)

શ્રીહરિરાયજીએ પ્રસ્તુત સાત નાના ગ્રંથોમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તો તથા તાત્પર્ય નિર્દેશ બહુ જ સૂક્ષ્મતાથી અને સરળ રીતે રજુ કરેલો છે જેમાં બુદ્ધિનો વિનિયોગ કરવાથી જીવ કયારેય પણ પુષ્ટિપ્રભુથી બહિર્મુખ બનતો નથી અને નિરંતર પુષ્ટિફલનો અનુભવ કરવાનો અધિકારી બને છે. અને પોતાના પુષ્ટિજીવના લક્ષ્ય પ્રત્યે કયારેય પણ ચ્યુત થતો નથી. અને કાલ-પ્રવાહથી પોતાને સુરક્ષિત રાખવા સમર્થ બને છે.

આવા ગ્રંથના પ્રકાશનો દ્વારા અમારો પણ એ જ હેતુ રહ્યો છે અને રહેશે. શ્રીમહાપ્રભુજી આવા સમ્પ્રદાયના શુદ્ધિકરણ થાય તેવા પ્રયત્નોમાં અમોને સામર્થ્ય પ્રદાન કરે એવી આપશ્રીના ચરણારવિંદમાં અમારી વિજ્ઞપ્તિ.

શેષ ભગવદ્દઈચ્છા

પુષ્ટિ અસ્મિતા અભિયાન-રાજકોટ
રમેશ પંચાસરા

ત્રીજી આવૃતિ વિષે કાંઇક...

''પુષ્ટિવાક્સુધા'' ની ત્રીજી આવૃત્તિ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને ઉપલબ્ધ કરાવતાં હૃદયમાં ઘણો જ આનન્દ અનુભવાઈ રહ્યો છે. આટલો પ્રતિસાદ મળવો તેનું કારણ કોઈ વ્યક્તિની નહીં પરંતુ મહાનુભાવ આચાર્ય શ્રીહરિરાય મહાપ્રભુની વાણી અને તે વાણીમાં સ્પષ્ટ ઉપસતું શ્રીમહાપ્રભુજીનું જ પ્રતિબિંબ છે. તેથી જ શ્રીહરિરાયજી રચિત આ ગ્રંથોનું મનન કરીને દરેક પુષ્ટિમાર્ગીય સંપ્રદાયમાં ધર્મના ઓઠા નીચે પેસી ગયેલા સડાઓ અને વિકૃતિઓમાંથી ચોક્કસ બચી જશે. અને આપણને મળેલ અમુલ્ય દેહનો પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની સેવામાં અને કથામાં સર્વસમર્પણ-વિનિયોગ કરાવીને પુષ્ટિજીવ તરીકેની આપણી સાર્થકતા સિદ્ધ કરી શકીશું નહિંતર તો બહિર્મુખ થવાના ઉપાયો તો આજે સંપ્રદાયમાં એક માગો છો અનેક મળતા થઈ ગયા છે.

ત્રીજી આવૃત્તિમાં વિશેષ શ્રીહરિરાયજીના ''દુઃસંગવિજ્ઞાનપ્રકરણ'' અને ''કામાખ્યદોષ વિવરણ'' આ બંને ગ્રંથો સાથે સંગત થતો એક લેખ નિ.લી.ગો.શ્રીવ્રજનાથલાલજી (મુંબઈ) 'પરાગ' લેખીત ''મૃણાલિની એક આદર્શ મર્યાદી'' નો સમાવેશ કરેલ છે. તેમજ છેલ્લા પેઈજ પર આપશ્રીનો એક બીજો લેખ ''મરજાદ એટલે શું ?'' આમ બે લેખો અતિ મહત્વના અને ચિંતન કરવા જેવા છે. ખાસ કરીને વરસોથી ચાલી આવતી પરંતુ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોથી બિલકુલ વિપરીત પ્રણાલી, પરંપરાઓ કે પછી બદીઓ જે આપણા સહુની બુદ્ધિ અને વ્યવહારમાં જડતાપૂર્વક ઘુસી ગઈ છે તેમાંથી નિવૃત્તિ મેળવીને શ્રીમહાપ્રભુજીને આપણે સહુ પ્રિય બની રહીએ તેવા હેતુથી પ્રકટ કરેલ છે.

એક વિશેષ જરૂરી સ્પષ્ટતા ઉપસ્થિત પ્રસંગે કરવી જરૂરી છે કે ''પુષ્ટિ અસ્મિતા અભિયાન'' - રાજકોટ અને ''પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર-રાજકોટ'' દ્વારા જેટલા પણ ગ્રંથો પ્રકાશિત થયા છે, થઈ રહ્યાં છે અને થશે તે કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિ સમુહની કપોલ કલ્પિત બુદ્ધિથી કે સ્વતંત્ર સમજણથી કે પછી કોઇ રાગ-દ્વેષથી પ્રેરાઈને પ્રકાશિત નથી થતા પરંતુ શ્રીમહાપ્રભુજીના તથા શ્રીગુસાંઈજીના મૂલ ગ્રંથો અને એ ગ્રંથોને વિસ્તારથી

સમજાવતી શ્રીરઘુનાથજી, શ્રીગોકુલનાથજી, શ્રીકલ્યાણરાયજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી, શ્રીદ્વારકેશજી વિ.ની ટીકાઓ તથા એમના વચનોના આધારે જ સંગતિપૂર્વક થાય છે. આ સ્પષ્ટતાનું કારણ એ છે કે આજના સમયે વૈષ્ણવોના મનમાં પુષ્ટિ અસ્મિતા વિષે ઝેર રેડીને ભડકાવવામાં આવે છે. વૈષ્ણવો સુધી ઓછામાં ઓછા ખર્ચમાં સાંપ્રદાયિક મૂલ સાહિત્ય પહોંચે તેના માટે કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ, તેનું પ્રુફ રીડીંગ કરવું, પુસ્તક માટે કાગળો સારામાં સારા અને ઓછા ભાવે મેળવવા જાત મહેનત તથા દોડાદોડી કરવી, ગો.બાલકોની શિબિરોના આયોજન, તેનું વિડીયો શુટીંગ, રેકોર્ડીંગથી માંડી કોમ્પ્યુટર કરી સીડી તથા ડીવીડી બનાવવી અને તેનું વિતરણ કરવું વગેરે દરેક બાબતોમાં પુષ્ટિઅસ્મિતા અભિયાન - રાજકોટના સૌ સભ્યોના પ્રયત્નોની ફલશ્રુતિ રૂપે છેલ્લા પાંચ વર્ષ દરમીયાન ગુજરાત, કાઠીયાવાડ ઉપરાંત અમેરીકા, દુબઈ અને ઓસ્ટ્રેલીયા જેવા દેશોમાં પણ પુષ્ટિમાર્ગનું શુદ્ધ સાહિત્ય પહોંચતુ થયું છે.

પુષ્ટિઅસ્મિતાના અધ્યયનાર્થીઓ પણ પોતાના દરેક કાર્ય છોડી ગમે ત્યારે સંપ્રદાયના પ્રચાર-પ્રસારમાં તત્પર રહે છે. આ પણ એક વિશેષ બળ છે આ બધા કાર્યોમાં. આ બધું શકય છે કેવળ શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ પરંતુ અહીં જાહેર કરવામાં કોઈ આત્મપ્રશંસા કે પરસ્પર પ્રશંસાના હેતુથી નહીં પરંતુ વૈષ્ણવોને ગેરસમજ ઉભી ન થાય તેટલા ખાતર જ છે.

અને આ વાત રજુ કરતા પણ અતિ પ્રસન્નતા થાય છે કે પુસ્તક પ્રકાશન સહાય માટે વૈષ્ણવો સામે ચાલીને પૂછી રહ્યા છે. આટલી ઓછી કીંમતમાં સાહિત્ય પ્રાપ્ત કરાવવામાં આ પણ એક મહત્વનું પાસુ છે.

હવે રહી વાત લેખન-સંપાદન-સંકલન વિ.ની તો મારા દ્વારા પણ જેટલું થઈ રહ્યું છે તેમાં કેવળ શ્રીમહાપ્રભુજીની કૃપા અને પૂજ્યપાદ શ્રીશ્યામુબાવાના આશિર્વાદથી તેમજ પ્રેરણાથી જ થાય છે. નહીંતર હું મને આના લાયક બિલ્કુલ સમજતો નથી. તે ખરા હૃદયથી સ્વીકારવું જ પડે છે. છતાં કાંઈ ક્ષતિ જણાતી હોય તો તે મારી ક્ષુદ્ર જીવબુદ્ધિની જ ઉપજ સમજી ક્ષમા કરવા વિનંતી.

અસ્તુ. બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પાદપદ્મપ્રસિદતુ...

પુષ્ટિ અસ્મિતા અભિયાન - રાજકોટ વતી, રમેશ પંચાસરા

:: પ્રકાશીત પ્રકાશનો ::

૧. **પુષ્ટિવાક્સુધા : શુલ્ક ૧૦/- રૂા. (ત્રીજી આવૃતિ)**

(અત્યારની સંપ્રદાયની વિષમ પરિસ્થિતિમાંથી બચવા માટે અત્યંત ઉપકારક અને મનન કરવા યોગ્ય શ્રીહરિરાયજી મહાનુભાવ દ્વારા લીખિત સાત ગ્રંથો મૂલ શ્લોકો અને તેના સરળ ગુજરાતી અનુવાદ સહિત, આસરે ૧૨૦ પાનાનો ગ્રંથ)

૨. **જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો : શુલ્ક ૭૦/- રૂા.**

(શ્રીગુસાંઈજી રચિત શ્રીમહાપ્રભુજીના નામ-રૂપ-ગુણનું અલૌકિક નિરૂપણ કરનારા સ્તોત્રો શ્રીસર્વોત્તમજી, શ્રીવલ્લભાષ્ટકમ્ તથા સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતની શ્રીગોકુલનાથજીની તથા શ્રીહરિરાયજીની મૂલ ટીકાઓનું સરળ ગુજરાતીમાં અનુવાદ શ્રીગોવિંદદાસજીના સર્વોત્તમજીના ૧૧૫ પદો સાથે તથા શ્રીહરિરાયજી રચિત શ્રીમહાપ્રભુજીના સ્તોત્રો તથા પંચશ્લોકી, શિક્ષાશ્લોકી ગુજરાતી ટીકા સહિત અમુલ્ય ગ્રંથ)

૩. **સિદ્ધાન્તમુક્તાવલી : અપ્રાપ્ય**

(શ્રીપુરુષોત્તમજીની ટીકાનો ગુજરાતી ભાવાનુવાદ)

૪. **સિદ્ધાન્ત સૂક્તિ : નિઃશૂલ્ક - અપ્રાપ્ય**

(શ્રીમહાપ્રભુવિરચિત ષોડશગ્રંથો પૈકી ભક્તિવર્ધિની, નવરત્ન, જલભેદ, સિદ્ધાન્તમુકતાવલી ગ્રંથોમાંની ઉક્તિઓ-ગો.શ્રીશ્યામમનોહરજી)

૫. **વિશોધનિકા : (દે ધના ધન, ભાગ-૪) નિઃશુલ્ક - અપ્રાપ્ય**

(શ્રીહરિરાયજી-જામનગર દ્વારા પ્રકાશિત ‘‘ગદાધરપદાવલી’’ અંતર્ગત પ્રાક્કથન રૂપે લેખ ‘‘તત્સિદ્ધયૈ તનુવિત્તજા’’ ની કપોલકલ્પિત અને પુષ્ટિમાર્ગીયોને ગેરમાર્ગે દોરતી વ્યાખ્યાનું ખંડન કરતી સૈદ્ધાન્તિક સમીક્ષા ગો.શ્રીશ્યામમનોહરજી દ્વારા લખાયેલ વ્રજભાષાનો ગુજરાતી અનુવાદ.)

૬. **સિદ્ધાન્ત રહસ્ય :- અપ્રાપ્ય**

(શ્રીપુરુષોત્તમજીની ટીકાનો ગુજરાતી અનુવાદ)

૭. **શ્રીકૃષ્ણાશ્રય :- અપ્રાપ્ય**

(શ્રીકલ્યાણરાયજીની ટીકાનો ગુજરાતી અનુવાદ)

૮. **ચિરકુટ ચર્ચા સમીક્ષા :- નિઃશૂલ્ક**

(‘ઓરકૂટ’ વેબસાઈટ ઉપર કરવામાં આવેલા સામ્પ્રદાયીક શ્રીનાથજી વિષયક મનઘડંત વિધાનોનો સૈધ્ધાન્તિક જડબાતોડ પરિહાર ગો. શ્રીશ્યામમનોહરજી દ્વારા વ્રજભાષાનો

સરળ ગુજરાતી અનુવાદ.)

૯. **ધર્માધર્માગ્રદર્શનમ્ :- શુલ્ક ૮/- રૂા.**
(શ્રીભાગવત આધારિત ધર્મ અને અધર્મની વ્યાખ્યાનું સંકલન)

૧૦. **શ્રીભાગવત સુધા - રસબિંદુ :- શુલ્ક ૧૫/- રૂા.**
(શ્રીભાગવતના વિવિધ પાસાઓની સાંપ્રદાયીક વિવેચનાનું સંકલન-મહાત્મ્ય સાથે)

૧૧. **શ્રીયમુનાષ્ટકમ્ :- શુલ્ક ૧૫/- રૂા.**
(શ્રીયમુનાષ્ટકના એક-એક શ્લોકની વિસ્તૃત વિવેચનાઓ (૧)શ્રીશાંતિલાલ મહેતા (૨) શ્રીનાનુલાલ ગાંધી તથા (૩) ગો.શ્રીશ્યામમનોહરજી. સરળ ગુજરાતીમાં, ૧૬૦ પાનાનો ગ્રંથ)

૧૨. **વિવેકધૈર્યાશ્રય :- શુલ્ક ૫/- રૂા.**
(પ્રાચીન આચાર્યોની ટીકાઓના આધારે સરળ ગુજરાતીમાં સમજુતી)

૧૩. **કૃષ્ણાશ્રય :- શુલ્ક ૫/- રૂા.**
(પ્રાચીન આચાર્યોની ટીકાઓના આધારે સરળ ગુજરાતીમાં સમજુતી)

૧૪. **સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ :- શુલ્ક ૧૦/- રૂા.**
(પ્રાચીન આચાર્યોની ટીકાઓના આધારે સરળ ગુજરાતીમાં સમજુતી)

૧૫. **નવરત્નમ્ અને અંતઃકરણપ્રબોધ :- શુલ્ક ૧૦/- રૂા.**
(પ્રાચીન આચાર્યોની ટીકાઓના આધારે સરળ ગુજરાતીમાં સમજુતી)

૧૬. **શ્રીસર્વોત્તમ સ્તોત્ર :- શુલ્ક ૧૦/- રૂા.**
(પ્રાચીન આચાર્યોની ટીકાઓના આધારે સરળ ગુજરાતીમાં સમજુતી)

:: અતિ મહત્વના આગામી પ્રકાશનો ::

પુષ્ટિમાર્ગીય મર્યાદના ૨૪ સૂત્રો : *(મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજી દ્વારા ઉપદેશાયેલ પાયાના વચનોની પ્રાચિન આચાર્યોશ્રીની ટીકાઓના આધારે વિસ્તૃત વિવેચના ચાર ભાગ રૂપે)*

શ્રીમદ્ ભગવદ્ગીતા સારસંચય : *(ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ દ્વારા અપાયેલ ઉપદેશો વિષય વાઈઝ સંકલન વિવેચન સાથે)*

શિક્ષાપત્ર સારસંચય : *(શ્રીહરિરાયજી રચિત ૪૧ બૃહત્ શિક્ષાપત્રમાં અપાયેલા ઉપદેશો વિષય વાઈઝ સંકલન)*

★★★

અનુક્રમણિકા

પાના નં.

૧. પ્રાક્કથન – ગો.શ્રીશરદકુમારજી ૦૧

૨. દુઃસંગવિજ્ઞાનપ્રકારનિરૂપણમ્ ૨૮

૩. સ્વરૂપતારતમ્યનિર્ણય ૫૦

૪. બહિર્મુખત્વનિરૂપણમ્ ૫૮

૫. બહિર્મુખત્વનિવૃત્તિ ૬૧

૬. સ્વમાર્ગીયભાવનાસ્વરૂપનિરૂપણમ્ ૬૪

૭. કામાખ્યદોષવિવરણમ્ ૭૪

૮. નિષ્કામલીલા ૮૯

૧૦. મૃણાલીની યાને આદર્શ મર્યાદી (નિ.લી.ગો.શ્રીવ્રજનાથલાલજી) ૧૧૩

૧૧. મરજાદ એટલે શું ? (નિ.લી.ગો.શ્રીવ્રજનાથલાલજી) ૧૨૦

★★★

।। શ્રીહરિઃ ।।

''પુરુષાર્થસ્ય શાસ્ત્રાર્થસ્ય વા સ્વરૂપં શાસ્ત્રૈકસમધિગમ્યં ન સ્વબુદ્ધિકલ્પિતમ્. અતઃ સ્વબુદ્ધ્યા શાસ્ત્રાર્થં પરિકલ્પ્ય તત્ર વેદં યોજયન્તો મહાસાહિસિકાઃ સદ્ભિઃ ઉપેક્ષ્યાઃ'' (બ્ર.સૂ.૧।૧।૩)

''ધર્માદિ પુરુષાર્થો અથવા શાસ્ત્રનો તાત્પર્યાર્થ એક માત્ર શાસ્ત્ર દ્વારા જ સમજી શકાય તેવી બાબત છે, નહિ કે પોતાની સમજથી. તેથી જ પોતાની સમજ પ્રમાણે શાસ્ત્રના અર્થ-તાત્પર્યની પરિકલ્પના કરીને તે અનુસાર વેદનો અર્થ કાઢનારાઓ ખરેખર મહાસાહિસિક (!) જ ગણાય. સત્પુરુષોએ આવા લોકોની ઉપેક્ષા જ કરવી'' - મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના આ વચનો એ ભારતીય સનાતન ધર્મ-દર્શનની શાસ્ત્રમૂલક ચિન્તનની પરમ્પરામાં રહેલી અનન્ય શાસ્ત્રનિષ્ઠાનો જ પુનુરુચ્ચાર છે.

ઉપર્યુકત વચનના હાર્દ સમજવો હોય તો એમ કહી શકાય કે કેટલીક એવી બાબતો હોય છે કે જેનું જ્ઞાન પ્રત્યક્ષ, અનુમાન તેમજ શબ્દથી એટલે કે જોઈ-વિચારીને કે કોઈકના પાસેથી જાણીને થઈ શકતું હોય છે. દા.ત. જગત્નું ભૌતિક રૂપ વગેરે. આવી બાબતોને પ્રત્યક્ષાદિ લૌકિક પ્રમાણોનો વિષય કહી શકાય. પરન્તુ જગત્નું આધ્યાત્મિક-આધિદૈવિક સ્વરૂપ, જીવ, બ્રહ્મ આદિ પ્રમેયો; કર્મ-જ્ઞાન-ભક્તિ-પ્રપત્તિ રૂપી મુખ્ય સાધનો તથા દાન વ્રત તપ તીર્થયાત્રા વર્ણાશ્રમધર્મ આદિ ગૌણ સાધનો; તેમજ મુક્તિ, પાપ-પુણ્ય આદિ ફળો વગેરેને ભારતીય આસ્તિક પરમ્પરામાં અચિન્ત્ય, અલૌકિક, કે શાસ્ત્રીય વિષયો માનવામાં આવે છે. આને 'શાસ્ત્રીય' કહેવાનો અભિપ્રાય એ છે કે આ વિષયોનું જ્ઞાન કેવળ શાસ્ત્રથી જ પ્રાપ્ત કરી શકાય છે. આ વિષયોના સમ્બન્ધમાં શાસ્ત્ર જે સમજ આપે છે તેને જ પ્રામાણિક માનવામાં આવે છે. તેથી જ કહેવાયું છે :

‘‘પ્રત્યક્ષેણાનુમિત્યા વા યસ્તૂપાયો ન બુદ્ધ્યતે ।
એતં વિદન્તિ વેદેન તસ્માત્ વેદસ્ય વેદ્તા ।।

રૂપ દર્શનમાં જેમ આંખનું, શબ્દ-ધ્વનિને સાંભળવામાં જેમ કાનનું કે સ્પર્શાનુભૂતિમાં જેમ ત્વચાનું પ્રામાણ્ય સામાન્યતયા નિરપેક્ષ કે સ્વતઃ હોય છે તેમ પોતાના (=અલૌકિક) વિષયના જ્ઞાનમાં શાસ્ત્રનું પ્રામાણ્ય પણ નિરપેક્ષ હોય છે. આને જ શાસ્ત્રનું સ્વતઃપ્રામાણ્ય કહેવાય છે.

જે પ્રમાણનું પ્રામાણ્ય સ્વતઃ હોય તેને પોતાના વિષયના નિર્ધારણ માટે અન્ય કોઈ પ્રમાણની આવશ્યકતા રહેતી નથી. તેથી જ આચાર્યચરણ આજ્ઞા કરે છે :

> **‘‘અલૌકિકો હિ વેદાર્થો ન યુકત્યા પ્રતિપદ્યતે’’**
>
> **... ન હિ સ્વબુદ્ધ્યા વેદાર્થં પરિકલ્પ્ય તદર્થં વિચારઃ કર્તું શક્યઃ. બ્રહ્મ પુનઃ યાદશં વેદાન્તેષુ અવગતં તાદશમેવ મન્તવ્યમ્. અણુમાત્રાન્યથાકલ્પનેડપિ દોષઃ સ્યાત્. ‘યોન્યના સન્તમાત્માનમ્ અન્યથા પ્રતિપદ્યતે, કિં તેન કૃતં પાપં ચૌરેણાત્માપહારિણા’ ’’.**

વેદ તો અલૌકિક વિષયનું પ્રતિપાદન કરે છે. તેથી ‘‘વેદનો અર્થ આ પ્રમાણે નહિ પણ આ પ્રમાણે હોવો જોઈએ’’ એમ પોતાની સમજથી વેદનો અર્થ નક્કી કરી લઈને સ્વબુદ્ધિકલ્પિત વેદાર્થનો વિચાર કરવા બેસવું અનુચિત છે. આવો વિચાર વેદાર્થ વિચાર ન રહી સ્વમનઃકલ્પિત અર્થનો વિચાર બની જાય છે.

કદાચ કયારેક એવું બની શકે કે ધર્મ-બ્રહ્માદિ શાસ્ત્રીય પ્રમેયોનું નિરૂપણ અબુદ્ધિગમ્ય જણાય. શાસ્ત્રીય પ્રમેયોનું જ્ઞાન, પરન્તુ, અન્ય કોઈ પણ લૌકિક જ્ઞાનસાધનોથી પ્રાપ્ત થઈ શકે તેવું ન હોવાથી વેદ-વેદાન્તમાં તેનું જે પ્રમાણે નિરૂપણ કરાયું હોય તે જ પ્રમાણે તેને, યથાવત્, સ્વીકારી લેવામાં આવે તો જ તેને ‘શાસ્ત્રાર્થ’ કહી શકાય. શાસ્ત્ર દ્વારા નિર્ધારિત વિષયમાં જો અણુ માત્ર પણ આઘો-પાછો વિચાર આવે તો તે દોષ છે.

‘‘... શાસ્ત્રયોનિત્વાત્’’ ‘‘તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે’’ ‘‘ધર્મં જિજ્ઞાસમાનાનાં પ્રમાણં પરમં શ્રુતિઃ’’ ઈત્યાદિ શાસ્ત્ર વચનો તેમજ મહાપ્રભૂકત **‘‘શબ્દએવ પ્રમાણમ્ ... તત્ સ્વતઃસિદ્ધપ્રમાણભાવં પ્રમાણમ્’’** વચન પણ શાસ્ત્રીય તત્ત્વોનું નિર્ધારણ શાસ્ત્ર દ્વારા જ કરવાનો ઘોષ કરે છે.

‘‘અચિન્ત્યા ખલુ યે ભાવાઃ ન તાંસ્તર્કેણ યોજયેત્’’ ‘‘તર્કાપ્રતિષ્ઠાનાત્’’ સદશ શાસ્ત્ર વચનો તેમજ પ્રમેયરત્નાર્ણવકારોકત **‘‘વાચનિકે શાસ્ત્રે વાચનિકયેવ વ્યવસ્થેતિ શુષ્કતર્કૈઃ ન ભ્રમિતવ્યમ્’’** વચન શાસ્ત્રીય અલૌકિક-અચિન્ત્ય અર્થોને પ્રત્યક્ષાદિ લૌકિક પ્રમાણો કે (અવૈદિક) તર્કથી મૂલવવાનો નિષેધ કરે છે. આવા નિષેધ પાછળની ભાવના વેદાર્થની રક્ષા કરવાની છે. જ્યાં શાસ્ત્રવચનો સિવાય અન્ય કોઈપણ પ્રમાણની ગતિ ન હોય ત્યાં શાસ્ત્રૈકશરણ થવામાં જ બુદ્ધિમતા ગણાય. આ પરમ્પરાગત શાસ્ત્રનિષ્ઠાને વાચા આપનારા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના આ વચનો મનનીય છે :

યે ધાતુશબ્દાઃ યત્રાર્થે ઉપદેશે પ્રકીર્તિતાઃ ।
તથૈવાર્થો વેદરાશેઃ કર્તવ્યો નાન્યથા કવચિત્ ।।

(તત્ત્વાર્થ.નિ.સર્વનિ. ૭૪)

શ્રુત્યા અભિધયા વૃત્ત્યા યો અર્થઃ પ્રતિપાદ્યતે પ્રકરણાનુરોધેન સએવ શ્રુત્યર્થઃ. (તત્ત્વાર્થ.નિ.શા.૭૮)

પ્રત્યક્ષાદષ્ટવિષયે પદાર્થાઃ શ્રુતિબોધિતાઃ ।
[૧]પરસ્પરં વિરુદ્ધાસ્તે નૈકશેષં ભજન્તિ હિ ।।
ઉભયોર્વૈદિકત્વેન કઃ સ્યાદ્ અત્ર નિયામકઃ ।
વિચારકાનાં બુદ્ધિસ્તુ સોપજીવ્યા શ્રુતેઃ સદા ।।
ક્રિયાવિદ્યાપરત્વે તુ વિકલ્પેનૈકવાકયતા ।
...
યથા સર્વાવિરોધઃ સ્યાત્ તથૈવાત્ર વિચારણમ્ ।।

(સુબોધિની ૨।૯।૩૨ ઉપર કારિકા)

વિરુદ્ધકરણં નાસ્તિ પ્રક્રિયા ન વિરુદ્ધ્યતે ।
કલ્પિતૈરેવ બાધઃ સ્યાત્ અવોચામ પ્રમાણતામ્ ॥

(તત્ત્વાર્થ.નિ.સર્વનિ. ૨૨૫)

અર્થોઽયમેવ નિખિલૈરપિ વેદવાકયૈઃ
રામાયણસહિતભારતપઞ્ચરાત્રૈઃ । અન્યૈશ્ચ શાસ્ત્રવચનૈઃ સહ
તત્ત્વસૂત્રૈઃ નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ ॥

(તત્ત્વાર્થ.નિ.શા.૧૦૪)

વેદનો અર્થ કરવામાં રાખવી જોઇતી સાવધાનીના વિષયમાં સમજાવતાં આચાર્યચરણ 'નિબન્ધ' માં આજ્ઞા કરે છે : **''પદપરિત્યાગેન અધિકમેલનેન વા ન વેદાર્થો વકતવ્યઃ''** (સર્વનિ.પ્રકાશ ૧૬૬). વેદનો અર્થ કરતી વખતે વેદનો એક પણ શબ્દને છોડવો નહિં કે વધારાનો એક પણ શબ્દ તેમાં ઉમેરવો નહીં. આ રીતે જો વેદાર્થ કરવામાં આવે તો શ્રુતહાન **(શ્રુતસ્ય શબ્દપંતિપન્નાર્થસ્ય હાનઃ પરિત્યાગઃ)**, અશ્રુતકલ્પના **(અશ્રુતસ્ય શબ્દાપ્રતીતાર્થસ્ય કલ્પના)** કે **પ્રાપ્તબાધ (પ્રામસ્ય પ્રમાણવિશેષેણ કર્તવ્યતયા પ્રતીતસ્ય બાધો વ્યવહારવ્યાવર્તનમ્)** જેવા અક્ષમ્ય દોષો થઈ જવાની શકયતા રહેતી હોય છે. મીમાંસાના ગ્રન્થોમાં લાક્ષણિકી પરિસંખ્યાના દોષો તરીકે આ બાબત વિસ્તારથી વર્ણવાઈ છે. આવા દોષોને કારણે વેદાર્થ વિકૃત ન થાય, વેદનું તાત્પર્ય જળવાઈ રહે, વેદના નામે સ્વમનઃકલ્પિત સિદ્ધાન્તો તેમજ કર્માનુષ્ઠાનો દુર્જનો પ્રચારિત કરવા ન લાગે અને તેને કારણે વેદનું પ્રયોજન માર્યું ન જાય તે માટે [ક]વૈદિક શબ્દ, [ખ]વૈદિક અર્થ તેમજ [ગ]વૈદિક કર્માનુષ્ઠાનની રક્ષા કરવી આવશ્યક હોય છે.

વેદના સ્વરૂપની રક્ષા માટે શિક્ષા તથા છન્દ, વેદના અર્થની રક્ષા માટે વ્યાકરણ તથા નિરુકતઃ અને વેદોકત અનુષ્ઠાનની રક્ષા માટે કલ્પ તથા જ્યોતિષ – આમ છ વેદાંગોનું પ્રાકટય છે. તે જ પ્રમાણે ધર્માનુષ્ઠાનાર્થ અપેક્ષિત આરોગ્ય માટે [૭]આયુર્વેદ, આત્મરક્ષા તેમજ યજ્ઞ રક્ષા માટે [૮]ધનુર્વેદ, ચિત્તમાં થતા ઉદ્વેગને દૂર કરવા માટે [૯]ગન્ધર્વવેદ તેમજ ધર્મકાર્યમાં આવશ્યક ઉપકરણોના નિર્માણ માટે [૧૦]સ્થાપત્યવેદ – આમ ચાર ઉપવેદોનું પ્રાકટય છે. તે જ પ્રમાણે

[૧૧]ઈતિહાસ-પુરાણ, [૧૨]ન્યાય, [૧૩]મીંમાસા અને [૧૪]ધર્મશાસ્ત્ર આમ ચતુર્દશ વિદ્યાઓનું પ્રાકટય સાક્ષાત્ પરમ્પરયા વેદરક્ષાર્થે જ છે. વૈદિકોને આનુ અનુસંધાન સતત રહે તે માટે નિત્યકર્મમાં બ્રહ્મયજ્ઞનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉકત સકલ શાસ્ત્રોનું નિત્ય યથાયોગ્ય અધ્યયન / સ્વાધ્યાય બ્રહ્મયજ્ઞમાં કરવામાં આવે છે.

શાસ્ત્ર એક મહાવાકય કે મહાપ્રકરણ જેવું છે. વેદ, આગમ, ઈતિહાસ-પુરાણ, સ્મૃતિ, સૂત્ર વગેરે બધું મળીને એક શાસ્ત્ર છે. શાસ્ત્રના અર્થને સમજવામાં પડતી તકલીફનું એક કારણ શાસ્ત્રનો આ વિસ્તાર છે. આ સિવાય અધિકારભેદ, કોટિભેદ, યુગ-કલ્પભેદ જેવી બાબતો તેને ઓર જટિલ બનાવે છે. તેથી જ પ્રત્યક્ષ, અનુમાન તેમજ શબ્દ જન્ય લૌકિક વિષયોની અનુભૂતિનું નિર્ધારણ કરવા માટે જેમ લૌકિક પ્રમાણોમાં બલાબલ, એકવાકયતા-સમન્વય, અવિરોધ આદિનો વિચાર કરવામાં આવે છે. આ માટે શાસ્ત્રના પ્રકાર અનુસાર શાસ્ત્રાર્થની વિભિન્ન પદ્ધતિઓ પરમ્પરાથી ચાલી આવી છે. જેવી કે

ઉપક્રમોપસંહારાવભ્યાસાપૂર્વતા ફલમ્ ।
અર્થવાદોપપત્તિશ્ચ લિંગ તાત્પર્યનિર્ણયે ।।

- આ સકલશાસ્ત્રોપકારક પ્રણાલી છે. અધિકરણવિચારમાં વિશેષ કરીને.

વિષયો-વિષયશ્ચૈવ પૂર્વપક્ષઃ તથોત્તરમ્ ।
સંગતિશ્ચેતિ પઞ્ચાંગ શાસ્ત્રેડધિકરણં સ્મૃતમ્ ।।

- આ પઞ્ચાંગ વિચારની પ્રણાલી અપનાવાય છે. સૂત્રાર્થવિચારની પદ્ધતિ છે :

સઞ્જ્ઞા ચ પરિભાષા ચ વિધિર્નિયમએવ ચ ।
અતિદેશોડધિકારશ્ચ ષડિવધં સૂત્રલક્ષણમ્ ।।

- સૂત્રભાષ્યમાં સૂત્રાનુસારી પોતાના વિચારોને પણ અભિવ્યકત કરવાના સ્વાતન્ત્ર્ય સાથે

સૂત્રાર્થો વર્ણ્યતે યેન પદૈઃ સૂત્રાનુસારિભિઃ ।
સ્વપદાનિ ચ વર્ણ્યન્તે ભાષ્યં ભાષ્યવિદો વિદુઃ ॥

– આ પદ્ધતિ અનુસરવામાં આવે છે. ભાષ્ય ઉપર ઉક્તાનુકત-દુરુકતના વિચારરૂપ વાર્તિકગ્રન્થોની રચના પણ પ્રાચીન કાલથી થતી આવી છે. પરન્તુ સમ્પ્રદાયપ્રવર્તક આચાર્ય વિરચિત વેદાન્તસૂત્રભાષ્ય ઉપર વાર્તિકની રચના કરવી એ શિષ્ટજનોમાં નિન્દનીય કાર્ય ગણાય છે. તેથી જ મહાપ્રભુ લખે છે : **''વ્યાસો અસ્માકં (સર્વેષાં વેદાન્તવિચારકાણાં) ગુરુઃ (ઉપજીવ્યઃ). અતો વ્યાસાભિપ્રેતવિરુદ્ધાંગી ન અંગીક્રિયતે''**. અમારા ગુરુ વેદવ્યાસને અભિપ્રેત શાસ્ત્રના અર્થથી વિરુદ્ધ અર્થનો સ્વીકાર અમે નથી કરતા. ભાષ્ય જેમ સૂત્રથી વિરુદ્ધ ન રચી શકાય તેમ વેદાન્તસમ્પ્રદાયમાં ભાષ્યથી વિરુદ્ધ તેનું વિવેચન પણ ન કરી શકાય.

વેદને સમજવા માટે મીમાંસકોએ વિધિ-મન્ત્ર-નામધેય-નિષેધ અને અર્થવાદાત્મક વેદનો વિચાર ઉત્પત્તિ-વિનિયોગ-પ્રયોગ અને અધિકાર વિધિરૂપે કર્યો છે. તદનુસાર વ્યક્તિના અધિકાર (કામ્ય-નૈમિત્તિક-નિત્ય) ને લક્ષ્યમાં રાખીને કર્મનું સ્વરૂપ જાણી લીધા બાદ યાગ અને તેના અંગો ને સમજવા માટે શ્રુતિ-લિંગ-વાક્ય-પ્રકરણ (મહાપ્રકરણ-અવાન્તપ્રકરણ)-સ્થાન-સમાખ્યાનો વિચાર તેમજ યાગક્રિયાને શીઘ્ર સમ્પન્ન કરવા માટે તેના ક્રમનો બોધ શ્રુતિ-અર્થ-(મન્ત્રબ્રાહ્મણાત્મક) પાઠ-સ્થાન-મુખ્ય-પ્રવૃત્તિ દ્વારા પ્રાપ્ત કરવાની પ્રણાલી બતાવી છે.

''અસ્ય મહતો ભૂતસ્ય નિશ્વસિતમ્ એતદ્ યદ્ ઋગ્વેદો યજુર્વેદઃ સામવેદો અથર્વાંગિરસઃ'' વચનમાં કહ્યા મુજબ વેદોનો આવિર્ભાવ પ્રભુમાંથી સાક્ષાત્ થયો હોવાથી અપૌરુષેય ભગવદ્વાક્યરૂપ વેદોનું સ્વતઃપ્રામાણ્ય સર્વ આસ્તિકજનોમાં સ્વીકૃત છે. શાસ્ત્રગ્રન્થોમાં, પરન્તુ, વેદો સિવાય સ્મૃતિ, પુરાણ, ઈતિહાસાદિ પણ સ્વીકૃત છે જ. તે ગ્રન્થોનું પ્રમાણ્ય પણ વિચારણીય બને છે. વેદોતિરિકત શાસ્ત્રગ્રન્થોના પ્રમાણ્યના સમ્બન્ધમાં પણ સ્વયં શાસ્ત્રે જ વિશિષ્ટ વ્યવસ્થા દેખાડી છે. યથા :

વેદોઽખિલો ધર્મમૂલં સ્મૃતિશીલે ચ તદ્વિદામ્ ।
આચારશ્ચૈવ સાધૂનામ્ આત્મનઃ તુષ્ટિરેવ ચ ॥૬॥
વેદઃ સ્મૃતિઃ સદાચારઃ સ્વસ્ય ચ પ્રિયમાત્મનઃ ।
એતત્ ચતુર્વિધં પ્રાહુઃ સાક્ષાદ્ ધર્મસ્ય લક્ષણમ્ ॥૧૨॥
....
ધર્મં જિજ્ઞાસમાનાનાં પ્રમાણં પરમં શ્રુતિઃ ॥૧૩॥
(મનુસ્મૃ. અ.૨)

શ્રુતિસ્મૃતિપુરાણાનાં વિરોધો યત્ર દશ્યતે ।
તત્ર શ્રૌતં બલિષ્ઠં સ્યાત્ ... ॥
(વ્યાસ સંહિ.સ્મૃ. ૧/૪)

યા વેદબાહ્યાઃ સ્મૃતયો યાશ્ચ કાશ્ચ કુદષ્ટયઃ ।
સર્વાસ્તા નિષ્ફલા પ્રેત્ય તમોનિષ્ઠા હિ તાઃ સ્મૃતાઃ ॥
(મનુસ્મૃ. ૧૨/૯૫)

શ્રુતિદ્વૈધન્તુ યત્ર સ્યાત્ તત્ર ધર્માવુભૌ સ્મૃતૌ ।
ઉભાવપિ હિ તૌ ધર્મૌ સમ્યગુક્તૌ મનીષિભિઃ ॥
(મનુસ્મૃ. ૨।૧૪)

મહર્ષિ મનુ કહે છે કે આમ તો ધર્માદિનો નિર્ણય વેદ, સ્મૃતિ, સદાચાર વડે અને આત્મસન્તોષ કે ભીતરની લાગણી વડે આમ અનેક રીતે કરી શકાય છે. પરન્તુ આ બધામાં પરમ પ્રમાણ તો વેદને જ માનવું. સ્મૃતિશાસ્ત્રનું પ્રામાણ્ય પણ વેદોકત ધર્મ સાથે તેના સંવાદ હોવા પર જ મનાય છે. વેદોકત ધર્મથી વિરુદ્ધ નિરૂપણ કરનારી સ્મૃતિઓનું તેમજ વેદવિરુદ્ધ નિરૂપણ કરનારા અન્ય શાસ્ત્રોનું અનુસરણ કરવાથી સકલ શુભ કર્મ-ફલનો નાશ થાય છે અને નરક ફળ મળે છે. તેથી જ વ્યાસસ્મૃતિમાં કહેવાયું છે કે વેદના જ બે વચનોમાં પરસ્પર વિરુદ્ધ વાત આવતી જણાય તો તે બન્નેને ધર્મરૂપ જાણવી જોઈએ. વેદ-સ્મૃતિ-પુરાણમાં જો પરસ્પર વિરોધ જણાય તો તેવી સ્થિતિમાં વેદમાં કહેલ વાતને જ પ્રમાણ માનવી. વેદથી વિરુદ્ધ સ્મૃતિ પણ જ્યારે પ્રામાણિક ન ગણાતી હોય ત્યારે વેદવિરુદ્ધ હોય તેવા સદાચારનું કે ભીતરની લાગણીનું

પ્રામાણ્ય કયાંથી માની શકાય ! તેથી જ ભીતરની લાગણીથી જે કર્તવ્ય તરીકે સમજાતું હોય અથવા તો જે કર્મ કરવાથી આત્મસન્તોષ પ્રાપ્ત થતો હોય તેને પણ ધર્મરૂપ ત્યારે જ માની શકાય કે જો તે વેદાદિથી વિરુદ્ધ ન હોય. તે જ પ્રમાણે સદાચારનું પ્રામાણ્ય પણ જો તે વેદથી વિરુદ્ધ ન હોય તો જ મનાય છે. અતએવ **‘‘સાધૂનાં સમયશ્ચાપિ પ્રમાણં વેદવત્ ભવેત્’’ ‘‘આજ્ઞા ગુરુણામ્ અવિચારણીયાઃ’’ ‘‘યદ્યપિ શુદ્ધ લોકવિરુદ્ધં નાદરણીયમ્’’** સદશ સદાચાર-લોકાચાર-કુલાચાર આદિ વિષયક ઉકિતઓને પણ ઉપરોકત અર્થમાં જ લેવી જોઈએ. ધ્યાતવ્ય છે કે ‘સદાચાર’ નો અર્થ પણ પરિભાષિત છે : **‘‘...આચારશ્ચૈવ સાધૂનામ (૬)..., સરસ્વતીદષદ્વત્યોઃ ... બ્રહ્માવર્તં પ્રચક્ષતે (૧૭) તસ્મિન્ દેશે ય આચારઃ પારમ્પર્યક્રમાગતઃ, વર્ણાનાં સાન્તરાલાનાં સ ‘સદાચાર’ ઉચ્યતે’’**. તાત્પર્ય એ છે કે વ્યાકરણ-ન્યાય આદિ લૌકિક શાસ્ત્રોમાં જેમ ‘‘યથોત્તરં મુનીનાં પ્રામાણ્યમ્’’ ન્યાય સ્વીકાર્ય હોય છે તેવું અલૌકિક શાસ્ત્રોની બાબતમાં નથી. અલૌકિક શાસ્ત્રમાં ઉત્તરોત્તર શાસ્ત્રોની પૂર્વ-પૂર્વ શાસ્ત્રના અર્થમાં થતા સન્દેહની વારકતા સ્વીકાર્ય હોય છે પરન્તુ પ્રામાણ્ય તો પૂર્વ-પૂર્વ શાસ્ત્રનું જ વિશેષ મનાય છે.

આ સર્વ નિરૂપણનો આશય એટલો જ છે કે વૈદિક પરમ્પરામાં જે પદ્ધતિ શાસ્ત્રગ્રન્થોના પ્રામાણ્ય અને તેનો અર્થ કરવા-સમજવામાં સ્વીકારાયી છે તે જ પદ્ધતિ સમ્પ્રદાયના સ્તરે વલ્લભસમ્પ્રદાય સહિત પ્રાયઃ બધા જ વેદાન્તસમ્પ્રદાયોમાં સ્વીકાર્ય છે. આ વિષયનો સવિશેષ વિચાર કરવો વર્તમાન સન્દર્ભમાં ખુબજ આવશ્યક જણાય છે.

ધર્મ-બ્રહ્માદિ તત્ત્વો જેમ શાસ્ત્રસિદ્ધ છે તેમ શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિ સમ્પ્રદાયના ધર્મ-દર્શન વિષયક સિદ્ધાન્તો પણ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના વચનોથી સિદ્ધ છે. તેથી જ સ્વીયઃ વિષયમાં મહાપ્રભુના વચનોનું પ્રામાણ્ય પણ વેદવત્ નિરપેક્ષ કે સ્વતઃ છે. શ્રીગોપીનાથપ્રભુચરણ ‘સાધનદીપિકા’ ગ્રન્થમાં લખે છે :

ભક્તિમાર્ગવિતાનાય યોઽવતીર્ણો હુતાશનઃ ।
સએવ નઃ પરં માનં શેષમ્ અસ્ય પ્રમાન્તરમ્ ।।

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય અમારે મન પરમ પ્રમાણ છે.

શ્રીગોપીનાથપ્રભુચરણના અનુજ શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ લખે છે :

તસ્માત્ શ્રીવલ્લભાખ્ય ત્વદુદિતવચનાદ્ અન્યથા રૂપયન્તિ ।
ભ્રાન્તા યે તે નિસર્ગત્રિદશરિપુતયા કેવલાન્ધન્તમોગાઃ ।।

હે શ્રીવલ્લભ ! જેઓ આપે કહેલા વચનોથી વિરુદ્ધ જઈને આપના નામે અપસિદ્ધાન્તો કહે છે તેવા ભાન ભૂલેલા લોકો (આચાર્યદ્રોહના અપરાધે) કેવળ અન્ધન્તમ નરકમાં જનારા સહજ આસુરી જીવો જ છે.

સમ્પ્રદાયમાં સમ્પ્રદાયપ્રવર્તક મૂલ આચાર્યની વાણી વેદસ્થાની હોય છે. આ બાબતમાં પુષ્ટિભક્તિ સમ્પ્રદાયમાં કંઈક વૈશિષ્ટ્ય છે. અહીં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની માફક જ શ્રીગોપીનાથપ્રભુચરણ તથા શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણની પણ પ્રતિષ્ઠા સમ્પ્રદાયપ્રવર્તક આચાર્ય તરીકે નિર્વિવાદ પણે માન્ય છે. આ દૃષ્ટિથી મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યની માફક જ શ્રીગોપીનાથપ્રભુચરણ તથા શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણના વચનોનું પ્રામાણ્ય પણ સમ્પ્રદાયમાં વેદવત્ સ્વીકાર્ય છે.

શાસ્ત્ર ગ્રન્થોમાં વેદ સિવાય સ્મૃતિ, પુરાણાદિ અનેક અન્ય પણ શાસ્ત્ર ગ્રન્થોને પ્રભુએ વિભિન્ન પ્રયોજનોથી પ્રકટ કર્યા છે. નિત્યાનુમેય વેદમૂલક સ્મૃતિશાસ્ત્રમાં મુખ્યત્વે સંસ્કાર, સન્ધ્યોપાસનાદિ, નિત્યશ્રાદ્ધાદિ, ઔપાસન-વૈશ્વદેવાદિ સાત પાકયજ્ઞો તથા પ્રાયશ્ચિત્ત આમ પઞ્ચવિધ કર્મોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પઞ્ચવિધ કર્મોથી સમ્પન્ન થયા વિના વેદોકત ધર્માચરણની યોગ્યતા પ્રાપ્ત થતી નથી. દેહની રક્ષા માટે જેમ ઘર હોય છે તેમ દેહસ્થાની વેદની રક્ષા માટે ગૃહસ્થાની સ્મૃતિશાસ્ત્રોનું પ્રાકટ્ય છે. તદનુસાર સમ્પ્રદાય પ્રવર્તક આચાર્યોકત પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ વિષયક સિદ્ધાન્તોની રક્ષા માટે પરવર્તિ આચાર્યો વિરચિત વ્યાખ્યા તથા સ્વતન્ત્ર ગ્રન્થ સાહિત્યને સ્મૃતિવત્ માનવામાં આવે છે.

સ્મૃતિનું પ્રામાણ્ય જેમ વેદથી વિરુદ્ધ ન હોવાના અંશમાં સ્વીકાર્ય હોય

છે તેમ સમ્પ્રદાયમાં પણ સ્મૃતિસ્થાની પરવર્તિ આચાર્યો દ્વારા વિરચિત વ્યાખ્યા તેમજ ગ્રન્થ સાહિત્યનું પ્રામાણ્ય પણ મૂળ આચાર્યના વચનોથી વિરુદ્ધ ન હોવાના અંશમાં જ સ્વીકાર્ય હોય છે.

સામ્પ્રદાયિક આચાર તેમજ સ્વરુચિનું પ્રામાણ્ય પણ સ્મૃતિની માફક જ મૂળ આચાર્યના વચનોથી વિરુદ્ધ ન હોવાના અંશમાં જ સ્વીકાર્ય બને છે. વાર્તા, વચનામૃત આદિ સાહિત્યમાં નિરૂપિત બાબતોને પણ આ જ કસોટી પર કસવી જોઈએ. તે જ પ્રમાણે સમ્પ્રદાયના નામે ચાલી આવતી અર્વાચીન આચાર પ્રણાલી તેમજ પ્રવર્તમાન આધુનિક આચાર પ્રણાલી પણ જો મૂળ આચાર્યના વચનોથી વિરુદ્ધ હોય તો તેને પાપકૃત્ય જ માનવું જોઈએ.

સમ્પ્રદાયગ્રન્થોની પ્રમાણવ્યવસ્થા બાદ તેના અર્થવિચારની પણ પ્રામાણિક પદ્ધતિ જાણી લેવી જોઈએ. વેદનો અર્થ કેમ કરવો તે સમજાવતાં આચાર્યચરણ 'નિબન્ધ' માં આજ્ઞા કરે છે : **''પદપરિત્યાગેન અધિકમેલનેન વા ન વેદાર્થો વકતવ્યઃ''** (સર્વનિ.પ્રકાશ ૧૬૬). વેદનો અર્થ કરતી વખતે વેદના એક પણ શબ્દને છોડવો નહીં કે વધારાનો એક પણ શબ્દ તેમાં ઉમેરવો નહીં. કારણ કે વેદવાકયમાંના કોઈ એક પણ શબ્દને છોડી દઈને તેનો અર્થ કરવાથી વેદવાકયનો અર્થ અધુરો જ રહે છે. આ પ્રમાણે અર્થ કરવાથી 'શ્રુતબાધ'નો દોષ લાગે છે. આ જ પ્રમાણે જો વેદના વાકયમાં વધારાનો કોઈ શબ્દ ઉમેરીને અર્થ કરવામાં આવે તો તે અર્થ વેદનો ન રહી જઈ અવૈદિક અર્થ હોવાથી 'અશ્રુતકલ્પના'નો દોષ લાગે છે. આ બન્ને દોષો શબ્દનિષ્ઠ હોય છે.

પ્રાપ્તબાધ અર્થનિષ્ઠ દોષ છે. **''પઞ્ચ પઞ્ચનખા ભક્ષ્યાઃ''** વચનમાં ગણાવેલા પાંચ નખવાળા પાંચ પ્રાણિઓ સિવાયના પાંચ નખવાળા પ્રાણિઓના ભક્ષણનો શબ્દતઃ નિષેધ યદ્યપિ નથી તેમ છતાં પરિગણિત સિવાયના રાગતઃ પ્રાપ્ત પઞ્ચનખ પ્રાણિઓના ભક્ષણનો નિષેધ પણ, અન્ય નિષેધવચનો ઉપલબ્ધ થતા ન હોવાને કારણે, પ્રસ્તુત વચનથી જ સ્વીકારવામાં આવે છે. આ અર્થ શબ્દમર્યાદાથી નિકળતો ન હોવાથી દોષરૂપ મનાય છે. વાકયમાં વાચક પદના અભાવમાં કલ્પનાવડે લક્ષણાવૃત્તિથી અર્થની સંગતિ બેસાડવા જતાં આવા દોષો થવાની સમ્ભાવના રહેતી હોય છે. તાત્પર્ય એ છે કે વેદના જે શબ્દનો જે વાચ્યાર્થ, મુખ્યાર્થ કે અભિધાર્થ નિકળતો હોય તે

પ્રમાણે જ વેદવાકયોનો અર્થ કરવો જોઈએ.

સમ્પ્રદાયના આચાર્ય દ્વારા વિરચિત ભાષ્યાદિ શાસ્ત્રવ્યાખ્યારૂપ ગ્રન્થો કે પ્રકરણ-સ્તોત્રાદિ સ્વતન્ત્ર ગ્રન્થોનો અર્થ કરવામાં પણ ઉપરોકત શ્રુતહાન, અશ્રુતકલ્પના કે પ્રાપ્તબાધ જેવા અક્ષમ્ય દોષો ન થાય તેની સાવધાની રાખવી જોઈએ જેથી કે આચાર્યદ્રોહના અપરાધથી બચી શકાય.

આચાર્યચરણોના વચનમાંથી ફકત એક શબ્દનું વ્યાખ્યાન પ્રમાદવશ પણ છોડી દેવાથી કેવો અનર્થ થઈ શકે છે તેનું દૃષ્ટાન્ત લઈએ તો નિબન્ધના સર્વનિર્ણયપ્રકરણાન્તર્ગત સાધનપ્રકરણમાં આચાર્યચરણે દીક્ષાદાતા ગુરુના લક્ષણમાં 'નરમ્'પદના વિશેષણ તરીકે

[૧]કૃષ્ણસેવાપરં વીક્ષ્ય [૨]દમ્ભાદિરહિતં નરમ્ ।
[૩]શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્ ।।

- કારિકાઓમાં **૧. કૃષ્ણસેવાપરાયણ ૨. દમ્ભાદિરહિત અને ૩. ભાગવતતત્ત્વજ્ઞ** આમ ત્રણ પદો લખ્યા છે. સ્મર્તવ્ય છે કે આ ત્રણે પદો 'નરમ્' ના વિશેષણ છે. હવે ધારો કે આ શ્લોકના ''કૃષ્ણસેવાપરમ્'' વગેરે ત્રણ વિશેષણોનું તો સવિસ્તર વ્યાખ્યાન કરી દેવામાં આવે પણ 'નરમ્' પદનું વ્યાખ્યાન કરવાનું કોઈ કારણસર રહી જાય તો કેવો અનર્થ થઈ જાય ? તે સ્થિતિમાં પૂર્વોકત ત્રણ લક્ષણો જેમાં હોય તેવી વલ્લભવંશજ પુત્રી-બેટીજી પણ પુષ્ટિમાર્ગીય દીક્ષા આપી શકે છે તેવી ભ્રાન્તી કોઈકને ઉભી થઈ જાય. જ્યારે કે ઉપરોકત આચાર્યવચન તેમજ પ્રભુચરણોકત **''ભુવિ ભક્તિપ્રચારૈક કૃતે સ્વાન્વયકૃત્પિતા, સ્વવંશે સ્થાપિતાશેષસ્વમાહાત્મ્યઃ''** વચન ને સાથે રાખીને વિચાર કરવામાં આવે તો વસ્તુસ્થિતિ એવી છે કે સમ્પ્રદાયના સિદ્ધાન્ત અનુસાર વલ્લભવશંજ પુત્રી-બેટીજીઓ સમ્પ્રદાયની દીક્ષા આપી શકતા નથી. સિદ્ધાન્તતઃ પૂર્વોકત લક્ષણ ધરાવનાર વલ્લભાચાર્યના પુરુષ વંશજોનો જ દીક્ષાદાનાધિકાર સમ્પ્રદાયમાં સ્વીકારાયો છે.

'નરત્વ' ને આત્માનો વાચક માનીને પાછલા બારણેથી જો સ્ત્રીનો દીક્ષાદાનાધિકાર સિદ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવે તો 'ભાગવતતત્ત્વજ્ઞતા'

દ્વારા એનું પણ પ્રત્યાખાન મહાપ્રભુદ્વારા કરી દેવામાં આવ્યું છે. **''યદૌપનિષદં જ્ઞાનં શ્રીભાગવતમેવ વા, વર્ણિનામેવ તદ્ધિ સ્યાત્ સ્ત્રી-શૂદ્રાણાં તતોન્યથા''** *(તત્ત્વર્થ.નિ.ભાગ.પ્ર.૩/૧૭૮)* સિદ્ધાન્ત અનુસાર સ્ત્રી-શૂદ્રાદિ અનુપનીતોને ભાગવતાદિ પુરાણના પાઠ-અધ્યયનાદિક કરવાનો નિષેધ છે. આમ છતાં શાસ્ત્રનિષેધની અવજ્ઞા કરીને, સ્વચ્છન્દી બનીને જો કોઈ સ્ત્રી ભાગવતત્ત્વજ્ઞાતાના આધારે પોતાને દીક્ષાદાનાર્થ યોગ્ય માનીને દીક્ષા આપતી હોય તો તે **''યસ્ત્વિચ્છયા કૃતઃ પુમ્ભિઃ આભાસો હ્યાશ્રમાત્ પૃથક્''** ન્યાયે શાસ્ત્ર તેમજ આચાર્યની આજ્ઞાથી વિરુદ્ધ હોવાથી ધર્માભાસ માત્ર તેમજ પાપકૃત્ય જ કહેવાશે. આમ, આચાર્યચરણે વાકયમાં મૂકેલા એક પણ પદને છોડી દેવાથી કેવો અનર્થ થઈ શકે છે તે આપણે જોયું.

અશ્રુતકલ્પનાના દૃષ્ટાન્તો તો સમ્પ્રદાયમાં ''ગણ્યા ગણાય નહિ ને વીણ્યા વીણાય નહિ'' ન્યાયે અનેક મળી રહે છે. મિશ્રી-નાગરી-દૂધઘર આદિ સીમિત ભોગના સમર્પણપૂર્વક કરવામાં આવતી પ્રભુસેવા આમાંનો એક દીર્ઘકાલથી ચાલ્યો આવતો બહુપ્રચલિત પ્રકાર છે.

ઉપરોકત (તથાકથિત) સેવાપ્રકારની સૈદ્ધાન્તિક સ્થિતિને જાણવા માટે સર્વપ્રથમ સામ્પ્રદાયિક સાધનાના પ્રમુખ સોપાનો ઊપર દૃષ્ટિપાત કરી લેવો જોઈએ.

શરણ તથા સમર્પણ આમ બે સામ્પ્રદાયિક દીક્ષાના અનુસાર પુષ્ટિમાર્ગીય સાધનાઓમાં પ્રથમ ક્રમે [૧]અન્યાશ્રયત્યાગ પૂર્વક શરણાગતિ છે. બીજા ક્રમે અનન્યશરણાગતિ પૂર્વક પ્રભુના [૨]શ્રવણ-કીર્તન-સ્મરણ, ગુણગાન કે કથાપક્ષ છે. અને જ્યારે અસમર્પિતત્યાગપૂર્વક ભગવદ્દાસત્વેન સમર્પિત જીવન જીવવાનો સંકલ્પ જાગે ત્યારે ભક્તિમાર્ગીય આત્મનિવેદન દીક્ષાપૂર્વક સ્વગૃહમાં પ્રભુની સ્વ-સર્વસ્વ-સમર્પણાત્મિકા [૩]તનુવિત્તજા સેવામાં તત્પર બનવું - આમ પુષ્ટિમાર્ગીય સાધનાના આ ત્રણ ગ્રન્થોકત પ્રકારો છે. પરિચર્યા, તીર્થપર્યટન આદિ ગ્રન્થોકત અન્ય અવાન્તર પ્રકારોનો અન્તર્ભાવ યથાયથ ઉકત મુખ્ય પ્રકારોમાં જ થઈ જાય છે.

આચાર્યગ્રન્થોમાં નિરૂપિત ઉપરોકત સાધના સિવાયના અન્ય કોઈપણ સમ્પ્રદાયમાં સ્વીકાર્ય નથી તેવો નિષેધ શ્રીહરિરાયચરણ 'ભક્તિવર્ધિની'

ગ્રન્થની વિવૃતિમાં કરે છે : **“‘ઈતિ’ શબ્દઃ સમાપ્ત્યર્થોऽન્યપ્રકારનિષેધકઃ”.** અર્થાત્ **“ઈત્યેવં ભગવચ્છાસ્ત્રમ્”** માં ‘ઈતિ’ શબ્દ સમાપ્તિનું સૂચન કરનારો છે. તાત્પર્ય એ છે કે આ ‘ઈતિ’ શબ્દ ગ્રન્થની સમાપ્તિની સાથો-સાથ એ પણ સૂચિત કરે છે કે ભક્તિવર્ધિની ગ્રન્થમાં નિરૂપિત પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાના પ્રકારો સિવાય બીજા કોઈપણ પ્રકારો પુષ્ટિમાર્ગીય સાધના તરીકે નિષિદ્ધ છે.

આ સ્થિતિમાં ‘સિદ્ધાન્તમુકતાવલી’ - ‘સિદ્ધાન્તરહસ્ય’ ગ્રન્થોકત અસમર્પિતત્યાગ પૂર્વક સ્વ-સર્વસ્વ-સમર્પણાત્મિકા તનુવિત્તજા સેવા કે જેનો પરામર્શ ભક્તિવર્ધિનીમાં **“ગૃહે સ્થિત્વા... ભજેત્ કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ”** રૂપે કરવામાં આવ્યો છે અને જેનું વ્યાખ્યાન શ્રીવિઠ્ઠલનાથપ્રભુચરણોએ **“એતેન ભગવદર્થં નિરુપધિ-સ્વસર્વસ્વ-નિવેદનપૂર્વકં તત્રૈવ સ્વદેહવિનિયોગે પ્રેમ્ણિ જાતે સા ભવતિ”** શબ્દોમાં કર્યું છે તેનો વિચાર કરતાં બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રાપ્ત કર્યા બાદ અસમર્પિતત્યાગપૂર્વક દાસધર્મરૂપે જે પ્રકારની પ્રભુસેવા કરવાનો આદેશ આત્મનિવેદીને કરાયો છે તે સેવાના સ્થાને મિશ્રી આદિ સીમિત ભોગના સમર્પણરૂપે સેવા કરવાનો ઉપદેશ કરવો એ ભગવદાદેશ અને આચાર્યાજ્ઞાની ક્રૂર મશ્કરીથી વિશેષ કંઈ નથી.

અન્યાશ્રય કરવાથી જેમ શરણધર્મનો નાશ થાય છે તેમ અસમર્પિતના સેવનથી દાસધર્મનો નાશ થાય છે. તેથી જ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને બ્રહ્મસમ્બન્ધ મન્ત્ર આપીને બ્રહ્મસમ્બન્ધદીક્ષા લીધા બાદ આત્મનિવેદીએ પોતાનું જીવન ભગવદ્દાસ તરીકે કેમ વીતાવવું તેના ઉપદેશમાં પ્રભુએ **“અસમર્પિતવસ્તુનાં તસ્માત્ વર્જનમ્ આચરેત્”** આમ અસમર્પિત વસ્તુમાત્રના સંસર્ગનો પણ ત્યાગ કરવો એમ સ્પષ્ટ નિષેધ કર્યો છે. બ્રહ્મસમ્બન્ધદીક્ષા લીધા પછી ઉપદિષ્ટ પ્રકારે ભગવત્સેવા ન કરવાથી અથવા મિશ્રી આદિ સીમિત ભોગના સમર્પણપૂર્વક (તથાકથિત) સેવા કરવાથી અસમર્પિતત્યાગની આજ્ઞા તેમજ સ્વ-સર્વસ્વના સમર્પણની આજ્ઞાનું પાલન જ સમ્ભવ નથી. જે સેવાપ્રકારનું અનુસરણ કરવાથી સ્વયં પ્રભુની અને આચાર્યની આજ્ઞાનું પાલન અશકય બનતું હોય તેવો પ્રકાર પ્રભૂકત કે આચાર્યચરણોકત હોઈજ કેમ શકે ?

આત્મનિવેદીને સેવાર્થે ભગવત્સ્વરૂપને પધરાવવાની વિધિ

‘પુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકાર’ માં ગુરુઓને શ્રીગુસાંઈજીએ સ્પષ્ટ આદેશ આપેલો છે કે સેવિષ્યમાણ કૃષ્ણસ્વરૂપને પઞ્ચામૃતાદિથી શુદ્ધ કરીને, વસ્ત્ર-શૃંગાર ધરાવીને, તુલસીસમર્પણ તથા ધૂપ-દીપ કર્યા બાદ બાલભોગ, રાજભોગ તેમજ ઉત્સવભોગ પણ સમર્પવા **‘‘બાલભોગાદિ-રાજભોગ-પર્યન્તમ્ ઉત્સવભોગં ચ સમર્પયેત્’’**. હવે જે સેવ્યસ્વરૂપનું પ્રથમપ્રાશન જ જ્યારે સર્વવિધ અન્નાદિ ભોજ્ય પદાર્થ સ્વરૂપે થયું હોય ત્યારે તે સ્વરૂપની સેવા મિશ્રી આદિ સીમિત ભોગના સમર્પણપૂર્વક કરવાનો ઉપદેશ કેટલો પાખણ્ડપૂર્ણ ગણાય તે સમજી શકાય તેવી બાબત છે.

બીજી તરફથી વિચાર કરવામાં આવે તો આત્મનિવેદન કરવા જનાર જો અસમર્પિત ત્યાગ કરવા તેમજ પ્રભુસેવામાં સર્વસ્વનું સમર્પણ કરવા સમર્થ ન જણાતો હોય તેમ છતાં તેવા અનધિકારીને અસમર્પિતત્યાગ અને સર્વસ્વસમર્પણ કરવાની પ્રભુસમ્મુખ જુઠ્ઠી પ્રતિજ્ઞા લેવડાવવાનો સીધો અર્થ એ જ છે કે પ્રભુ સમ્મુખ હાથમાં તુલસીપત્ર લઈને સર્વસ્વનું સમર્પણ અને અસમર્પિતનો ત્યાગ કરવાની લીધેલી પ્રતિજ્ઞાનો ગણતરી પૂર્વક ભંગ કરાવવો. સાક્ષાત્ પ્રભુની સાથે આવી છેતરપિંડી કરનાર અને કરાવનાર ગુરુ-શિષ્ય બન્ને રૌરવ અને કુમ્ભીપાક નામના નરકમાં પડે છે એમ શ્રીહરિરાયચરણ **‘ષટ્ષષ્ટિરપરાધાઃ ...’** નામના ગ્રન્થમાં આજ્ઞા કરે છે : **‘‘ગુરુદેવતયોઃ સમીપે અનૃતભાષણમ્, અબ્દત્રયં રૌરવે કુમ્ભીપાકે ચ પાતઃ’’**. પરિસ્થિતિની ગમ્ભીરતા તો એ છે કે ચેલા મૂંડવાની લાલસામાં પ્રભુ અને મહાપ્રભુ પ્રત્યે છેતરપિંડીનો ભાવ રાખીને લેવા-આપવામાં આવતી આવી દીક્ષા એ દીક્ષાનું મિથ્યા-નાટક સિવાય બીજું કાંઈ નથી. તેથી પ્રથમ તો આવી દીક્ષાથી બ્રહ્મસમ્બન્ધ થતું જ નથી. બીજું **‘‘અવિચારિતદાનેન સ્વયં દાતા વિનશ્યતિ’’** દીક્ષા લેનારની યોગ્યતાનો વિચાર કર્યા વિના દીક્ષા આપનાર ગુરુનો નાશ થાય છે - આ શ્રીપ્રભુચરણોના શાપથી અનધિકારીને દીક્ષા આપીને સ્વસમ્પ્રદાય સાથે દ્રોહ કરનાર ગુરુને ભગવન્નામને વેચવાનું પાપ લાગે છે. આના પરિણામે ગુરુનો નાશ થાય છે. અને ત્રીજું, પ્રભુ સામે અસમર્પિતત્યાગપૂર્વક સર્વસ્વના સમર્પણની પ્રતિજ્ઞા લઈને તે પ્રતિજ્ઞાના વિરુદ્ધ આચારણ કરનાર બ્રહ્મસમ્બન્ધિને ભગવદ્દ્રોહ, આચાર્યદ્રોહ, માર્ગદ્રોહ અને

આત્મદ્રોહ જેવા ભયંકર પાપો લાગે છે.

આમ આપણે જોઇ શકીએ છીએ કે મિશ્રી આદિ સીમિત ભોગના સમર્પણપૂર્વક અનુસરાતો પ્રભુસેવાનો પ્રકાર બ્રહ્મસમ્બન્ધદીક્ષોત્તર કર્તવ્યત્વેન સમ્પ્રદાયના સિદ્ધાન્તમાં માન્ય નહિ હોવાથી સિદ્ધાન્તથી સદન્તર વિરુદ્ધ, અશ્રુત, અવિહિત તેમજ કાલ્પનિક માત્ર છે.

અશ્રુતકલ્પનાનું બીજું દૃષ્ટાન્ત નીચે આપેલ વચન છે.

> **''(૧) કેવળ વિત્તજા સેવા કરવાથી સંસારદુઃખની નિવૃત્તિ થાય છે. (૨) તથા કેવળ તનુજા સેવા કરવાથી બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન થાય છે. (૩) પણ તનુજા અને વિત્તજા બન્ને સેવા કરવાથી માનસી સેવા (ફલરૂપા) સિદ્ધ થાય છે''.**

કાવ્ય-સાહિત્યમાં કલ્પનાને ભૂષણરૂપ મનાતી હશે પણ શાસ્ત્રનો અર્થ કરતી વખતે કલ્પનાના ઘોડાને દોડાવવાથી મોટું બીજું કોઈ દૂષણ હોઈ નથી શકતું. ઉપરોકત ઉદ્ધરણના પ્રથમ બે વાકયો આવી જ કલ્પનાદૂષણના ઉદાહરણો છે. સિદ્ધાન્તમુકતાવલી ગ્રન્થમાં આચાર્યચરણ આજ્ઞા કરે છે :

> **''ચિત્ત પ્રભુમાં પરોવાય તેનું નામ 'સેવા'. ચિત્તને પ્રભુમાં પરોવવા માટે શ્રીકૃષ્ણની તનુવિત્તજા સેવા સદા કરવી આવશ્યક છે. આમ કરવાથી સંસારદુઃખ દૂર થાય છે અને બ્રહ્મબોધ થાય છે''.**

ઉક્ત વચનમાં **''ભક્ષ્યનિયમેન અભક્ષ્યપ્રતિષેધો ગમ્યતે''** ન્યાયે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે ભાડુતી સેવા કરવા તેમજ કરાવવાનો નિષેધ 'તનુવિત્તજા' પદથી કરી જ દીધો છે. આમ છતાં મહાપ્રભુપદિષ્ટ સર્વસ્વસમર્પણ પૂર્વક સ્વગૃહમાં બિરાજતા પ્રભુની તનુવિત્તજા સેવાના સ્થાને ધૂર્ત લોકો સ્વાર્થસિદ્ધિ માટે તનુજા અને વિત્તજા આમ સેવાના બે ભાગલા પાડીને સમ્પ્રદાયસાધનાને વિકૃત ન કરી દે તે માટે પ્રભુચરણોએ શ્રીમહાપ્રભુના ઉપરોકત વચનની સ્પષ્ટતમ શબ્દોમાં સમજુતી આપી છે :

> **''પૈસા આપીને કોઈ બીજા માણસ થકી કરાવવામાં આવતી સેવા તે સેવાનો એક પ્રકાર કલ્પી શકાય છે; અને આવી રીતે કૃષ્ણસેવા માટે કોઈક બીજા માણસ પાસેથી પૈસા**

લઈને કરવામાં આવતી સેવા તે સેવાનો બીજો પ્રકાર હોઈ શકે છે. પરન્તુ આવા કોઈપણ પ્રકારે કરવામાં આવતી સેવાથી ચિત્ત કયારેય કૃષ્ણપ્રવણ બની શકતું નથી, આવા પોતાના અભિપ્રાયને જણાવવા માટે આચાર્યચરણોએ 'તનુજા'-'વિત્તજા' આમ જુદા-જુદા પદોને ઠેકાણે 'તનુવિત્તજા' આમ સમસ્ત પદનો પ્રયોગ કર્યો છે. આથી સિદ્ધ થાય છે કે કોઈપણ જાતના લૌકિક ભાવોને આધીન થયા વગર પોતાનું સર્વસ્વ ભગવાનને નિવેદિત કરીને પોતાના દેહનો પણ વિનિયોગ જ્યારે ભગવાનની સેવામાં કરવામાં આવે છે ત્યારે ભગવત્પ્રેમ પ્રકટ થતાં ચિત્ત કૃષ્ણપ્રવણ બની શકે છે. આ પ્રકારે કૃષ્ણસેવા કરનારને જે અવાન્તર (વચગાળાનું) ફળ મળે છે તે ''તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિઃ બ્રહ્મબોધનમ્'' માં જણાવ્યું છે. ... પ્રભુસેવામાં પરોવાયેલા ચિત્તવાળા ભકતને જો કે આવા અવાન્તરફળોને પ્રાપ્ત કરવાની જરા પણ અભિલાષા હોતી નથી આમ છતાં પ્રભુસેવાના સ્વભાવબળથી જ ઉપરોકત અવાન્તર ફળો તનુવિત્તજા સેવાકર્તાને પ્રાપ્ત થઈ જતાં હોય છે.

આચાર્યચરણ અને પ્રભુચરણ ના તાત્પર્યને વધુ સ્પષ્ટ કરતાં શ્રીપુરુષોત્તમચરણ 'પ્રકાશ' વ્યાખ્યામાં લખે છે :

> ''કોઈકને (દા.ત. મુખીયાજી-મહારાજને) મહેનતાણું-પગાર, ન્યોછાવર કે દક્ષિણા રૂપે પૈસા આપીને સેવા કરાવવામાં આવે તો તેવી તથાકથિત સેવા ચિત્તને રાજસભાવ-દર્પ-દમ્ભ વાળું બનાવે છે. આવી ભાડુતી સેવા કરાવવાથી ચિત્ત કયારે પણ કૃષ્ણપ્રવણ બની શકતું નથી. અને જો કોઈક (ભાડુતી સેવા કરાવનાર મનોરથી-દર્શનાર્થી) પાસેથી ભેટ-સામગ્રી લઈને ઠાકોરજીની સેવા કરવામાં આવે તો જેમ ગોરમહારાજને યજ્ઞ-યાગાદિનું ફળ મળતું નથી તેમ પારકે પૈસે કરવામાં આવતી તનુજા સેવાનું કૃષ્ણપ્રવણતારૂપ ફળ પણ (ભાડુતી સેવા કરનાર મુખીયાજી-મહારાજને) પ્રાપ્ત થતું નથી.

ભક્તિમાર્ગના ઉપદેશમાં ભગવાને ભાડુતી સેવા કરવા કે કરાવવાનું કહ્યું ન હોવાથી તેમ ન કરી ભગવાને જે પ્રમાણે સેવા કરવાનો ઉપદેશ આપ્યો છે તે પ્રમાણે સ્વસર્વસ્વસમર્પણપૂર્વક જાતે જ તનુવિત્તજા સેવા કરવી.''

ઉપરોકત આચાર્યવચનોની કલ્પના રહિત શુદ્ધ બુદ્ધિથી વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે જુદી-જુદી તનુજા અને વિત્તજા સેવા કરવાનો આચાર્યોએ નિષેધ કર્યો છે. આમ છતાં જો તનુજા અને વિત્તજા સેવાને જુદી-જુદી કરવામાં આવે તો તેવી ભાડુતી સેવા કરનાર ગો.બા.-મુખિયા વગેરે (પાપી દેવલક બને છે) અને ભાડુતી સેવા કરાવનાર મનોરથી-દર્શનાર્થી વગેરે (દમ્ભી, અહંકારી બને છે) બન્નેનું અનિષ્ટ થાય છે. જે તનુજા-વિત્તજા સેવાનું શ્રીપુરુષોત્તમજી અનિષ્ટકારક ફળ બતાવી રહ્યા છે, જુદી-જુદી કરવાનો નિષેધ પણ કરી રહ્યા છે તેનાથી તદન વિપરીત જઇને ઉપરોકત દૃષ્ટાન્ત વચનમાં તનુજા-વિત્તજા સેવાનું ફળ સંસારદુઃખની નિવૃત્તિ અને બ્રહ્મબોધ જણાવવામાં આવ્યું છે. શાસ્ત્રીય પદ્ધતિથી જો વિચારવામાં આવે તો આચાર્યચરણોકત 'તતઃ' તેમજ પ્રભુચરણોક્ત **'એતાદશસ્ય' (...સમીપતરવર્તિ ચૈતદો રૂપમ)** બન્ને પદો પોતાનાથી અવ્યવહિતપૂર્વ ઉચ્ચરિત વચનોકત સાધન-સાધકના પરામર્શક છે નહિ કે નિષિદ્ધ સાધન-સાધકના.

મહાપ્રભુના વચનોની ખોટી રીતે, સન્દર્ભ રહિત, અન્ય સમસ્ત વચનોનો તેમજ મૂલક્રમાગત અર્થનો તિરસ્કાર કરીને ગેરમાર્ગે દોરનાર અર્થ કેવી રીતે કરી શકાય તે સમજવા માટે નીચે આપેલું વચન આદર્શ નમૂનારૂપ છે. વચન આ મુજબ છે :

''પ્રભુનો સમ્બન્ધ તો બધા જ વૈષ્ણવો સાથે છે કોઈ એક સાથે નહિ એટલે કે અન્ય વસ્તુઓનો વિનિયોગ પણ થઈ શકે છે''

(શ્રીવલ્લભગીતા વચનામૃત નં.૮, વ્યા.ગો.શ્રીહરિરાયજી, જામનગર)

''સર્વેષાં પ્રભુસમ્બન્ધો ન પ્રત્યેકમ્ ઈતિ સ્થિતિઃ, અતો અન્યવિનિયોગેપિ ચિન્તા કા ?'' આ નવરત્ન ગ્રન્થના વચનનો નબળો આધાર લઈને ઉલ્લેખિત વચનમાં છળ-કપટથી એમ સાબિત કરવાનો પ્રયાસ

કર્યો છે કે પારકી વ્યક્તિની ભેટ-સામગ્રી પોતાના સેવ્ય પ્રભુની સેવા માટે લઈ-વાપરી શકાય છે. ટુંકમાં પાપી પેટ ખાતર ઠાકોરજીના સેવા-મનોરથોના નામે ભીખ આપતા રહેજો એવો ગર્ભિત સુર ઉલ્લિખિત વચનમાંથી નીકળે છે.

ભગવત્સેવાને લૌકિક પ્રયોજનથી કરનાર માણસ શ્રીમહાપ્રભુજીની દષ્ટિમાં સ્વાર્થી અને અધમ ગણાય છે. આવી ગંદી મનોવૃત્તિવાળાની નિન્દા કરતા મહાપ્રભુ આજ્ઞા કરે છે કે સ્તનપાન માટે આકુળ-વ્યાકુળ બનેલો અબુધ બાળક જેમ પોતાની માતા સિવાય બીજા કોઈને ઓળખતો નથી હોતો તેમ પૈસા પાછળ ગાંડા થયેલા લોકોનું ચિત્ત પણ કયારેય લક્ષ્મીના નાથમાં ચોટી શકતું નથી. અધોલિખિત વચનો આ સન્દર્ભમાં દષ્ટવ્ય છે :

‘‘યસ્તુ સ્વાર્થં ભગવન્તં સેવતે સો અધમઃ’’
‘‘લોકાર્થી ચેત્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા’’
‘‘ધનાભિનિવિષ્ટચિત્તાઃ ન ભગવત્સમ્મુખાઃ ભવન્તિ.
બાલાએવ તે સ્તનપાનવ્યગ્રાઃ માતરમેવ મન્યન્તે’’

વસ્તુતઃ નવરત્નના ઉપરોકત શ્લોકમાં ‘અન્યવિનિયોગ’ એટલે કે પ્રભુથી અન્ય એવા પરિવાર જનોના કાર્યમાં પ્રભુને સમર્પિત થયેલ પોતાના દેહ-ધનાદિનો વિનિયોગ થતો હોવાના કારણે આત્મનિવેદીને થતી સ્વધર્મ હાનિની ચિન્તાના નિવારણ માટે આશ્વાસન આપવામાં આવ્યું છે નહિ કે હવેલી-મન્દિરોમાં અન્ય વૈષ્ણવો પાસેથી ભેટ-સામગ્રીની ભીખ સ્વીકારી શકવાની છૂટની અનુજ્ઞા. જુઓ પ્રભુચરણ વિરચિત નવરત્નગ્રન્થ ઉપરની વિવૃત્તિ :

> **નનુ ભગવતે સમર્પિતદેહાદેઃ સ્ત્રીપુત્રાદિષુ વિનિયોગેન સ્વધર્મહાનિચિન્તા બાધતે. તત્ર આહુઃ ‘‘સર્વેષામ્...’’ ઈતિ. સ્વાત્મના સહ યાવન્તો નિવેદિતાઃ તૈઃ સહૈવ સ્વસ્ય અંગીકારાત્ તેષાં સર્વેષામેવ પ્રભુસમ્બન્ધો ન તુ પ્રાધાન્યાત્ સ્વસ્યૈવેતિ તત્ર ઉપયોગે સ્વસ્ય કા ચિન્તા? ન કાપિ ઈતિ અર્થઃ’’.**

શાસ્ત્રવચનનો અર્થ કરવામાં શ્રુત પદનો ત્યાગ તેમજ અશ્રુત પદનો નિવેશ જેમ દોષાવહ હોય છે તેમ મહાવાકયરૂપ વિસ્તૃત શાસ્ત્રના અર્થ-

તાત્પર્યનો વિચાર કરતી વખતે શાસ્ત્રના કોઈ એક પણ વચનની ઉપેક્ષા કરીને અથવા તો શાસ્ત્રના કોઈ એક મનગમતા વચનને પકડી લઇને તેને લગતાં અન્ય સમસ્ત શાસ્ત્રવચનોનો બાધ કરીને જે ધર્મકાર્ય કરવામાં આવે છે તે પણ પાખણ્ડરૂપ જ ગણાય છે. અતએવ આચાર્યચરણ ભાગવતાર્થ નિબન્ધપ્રકાશમાં આજ્ઞા કરે છે '' **''ન હિંસ્યાત્ સર્વભૂતાનિ'' ઇતિ શ્રુતિલેશેન અખિલશ્રુતિકર્મકાણ્ડસ્ય બાધનં કૃત્વા ક્રિયમાણધર્મસ્યાપિ પાષણ્ડત્વમેવ''** *(૪/૧૨૯).*

ઘણા લોકો સિદ્ધાન્તરહસ્યના **''દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ, નગ્રાહ્યમ્ ઇતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતમ્''** આ વચનના આધારે એવું સાબિત કરવાનો પ્રયાસ કરતા હોય છે કે પુષ્ટિમાર્ગમાં 'દેવદ્રવ્ય' જેવું કંઇ થતું નથી. અને એવા વિધાનો પણ કરતા હોય છે કે :

> **''પ્રભુને સમર્પિત અર્થાત્ ભગવદુપભુકત વસ્તુને દેવદ્રવ્ય માની ત્યાગ કરવાની વાતો પુષ્ટિસિદ્ધાન્તથી વિરુદ્ધ છે''.** *(શ્રીવલ્લભગીતા વચનામૃત નં.૭, વ્યા.શ્રીગો. શ્રીહરિરાયજી, જામનગર)*

ઉપરોક્ત **પાખણ્ડ પૂર્ણ વિધાન**નો સિદ્ધાન્તસમ્મત તેમજ મનનીય સચોટ ઉત્તર ૧૯૯૨ માં મુંબઇમાં યોજાયેલ ''પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા'' માં થયેલ ગો. શ્રીશ્યામમનોહરજી (કિશનગઢ-પાર્લા) તેમજ ગો. શ્રીહરિરાયજી (જામનગર) વચ્ચેની ચર્ચામાંથી મળી રહે છે. ઉત્કટ જિજ્ઞાસુઓએ તે ચર્ચાસભાના સંક્ષિપ્ત તેમજ વિસ્તૃત અહેવાલો વાંચવા જોઈએ. અહીં તેનો સારાંશ માત્ર આપ્યો છે :

ગો.શ્રીશ્યા.મ. : ... ઠાકુરજીકો પ્રદત્ત વસ્તુકા ભી પ્રસાદત્વેન ગ્રહણ હો સકતા હૈ યા સમર્પિતકા હી પ્રસાદત્વેન ગ્રહણ કરના ચાહિયે ? ઇસમેં આપકા કયા પક્ષ હૈ ?

ગો. શ્રીહરિરાયજી : ઇસમેં પક્ષકા પ્રશ્ન હી નહીં હૈ; સમર્પિતકા હી ભોગ હોતા હૈ.

ગો.શ્રીશ્યા.મ. : પ્રદત્તકા નહીં હો સકતા હૈ ?

....

ગો.શ્રીહરિરાયજી : ઈસમેં ‘દત્તાપહારદોષોત્પાદકત્વાત્’ યે હેતુ હૈ, ઇસલિયે નહીં હો સકતા .. (પાના નં. ૧૭૫)

ગો.શ્યા.મ. : એ સ્થિતિમાં ગુરુ ... કાંઈ પણ ઠાકુરજી માટે માંગતો હોય તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી .... દાનત્વાત્ દેવદ્રવ્યત્વાદ્ અનુપયોગાર્હ:

ગો. શ્રીહરિરાયજી : યે તો બિલકુલ સ્પષ્ટ હૈ. ઇસમેં ઠાકુરજીકા તો પ્રશ્ન હી નહીં રહા. લાભપૂજાર્થ યત્ન કરકે કોઇ ભી ગુરુ કિસી ભી અપને શિષ્ય કે પાસ કુછ ભી ગ્રહણ કરેગા તો વો ઋણાનુબન્ધ હૈ ઔર દોષોત્પાદક હી હૈ. યે અપને ‘સ્વવૃત્તિવાદ’ સે ભી સ્પષ્ટ હૈ. ... તો ઠાકુરજી કે લિયે કોઈ સવાલ નહીં રહ ગયા. અગર આપ ખુદ ભી લે લોગે, ઉસ ઢંગસે, તો વો આપકે લિયે બન્ધનકારી હી હૈ, વો અનુચિત હી હૈ.

પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભામાં થયેલ ઊપર ઉદ્ધૃત શંકાસમાધાનથી એ શીખ મળે છે કે શાસ્ત્રના કોઈ એકાદ વચનના આધારે કોઇ પણ નિર્ણય લઇ લેવાની ઉતાવળ કરવી ન જોઇએ. શાસ્ત્રીય બાબતમાં સિદ્ધાન્તનું નિર્ધારણ વ્યાપક વિચારની અપેક્ષા રાખે છે. વિચાર્ય વિષયને લગતા એકો-એક શાસ્ત્રવચનોને દૃષ્ટિ સમક્ષ રાખીને લેખના આરમ્ભમાં જણાવેલ યથાયોગ્ય પદ્ધતિથી સિદ્ધાન્તનું નિર્ધારણ કરવું જોઇએ. મીમાંસા મહારથી કુમારિલ ભટ્ટ લખે છે :

‘‘અર્થબોધે સમાપ્તાનામ્ અંગાગિત્વાદ્યપેક્ષયા,
વાકયનામ્ એકવાયત્વં પુનઃ સંહત્ય જાયતે’’

જેમ કર્તા, ક્રિયા, કર્મ, કારણ વગેરેના બોધક પદો પોત-પોતાનો સ્વતન્ત્ર અર્થ ધરાવતા હોવા છતાં જ્યારે વાકયમાં વપરાય છે ત્યારે તેઓ ભેગા મળીને એક સમ્મિલિત અર્થનો બોધ કરાવતા હોય છે તેમ વિભિન્ન અંગો-સિદ્ધાન્તોનો બોધ કરાવનારા અનેક શાસ્ત્રવચનો પણ પરસ્પર આકાંક્ષા ધરાવતા હોવાથી જ્યારે તેઓને એક સાથે રાખીને વિચાર કરવામાં આવે છે

ત્યારે તે વાકયોમાં એકવાકયતા મળી રહે છે. આવી એકવાકયતા કયારેક વિષયગત હોય છે તો કયારેક પ્રયોજનગત હોય શકે છે. કયારેક અધિકારિગત હોય છે તો કયારેક સાધન અથવા ફલ ને અનુલક્ષીને પણ હોઇ શકે છે. શાસ્ત્રનું એક પણ વચન નિરર્થક હોઈ શકતું નથી. તેથી સમસ્ત શાસ્ત્ર વચનોની કોઇને કોઈ રીતે એકવાકયતા અને તેનો અવિરોધ સિદ્ધ કરવો આવશ્યક હોય છે. શાસ્ત્રનો અર્થ કરવામાં જો આ સાવધાની રાખવામાં ન આવે તો સ્વયં શાસ્ત્રની પ્રામાણિકતા જ સન્દિગ્ધ બની જાય છે. કારણ કે બધા જ વચનો શાસ્ત્રના જ છે. તેમાંથી કયું વચન માનવું અને કયું ન માનવું ! તે સ્થિતિમાં ધર્મ માત્રનો ઉચ્છેદ જ થઈ જાય. પ્રાચીન શાસ્ત્રવિચારકોની એ વિશિષ્ટતા હતી કે તેઓ કોઈ પણ વિચાર સમગ્રતાથી કરતા. અને તે પણ સમ્પૂર્ણ જવાબદારીના અનુસન્ધાન સાથે ગો. શ્રીપુરુષોત્તમચરણ ભાષ્યપ્રકાશના મંગલાચરણમાં સ્વાચાર્યની વાણી સાથે પોતાની પ્રતિબદ્ધતાની અભિવ્યક્તિ કરતા લખે છે :

‘‘આચાર્યવાચ: પ્રણમામિ ભાષ્યસુબોધિનીસ્થા
ઇતરાશ્ચ યાસ્તા: મત્સ્વાન્ત આગત્ય કૃપાપ્લુતાસ્તા
મદીયવાચાં રચયન્ત્વલંકૃતિમ્’’

પ્રકૃત વિષયોપસંહારતયા, સ્વસમ્પ્રદાયનુસારી પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ વિષયક સિદ્ધાન્તનું નિર્ધારણ કઈ પ્રણાલીથી કરવું જોઇએ તેનું, અહીં સુધી થયેલ સમગ્ર નિરૂપણના સારરૂપ, માર્ગદર્શન આપતા શ્રીહરિરાયચરણ ‘શિક્ષાપત્ર’ માં આજ્ઞા કરે છે :

તદાશ્રયો ન વચનૈ: કિન્તુ તન્માર્ગનિષ્ઠયા: ।
માર્ગનિષ્ઠા ન સ્વબોધૈ: કિન્તુ તાદૃગ્ગુરૂદિતૈ: ॥
ગુરૂદિતાનિ વાક્યાનિ ન સ્વતો હ્યનુવાદત: ।
અનુવાદો ન સ્વબુદ્ધયા કિન્તુ મૂલક્રમાગત: ॥
અથાપિ તત્ર ચાપેક્ષ્યો દઢ: સ્વાચાર્યસંશ્રય: ।

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યનો આશ્રય કેવળ વાણીથી નહીં પરન્તુ મહાપ્રભુએ ચીંધેલા પુષ્ટિભક્તિમાર્ગમાં નિષ્ઠા રાખીને કરવો જોઈએ. માર્ગમાં નિષ્ઠા પણ કોરી પોતાની સમજથી નહીં પરન્તુ નિષ્ઠાશીલ ગુરુની આજ્ઞા અનુસાર રાખવી જોઇએ. ગુરુની આજ્ઞાનો અર્થ પણ કેવળ પોતાની બુદ્ધિથી

કરી ન લેવો પરન્તુ અનુવાદથી એટલે કે ગુરુ જે સિદ્ધાન્તનો ઉપદેશ કરી રહ્યા છે તે ઉપદેશ સમ્પ્રદાયના મૂળ આચાર્યની ગ્રન્થોમાં કરેલી આજ્ઞા સાથે સરખાવીને કરવો જોઈએ. અને આ પ્રકારનો અનુવાદ પણ પાછો પોતાની અલ્પ બુદ્ધિથી નહીં પરન્તુ મૂલક્રમાગત અર્થ પ્રમાણે એટલે કે મહાપ્રભુના વચનોને શ્રીવિટ્ઠલનાથ પ્રભુચરણ તેમજ શ્રીગોપીનાથ પ્રભુચરણના ગ્રન્થો-વચનોથી સમજવા. વળી આ આદ્ય આચાર્યોના વચનોને પણ શ્રીગિરિધરજી, શ્રીકલ્યાણરાયજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી આદિ પ્રાચીન આચાર્યો વિરચિત વ્યાખ્યા તેમજ સ્વતન્ત્ર ગ્રન્થોની મદદથી સમજવા જોઈએ. આ બધું કરતી વખતે પણ પાછો મહાપ્રભુનો દૃઢ આશ્રય તો જરૂરી છે જ.

અન્તે શ્રુતહાન, અશ્રુતકલ્પના તેમજ પ્રાપ્તબાધ જેવા દોષોને કારણે તેમજ બીજા પણ જ્ઞાતાજ્ઞાત અનેક કારણે સમ્પ્રદાયના આચાર-વિચારમાં પેસી ગયેલી કેટલીક પ્રસિદ્ધ વિકૃતિઓથી પણ પ્રસંગવશ પરિચિત થઈ જવું જોઈએ.

સમ્પ્રદાયમાં પ્રચલિત વિકૃતિઓ :

★ કેવળ માત્ર પુષ્ટિજીવો માટે પ્રવર્તિત થયેલ ભક્તિમાર્ગનો વિશ્વધર્મ તરીકે દુષ્પ્રચાર.

★ સિદ્ધાન્તરહસ્યગ્રન્થોકત અસમર્પિતત્યાગપૂર્વક સર્વસમર્પણાત્મક સ્વગૃહમાં પ્રભુસેવાને ઠેકાણે મિશ્રી, નાગરી, અનસખડી વગેરે ભોગ આધારિત પ્રભુસેવાનો પ્રકારો.

★ સર્વાત્મભાવને ઠેકાણે કેવળ ગુરુભાવથી શ્રીકૃષ્ણસ્વરૂપની સેવા કરવાનો પાખંડપૂર્ણ ઉપદેશ.

★ શ્રીમહાપ્રભુજીના નિધિ, શ્રીગુસાંઈજીના નિધિ, સાત પુત્રોના નિધિ, ગો.બા.ના સેવ્ય, વૈષ્ણવના સેવ્ય, શ્યામ-ગૌર-ઠાડા-બિરાજેલા-ચિત્ર-વસ્ત્રાદિ સ્વરૂપો વગેરેના આધારે ભગવત્સ્વરૂપોમાં ઊંચ-નીચપણાનો દુર્ભાવ.

★ વૈષ્ણવોને ત્યાં બિરાજતા ઠાકોરજીની આરતી ન થાય, છપ્પનભોગ ન થાય, આ ન થાય તે ન થાય જેવા ડીંડક.

★ સેવ્ય ભગવત્સ્વરૂપની સાથે બિરાજાવીને ગુરુના ચિત્રાદિની સેવા.
★ શ્રીગુસાંઈજીની આજ્ઞાનુસાર પઞ્ચામૃતસ્નાનાદિ પૂર્વક ઓછામાં ઓછા એક સમયની સેવા કરીને ભગવત્સ્વરૂપને પુષ્ટ કરવાને ઠેકાણે માત્ર ચરણસ્પર્શ કરીને પુષ્ટ કરી આપવાનું ઘોર પાખંડ.
★ સ્વગૃહમાં એકાન્તપણે ભક્તિભાવથી પ્રભુસેવાના ઠેકાણે હવેલી-મન્દિરો વગેરે સ્થળે સાર્વજનિક રીતે ધંધાદારી ધોરણે પ્રભુસેવા-મનોરથોનું પાખંડ.
★ પોતાના સેવ્ય સ્વરૂપની સેવાની જવાબદારી જાણેકે ગામ લોકોની ન હોય તેમ ગુરુઓ દ્વારા દુનિયા ભરમાં પોતાના સેવ્યસ્વરૂપની સેવા-મનોરથોના નામે ભીખ માગવાની આત્મસંમાનરહિત પાપપૂર્ણ નારકી પરમ્પરા.
★ દીકરાઓ મોટા થતાં બાપ તેઓને પૈસા કમાવવા જેમ ધંધો-દુકાન ખોલી આપે તેમ ગો.બા. દ્વારા પોતાના પુત્રોની સંખ્યા મુજબ ભગવત્સેવા-મનોરથો દ્વારા પૈસા કમાવવા માટે દુકાન ... (માફ કરજો, ભૂલ થઈ ગઈ) હવેલીઓ ખોલી આપવી (જય હો **!** રાજાન્ કે રાજા **!!** અન્નદાતા **!!!** ગો - બ્રાહ્મણપ્રતિપાલ **!!!!**).
★ મૃતકની અવગતિ ન થાય તેવા વિચારે માળાપહેરામણી.
★ મૃતકને વૈકુંઠવાસ મળે તે માટે માળાપહેરામણી.
★ ફંડ-ફાળા માટે કીર્તન-ઢાઢીલીલાનું આયોજન.
★ શ્રીયમુનાજીના લોટી-હાંડી-ટાંકી ઉત્સવો.
★ શ્રીયમુનાજીની લોટી આદિની હરાજીનું ઘોર પાપ (અપિકામાતુરો જન્તુઃ એકાં રક્ષતિ માતરમ્ **!!! માંને તો મુકો !!!**).
★ કૃષ્ણસેવાના ઠેકાણે શ્રીયમુનાજીના લોટીજીની સેવા.
★ ધંધાકીય ધોરણે શ્રીયમુનાજીના ચુંદડી મનોરથો-યમુના યાગ.
★ ગ્રહબાધાના નિવારણ માટે મન્ત્રાનુષ્ઠાન.
★ શ્રીગિરિરાજજી, શ્રીયમુનાજી વગેરેની બાધા-માનતા.
★ વિશ્વશાન્તિ વગેરે લૌકિક હેતુથી અષ્ટાક્ષર, નવરત્નાદિના જપ-લેનાર-આપનારની પાત્રતાના વિચાર વિના સામ્પ્રદાયિક દીક્ષાઓની આપ-

લે.

★ વિવાહિત તેમજ અવિવાહિત બેટીજી, મુખિયાજી, વ્રજવાસી, કથાકારોનું સામ્પ્રદાયિક દીક્ષા આપવું.

★ પાલન-પોષણ ન જ કરીને હજારોની સંખ્યામાં માત્ર ઈંડા જણવાનું કામ કરતી બેજવાબદાર રાણી મધમાખીની માફક ગોસ્વામી ગુરુઓ દ્વારા શિષ્યોને ઉપદેશ ન આપીને કેવલ દીક્ષા આપી દઈને તેઓને ભાગ્યના ભરોસે છોડી દેવાનું તરકટ.

★ ધંધાકીય ધોરણે વ્રજયાત્રા-બેઠકયાત્રાનું આયોજન.

★ ઐતિહાસિક તેમજ ભૌગોલિક તથ્યોને પૂર્ણપણે અવગણીને શ્રીમહાપ્રભુજી આદિ આચાર્યોની કાલ્પનિક બેઠકો ઉભી કરવી દા.ત. ચમ્પારણ્યની બેઠક.

★ ‘‘એકના બે’’ કરવાની ગણતરીએ શ્રીમહાપ્રભુજીની બેઠકજીમાં શ્રીગુસાંઈજીના પણ ગાદીજી પધરાવીને બે-બે સ્થળે ધોતી-ઉપરણા, બે-બે સ્થળે ભેટ, બે-બે ઝારીની ન્યોછાવર વસૂલવાનો ધંધો.

★ શ્રીમહાપ્રભુજીની સેવાના નામે ભાવિક પુષ્ટિમાર્ગીઓને ધૂતવા માટે વરસે વરસ મોટી રકમની હરાજી બોલાવીને બેઠકજીઓનો કોંટ્રાકટ (ઈજારો-ઠેકો) આપવો (**બાપનોય ધંધો !!!**).

★ શ્રીનાથજીના ધજાજીનો ધંધો.

★ શ્રીકૃષ્ણભક્તિ કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞાની વિપરીત શ્રીકૃષ્ણને ઠેકાણે શ્રીમહાપ્રભુજીની સેવા-ભક્તિના પ્રચારનું ધતિંગ-વલ્લભપંથ.

★ યમુનાપંથ ચલાવવો.

★ અલૌકિક ભગવલ્લીલા તેમજ ભાવ-ભાવનાના દૃષ્ટાન્તો દ્વારા નિર્દોષ શ્રદ્ધાળુઓને ભોળવીને ભક્તિભાવના ઓઠા હેઠળ લુકાઈ-છુપાઈને ઐન્દ્રિક સાંસારિક કામનાઓ સંતોષવી.

★ ભાખરી, ટાઈલ્સ વગેરે સ્થળે ભગવત્સ્વરૂપોના પ્રાકટ્યનું તૂત.

★ જ્યાં-ત્યાં શ્રીગિરિરાજજીના પ્રાકટ્યનું તરકટ.

★ ભેજથી ભીંત ભીની થતાં શ્રીયમુનાજીના પ્રાકટ્યના પ્રચારનું ધતિંગ.

★ ઉંદરડાના પગલાની છાપને ‘‘લાલાના પગલા’’ તરીકે પ્રચારીત કરીને

શ્રદ્ધાળુઓને ધુતવાનું ધતિંગ.

- ★ માથામાં તેલ ઘસીને લીલાના દર્શન કરાવવા.
- ★ મૂળમાં કૃષ્ણભક્તિના ભાવાવેશમાં કૃષ્ણલીલાના અનુકરણ રૂપે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા શ્રીરૂપ ગોસ્વામી વગેરે ચૈતન્ય ભક્તો દ્વારા થયેલ નિર્હેતુક લીલાભિનય (રાસલીલા)નું વર્તમાન સમયમાં ધંધાકીય ભવાઈ-નૌટંકીના રૂપમાં થયેલું ઘોર અધઃપતન.
- ★ પુરુષત્વના ઠેકાણા ન હોય ત્યાં પોતાને સાક્ષાત્ પ્રકટ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તરીકે ગુરુઓ દ્વારા (મોટે ભાગે ખાનગીમાં) પ્રચારિત કરવા.
- ★ શ્રીકૃષ્ણની સેવા ગુરુભાવે કરવાનો અને ગુરુને કૃષ્ણ માનવાનો ઉપદેશ આપવો (**ગજબની આસુરી વૃત્તિ !** ''વસ્તુતઃ કૃષ્ણએવ'' વચનના સાચા અર્થ-તાત્પર્યને અવગણીને સ્વાર્થસિદ્ધિ માટે શ્રીવલ્લભાચાર્યની કૃષ્ણતુલ્યતા સાબિત કરવી અને જે કૃષ્ણને કારણે શ્રીવલ્લભાચાર્યની મહત્તા બતાવવામાં આવી છે તે સાક્ષાત્ કૃષ્ણને તરછોડી દેવા **!!!**)
- ★ ભગવાન્ શ્રીકૃષ્ણની અલૌકિક દાનલીલાના નામે ભાવિક ભક્તોના ખિસ્સા ખંખેરવા માટે દાનના દિવસોમાં ગુરુઓનું ભાવિક ભક્તો પાસેથી રૂપીઆનું દાન લેવું.
- ★ મૂળમાં તો ભગવત્સેવા કરવામાં શ્રદ્ધા ન હોવાને કારણે પરન્તુ લોકોની સામે શ્રીહરિરાય મહાપ્રભુના વિપ્રયોગ પરમફલવાદનું બહાનું ધરીને પ્રભુસેવા ન કરવી.
- ★ બધા ગુરુઓ (આજના હળહળતા કળજુગમાં પણ અને તેમાંય ટીવીમાં બીભત્સ મુવી જોતી વખતે પણ) સદા-સર્વદા કૃષ્ણપરાયણ જ હોતા હોવાથી તેઓને ભગવત્સ્મરણ કરાવવાની જરૂરીયાત નથી હોતી એવું હાસ્યાસ્પદ કારણ બતાવીને શિષ્યોએ ગુરુઓને 'જય શ્રીકૃષ્ણ' ભગવત્સ્મરણ ન કરવા જોઈએ એવો પાખંડપૂર્ણ દુષ્પ્રચાર.
- ★ આદિવાસીઓનું મુસ્લિમ-ઈસાઇ ધર્મોમાં ધર્માન્તરણ રોકવા તેઓને પુષ્ટિમાર્ગમાં દીક્ષિત કરવા.
- ★ ભગવાને આપેલી હાડ-ચામડાની પીઠ જાણે ઓછી પડતી હોય તેમ પોતાના નામની આગળ-પાછળ-વચ્ચે અનેક પ્રકારની અર્થહીન

પીઠોનું બિરુદ લગાડવાનો દંભ વગેરે વગેરે.

ભાગવત સંબંધિ વિકૃતિઓ :

★ માયાવાદી શ્રીશંકરાચાર્ય મતાનુસારી શ્રીધરાચાર્ય વિરચિત ભાગવતટીકા 'ભાવાર્થદીપિકા' ના વ્રજભાષાના અનુવાદને શ્રીમહાપ્રભુજીના નામે છાપીને અબુધ પુષ્ટિમાર્ગીઓને ગેરમાર્ગે દોરવાનું ભયંકર ષડયન્ત્ર.

★ મૃતકના ઉદ્ધારાર્થે ભાગવતકથા.

★ ફંડ-ફાળા માટે ભાગવતકથા.

★ દાન-દક્ષિણા લઈને આજીવિકા અર્થે કરાતી ભાગવતકથા.

★ વકતા-શ્રોતાના શાસ્ત્રીય (દ્વિજપણું) તેમજ સામ્પ્રદાયિક (જલભેદ-પઞ્ચપદ્યાનિ ગ્રન્થોકત) અધિકારનો વિચાર કર્યા વિના ગમે તેની સામે ગમે તે વકતા દ્વારા ભગવત્કથા કરવાની કુરીતિ.

સમ્પ્રદાયમાં આજની તારીખમાં પ્રચલિત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના સિદ્ધાન્તોથી સદન્તર વિપરીત ઉપરોકત પ્રકારોની સૂચિને જોતાં સ્પષ્ટપણે જણાઇ આવે છે કે શુદ્ધ સમ્પ્રદાયને ધરમૂળથી ઉખાડી ફેંકવાના સુવિચારિત કાવતરા રૂપે આપરાધિક પાપી મનોવૃત્તિવાળા શિષ્યો, ટ્રસ્ટીઓ, શાસ્ત્રીઓ, મુખિયાઓ તેમજ **ખુદ શ્રીવલ્લભ વંશજોએ** પણ સમ્પ્રદાયના લગભગ પ્રત્યેક પાસાઓમાં કેંસરના રોગ જેવો સડો ઘુસાડ્યો છે.

સમ્પ્રદાયને તેના શુદ્ધ રૂપમાં અનુસરવાની પુણ્ય કામના ધરાવનારાઓએ સામ્પ્રદાયિક આચાર-વિચારમાં અંદર સુધી ઘુસી ગયેલા ઉપરોકત તેમજ તેવાજ અન્ય પણ સડાઓથી બચવું જોઇએ.

કિઞ્ચિત્ પ્રસ્તાવિક :

આજકાલ સામ્પ્રદાયિક વિષયો ઉપર ઘણું બધું લખાવા-બોલાવા લાગ્યું છે. વચનામૃત-પ્રવચનો ખુબ થાય છે. પત્રિકા-પુસ્તકોનં પ્રકાશન પણ ઘણું થાય છે. વેબસાઇટ્, કેસેટ, સી.ડી., ટેલિવિઝન ચેનલ જેવા ઇલેકટ્રોનિક માધ્યમોનો પણ વિપુલ પ્રમાણમાં ઉપયોગ થવા લાગ્યો છે. સમ્પ્રદાય માટે આ બધું અત્યન્ત લાભદાયક બની શકે છે. પરન્તુ દુઃખદ વાત એ છે કે એવું થતું

નથી. આના પાછળનું મૂળ કારણ એ છે કે અધિકાંશ લેખકો તેમજ ભાષણ-પ્રવચનકારો પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ વિષયક સમ્પ્રદાયસિદ્ધાન્તથી તદન અજાણ છે. કેટલાક લોકો એવા પણ છે કે જેઓ ઘણુ બધું જાણે છે પરન્તુ તેઓનું અધ્યયન પદ્ધતિસર થયું ન હોવાને કારણે એમનું જ્ઞાન સમ્પ્રદાયમાટે કોઇ ખપનું નથી. નવોદિત આચાર્યવંશજોએ શાસ્ત્ર તેમજ સામ્પ્રદાયિક ગ્રન્થોનું અધ્યયન સમ્પૂર્ણપણે છોડી દીધું છે. કૌટુમ્બિક પ્રસંગે કે મિત્રમણ્ડલીમાં ભેગા બેસવાનું થાય ત્યારે પણ મોટે ભાગે મોબાઇલ ફોન, ઘડીયાળ તેમજ મોટરગાડીના મોડેલોની ચર્ચાથી આગળ બીજી કોઇ વાતો સાંભળવા મળતી નથી. ટુંકમાં કહું તો દેશ કાલ દ્રવ્ય કર્તા મન્ત્ર કર્મ તેમજ જ્ઞાન-કર્મ-ઉપાસનામાર્ગ આદિના સન્દર્ભમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે જે વિપરીત પરિસ્થિતિનું વર્ણન કૃષ્ણાશ્રય ગ્રન્થમાં કર્યું છે તે જ કૃષ્ણાશ્રય ગ્રન્થ આજે સો-એ-સો ટકા સ્વયં પુષ્ટિભક્તિ સમ્પ્રદાય ઉપર લાગુ કરી શકાય તેવી દુઃખદ પરિસ્થિતિ સર્જાઇ છે. આવા કપરા સમયમાં શ્રીહરિરાયમહાપ્રભુ વિરચિત **દુઃસંગવિજ્ઞાનપ્રકારનિરૂપણમ્ સ્વરૂપતારતમ્યનિર્ણયઃ, બહિર્મુખત્વનિરૂપણમ્, બહિર્મુખત્વનિવૃત્તિઃ, સ્વમાર્ગીયભાવનાસ્વરૂપનિરુપણમ્, કામાખ્યદોષ-વિવરણમ્ તેમજ નિષ્કામલીલા** ગ્રન્થોનું ‘‘પુષ્ટિ અસ્મિતા અભિયાન, રાજકોટ’’ દ્વારા થતું ગુજરાતી અનુવાદ-વિવેચન સહિત પુનઃમુદ્રણ પથભ્રષ્ટ થતા પુષ્ટિમાર્ગીઓને સાચો પુષ્ટિપથ દેખાડવામાં વસ્તુતઃ ઉપકારક થશે.

વિ.સં. ૨૦૬૨ ઋષિપઞ્ચમી
ગોસ્વામી શરદ્

★★★

।। દુઃસંગવિજ્ઞાનપ્રકારનિરૂપણમ્ ।।

(અનુવાદકર્તા : નિ.લી.ગો.શ્રીઅનિરુદ્ધાચાર્યજી મહારાજ, નડીયાદ)

(કેવા પ્રકારનો સન ભક્તજને તજવો જોઇએ એ બતાવવાનો આ લઘુગ્રન્થનો આશય છે માટે આ ગ્રન્થને ''દુઃસંગવિશેનું વિજ્ઞાન'' એ નામ આપવામાં આવ્યું છે.)

અથ શ્રીવલ્લભાચાર્યકૃપયા સ્ફુરિતં હૃદિ ।
સ્વીયાનામભ્રમાર્થાય કિઞ્ચિદત્ર નિરૂપ્યતે ।।૧।।

શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની કૃપાથી જે કાંઇ હૃદયમાં પ્રતીત થયું છે તેનું સ્વાશ્રિત જીવોની ભ્રાન્તિ દૂર કરવા માટે આ ગ્રન્થમાં નિરૂપણ કરવામાં આવે છે.

વિવેચન : ગ્રન્થકર્તા શ્રીહરિરાયજી હૃદયમાં જે વિચારો શ્રીમદ્‌વલ્લભાચાર્યની કૃપાએ સ્ફુરી આવ્યા તે ભકતજનોના કલ્યાણને માટે આ ગ્રન્થમાં પ્રકટ કરે છે.

દૈવાસુરવિભાગેન દ્વેધા જીવાઃ પ્રકીર્તિતાઃ ।
બન્ધમોક્ષવ્યવસ્થાપિ ગીતાયામેવ રૂપિતા ।।૨।।

દૈવ અને આસુરના ભેદથી જીવ બે પ્રકારના બતાવેલા છે. બંધ અને મોક્ષથી વ્યવસ્થા પણ ગીતામાં કરેલી છે.

વિવેચન : શ્રુતિ અને સ્મૃતિમાં દૈવી અને આસુરી એ બે પ્રકારના જીવ બતાવવામા આવ્યા છે. જેઓ ભગવત્પરાયણ છે તે દૈવી જીવો છે અને જેઓ સ્વાર્થપરાયણ છે તે આસુરી જીવો છે. આ જીવોનું વર્ણન ગીતાના ૧૬માં અધ્યાયમાં સવિસ્તાર કરવામાં આવ્યું છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે – આસુરી જીવો પ્રવૃત્તિ અને નિવૃત્તિ કોને કહે છે એ જાણતા નથી; એઓ આ જગતને અસત્ય, અપ્રતિષ્ઠિત અને અનીશ્વર કહે છે. દૈવી સમ્પત્તિવાળા જીવ અભય,

ચિત્તસંશુદ્ધિ આદિ ૨૬ લક્ષણોવાળા હોય છે. દૈવી જીવો મોક્ષના અધિકારી છે અને આસુરી જીવો બંધ (વારંવાર જન્મ મરણ)ને પામે છે.

ભક્તજનને દૈવી જીવોનો સંગ ઈષ્ટ છે અને સાધન અવસ્થામાં આસુરી જીવોનો સંગ એને અત્યન્ત હાનિકારક છે.

દૈવેષ્વપિ ચ જીવેષુ યદનીકરણં પુનઃ ।
ભક્તિમાર્ગે ત એવાત્ર પ્રાપ્સ્યન્તિ પુરુષોત્તમમ્ ।।૩।।

દૈવી જીવોમાં પણ જેઓનો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે તે જ જીવો આ જગતમાં શ્રીપુરુષોત્તમને પ્રાપ્ત કરશે.

વિવેચન : દૈવી જીવોમાંથી કેટલાકને ભક્તિમાર્ગ ઉપર સ્વાભાવિક રૂચિ હોય છે, કેટલાકને ધર્મમાર્ગ ઉપર અને કેટલાકને જ્ઞાનમાર્ગ ઉપર સ્વાભાવિક રૂચિ હોય છે. જેઓને ભક્તિમાર્ગ ઉપર સ્વાભાવિક પ્રીતિ હોય તેઓનો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે એમ સમજવું અને એઓ જ માત્ર આ જગતમાં અનાયાસે પુરુષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. જેઓને કર્મમાર્ગ ઉપર પ્રીતિ હોય તેઓ કર્મજનિત ફલો ભોગવી પાછા જગતમાં આવાગમનને પામે છે. જેઓને જ્ઞાનમાર્ગ ઉપર પ્રીતિ હોય તેઓ ઘણા જન્મને અંતે **''બહુનાં જન્મનામન્તે''** (ગી. ૭।૯) પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થતાં પુરુષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. પ્રભુને વિશે સ્નેહ ઉત્પન્ન ન થાય તો એઓનો અક્ષરમાં લય થાય છે.

અન્ય સ્થલે શ્રીહરિરાયજી ભક્તનાં લક્ષણ નીચે પ્રમાણે કહે છે (શિક્ષાપત્ર ૧।૨૨) :

''અનન્યભજનાસ્તુષ્ટાઃ કામલોભવિવર્જિતાઃ ।
નિરપેક્ષા વિરકતાશ્ચ સર્વભૂતહિતે રતાઃ ।।

''અનન્ય ભક્તિ કરવાવાળા, કામ અને લોભ રહિત, નિરપેક્ષ (જેમને કોઈ વસ્તુની અભિલાષા ન હોય તે), વિરકત, અને સર્વ પ્રાણીમાત્રના હિતમાં પ્રીતિવાળા હોય તેને ભકત જાણવા''.

તત્રાપિ ભેદો વિજ્ઞેયો મર્યાદાપુષ્ટિભેદતઃ ।
માર્ગે ફલેડપિ વિજ્ઞેયો ભક્તિમોક્ષવિભેદતઃ ।।૪।।

ભક્તિમાર્ગમાં પણ મર્યાદા અને પુષ્ટિ એમ બે પ્રકારનો ભેદ છે; અને ફલમાં પણ ભક્તિ (ભગવદાવિર્ભાવ) અને મોક્ષ એ બે પ્રકારનો ભેદ છે એમ જાણવું.

વિવેચન : ભક્તિ બે પ્રકારની છે; મર્યાદિક ને પૌષ્ટિક. જે ભક્તિમાં શાસ્ત્રીય નિયમોનું આધિક્ય અને સ્નેહનું ગૌણપણું હોય તે મર્યાદિક ભક્તિ કહેવાય છે; જે ભક્તિમાં સ્નેહનું આધિક્ય અને શાસ્ત્રીય નિયમોનું ગૌણપણું હોય તે પૌષ્ટિક ભક્તિ કહેવાય છે. મર્યાદામાર્ગીય ભકત મોક્ષને માટે જ ભક્તિ કરે છે તેથી એની ભક્તિનું ફલ મોક્ષ થાય છે; પુષ્ટિમાર્ગીય ભકત પ્રભુની પ્રાપ્તિ માટે જ ભક્તિ કરે છે તેથી એની ભક્તિનું ફલ ભગવત્પ્રાપ્તિ છે. પુષ્ટિમાર્ગીય જીવને ભક્તિથી ઉત્પન્ન થયેલા ભજનાનન્દને લીધે બંધની સમ્ભાવના હોતી નથી, તેથી કરીને એને મોક્ષની ઇચ્છા જ થતી નથી. પૌષ્ટિક ભક્તિ નિઃસાધન છે અને મર્યાદિક ભક્તિ સસાધન છે. પુષ્ટિમાર્ગમાં સેવાનું ફલ પ્રભુની સેવા અને ભક્તિનું ફલ પ્રભુની ભક્તિ જ છે અને એ વડે એને પ્રભુનો આવિર્ભાવ થાય છે.

ભક્તાવનીકૃત્યભાવે દૈવાનામપિ સર્વથા ।
કામનિષ્કામભેદેન સ્વર્ગમોક્ષૌ ન સંશયઃ ।।૫।।

ભક્તિમાર્ગમાં જે જીવોનો અંગીકાર નથી તે જીવોને પણ સકામ અને નિષ્કામના ભેદ વડે સ્વર્ગ અને મોક્ષ (ની પ્રાપ્તિ) થાય છે, એમાં કાંઇ સંશય નથી.

વિવેચન : દૈવી જીવોનો ભક્તિમાં અંગીકાર ન હોય, પણ કર્મમાર્ગમાં અંગીકાર હોય તો એ દૈવી હોવાથી ધર્માચરણ તો કરે જ. જો એ કાંઇ કામનાથી યજ્ઞાદિક કે દાનવ્રત કરે તો એને સ્વર્ગની પ્રાપ્તિ થાય, જો એ નિષ્કામપણાથી યજ્ઞાદિક વગેરે કરે તો એને મોક્ષની પ્રાપ્તિ થાય. આ વાત નિશ્ચયપૂર્વક જણાવવામાં આવે છે.

વિજ્ઞેયં વરણં ભક્તૌ તદર્થિત્વૈકકાર્યતઃ ।
તદર્થિત્વં ચ વિજ્ઞેયં ભજનાર્થપ્રવૃત્તિતઃ ॥૬॥

માત્ર ભગવાન જ જેમાં અર્થ છે તે કાર્ય ઉપરથી ભક્તિમાં વરણ થયું છે એમ જાણવું અને ભગવાન અર્થ છે એવું ભક્તજનની ભજનને માટેની પ્રવૃત્તિથી જાણવું.

વિવેચન : કેટલાએક માણસો (મુકુટ ઘડનાર સોની વગેરે કારીગરો) ભગવાનને માટે જ કાર્ય કરતા હોય એમ જણાય છે, પણ ઘણી વખત એઓ પોતાના પેટને અર્થે કાર્ય કરતા માલૂમ પડે છે, કેમકે એઓને ભગવાન જ મુખ્ય પ્રયોજનરૂપ હોતા નથી. એટલા માટે કહેવામાં આવે છે કે જેઓને માત્ર ભગવાન અથવા ભગવત્પ્રાપ્તિ એ જ મુખ્ય પ્રયોજન છે અને જેઓ એ પ્રયોજન સિદ્ધ કરવાને તમામ કાર્યો કરે છે તેઓનું ભક્તિમાં વરણ થયું છે એમ જાણવું. કેટલીક વખત કાર્ય ઉપરથી કરેલું અનુમાન ખોટું પડે છે, માટે કહેવામાં આવે છે કે ભજનાન્દમાં પ્રવૃત્તિ થાય ત્યારે જ ભગવાન એ જ મુખ્ય અર્થ છે એમ સમજાય.

તત્રાદૌ શરણં ગચ્છેત્ મહાપુરુષયોગતઃ ।
મહાપુરુષપારોક્ષ્યે તન્નિષ્ઠૈરપિ સર્વદા ॥૭॥

ભજનાર્થ પ્રવૃત્તિના વિષયમાં મહાપુરુષ દ્વારા ભગવાનને શરણે જવું અને એવા મહાપુરુષના અભાવે ભગવાનમાં જે નિષ્ઠા રાખતાં હોય તેમના દ્વારા ભગવાનને શરણે જવું.

વિવેચન : આ શ્લોકના ઉત્તરાર્ધ શ્રીમહાપ્રભુજીએ રચેલા 'નિબન્ધ'ના 'સર્વનિર્ણય પ્રકરણ'ના નીચેના શ્લોકને મળતો આવતો હોય એમ જણાય છે : **''તદભાવે સ્વયં વાપિ મૂર્તિં કૃત્વા હરેઃ ક્વચિત્, પરિચર્યાં સદા કુર્યાત્ તદ્રૂપં તત્ર ચ સ્થિતમ્''**. ઉપર કહેલા ગુરુને અભાવે પોતે કોઇ ઠેકાણે ભગવદ્રૂપ રહેલું છે''. ઉપર ભગવાનને શરણે જવાનું લખ્યું છે કે **''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ''**. સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકલાને શરણે થા.

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી એ શરણનું વર્ણન 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થમાં નીચે પ્રમાણે કરે છે :

ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ ।
દુ:ખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ।।૧૦।।
ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે ।
અશક્યે વા શુશક્યે વા સર્વથા શરણં હરિઃ ।।૧૧।।
અહંકારકૃતે ચૈવ પોષ્યપોષણરક્ષણે ।
પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે ।।૧૨।।
અલૌકિકમનઃ સિદ્ધૌ સર્વાર્થે શરણં હરિઃ ।
એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્ ।।૧૩।।

આ લોક અને પરલોક સમ્બન્ધી સર્વ કાર્યોમાં સર્વ પ્રકારે ભગવાન મારું શરણ થાઓ, તેમજ દુ:ખની નિવૃત્તિ થવામાં તથા પાપમાં, ભયમાં, મનઃકામનાદિ પૂર્ણ થવામાં, ભક્તના દ્રોહમાં, ભક્તિના અભાવમાં તેમજ ભક્તોએ પોતાનો તિરસ્કાર કર્યો હોય એમાં, તેમજ પોતાથી નહીં બની શકે તેવાં કામોમાં સર્વ રીતે પ્રભુ મારું શરણ થાઓ. અહંકાર કરવામાં આવ્યો હોય એમાં, પોષણ કરવા યોગ્ય (સ્ત્રીપુત્રાદિક)ના રક્ષણમાં, તથા પોષ્યવર્ગે કે શિષ્યોએ પોતાનો અપરાધ કર્યો હોય એમાં, મન અલૌકિક થાય એમાં. એ સઘળામાં શ્રીહરિ મારું શરણ થાઓ. એવી રીતે પોતાનો મનમાં નિરન્તર વિચાર રાખવો અને વાણીથી પણ એવું જ નિરન્તર ઉચ્ચારણ કર્યા કરવું''.

તત આશ્રયસંસિદ્ધૌ સેવાર્થં સ્વસમર્પણમ્ ।
સમર્પણે જીવદેહતત્સમ્બન્ધવતામપિ ।।૮।।
બ્રહ્મસમ્બન્ધતઃ કૃષ્ણસાક્ષાત્સમ્બન્ધયોગ્યતા ।
તતસ્તત્સેવયા સ્વીયસર્વસ્વવિનિયોગતઃ ।।૯।।
ગૃહીતપરમાનન્દનિધિઃ કૃષ્ણોઽક્ષયઃ સ્વતઃ ।
અતસ્તુ સાવધાનિત્વં વિધેયં ભગવજ્જનૈઃ ।।૧૦।।

એવી રીતે શરણે ગયા પછી આશ્રયની સિદ્ધિ માટે સેવા અર્થે પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરવું. જીવ દેહ અને એઓના સમ્બન્ધવાળા પદાર્થોનું સમર્પણ થતાં બ્રહ્મસમ્બન્ધથી સાક્ષાત્ શ્રીકૃષ્ણની સાથેના સમ્બન્ધની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પછી એ સેવા વડે પોતાના સર્વસ્વનો ભગવાનને વિશે વિનિયોગ થવાથી સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂપ અક્ષય પરમાનન્દની પ્રાપ્તિ થાય છે અને એ નિધિ (ખજાનો) પ્રાપ્તિ થયેથી (એ સાંચવી રાખવા) ભગવજ્જ્નોએ સાવધાનતા ધારણ કરવી. ૮-૧૦

વિવેચન : પૂર્વે કહેવામાં આવ્યું છે કે જીવસૃષ્ટિના બે ભાગ છે : ૧. દૈવી ૨. આસુરી. એમાં આસુરી જીવો તો ભગવત્પ્રાપ્તિ કરવાને માટે અયોગ્ય જ છે. દૈવી જીવો કેટલાક કર્મમાર્ગે, કેટલાક જ્ઞાનમાર્ગે અને કેટલાક ભક્તિમાર્ગે ચાલે છે. કર્મમાર્ગે ચાલનારાઓમાંથી જેઓ સકામ કર્મ કરે છે તેઓને માત્ર સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, જેઓ નિષ્કામ કર્મ કરે છે તેઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનમાર્ગે ચાલનારાઓમાંથી જેઓ ભગવાન પ્રત્યેની ભક્તિ રહિત હોય છે તેઓને અક્ષરની પ્રાપ્તિ થાય છે, પણ જેઓ ભક્તિમાન છે તેઓને પુરુષોત્તમ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે.

ભક્તિમાર્ગે ચાલનારાઓમાં જેનું ભગવાને અંગીકરણ કર્યું હોય તે જ પુરુષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. ભગવાને એમનો ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે કે નહીં તે જાણવાને માટે માત્ર એટલું જ જોવું જોઇએ કે એને ભજનમાં પ્રીતિ છે કે નહીં, એનું મુખ્ય કાર્ય ભગવાનની પ્રસન્નતા સમ્પાદન કરવી એ છે કે નહીં. જો એ બે વાના હોય તો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે એમ જાણવું.

હવે જેનો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે તેણે ભગવાનની પ્રાપ્તિ માટે શું કરવું એ કહે છે : એણે સર્વસમર્પણપૂર્વક ભગવાનની સેવા કરવી. સમર્પણ કરવાથી પોતાનો અને પોતાની સાથે જોડાયેલા પ્રાણી અને પદાર્થોનો ભગવાનની સાથે સમ્બન્ધ થાય છે, અને એમ થવાથી જીવ અને એની સાથે જોડાયેલા પ્રાણી પદાર્થો વગેરે બ્રહ્મરૂપ થાય છે. (જુઓ સર્વેષાં બ્રહ્મતા તતઃ, સિદ્ધાન્તરહસ્ય શ્લોક ૭) અને તેથી શ્રીકૃષ્ણની સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણની સેવા કરવાથી પરમ નિધિરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે. એ

નિધિ પ્રાપ્ત થતાં એને જ આશ્રયે રહેવું એ જ કર્તવ્ય છે. એ નિધિ પોતાની પાસેથી જતો ન રહે એને માટે જે સાવધાનપણું રાખવાની જરૂર છે, તે નીચેના શ્લોકમાં કહેવામાં આવે છે.

સમ્પ્રાતનિધિભિશ્ચૌરવઞ્ચકેભ્યો વિશેષતઃ ।
ચૌરાસ્તુ દ્વિવિધા જ્ઞેયા બાહ્યાભ્યન્તરભેદતઃ ।।૧૧।।

જેણે (કૃષ્ણરૂપી સેવ્ય) નિધિ પ્રાપ્ત કર્યો છે તેણે ચોર અને વિશેષે કરીને વઞ્ચકથી (સાવધાન રહેવું) બહારના અને અન્દરના એ ભેદ વડે ચોર બે પ્રકારના જાણવા.

બાહ્યાઃ કુટુમ્બરૂપા યે તે તુ વિત્તહરાઃ સ્મૃતાઃ ।
યતસ્તદ્વિનિયોગેન વિત્તં યાતિ સમર્પિતમ્ ।।૧૨।।

જે બહારના (બાહ્ય) ચોરો છે તે તો કુટુમ્બરૂપ છે. એઓ વિત્તને હરવાવાળા કહેવાય છે. એઓને માટે વપરાવાથી સમર્પિત કરેલું ધન વેડફાઇ જાય છે.

વિવેચન : બાહ્ય ચોરો એટલે પોતાના દેહની બહાર રહેનાર ચોરો. કામ લોભાદિ એ અન્દરના ચોર છે અને કુટુમ્બાદિજનો એ બહારના ચોર છે.

જે કુટુમ્બીઓ ભગવત્પરાયણ ન હોવા છતાં એઓનામાં ભક્તજનની મમતા રહે તે કુટુમ્બીઓને ચોર ગણવામાં આવે છે, કેમકે એ ભગવત્સમ્બન્ધ રહિત કુટુમ્બીઓને માટે ભગવાનને અર્પણ કરેલું દ્રવ્ય ખરચાઇ જાય છે. જે કુટુમ્બીજન ભગવત્પરાયણ હોય અને જેઓ ભગવાનની સેવામાં ઉપયોગી હોય તેઓને ચોર ગણવામાં આવતા નથી, પણ જેઓ ભગવાનથી વિમુખ હોય તેઓને ચોર ગણવામાં આવે છે, તેથી જ શિક્ષાપત્રમાં કહ્યું છે કે ''અતઃ સદૈવ મેતત્યં લૌકિકાસક્તિતો જનૈઃ'' – એટલા માટે લૌકિકમાં આસક્તિ રાખનારાથી ભક્તજનોએ ડરતા રહેવું.

આન્તરાઃ કામલોભાદ્યાશ્ચિત્તમાત્રહરાસ્તુ તે ।
યતો બહિર્મુખં ચિત્તં સેવાયાં પ્રવિશેન્ન હિ ।।૧૩।।
ચિત્તવિત્તૈકસાધ્યા હિ સેવા ચાપિ ન સિધ્યતિ ।
તદભાવેડિખલં વ્યર્થં પુરુષાર્થપરિક્ષયાત્ ।।૧૪।।

અન્દરના ચોર કામ લોભાદિ છે તે (ધનને હરતા નથી, પણ) કેવલ ચિત્તને હરે છે; એ કારણથી ચિત્ત બહિર્મુખ થઈને સેવામાં પ્રવેશ કરતું નથી. ચિત્તરૂપી દ્રવ્યથી જ સેવા સિદ્ધ થઈ શકે છે. (જે પુરુષ પાસે ચિત્તરૂપી દ્રવ્ય નથી તેનાથી) એ દ્રવ્યને અભાવે સેવા સિદ્ધ થઈ શકતી નથી અને સેવાને અભાવે (પુરુષાર્થનો) ક્ષય થવાથી (ઐહિક પારલૌકિક) સર્વ વ્યર્થ છે, કારણ કે સેવા એ જ મુખ્ય પુરુષાર્થ છે.

વિવેચન : ઉપર લખેલો 'સેવા' શબ્દ ઘણો સમજવા લાયક છે. 'સિદ્ધાન્તમુક્તાવલી' માં કહ્યું છે કે ''ચેતસ્તત્પ્રવણં સેવા'' ભગવાનમાં ચિત્ત પરોવાયેલું રહે એને જ સેવા કહે છે. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે શ્રીઠાકોરજીને સિંહાસન ઉપર પધરાવવા કે એમને અમુક વસ્ત્ર કે આભૂષણ ધરાવવા, કે અમુક ભોગ ધરાવવા, એ જ સેવા છે એમ સમજવું નહીં, પણ એની સાથે ભગવાનમાં ચિત્તને પરોવાયેલું રાખવું એને જ સેવા કહે છે. ભગવાનમાં ચિત્ત પરોવાયેલું રાખ્યા સિવાય સેવા સમ્બન્ધી જે-જે કાર્યો કરવામાં આવે તેનાથી સેવા સિદ્ધ થતી નથી, પણ માત્ર ભગવાનમાં ચિત્ત રાખવાથી સેવા સિદ્ધ થાય છે. શ્રીઠાકોરજીને સ્નાન કરાવવું, એમને આભૂષણ ધરાવવા, એમને ભોગ ધરાવવા - વગેરે ક્રિયાઓ ભગવાનમાં જ ચિત્ત ગૂંથાયેલું રહે એને માટે સાધનરૂપ છે. એ સાધનોના ફલરૂપ તો ભગવાનમાં ચિત્ત રાખવું એ જ છે.

અન્ય સ્થલે શ્રીહરિરાયજી કહે છે કે ''**ભક્તિમાર્ગીયતાઽભાવે ક્રિયામાત્રં હિ કર્મવત્, તત્રાઽપિ ન મનઃસ્થૈર્યં વિક્ષેપાદ્ વ્યવહારતઃ**'' (શિ.પ.૨૧-૨) ભક્તિમાર્ગીયતાનો અભાવ હોય તો સર્વ ક્રિયા કર્મ સમાન છે, અને એમાં પણ વ્યવહારથી ઉત્પન્ન થતાં વિક્ષેપને લીધે મનની સ્થિરતા હોતી નથી.

સેવામાં ચિત્ત રાખવાથી જ ભગવદ્ ભાવ પ્રાપ્ત થઈ શકે છે, અન્ય રીતે થઈ શકતો નથી; માટે જ સેવાને મુખ્ય પુરુષાર્થરૂપ કહેલી છે.

યોગશાસ્ત્રમાં જેને ચિત્તવૃત્તિનિરોધ કહે છે તેવા જ પ્રકારનો સેવારૂપ નિરોધ છે, પણ એમાં મનનો વિષય ભગવાન હોવાથી અને એમના પ્રત્યે પ્રેમ હોવાથી એ (સેવારૂપ નિરોધ) યોગશાસ્ત્રના નિરોધ કરતાં વધારે ઉત્તમ પ્રકારનો

છે; માટે પ્રભુમાં જ ચિત્તને પરોવવું એ જ મુખ્ય છે.

ભગવત્પ્રાપ્તિ માટે જ્યારે ચિત્ત ભગવાનમાં જ પરોવાયેલું રાખવાની જરૂર છે ત્યારે જે વિષયો ચિત્તને ભગવાનથી વિમુખ કરે છે તે વિષયો તજવાની અવશ્ય જરૂર છે. એ વિષયોમાં કામ લોભાદિ અન્તઃક્રણમાં રહેલા વિકાર છે એ વિકારો મનુષ્યના અન્તઃકરણમાં રહે છે તેથી એઓને અન્દરના ચોર કહેવામાં આવ્યા છે. એઓને ચિત્તની સોબત થતાં અથવા ચિત્ત એઓમાં ચોટતાં એ ભગવાનમાં પ્રવેશ કરી શકતું નથી, અર્થાત્ સેવા થઈ શકતી નથી. સર્વ પુરુષાર્થોમાં પ્રભુની પ્રાપ્તિને માટે સેવારૂપ પુરુષાર્થ મુખ્ય છે. જો ચિત્ત પ્રભુમાં પ્રવેશ કરી શકે નહીં તો એ પુરુષાર્થ સાધી શકાય નહીં. અને એમ થવાથી ભકતજનના ઇતર ગૌણ પુરુષાર્થ પણ વ્યર્થ જાય છે. એટલા માટે કામ લોભાદિ ચોર જે ચિત્તને હરી લે છે તેઓનાથી ભકતજને સાવધાન રહેવું જોઇએ.

વૃતિભેદથી અન્તઃકરણ ચાર પ્રકારનું છે : મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. એમાં ચિત્ત શાન્ત સ્વચ્છ અને અવિકારી છે. **''સ્વચ્છત્વમ્ અવિકારિત્વં શાન્તત્વમિતિ ચેતસઃ, વૃત્તિભિર્લક્ષણં પ્રોકતં યથાડયાં પ્રકૃતિઃ પરા''** (ભાગવત). જેમ વરસાદનું જળ પ્રથમ સ્વચ્છ હોય છે, પણ જ્યારે ભૂમિનો સમ્બન્ધ થાય છે ત્યારે એમાં મલિનતા આદિ દોષો પ્રાપ્ત થાય છે તેમજ મન બુદ્ધિ અને અહંકારના સમ્બન્ધ વિનાનું ચિત્ત સ્વચ્છ અવિચારી અને શાન્ત હોય છે, પણ એને મન બુદ્ધિ અને અહંકારની વૃતિઓનો સમાગમ થતાં એ મલિન થાય છે.

જેમ જળ પ્રથમ સ્વચ્છ હોય છે, પણ જ્યારે ભૂમિનો સમ્બન્ધ થાય છે ત્યારે એમાં મલિનતાદિ દોષો પ્રવેશ કરે છે તેમ જ ચિત્તને મન બુદ્ધિ અને અહંકારનો સમ્બન્ધ થયો ન હોય ત્યાં સુધી એ અવિકારી અને શાન્ત હોય છે; ચિત્તને મનનો સમ્બન્ધ થતાં સંકલ્પવિકલ્પને લીધે એમાં કામાદિની ઉત્પતિ થાય છે, બુદ્ધિનો સંસર્ગ થતાં ઘોરત્વ મહત્ત્વ વગેરે પ્રાપ્ત થાય છે. મન બુદ્ધિ અને અહંકારના લક્ષણ ચિત્તની સાથે એક થઈ જવાથી ચિત્ત પણ મલિન દેખાય છે.

''ચિત્તવિત્તૈકસાધયા હિ'' એ સ્થલે ''ચિત્ત'' પદનું ગ્રહણ કરેલું છે એ

એવા અભિપ્રાયથી કે શાન્ત સ્વચ્છ અને અવિકારી ચિત્તથી જ સેવા સિદ્ધ થઈ શકે છે. જ્યારે મનના કામાદિ ધર્મ બળવાન થાય છે ત્યારે ચિત્તના ધર્મ તિરોહિત થઈ જાય છે, એ કારણથી સેવા થઈ શકતી નથી. એટલા માટે જ અન્ય સ્થલે શ્રીહરિરાયજી કહે છે કે ''તદ્બાધકાનીન્દ્રિયાણિ વિષયા લૌકિકી મતિઃ, પ્રતિબન્ધસ્તથોદ્વેગો ભોગોબાપ્યત્ર લૌકિકઃ'' (૨૨૧). ઈન્દ્રિયો, વિષય, લૌકિક, બુદ્ધિ, પ્રતિબન્ધ, ઉદ્વેગ તથા લૌકિકભોગ એ સર્વ માનસી સેવાના બાધક છે.

અતો વિવેકધૈર્યાદિશસ્ત્રયક્તૈસ્તથા પુનઃ ।
આન્તરાસ્તે નિરાકાર્યા બાહ્યાસ્તે તુ યથાક્રમમ્ ।।૧૫।।
સેવાકારણતદ્રોધપરિત્યાગદિસાધનૈઃ ।।૧૫ ૧/૨।।

એટલા માટે વિવેક-ધૈર્યાદિ શસ્ત્રયુકત ભગવદ્ભકતોએ વારંવાર એ અંદરના અને બહારના ચોરોને યથાક્રમે દૂર કરવા. સેવાનું કારણ ચિત્ત છે એનો વિવેકથી રોધ કરી અન્દરના ચોર દૂર કરવા અને ધૈર્યથી કુટુમ્બ ઉપરની મમતાના ત્યાગ વગેરે સાધનોથી બહારના ચોરને દૂર કરવા, એમ જાણવું.

વિવેચન : અન્દરના ચોર કામાદિ છે, બહારના ચોર કુટુમ્બીજનો છે. પ્રથમ કામાદિ ચોરોને વિવેક અને ધૈર્યાદિ સાધનો વડે દૂર કરવાનું કહેવામાં આવે છે.

ભગવાન સર્વ વસ્તુ પોતાની મેળે કરશે તેથી એમને અમુક વસ્તુની પ્રાપ્તિને માટે કે અમુક વસ્તુ દૂર કરવાને માટે પ્રાર્થના કરવાની જરૂર નથી. ભગવાન સર્વ વસ્તુ કરવાને સમર્થ છે. પ્રભુને અધીન થવાની ભાવનાથી અભિમાનનો ત્યાગ કરવો, અને આપત્તિ અને ગતિ આદિ કાર્યોમાં સર્વથા હઠનો ત્યાગ કરવો એ વગેરે વિવેકના લક્ષણ છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણે પ્રકારનાં દુઃખ મરતાં સુધી સર્વ પ્રકારે સહન કરવાં. કુટુમ્બીજનો સ્ત્રી, પુત્ર વગેરે તરફથી અતિક્રમ (અપમાન) વગેરે કરવામાં આવે તે સહન કરવું. ઇન્દ્રિયોને પોતપોતાના વિષય તરફ

ખેચાતી અટકાવવા કાયાથી, વાણીથી અને મનથી સર્વ પ્રકારે યત્ન કરવો. એ સર્વ ધૈર્યના લક્ષણ છે.

વિવેક અને ધૈર્યના સાધનવાળા ભકતજનોએ એ સાધનો વડે પ્રથમ અન્દરના ચોર કામ લોભ વગેરેને દૂર કરવા અને પછી બહારના ચોરોને પણ દૂર કરવા. કુટુમ્બાદિ ચોરને દૂર કરવામાં પરિત્યાગાદિ સાધનો પણ વાપરવાને બાધ નથી. એમ કરવાથી જ ચિત્તનો નિરોધ થઈ સેવા સિદ્ધ થઈ શકે છે.

એ રીતે અન્દરના અને બહારના ચોરોનું અને એઓને દૂર કરવામાં સાધનોનું વર્ણન કરી, વઞ્ચક (ધર્મનો ઢોંગ કરનારા ધર્મઠગ, પાખણ્ડી), જેની ગણના બહારના ચોરમાં થાય છે તેનું અને એને દૂર કરવાનાં સાધનોનું શ્લોક ૧૬માના ઉત્તરાર્ધથી શ્લોક ૩૮ સુધીમાં વર્ણન કરવામાં આવે છે. કામાદિ અન્દરના ચોર અને કુટુમ્બાદિ બહારના ચોર કરતાં વઞ્ચકને વધારે દુષ્ટ જણાવવામાં આવે છે; એનાં કારણ હવે પછી જણાવવામાં આવશે :

વઞ્ચકસ્તુ તતોઽપ્યેષ દુષ્ટ ઇત્યેવ બુધ્યતામ્ ।।૧૬।।
યતસ્તદાકૃતિશ્ચેષ્ટા તથાચારશ્ચ ભાષણમ્ ।
વિનયઃ શાન્તતા વેશઃ શંખચક્રાદિચિહ્નિતઃ ।।૧૭।।
એવમાદ્યખિલં તુલ્યં ભગવદ્ધર્મવર્તિભિઃ ।
તતો જ્ઞાનાભાવતોઽપિ સર્વથા નાશનં મતમ્ ।।૧૮।।

વઞ્ચક અન્દરના અને બહારના ચોર કરતાં વધારે દુષ્ટ છે, કેમકે એનાં આકૃતિ, ચેષ્ટા, આચાર, ભાષણ, વિનય, શાન્તિ, વેશભૂષા (દેખાવ) અને શંખ ચક્રાદિ ચિહ્નોનું ધારણ કરવાપણું ભગવદ્‌ધર્મ પ્રમાણે ચાલનારાના જેવાં જ હોય છે. એ કારણથી એવા વઞ્ચક વિશેની માહિતી ન હોય તો સર્વ પ્રકારે નાશ થાય છે.

વિવેચન : દેહની અન્દરના રહેનારા ચોર કામ લોભાદિ અને દેહની બહારના ચોર કુટુમ્બાદિને દૂર કરવાનો બોધ આપ્યા પછી વઞ્ચક, ઠગ, પાખણ્ડીનો સંગ ન કરવાનો બોધ આપવામાં આવે છે. જેટલે દરજ્જે કામ લોભાદિ અને કુટુમ્બાદિનો સંગ દુસંગ છે અને એ દૂર કરવાને યોગ્ય છે તે કરતાં

ધર્મઠગનો સંગ વધારે દુઃસંગરૂપ હોઈ દૂર કરવા યોગ્ય ગણેલો છે. કામાદિ ચોરની તો પરીક્ષા થઈ શકે છે, પણ વઞ્ચકની તો પરીક્ષા પણ થઈ શકતી નથી, કેમકે એના અંગોની ચેષ્ટા (બહુ વિનયથી 'જય શ્રીકૃષ્ણ' કરવા, પગે લાગવું, ભગવન્નામ સાંભળી ઘણો આનંદ પ્રદર્શિત કરવો વગેરે) જ્યાં જેવો આચાર પ્રવર્તતો હોય ત્યાં એનાથી અધિક પાળવો, ભાષણ, વિનય (નમ્રતા), શાન્તતા, વેશભૂષા અને માલા, તિલક છાપાં વગેરે ચિહ્ન ધારણ કરવાં, એ સઘળું એ સાચા ભક્તના જેવું જ રાખે છે. એ બોલે છે કે ''મેં કોન હું, અત્યન્ત તુચ્છ જીવ હું, દોષકો ભર્યો હું, મેરેમેં કછુ ધર્મ નહીં હે, મેં કુછ જાનું નહીં હું, કેવલ બડેનકે અનુગ્રહસું જો દો અક્ષર મેરે મુખમેં આયે હેં સો યથામતિ મેં બોલું હું.'' (શ્રીપુષ્ટિમાર્ગ પ્રકાશ)

માત્ર ખામી એટલી જ હોય છે કે એનું ચિત્ત ભગવાનમાં હોતું નથી, પણ કામ લોભ અને સ્વાર્થમાં હોય છે. એવો વેશ ધારણ કરવાથી એને બીજા વૈષ્ણવો મોટો વૈષ્ણવ ધારી, એનો વિશ્વાસ કરી ભગવદર્પિત ધન સોંપે અથવા ભકત તરીકે એને સારું-સારું ખાવાપીવાનું મળે અને અનેક પ્રકારના બીજા ભોગ પ્રાપ્ત થાય એ પ્રકારની ઇચ્છા એને હોય છે. જે પોતે ભગવાનમાં ચિત્ત રાખવાવાળો નથી તે બીજાને બહિર્મુખ કરે છે અને એ કારણથી એ ભકતજનોનો નાશ કરવાવાળો નીવડે છે. ૧૮

દુર્ઘટં તસ્ય વિજ્ઞાનં સર્વથા ભકતસામ્યતઃ ।
અત એવ ન કર્તવ્યો વિશ્વાસો હ્યવિચારતઃ ।।૧૯।।

ભકતના સરખા વેશવાળા વઞ્ચકના સ્વરૂપનું જ્ઞાન સર્વથા અશકય છે, માટે વિચાર કર્યા વિના કોઇનો વિશ્વાસ કરવો નહીં.

વિવેચન : ભકતના સરખો વેશ ધારણ કરનારું ખરું સ્વરૂપ જાણવું અશકય છે. ઘણા કાળ સુધી બારીકીથી એની કૃતિઓનો વિચાર કરવામાં આવે તો જ એનું ખરું સ્વરૂપ જાણવામાં આવે. ખરું જ્ઞાન સમ્પાદન કરતાં પહેલાં ઘણી વખત ગાફેલ મનુષ્ય એની સોબતને લીધે ભક્તિમાર્ગથી વિમુખ થઈ જાય છે, માટે લાંબો વિચાર કર્યા વગર એવા ધર્મઠગોનો વિશ્વાસ કરવો યોગ્ય નથી.

શાસ્ત્રો સત્સંગના મહિમાની ઘણી પ્રશંસા કરે છે, પણ આ કલિયુગમાં સંગ કરવા લાયક સાચા ભક્તો ક્વચિત્ મળી આવે છે; એટલા માટે ઉત્તમ માર્ગ એ છે કે ભક્તિવર્ધક ગ્રન્થોનો અને ભગવાનની મૂર્તિ મનમાં ધારણ કરી ભગવાનનો જ સંગ રાખવો.

તદીયત્વભ્રમાત્ તસ્મિન્ વિશ્વાસો સંગદોષતઃ ।
અસત્યપિ ચ સદભાવાત્પતનં ભક્તિમાર્ગતઃ ॥૨૦॥

ભગવદ્ભક્ત છે એમ ધારી ભ્રમથી એનો વિશ્વાસ કરવાથી સંગદોષને લીધે અસત્‌ને વિશે સદ્ભાવ થવાથી ભક્તિમાર્ગમાંથી વિમુખ થવાય છે.

વિવેચન : ઠગ માણસના બોલવાથી અને આકૃતિથી જો ઠગાઇ જઇ, કોઈ એનો વિશ્વાસ કરી એનો સંગ કરે તો એ ખરો ભક્ત ન હોવાથી એ સંગથી કાંઇ લાભ થતો નથી, પણ ધીમે ધીમે સંગ કરનાર મનુષ્ય એ ઠગના જેવો જ થાય છે અને ભક્તિમાર્ગમાંથી ખસી જાય છે. મનુષ્ય અને મનુષ્યની વચ્ચેના વ્યવહારમાં દમ્ભ ઠગાઈ વગેરેને લીધે સારું પરિણામ આવતું નથી તો જીવ અને ઈશ્વરની વચ્ચેના સમ્બન્ધમાં કામ, ક્રોધ, લોભ, દમ્ભ વગેરેનું પરિણામ સારું ન આવે એ દેખીતું જ છે. ૨૦

એ પ્રમાણે દમ્ભી અને ઠગ ભક્તનો સંગ ન કરવાનો બોધ આપી હવે શ્રીહરિરાયજી આચાર્યની પદવી ધારણ કરનાર પુરુષોનો કેવી રીતે અને કેટલે દરજ્જે વિશ્વાસ કરવો એ કહે છે :

અત એવોકતમાચાર્યૈર્ગુરોરપિ ચ વીક્ષણમ્ ।
કૃષ્ણસેવાપરં વીક્ષ્યેતયાદિપદ્યે નિબન્ધગે ॥૨૧॥

એટલાં માટે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ ‘‘કૃષ્ણસેવાપરં વીક્ષ્ય’’ ઈત્યાદિ પદ્ય વડે ‘નિબન્ધ’ માં જે કહેલું છે તે ગુરુને વિશે પણ જોવું યોગ્ય છે.

વિવેચન : નિબન્ધમાં આચાર્યશ્રીએ કહ્યું છે કે ‘‘કૃષ્ણસેવાપરં વીક્ષ્ય દમ્ભાદિરહિતં નરમ્, શ્રીભાગવતતત્ત્વજ્ઞં ભજેજિજ્ઞાસુરાદરાત્’’ (નિબન્ધ-

સર્વનિર્ણય ૨૨૭) શ્રીકૃષ્ણની સેવામાં તત્પર, દમ્ભાદિ દોષરહિત, શ્રીમદ્ ભાગવતનું તત્ત્વ જાણનારા ગુરુને જિજ્ઞાસુ પુરુષે આદરથી ભજવા; એટલે એ ગુરુ કહે તે પ્રમાણે શ્રીહરિની સેવા કરવી. જે ભાગવતનું તત્ત્વ જાણે છે અને જે શ્રીહરિની સેવામાં તત્પર છે તે ગુરુને જ શરણે થવું.

મૂળમાં ''ભાગવતનું તત્ત્વ જાણનાર'' લખવામાં આવ્યું છે. ઉપર ઉપરથી વાંચનારના જાણવામાં આવે છે કે ભાગવતમાં ઐતિહાસિક વૃત્તાન્તો અને અદ્‌ભુત વાર્તાઓનું વર્ણન આવે છે. એ જ શ્રીમદ્‌ભાગવતનું તત્ત્વ નથી, પણ શ્રીમદ્‌ભાગવત તો ભક્તિશાસ્ત્ર છે, એને ભક્તિશાસ્ત્ર તરીકે વાંચી કે સમજી શકે તે જ ભાગવતનું તત્ત્વ જાણે છે એમ કહેવાય. માત્ર વાર્તાના પુસ્તક તરીકે જે ભાગવત જાણે તે ભાગવતનું તત્ત્વ જાણતો નથી એમ કહ્યા વગર ચાલે નહીં. ભાગવતમાં સમાયેલી કથાઓ ભક્તિશાસ્ત્રનાં ગૂઢ તત્ત્વોનું વર્ણન કરે છે. સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, સદ્ધર્મ, ભક્તિ, નિરોધ અને મુક્તિ એ નવ લીલાયુક્ત પુરુષોત્તમનું સ્વરૂપ જાણવું એ ભાગવતના ૩જા થી ૧૧મા સ્કન્ધ સુધીનું તાત્પર્ય છે. એ જાણવાની ઇચ્છા રાખનાર કેવી યોગ્યતાવાળો જોઇએ એ પહેલા સ્કન્ધમાં કહેવામાં આવ્યું છે અને બીજા સ્કન્ધમાં એવો અધિકાર પ્રાપ્ત કરવાના સાધનનું વર્ણન કરવામાં આવ્યું છે. બારમા સ્કન્ધમાં આશ્રયનો બોધ કરવામાં આવ્યો છે.

પૃથુરાજાએ બાણની અણી વડે પૃથ્વીને સપાટ અને ફળદ્રુપ કરી એ કથા ભગવત્પરાયણ રાજા રાજ્યની કેવી રીતે સુવ્યવસ્થા રાખી શકે છે એ બતાવે છે.

અવિદ્યાનું બળ વધતાં એ પૂતનાનું રૂપ ધારણ કરે છે, અને જ્યારે એ ભક્તિપન્થે ચડનાર બાળક જીવનો નાશ કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે ભગવાન ભક્તિપન્થે ચડનારનું રક્ષણ કરવા એ પૂતનાના પ્રાણ હરે છે, અને બાળક જીવના પન્થમાં માત્ર એનો ગન્ધ રહે છે તે ગન્ધ ભગવત્પ્રતિ ગતિ કરનાર જીવ ભગવત્કૃપાથી ભગવદ્‌બળથી દૂર કરી શકે છે. આ પૂતનાની કથાનું રહસ્ય છે.

ભગવાનને પોતાના સ્વામી કરવાની આશા રાખનાર જીવે લૌકિક પદાર્થો અને દેહાધ્યાસમાંથી પ્રીતિ ખેંચી લઈ પ્રભુમાં જ પ્રીતિ જોડવી એ વસ્ત્રહરણલીલાનું તાત્પર્ય છે.

જ્યારે ભગવાન પોતે અવતારી પુરુષ માફક દેહ ધારણ કરી લીલા કરતા હોય છે ત્યારે એમની સાથે અમે તે પ્રકારે સમ્બન્ધ થવાથી એમના સમ્બન્ધમાં આવનારના પાપનો નાશ થાય છે. અવતાર-દશામાં સમ્બન્ધની પૂર્વે ભક્તિ કે જ્ઞાનની જરૂર નથી, એ જરૂર દઢ સમ્બન્ધ જ પૂરી પાડે છે, એ સત્ય જે અસુરોને ભગવાને હણ્યા અને એઓની સદ્ગતિ થઈ ગઈ એ વાત સિદ્ધ કરે છે. દેહાધ્યાસ એ જ ધેનુક છે. કાલીય નાગ અને એનું વિષ એ ઈન્દ્રિયો અને એના વિષય છે. સેવા અવતારની કરવાની નથી, પણ શ્રીપુરુષોત્તમની કરવાની છે.

આ પ્રમાણે શ્રીમદ્ભાગવતમાં સમાયેલી હરેક કથાનું ખરું રહસ્ય છે. એ તત્ત્વ જે ગુરુ જાણે છે તેજ ગુરુ ભક્તિશાસ્ત્રનું જ્ઞાન આપી શકે છે.

નન્વેતસ્ય પરિજ્ઞાનં કથં ભવતિ સર્વથા ।
જ્ઞાને સતિ પરિત્યાગઃ કર્તવ્યોઽસ્ય સતાં ભવેત્ ।।૨૨।।

કોઈ શંકા કરે કે એનું (વઞ્ચકનું) સર્વ પ્રકારે જ્ઞાન કેમ થાય ? જ્ઞાન થાય તો જ સત્પુરુષોથી એનો ત્યાગ થઈ શકે.

ભવેચ્ચ ચોરવિજ્ઞાનં શાસ્ત્રતો ધર્મદર્શનાત્ ।
ન હિ વઞ્ચકવિજ્ઞાનં સામ્યતો ભગવજ્જનૈઃ ।।૨૩।।

ઉપર કહેલા બહારના અને અન્દરના ચોરોનું જ્ઞાન તો શાસ્ત્રમાં વર્ણવેલ એના લક્ષણોનો વિચાર કરવાથી થઈ શકે છે, પણ વઞ્ચક પુરુષમાં ભગવજ્જનના જેવા આચરણ હોવાથી એનું જ્ઞાન થઈ શકતું નથી.

વિવેચન : ભીતરના ચોર કામ લોભાદિ ચિત્તને હરે છે. એઓનું જ્ઞાન થાય છે. અલ્પબુદ્ધિવાળાના અધર્મથી એકઠા કરેલા ધનને કુટુમ્બીજનો લગ્ન શ્રાદ્ધ કસરત લડાઈ નાચારંગ વગેરે પ્રસંગે લઈ જાય છે તેથી કુટુમ્બરૂપી ચોર પણ જાણવામાં આવે છે, પણ વઞ્ચકનાં બહારનાં ચિહ્ન ભક્તના જેવાં હોય છે તેથી એનું જ્ઞાન ઝટ થઈ શકતું નથી.

ન કોઽપિ તાદશો ધર્મો વૈલક્ષણ્યાવબોધકઃ ।
મૃગાણામિવ સાધૂનાં મૃગયોરિવ ગાયને ।।૨૪।।

જેમ મૃગને પારધીનું ગાયન અથવા સત્પુરુષોનું ગાયન જાણવાને માટે કાંઇ પણ અસાધારણ ચિહ્ન નથી તેજ વઞ્ચકનું જ્ઞાન થવામાં પણ કોઇ વ્યાવર્તક ધર્મ (તરત જાણી શકાય તેવું ચિહ્ન) નથી.

વિવેચન : આ શ્લોકથી પારધી અને વઞ્ચકનો મુકાલો કરવામાં આવે છે. પારધી મૃગને પોતાના ગાયનથી મોહિત કરી પછી બાણ વડે મારી નાખે છે તેમ વઞ્ચક મનુષ્ય પણ પોતાનાં વેશ ચેષ્ટા અને બાધથી ભકતજનને મોહ પમાડી, એનું ચિત્ત તેમજ વિત્ત હરી લઇ એ ને ભક્તિમાર્ગમાંથી ખસેડી દે છે.

સત્પુરુષનું ગાયન કયું છે અને પારધીનું ગાયન કયું છે એ વાતની જેમ મૃગને ખબર પડતી નથી તેમ ભોળા દિલના ભકતજનને સાચો કોણ છે અને વઞ્ચક કોણ છે એની ખબર પડતી નથી.

સતોઽપિ કિઞ્ચિદાધિકયં વઞ્ચકે તુ પ્રતીયતે ।
પ્રદર્શનાર્થત્વતસ્તુ વેષાદેરિહ સર્વથા ।।૨૫।।

કેમકે સત્પુરુષ કરતાં વેશ દેખાડવામાં વઞ્ચકનું આધિકય છે. સત્પુરુષોમાં વખતે આચરણ થોડાં દેખાય છે, પણ વઞ્ચક તો ઘણાં આચરણોનો આભાસ દેખાડે છે.

વિવેચન : સત્પુરુષને કોઇને ઠગવાનો ઈરાદો ન હોવાથી એ કોઇ પ્રકારનો ઢોંગ કરતો નથી, પણ વઞ્ચકને બીજાને ઠગવાનો ઇરાદો હોવાથી એ તમામ જાતના ડોળ અને ઠાઠ રાખે છે. એ ઠાઠ અને ડોળથી અંજાઇ જઇ ભોળા દિલના ભકતજનો ઠગાઇ જાય છે.

ગૃહસંવાસતો જ્ઞેય ઇતિ ચેત્ તન્ન યુજ્યતે ।
સંસર્ગે બુદ્ધિનાશે તુ મોહાન્ત જ્ઞાનસમ્ભવઃ ।।૨૬।।

ઘરમાં નિવાસ કરવાથી વઞ્ચકને જાણી લેવો (એમ કહેવામાં આવે તો) એ પણ યોગ્ય નથી, કેમકે મોહ વડે સંસર્ગ થવાથી બુદ્ધિનો નાશ થાય છે, (તેથી) એને ઓળખી જવાનો સમ્ભવ નથી.

વિવેચન : કોઇ એમ કહે કે વઞ્ચકની સાથે થોડો વખત એક ઘરમાં રહેવાથી એની પરીક્ષા થઇ શકે, તો એ પણ સમ્ભવતું નથી, કેમકે વઞ્ચકના ડોળથી એક વખત અંજાઇ ગયાથી બુદ્ધિનો નાશ થાય છે, એ કારણથી એનાં આચરણોમાં કાંઇ દૂષણ જોવામાં આવતું નથી. વળી વઞ્ચક આસપાસનાં માણસોને એવી રીતે રાજી રાખે છે કે સર્વ એનું સારું બોલે અને એની ઉપમા વધારે; એ વગેરે કારણોથી પાસે રહેવાથી પણ વઞ્ચકને ખરું સાચા સ્વરૂપમાં ઓળખવાનું બની શકતું નથી.

જ્ઞાનાભાવે ભવેદેવ તત્ક્રિયા સાર્થકાખિલા ।
સંસર્ગમાત્રતો નાશે કસ્ય જ્ઞાનોદયો ભવેત્ ।।૨૭।।

અને (વઞ્ચકના સ્વરૂપનો) ખ્યાલ નહીં આવવાથી એ વઞ્ચકની સર્વ ક્રિયાઓ સફળ થાય છે. વઞ્ચકના સંસર્ગ માત્રથી (બુદ્ધિનો) નાશ થવાથી એને ઓળખી જવાનું શી રીતે થાય ?

ન જ્ઞાપયતિ ચાત્માનં યાવન્નાશં સ વઞ્ચકઃ ।
નાશયિત્વૈવ ભવતિ નિજરૂપસમાસ્થિતઃ ।।૨૮।।

જ્યાં સુધી વઞ્ચક સામા પુરુષને ભ્રષ્ટ કરતો નથી ત્યાં સુધી પોતાનું ખરું સ્વરૂપ જણાવતો નથી, સદ્ધર્મથી ભ્રષ્ટ કરીને જ એ પોતાનું સ્વરૂપ દેખાડે છે.

માર્ગસ્થિતેર્ભવત્યેવ તાદશોઽત્યન્તબાધકઃ ।
બલાન્ન મારયત્યેષ પ્રબોધ્યૈવ ચ ઘાતકઃ ।।૨૯।।

માર્ગસ્થિતિથી જ એવો વઞ્ચક અત્યન્ત બાધ કરે છે. કોઇ પર વઞ્ચક બળથી મારતો નથી, પણ બોધ કરીને જ મારે છે.

વિવેચન : ભકતજન જે માર્ગમાં હોય તે જ માર્ગનો એ વઞ્ચક હોય છે અને એ માર્ગનું ઘણું જ્ઞાન ધરાવવાનો ડોળ રાખી ખોટો બોધ કરીને ભકતજનોને ઠગે છે. એ ચોર કે લુટારાની માફક લાકડી કે બીજા હથિયાર મારતો નથી, પણ બોધરૂપી હથિયારથી મારે છે

છલબુદ્ધિર્વિનાશાય ન બલ તસ્ય સાધનમ્ ।

અજ્ઞાતઃ સર્વથા હિંસ્રો જ્ઞાતો નૈવ હિ બાધકઃ ।।૩૦।।

બીજાનો નાશ કરવાને માટે વઞ્ચકનું સાધન એનું બળ નથી, પણ એની છલબુદ્ધિ છે. જ્યાં સુધી એનું સ્વરૂપ ન જાણ્યું હોય ત્યાં સુધી એ મારે છે (ઘાત-હિંસા કરે છે). એનું સ્વરૂપ જણાય પછી એ કાંઇ બાધ કરી શકતો નથી.

વિવેચન : વઞ્ચક શરીરબળ વાપરી બીજાને મારતો નથી. પણ છલબુદ્ધિ - (એક પ્રકારના મનોબળ)થી બીજાને મારે છે. જ્યાં સુધી એનું ખરું સ્વરૂપ જાણવામાં ન આવ્યું હોય ત્યાં સુધી જ એ બીજાને નુકશાન કરે છે, પણ જ્યારે એનું સ્વરૂપ સામાના સમજવામાં આવે છે ત્યારે એ બાધ કરી શકતો નથી.

જ્ઞાનં ત્વશક્યં તસ્યેતિ ન નિસ્તારઃ કથઞ્ચન ।
ઇતિ ચેત્ તત્ર સિદ્ધાન્ત ઉપાયઃ પરિકીર્ત્યતે ।।૩૧।।

એને ઓળખવાનું તો સર્વ પ્રકારે અશકય છે તેથી એના ફાંસામાંથી કોઈ પ્રકારે નીકળી શકાય એમ નથી એમ જો ધારવામાં આવતું હોય, તો આપણા સિદ્ધાન્તમાં જે ઉપાય છે તે કહી બતાવવામાં આવે છે.

વિવેચન : સાચા ભકતજન અને વઞ્ચક એ બેની વચ્ચેનો તફાવત જાણવાને માટે આપણા સિદ્ધાન્તમાં ભકતજનનાં જે સ્વાભાવિક લક્ષણ કહ્યાં છે તે વઞ્ચકમાં છે કે નહીં એ વાતની તજવીજ કરવાથી વઞ્ચકને પારખી શકાય એમ છે.

ભગવદભકતસામ્યેડપિ તદસાધારણો ગુણઃ ।
નિરપેક્ષત્વમેતસ્મિન તદભાવાદ્ધિ વઞ્ચકઃ ।।૩૨।।
અનાકારિત એવાસૌ સંગે લગતિ સર્વથા ।
પ્રાર્થિતા ભગવદભકતાઃ કૃપયન્તિ કથઞ્ચન ।।૩૩।।

ભગવદ્‌ભકતોના સરખાં આચરણનો આભાસ છતાં પણ ભગવદ્‌ભકતોનો અસાધારણ ગુણ જે નિરપેક્ષપણું છે તે એનામાં હોતું નથી, અને એ નહીં હોવાથી જ એને વઞ્ચક સમજી લેવો (૩૨). વઞ્ચક વગર બોલાવ્યો જ સાથે લાગુ પડે છે અને ભગવદ્‌ભકતો તો પ્રાર્થના કરવાથી જ કોઇક પ્રકારે કૃપા કરે છે.

વિવેચન : વઞ્ચકમાં નિઃસ્વાર્થીપણું હોતું નથી, એ તો સ્વાર્થી હોય છે. સાચો ભકત નિઃસ્વાર્થી હોઇ વગર બોલાવ્યે કોઇની પાસે જતો નથી, પણ વઞ્ચક હરકોઈ બહાને બીજાની પાસે જાય છે અને એની આગળ પોતાની જાળ પાથરે છે. ભકતજનને સ્વાર્થ ન હોવાથી એ નિરપેક્ષ (કાંઈ પણ ઈચ્છા કે લાલચ વગરનો) રહે છે. વઞ્ચકથી સાચા ભકતને ઓળખી કાઢવાનું મુખ્ય ચિહ્‌ન નિરપેક્ષતા જ છે.

વઞ્ચકને જાણવાનું બીજું સાધન કહેવામાં આવે છે :

સ દ્રવ્યમેવ વિજ્ઞાય સજ્જતે સ્વાર્થમોહિતઃ ।
દીનેષુ ભગવદ્‌ભકતાસ્તદર્થૈકપ્રસાદકાઃ ।।૩૪।।

અમુક પૈસાદાર છે એમ જાણીને વઞ્ચક એના પૈસાથી મોહ પામી એમાં આસકત થાય છે, પણ ભગવદ્‌ભકતો દીન જનને વિશે પોતાના સ્વાર્થ વિના સામાના સ્વાર્થ માટે જ પ્રસન્ન થાય છે.

વિવેચન : વઞ્ચક સ્વાર્થી હોવાથી દ્રવ્યવાનની જ કેડે લાગે છે, અથવા જ્યાંથી દ્રવ્યની પ્રાપ્તિ થવાનો સમ્ભવ હોય ત્યાં જ પોતાનો યત્ન કરે છે, પણ ભક્તજન તો સ્વાર્થરહિત હોવાથી દીન અને ગરીબ મનુષ્યોના ઉપર સ્વાર્થ વિના કૃપા કરે છે.

ચાલયત્યયમુન્માર્ગે માયાચાટુકસૂક્તિભિઃ ।
તે તુ માર્ગે ચાલયન્તિ વચોભિઃ કટુકૌષધૈઃ ।।૩૫।।

વઞ્ચક કપટયુકત મધુર વાકયોથી ખોટા માર્ગમાં ચલાવે છે, અને સત્પુરુષો તો કડવાં ઔષધરૂપ વાકયોથી સન્માર્ગમાં દોરી જાય છે.

વિવેચન : વઞ્ચકની વાણી મધુર હોય છે. એ મીઠી વાણીથી સામાને પ્રસન્ન કરે છે. સાચો ભકત કડવાં વચન કહેવાની જરૂર પડે ત્યાં કહેવામાં અચકાતો નથી, અને એમ કરીને સામાને એ સન્માર્ગે ચડાવે છે. સામો ધણી ખોટે માર્ગે ચડે તો સારુ એમ વઞ્ચક ધારે છે, તેથી એ મીઠાં વાકયો બોલી સામાને ખોટે રસ્તે જવાને ઉત્તેજન આપે છે, પણ કડવાં વાકય કહી સન્માર્ગે ચડાવતો નથી. એટલા માટે શિક્ષાપત્રમાં કહ્યું છે કે ''સંસૃતિપ્રેરકો વાપિ તત્સંગો દુષ્ટસંગમઃ'' અહન્તા મમતાત્મક સંસારમાં આસક્તિ કરવાની જે પ્રેરણા કરે તેનો સંગ દુષ્ટ સંગ જાણવો.

એવં વિજ્ઞાય બુદ્ધ્વૈવ વૈલક્ષણ્યં હિ વઞ્ચકે ।
તત્સંગ તત્ર સદ્‌ભાવં તન્માહાત્મ્યં પરિત્યજેત્ ।।૩૬।।

એ પ્રકારે સત્પુરુષ અને વઞ્ચકનું જુદાપણું બુદ્ધિથી જાણીને વઞ્ચકના સંગનો, એને વિશે સદ્‌ભાવનો, અને એના માહાત્મ્યનો ત્યાગ કરવો.

વિવેચન : ઉપર કહેલા વઞ્ચકના સંગનો ત્યાગ કરવો. સાધુ પુરુષ તે જ કે જે શ્રીકૃષ્ણમાં કારણ રહિત પ્રીતિનો બોધ કરે અને જે નિરપેક્ષ તથા સાત્વિક હોય.

અન્યથા માર્ગનિષ્ઠોઽપિ વિનાશં પ્રાપ્નુયાન્તરઃ ।
અત એવાસ્મદાચાર્યૈરુકતં સ્વીયકૃપાલુભિઃ ।।૩૭।।
પાષણ્ડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ।
અન્યત્રાપ્યુક્તમેવં હિ શિક્ષાપદ્યેષુ સર્વથા ।।૩૮।।

ઉપર કહ્યા પ્રમાણે વઞ્ચકનો ત્યાગ કરવામાં ન આવે તો માર્ગનિષ્ઠ પુરુષ પણ વિનાશ પામે છે. એટલા માટે સ્વાશ્રિત જનને વિશે કૃપા રાખનાર આપણા આચાર્યશ્રીએ કહ્યું છે કે લોકમાં પાખણ્ડનો પ્રચાર થવાથી શ્રીકૃષ્ણ એ જ મારી ગતિ છે અને અન્ય સ્થળે શિખામણમાં શ્લોકોમાં આપશ્રીએ તેમજ (શિક્ષાપત્રોમાં મેં પણ) યથાયોગ્ય કહેલું છે.

વિવેચન : શ્રીમદાચાર્ય 'શ્રીકૃષ્ણાશ્રય' ગ્રન્થમાં કહે છે કે દુનિયામાં ખરા ધર્મને બદલે પાખણ્ડ ધર્મ વધી પડયો છે એ કારણથી શ્રીકૃષ્ણ એ મારી ગતિ થાઓ. 'નિબન્ધ'માં પણ શ્રીઆચાર્યજી લખે છે કે –

અધુના તુ કલૌ સર્વે વિરુદ્ધાચારતત્પરાઃ ।
સ્વાધ્યાયાદિક્રિયાહીનાસ્તથાऽऽચાપરાંગમુખાઃ ।।૨૧૧।।
ક્રિયમાણં તથાऽऽચારં ભ્રાન્તા જિહ્વોપસ્થપરાયણાઃ ।।૨૧૩।।
વ્રાત્યપ્રાયાઃ સ્વતો દુષ્ટાસ્તત્ર ધર્મઃ કથં ભવેત્ ।
ષડ્ભિઃ સંપદ્યતે ધર્મસ્તે દુર્લભતરાઃ કલૌ ।।૨૧૪।।

''આ વખતમાં સર્વ (લોકો) શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરવામાં તત્પર થયા છે, સ્વાધ્યાયાદિ વેદમાં બતાવેલી ક્રિયા રહિત છે. એઓ જે ક્રિયમાણ કરે છે તે વિધિહીન કરે છે. એઓ વિક્ષિપ્ત મનવાળા અને ભ્રાન્તિવાળા છે, અને જીભ અને ઉપસ્થના વિષયોને અધીન છે. ઘણે ભાગે એઓ યજ્ઞોપવીતસંસ્કાર રહિત છે અને જાતે દુષ્ટ છે. ત્યારે ધર્મ શી રીતે થાય ? છ પદાર્થ (દેશ-કાળ-દ્રવ્ય-કર્તા-કર્મ અને મંત્ર) શુદ્ધ હોય તો ધર્મની પ્રાપ્તિ થાય. એ છ પદાર્થ આ કલિયુગમાં શુદ્ધ મળવા ખૂબ જ મુશ્કેલ છે. એટલા જ માટે શ્રીહરિરાયજી શિક્ષાપત્રમાં લખે છે કે ''શુદ્ધભાવઃ પ્રભૌ સ્થાપ્યો ન ચાતુર્યં પ્રયોજકમ્''. શુદ્ધ ભાવનું પ્રભુમાં સ્થાપન કરવું જોઈએ; વઞ્ચકની માફક ચતુરાઈ બતાવવાનું કાંઈ પ્રયોજન નથી.

પ્રાવાહિકાસ્તેऽપિ ચેત્સ્યુરુપેક્ષૈવોચિતા તદા ।
એવં વિજ્ઞાયં સતતં સ્થેયં વૈ સાવધાનિભિઃ ।।૩૯।।
સેવાપરૈઃ કથાસક્તૈઃ સત્સંગપરિશોધકૈઃ ।
બાહ્યાવ્યાપારરહિતૈર્ભગવદ્ભાવભાવુકૈઃ ।।૪૦।।
દૈન્યમાત્રપરિશ્રાન્તૈઃ અસદાલાપવર્જિતૈઃ ।
શ્રીકૃષ્ણદર્શનાદ્યાર્તૈઃ નિજાચાર્યશ્રિતાશ્રિતૈઃ ।।૪૧।।

અને ભગવદ્ભક્તો પણ ભક્તિને છોડી દઇ પ્રવાહમાં હોય તો એમની પણ ઉપેક્ષા કરવી ઉચિત છે. આ પ્રમાણે જાણીને સેવામાં તત્પર, ભગવત્કથામાં આસક્ત, સત્સંગના શોધક, બાહ્ય વિષયોની હિલચાલ રહિત, ભગવદ્ભાવનો રસ જાણનાર, માત્ર દૈન્ય વડે સાધન કરવામાં વિરામ પામેલા, અસદાલાપ રહિત, શ્રીકૃષ્ણના આવિર્ભાવની આકાંક્ષાથી જ પીડીત અને શ્રીઆચાર્યચરણનો આશ્રય રાખનાર પુરુષોએ નિત્ય નિરન્તર સાવધાનપણે

સ્થિતિ કરવી.

વિવેચન : પ્રવાહનું લક્ષણ 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રન્થમાં આપ્યું છે. એમાં કહ્યું છે કે પ્રવાહમાં રહેલા જીવ આસુરી છે. એઓ ધર્મમાં પ્રવૃત્તિ અને અર્થથી નિવૃત્તિને જાણતા નથી, એટલે ધર્મમાં પ્રવૃત્ત થવું અને અધર્મથી નિવૃત્ત થવું એ એઓ જાણતા નથી. એ કારણથી એઓમાં પવિત્રતા આચાર કે સત્ય હોતાં નથી.

પ્રવાહમાં ભળેલા જીવોનો સંગ કરવો યોગ્ય નથી. ભક્તજનોએ એવા જીવોની સોબત અવશ્ય તજવી જોઇએ, એટલું જ નહીં, પણ જે પૂર્વે ભક્તિમાર્ગમાં હોય તે પાછળથી પ્રવાહમાં ભળી ગયેલો હોય તો એવાનો સંગ પણ તજવા યોગ્ય છે.

દીનતા-ભાવથી અહન્તા મમતાનો નાશ થાય છે, માટે અન્ય સ્થલે શ્રીહરિરાયજી કહે છે કે ''ભક્તિમાર્ગમાં જે સાધનોથી દૈન્ય સારી રીતે સિદ્ધ થાય તે સાધનો ગ્રહણ કરવા યોગ્ય છે અને જેનાથી દૈન્યનો નાશ થાય તે સર્વ વિરોધી છે એમ જાણવું (શિક્ષાપત્ર ૩૩।૧૫). વળી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ 'સુબોધિનીજી'માં કહેલું છે કે ''ભક્તાનાં દૈન્યમેવૈકં હરિતોષણસાધનમ્'' ભક્તોને શ્રીહરિને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન દીનતા જ છે.

(''યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ ।
તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે માત્મનઃ ।।૧।।
કેનાપિ ન નિરુદ્ધોઽહં નિજાચાર્યકૃપાબલાત્ ।
યત્સત્યં ભયત્યાગેન વિવૃતં સ્ફુરિતં હૃદિ'' ।।૨।।)

★★★

।। સ્વરૂપતારતમ્યનિર્ણયઃ ।।

અથ શ્રીમદાચાર્યપ્રતિષ્ઠાપિત-વૈષ્ણવજનનિલયસ્થ-તત્કુલપ્રતિષ્ઠાપિત-વૈષ્ણવજનનિલયસ્થ-ભગવત્સ્વરૂપ-સેવયોઃ તારતમ્યમ્ અસ્તિ ન વા ઇતિ વિચાર્યતે.

તત્ર શ્રીમત્પ્રભુચરણપ્રાદુર્ભાવકાલે તુ સેવાયાં ''ગંગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદબુદ્ધય'' ઇતિ વાકયોકતન્યાયેન તાદશાધિકારિણાં તત્ર સાક્ષાત્સ્વરૂપાનુભવો જાત ઈતિ સર્વસમ્મતમેવ. ઇદાનીન્તનકાલે તત્પ્રતિષ્ઠાપિતસ્વરૂપે તત્કુલપ્રતિષ્ઠાપિતસ્વરૂપે ચેદાનીન્તનાનાં કયા રીત્યા સમ્બન્ધ ઇતિ ભવતિ વિચારઃ

હાલના વૈષ્ણવોને શ્રીઠાકોરજીના સ્વરૂપ સાથે સમ્બન્ધ -

વૈષ્ણવોને ત્યાં શ્રીમહાપ્રભુજીએ પધરાવેલાં સ્વરૂપમાં અને હાલના આચાર્યોએ વૈષ્ણવોને ત્યાં પધરાવેલાં સ્વરૂપોમાં કંઇ પણ ફેરફાર છે કે નહીં એનો વિચાર કરાય છે. આ વિચાર કરતાં પહેલાં ધ્યાનમાં રાખવું કે શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઇજીના પ્રાદુર્ભાવ-કાલે તો સેવામાં તે-તે અધિકારીને તે-તે સ્વરૂપમાં સેવામાં સાક્ષાદ્ અનુભવ થયો છે અને એ વાત સર્વને સમ્મત છે. જેમ ગંગાજીનું આધિદૈવિક સ્વરૂપ મૂર્તિરૂપ છે અને એ જલરૂપ ગંગાજીમાં જ બિરાજમાન છે, ગંગાજીના પ્રવાહમાં એનાં પ્રત્યક્ષ દર્શન થાય છે, તેવી રીતે પ્રભુના જ સ્વરૂપમાં જ પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન ભકતોને શ્રીમદાચાર્યચરણના પ્રમેયબલથી થતાં, આ વાત નિર્વિવાદ છે. પરંતુ આ હાલના વૈષ્ણવોનો એ શ્રીમદાચાર્યચરણે પધરાવેલા સ્વરૂપ સાથે અને એમના વંશજોએ પધરાવેલા સ્વરૂપ સાથે કઈ રીતે સમ્બન્ધ છે, એવો વિચાર આપણને (વારંવાર) આવે છે.

તત્ર ''પ્રત્યક્ષા સા ન સર્વેષામ્'' ઇત્યસ્ય વિવૃતૌ શ્રીમત્પ્રભુચરણૈરુક્તમ્ - ''યેષાં ન પ્રત્યક્ષા તેષામપિ યા

> દેવતારૂપા સાસ્તીતિ તત્સમ્બન્ધાનુભાવેનૈવ સર્વત્ર તજ્જલે પ્રાકામ્યં પ્રકૃષ્ટકામનાવિષયત્વં શ્રદ્ધાવિશેષપૂર્વકસ્નાનાદિવ્યવહારો ભવતીત્યર્થ'' ઇતિ દષ્ટાન્તન્યાયેન ઇદાનીન્તનાનામપિ તત્પ્રતિષ્ઠાપિતસ્વરૂપસ્ય તદુકતમાર્ગમર્યાદયા તયા જ્ઞાનપૂર્વકમ્ અચ્છિદ્રસેવયા દેહાન્તે અનુગ્રહબલેન અલૌકિકે દેહે જાતે પુરુષોત્તમાવિર્ભાવયોગ્યતાયાં જાતાયાં તત્ર તદાવિર્ભાવો ભવતિ. તદા પ્રેમાસક્તિવ્યસનક્રમેણ સ્વાધિકારાનુરૂપેણ સ્વમાર્ગીયં સેવાફલં ભવતિ. અત્રત્યઃ ક્રમો અગ્રે વિવેચ્યઃ.

હાલના વૈષ્ણવોએ શ્રીઠાકોરજીના સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કેમ કરવો ? એને માટે શ્રીગુસાંઇજીએ એક ઉપાય દર્શાવ્યો છે : જેમ ગંગાજીની પ્રત્યક્ષ મૂર્તિ સર્વને દેખાતી નથી, પરંતુ આ ગંગાજીના પ્રવાહમાં જ શ્રીમતી ગંગાજી મૂર્તિમતી બિરાજે છે તેથી આ જલ પણ એમના સમ્બન્ધથી સર્વથી ઉત્કૃષ્ટ છે અને આમાં જ મને પ્રત્યક્ષ દર્શન થશે એવી શ્રદ્ધાપૂર્વક જો સર્વ વ્યવહાર ગંગાજીમાં કરે તો ખરેખર ગંગાજીનાં દર્શન પ્રત્યક્ષ થાય જ, તેમ શ્રીમહાપ્રભુજીના દર્શાવેલા સેવાપ્રકાર પ્રમાણે જો જ્ઞાનપૂર્વક ભગવત્સ્વરૂપને સમજી સતત સેવા કરે તો દેહાન્તે અનુગ્રહના બલથી અલૌકિક સેવાપયોગી દેહ પ્રાપ્ત થાય અને પુરુષોત્તમનાં સાક્ષાત્ દર્શન પણ થાય જ. એ વખતે પ્રેમ, આસક્તિ અને વ્યસનના ક્રમે સેવાફલ સ્વાધિકારાનુસાર થાય છે (એ વાત સ્પષ્ટ થઇ). પરંતે પ્રાદુર્ભાવ કેવા ક્રમથી થાય એનો વિચાર આગળ કરીશું.

> **સ્વમાર્ગીયસેવાસ્વરૂપજ્ઞાનાભાવે** (સ્વરૂપસેવયોર્જ્ઞાનાભાવે સેવાફલોક્તં ફલં નોપલભ્યતે ઇતિ સમર્થયન્તિ.) તુ શ્રદ્ધાપૂર્વકં તયા સેવયા કેવલક્રિયયા પ્રપઞ્ચાસક્તિનિવૃત્ત્યભાવાત્ તત્સમ્બન્ધાનુભાવેનૈવ જન્માંતરે પુનસ્તથા ભજનેન મુક્તિઃ ભવતિ. તત્રાપિ ''અત્યન્તાભિનિવેશશ્ચેત્ સંસારે ન ભવે''દિતિ વાકયોક્તન્યાયો બાધકએવ. તદા સમ્બન્ધો ન જાતએવ ઇતિ જ્ઞેયમ્. તદિચ્છાયા બલિષ્ઠત્વાત્.

જેને સેવા અને સ્વરૂપજ્ઞાન ન હોય તેની શી દશા ? જેને સેવા અને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન હોય નહીં, એમ છતાં શ્રદ્ધાપૂર્વક કેવલ ક્રિયારૂપ જ સેવા કરે, પરંતુ એવી (ગાડરિયા પ્રવાહરૂપ) સેવાથી પ્રપઞ્ચાસક્તિ દૂર ન જ થાય તો બીજો જન્મ લેવો પડે, અને બીજા જન્મમાં શ્રીમદાચાર્યે કહેલા સેવાપ્રકાર અને સ્વરૂપના ભાનપૂર્વક સેવા કરે તો જ મુક્તિ થાય. એમાં પણ (નિબન્ધ સ.નિ.કા. ૨૧૪) જો સંસારમાં વધારે અભિનિવેશ (આસક્તિ) હોય તો એની મુક્તિ પણ થતી નથી. ત્યારે હાલના વૈષ્ણવોએ જાણવું કે આપણો સમ્બન્ધ પ્રભુ સાથે થયો જ નથી, કારણ ? સંસાર તરફથી ઇચ્છા એ જબરદસ્ત છે (સેવા અને સ્વરૂપદાન માટે સામ્પ્રદાયિક ગ્રન્થો વાંચો.)

યસ્તુ તત્કુલપ્રતિષ્ઠાપિતસ્વરૂપસ્ય તદુકતમાર્ગમર્યાદયા સર્વભાવેન સર્વદા યાવજ્જીવં સેવાં ચેત્ કુર્યાત્ તદા તાદશસ્યાપિ સ્વાધિકારાનુસારેણ દેહાન્તે પૂર્વોક્તપ્રકારેણ સેવાફલં ભવતીત્યત્ર ન કિઞ્ચિદનુપપન્નમ્.

હાલના વૈષ્ણવો જો હાલના આચાર્યોએ પધરાવેલા સ્વરૂપની માર્ગની મર્યાદાને અનુસરી સર્વ ભાવથી હંમેશા જીવનપર્યન્ત સેવા કરે તો એવાને અધિકારાનુસાર દેહાન્તે શ્રીમદાચાર્યકૃપાથી સેવાફલમાં કહેલાં ફલ મળે એમાં નવાઇ નથી.

કિઞ્ચ ભજનં હિ બાહ્યાભ્યન્તરભેદેન દ્વિવિધં, ‘‘સેવાયાં વા કથાયાં વે’’તિ વાક્યાત્, ‘‘એતદ્ ભજનમાન્તરં મુખ્ય’’ મિતિ નિબન્ધવાકયાચ્ચ. સેવકસાધનસમ્પત્ત્યભાવે શ્રીભાગવતાર્થવિચારરૂપાન્તરમેવ ભજનં નિરુપધિસર્વભાવેન યાવજ્જીવં ચેત્કુર્યાત્ તદા તસ્યાપિ સ્વાધિકારાનુસારેણ જન્માન્તરાવ્યવધાનેન સેવાફલં ભવતીતિ નિર્વિવાદમ્. અત એવૈતદભજનસ્ય મુખ્યત્વાત્ સેવાયાં જ્ઞાનમાવશ્યકમિતિ જ્ઞેયમ્.

ભજન બે પ્રકારનું છે : બાહ્ય અને આભ્યન્તર. ‘‘સેવામાં અથવા કથામાં જેમની આસક્તિ છે તેમનો નાશ નથી’’ એવું શ્રીમહાપ્રભુજીનું વચનામૃત છે. (નિ.સ.નિ.કા.૨૩૦ પ્રકાશ) ‘‘આન્તર ભજન મુખ્ય છે’’ એવું

આપશ્રીએ જ 'નિબન્ધ'માં જ કહ્યું છે. જો સેવકને, સેવા કરનારને-સેવામાં ઉપયોગી સાધન-સમ્પત્તિ ન હોય તો શ્રીભાગવતાર્થનો વિચાર યાવજ્જીવન સુધી ઉપાધિરહિત સર્વ ભાવથી કરે તો એને પણ સ્વાધિકારાનુસાર બીજો જન્મ લીધા વગર આ જન્મમાં જ સેવાફલમાં કહેલાં ફલ મળે છે, એ વાત નિર્વિવાદ છે. માટે શ્રીભાગવતાર્થનું અવલોકન કરવું એ જ મુખ્ય આન્તર ભજન હોવાથી સેવામાં જ્ઞાનની ખાસ જરૂર છે એમ (સેવાનિષ્ઠોએ) જાણવું.

> **યસ્તુ સ્વમાર્ગીયસેવાસ્વરૂપજ્ઞાનાભાવનાન્ માર્ગરીત્યા શ્રદ્ધયા યથાકથઞ્ચિત્ સ્વરૂપસેવાં ચેત્ કરોતીતિ તત્સેવાયાઃ કેવલભૌતિકત્વાદ્ ''લોકાર્થી ચેદ્ ભજેત્કૃષ્ણ''મિતિ ન્યાયસ્ય જાતત્વાત્ તદા સર્વથા સંક્લિષ્ટો ભવતિ, તદા ભજનત્યાગઃ. ''ક્લિષ્ટોઽપિ ચેદ્ ભજેત્ કૃષ્ણમ્'' ઇતિવાક્યોકતન્યાયેન કલેશેઽપિ ચેદ્ ભજનં કુર્યાત્-'ચેદ'ઇતિપદેન એતાદશસ્ય દુર્લભત્વમ્ ઉક્તં તદા મહત્કૃપયા લોકનાશો ભજનૌપયિકપદાર્થેષુ લૌકિકભાવનાશઃ ઇતિ યાવત્. તદા જન્માન્તરે શુદ્ધભજનેન કૃતાર્થો ભવિષ્યતિ ઇતિ જ્ઞેયમ્.**

જે લોકો સેવા અને સ્વરૂપના જ્ઞાન વગર કેવલ શ્રદ્ધાથી જે સેવા કરી રહ્યા છે તેઓની દશા :

સેવાનું જ્ઞાન ન હોય, સ્વરૂપનું જ્ઞાન ન હોય, પરંતુ માર્ગની રીતિથી શ્રદ્ધાથી જ જેમતેમ સ્વરૂપસેવા કરી રહ્યા છે તે સેવા તો કેવલ ભૌતિકી સેવા કહેવાય છે, આધિદૈવિકી સેવા ન જ થાય. ''જેમ સંસારી સંસારમાં આસક્ત રહી શ્રીકૃષ્ણને ભજે તો દુઃખી જ થાય''તેમ સેવા-સ્વરૂપના જ્ઞાન વગરનો દુઃખી જ થાય, ભજન પણ છૂટી જાય છે. *(ઘણા લોકો સેવા ન બનવાને લીધે સ્વરૂપ ગુરુને ઘેર પાછું પધરાવી દે છે એનું કારણ હવે સ્પષ્ટ સમજાશે, સ્વરૂપજ્ઞાન વિના પ્રભુમાં યથાર્થ આર્તિ ન થાય તો પ્રભુ સેવાબલ ન જ આપે.)* પરંતુ ''દુઃખી થયા છતાં પણ જો ભજન કરે તો મુકત થાય'' એ શ્રીમદાચાર્યચરણના વચનામૃત અનુસાર દુઃખમાં પણ ભગવદ્ભજન કર્યા કરે તો મોટાઓની કૃપાથી લોકનો નાશ થાય, એટલે ભજનોપયોગી પદાર્થોમાં લૌકિક બુદ્ધિ દૂર થાય, એટલે ભજનોપયોગી પદાર્થોમાં લૌકિક બુદ્ધિ દૂર થાય, ત્યારે બીજા જન્મમાં

(આ જન્મમાં નહિ) શુદ્ધ ભજન વડે કૃતાર્થ થશે એમ જાણવું.

અત્રૈવં વિભેદો જ્ઞેયઃ. શ્રીમત્પ્રભુચરણપ્રાદુર્ભાવકાલે સ્વરૂપબલેનૈવ સેવાયા આધિદૈવિકત્વાદ્ દેહાન્તે સ્વાધિકારાનુસારેણ નિત્યલીલાપ્રવેશ એવેતિ સિદ્ધાન્તઃ. ઇદનીન્તનકાલે માર્ગમર્યાદયા તથા જ્ઞાનપૂર્વકં સેવાકરણેઽપિ ઉદ્વેગાદિપ્રતિબન્ધકસ્યાવશ્યમ્ભાવિત્વેન સેવાયા નાધિદૈવિકત્વં ભવતિ. અત એવ સેવાફલગ્રન્થે શ્રીમદાચાર્યચરણૈરુકતં ‘‘તદા સેવા નાધિદૈવિકીત્યુકતં ભવતિ’’ ઇતિ. પરન્તુ માર્ગયર્યાદાયા બલિષ્ઠત્વાદાધ્યાત્મિકી સેવા ભવેત્.

શ્રીમદાચાર્યચરણનો અને આધુનિક સમય : અત્રે આ પ્રમાણે ભેદ સમજવો. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય સમયે તો શ્રીમદાચાર્યચરણના સ્વરૂપબલ વડે ભકતોની સેવા આધિદૈવિકી એટલે પરમ ફલ આપનારી હતી, એટલે દેહાન્તે સ્વાધિકારાનુસાર નિત્યલીલા-પ્રવેશ અવશ્ય જ થતો. હાલમાં (મહાપ્રભુજી નિત્યલીલામાં બિરાજે છે) ત્યારે માર્ગની મર્યાદા વડે એટલે બ્રહ્મસમ્બન્ધ દ્વારા ગુરૂ પાસેથી સ્વરૂપ પધરાવીને સ્વરૂપજ્ઞાન, સેવાપ્રકાશજ્ઞાન મેળવ્યા પછીથી સેવા કર્યા છતાં પણ ઉદ્વેગ-પ્રતિબન્ધ-ભોગરૂપ અડચણો આવી પડવાથી સેવા આધિદૈવિકી થતી નથી. ‘સેવાફલ’ ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે આદ્યફલની પ્રાપ્તિ ન થાય તો ભગવાનની એ ફલદાનની ઇચ્છા નથી; ત્યારે સેવા પણ આધિદૈવિકી નથી થતી, અર્થાત ઉદ્વેગ એ પણ પ્રતિબન્ધ છે. જો ઉદ્વેગ થાય તો મનમાં જ થાય. એ વિરુદ્ધ સામગ્રી થઇ. આવું ઉદ્વેગવાળું મન પ્રભુમાં લીન ન જ થાય. તેથી જ સેવા આધિદૈવિકી ન જ થાય, પરંતુ શ્રીમહાપ્રભુજીની માર્ગમર્યાદા જ એવી બળવાળી છે કે સેવાને આધ્યાત્મિકી તો બનાવે છે.

તત્રાઽપિ ‘‘એતદદેહાવસાને તુ કૃતાર્થઃ સ્યાન્ન સંશયઃ. ઇતિ નિશ્ચિત્ય મનસા કૃષ્ણં પરિચરેત્ સદા’’ (નિ.સ.નિ.કારિકા ૨૬૨) ઇતિ નિબન્ધોકતમનોનિશ્ચયેન સર્વદા સેવા ચેદભવેત્તદા દેહાન્તે અનુગ્રહબલેન

ભાષ્યોક્તપ્રકારેણ અલૌકિક દેહે જાતે ‘‘પરસ્પરં ત્વદ્ગુણવાદસીધુપીયૂષનિર્યાપિતદેહધર્મા’’ ઇતિ ન્યાયેન તાદશસમાજે અહર્નિશં તદ્ગુણાનુવાદેન આત્મનિ અક્ષરબ્રહ્માત્મકત્વજ્ઞાનેન ‘‘ઉપાધિનાશે વિજ્ઞાને’’ અનુભવે સમ્પન્ને પુરુષોત્તમાવિર્ભાવયોગ્યતાયાં જાતાયાં તત્ર તદાવિર્ભાવો ભવતિ. તદા ‘‘આત્માનન્દસમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેદ્’’ ઇતિવાકયોકતપ્રકારેણ તદ્ભાવનયા સ્નેહવૃદ્ધૌ જાતાયાં સર્વા અપિ પ્રેમાવસ્થા ભવન્તિ. તતઃ તદ્વિના સ્થાતુમ્ અશક્ત્યા અતિશયિત-તાપોદયે જાતે ‘‘વાંગમનસિ’’ ઇત્યાદિ (૪।૨।૧) સૂત્રોક્તપ્રકારેણ વાગાદિલયાનન્તરં સાક્ષાદ્ભગવત્પ્રવેશઃ. તતઃ તદિચ્છાનુસારેણ તાદશસેવૌપયિકદેહપ્રાપ્ત્યા સાક્ષાત્તલ્લીલાવલોકનતદ્રસાનુભવાદિકં ભવતીતિ સેવાફલપ્રાપ્તૌ ક્રમો જ્ઞેયઃ ઇતિ દિક્.

ઇતિ શ્રીહરિરાયચરણવિરચિતઃ સ્વરૂપતારતમ્યનિર્ણયઃ

ત્યારે આધુનિકોને ફલ શી રીતે ? આ વિષયમાં વધારે ઊંડા ઊતરીએ.

‘‘એતદ્ દેહાવસાને તુ કૃતાર્થઃ સ્યાન્ ન સંશયઃ, ઇતિ નિશ્ચિત્ય મનસા કૃષ્ણં પરિચરેત્ સદા’’ (નિ.સ.નિ.૨૩) ભાવાર્થ : જેમ-તેમ કરી ભગવાનને સન્તોષવા, ભગવાન અપ્રસન્ન હોય તો કાંઇ પણ સિદ્ધ ન થાય, એ હેતુથી ભગવત્પ્રસન્નતાના ઉપાયો દર્શાવે છે, જેમ ભાગવતમાં કપોત અને પિંગલાના દષ્ટાન્તથી જેવું વૈરાગ્ય દર્શાવ્યું છે તેવું વૈરાગ્ય સમ્પાદન કરવું. સર્વ અપેક્ષાઓ ત્યજવી, કારણ કે જે સાપેક્ષ છે તે અસમર્થ છે માટે સર્વ અપેક્ષા ત્યજી પ્રભુમાં જ મૂલ-સાધનાપેક્ષાજનક અને ફલપેક્ષાયુકત મનને જ ભગવાનમાં જોડવું અને કંઇ પણ સાધનની પ્રાપ્તિ ન થવાથી બહિઃસેવામાં વિફલ-નાસીપાસ-થયેલા ચિત્તને નિવારીને પણ પાછું ભગવાનમાં જ સ્થિર કરવું; અને ‘પિતા માતા જેમ પુત્રનું અહિત નહિ જ કરે, હિત જ કરે છે તેમ ભગવાન પણ હિત જ કરશે’

એવા દઢ વિશ્વાસપૂર્વક બર્હિમુખતા ન થાય એમ સેવા કરે તો આ દેહાવસાને જરૂર પ્રભુના અનુગ્રહ - બલથી ભાષ્યોક્ત પ્રકારે અલૌકિક દેહ સમ્પાદન થતાં ભગવદીયો સાથે પરસ્પર ભગવદ્ગુણાનુવાદરૂપી અમૃતનું પાન કરતાં, દેહધર્મને ક્ષપિત કરતાં, ભક્તોની માફક ભગવદીયોમાં અહર્નિશ ભગવદ્ગુણગાન ગાતાં - ગાતાં આત્મામાં અક્ષરબ્રહ્માત્મક જ્ઞાન પ્રકટ થાય છે અને આ જ્ઞાનથી અવિધારૂપ ઉપાધિ દૂર થતાં પ્રભુ-સમ્બન્ધી અનુભવ થાય છે. આ અનુભવથી જ શ્રીપુરુષોત્તમ પ્રકટ થવાની એ ભક્તમાં યોગ્યતા આવે છે અને પ્રભુનો આવિર્ભાવ થાય છે. આ સમયે આત્માનન્દ - સમુદ્રસ્થ શ્રીકૃષ્ણનું જ ચિન્તન થાય છે. આ ભાવભાવન (નિરોધલક્ષણોક્ત) પ્રકાર વડે સ્નેહ વૃદ્ધિ થાય છે, આસક્તિ થાય છે, વ્યસન થાય છે. (ટુંકમાં કહીએ તો પ્રેમની સર્વ અવસ્થાઓ આ ભક્તમાં પ્રકટે છે.)

ભક્તની વ્યસન થયા પછીની સ્થિતિ -

આ ભક્તને પ્રભુ વિના જરા પણ ચેન ન પડે. એ રસિક પ્રાણવલ્લભ વિના જરા પણ ન જ રહી શકે. જ્યારે વિરહનો અતિશય તાપ પ્રકટે ત્યારે ''વાંગ્મનસિ'' સૂત્રોક્ત પ્રકારે વાગાદિનો લય થયા બાદ સાક્ષાત્ ભગવત્પ્રવેશ થાય છે. પુનઃ એ ભકતની ઇચ્છાનુસાર એવો સેવોપયોગી દેહ પ્રાપ્ત થાય છે અને એ અલૌકિક દેહ દ્વારા સાક્ષાત્ તે-તે લીલાનું અવલોકન અને તે-તે લીલારસનો અનુભવાદિ એ કરે છે. આ પ્રમાણે સેવાફલની પ્રાપ્તિમાં એ ક્રમ જાણવો. અર્થાત્ શ્રીમહાપ્રભુજીના વખતમાં શ્રીમહાપ્રભુજીના પ્રમેયબલથી જ સ્વરૂપમાં એવો સાનુભાવ થતો; હાલમાં આપ નિત્યલીલામાં બિરાજે છે તેથી મર્યાદામાર્ગના બલથી ભકતને ક્રમશઃ સેવાફલની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે સ્વરૂપનું તારતમ્ય જાણવું.

સારાંશ :

૧. શ્રીમદાચાર્યના પ્રાકટ્ય સમયે શ્રીમહાપ્રભુજીના સ્વપ્રમેયબલથી સ્વરૂપમાં પ્રભુનો સાક્ષાત્ અનુભવ થતો.

૨. હાલના વૈષ્ણવોને જો એવો સાક્ષાત્ અનુભવ મેળવવો હોય તો એઓ

સ્વરૂપજ્ઞાન અને સેવાપ્રકારજ્ઞાન મેળવે. (સેવા અને સ્વરૂપજ્ઞાન માટે સામ્પ્રદાયિક ગ્રન્થો વાંચવા જોઇએ.)

૩. જેને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન ન હોય તેની સેવા ઉત્તમ ન થાય, અને ભજન છૂટી જાય, દુઃખી થાય.

૪. જે લોકો (પ્રભુસેવા કરતાં કરતાં) ભાગવતાર્થવિચાર કરવામાં પણ પોતાનો સમય ગાળે છે તે મુખ્ય સેવાનિષ્ઠ છે.

૫. જો હાલના વૈષ્ણવોએ સાક્ષાત અનુભવ મેળવવો હોય તો પ્રભુ ઉપર વિશ્વાસ રાખી શરણભાવન કરવું.

૬. આ વિશ્વાસથી ક્રમશઃ હૃદયમાં પ્રભુનો આવિર્ભાવ થશે.

★★★

।। બહિર્મુખત્વનિરૂપણમ્ ।।

(અનુ. - શ્રી વસન્તરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

ધને ગૃહે યદાસક્તાઃ સેવકાઃ સમ્ભવન્તિ હિ ।
લાભપૂજાર્થયત્નાશ્ચ તદા સ્યાત્ કુપિતો હરિઃ ।।૧।।

ધનમાં અને ઘરમાં જ જ્યારે સેવકો આસક્ત થઈ જાય, લાભ અને પૂજાવા માટેના પ્રયત્નો કરે, ત્યારે શ્રીહરિ કોપે છે. સેવકોની મુખ્ય ફરજ એ છે કે પોતાના સ્વામીને રીજવવા દરેક પ્રયત્ન કરવો, એની આજ્ઞામાં જ તત્પર રહેવું, એની ઇચ્છાને સદા અનુકૂલ બનવું. એવી જ રીતે જીવો પણ પ્રભુના સેવકો છે. એઓનું મુખ્ય કર્તવ્ય પ્રભુની સેવા છે. સેવામાં લેશ પણ ન્યૂનતા ન આવે, તેમજ જે પ્રભુની સેવાનો અધિકાર પોતાને પ્રાપ્ત થયેલો છે તે પ્રભુ કોટિબ્રહ્માણ્ડનાયક, પરાત્પર પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે એનો ખ્યાલ નિરન્તર મનમાં રહેવો જોઇએ. જ્યારે સર્વદુઃખહર્તા પ્રભુને પોતાનું જે કાંઇ કહેવાતું તે સર્વ સમર્પી દીધું અને દાસ્યધર્મનો સ્વીકાર કર્યો ત્યારે એનો પોતાના સ્વામીને દરેક રીતે પ્રસન્ન કર્યા સિવાય બીજો ધર્મ શો હોઇ શકે ? વાસ્તવિક સ્થિતિ એવી જ છે, છતાં જો સેવકો ધનમાં - ધન એકઠું કરવામાં કે ઘરબાર પુત્ર પરિવારમાં આસક્તિવાળા બની જાય, પોતાના દાસ્યધર્મને તિલાંજલિ આપી દે, પ્રભુની મહત્તા વિસ્મરી જાય, સ્વકર્તવ્યને સ્વાર્થવેદી ઉપર હોમી દે તો પ્રભુ એના ઉપર કોપે એમાં આશ્ચર્ય શું ? જીવ-સેવક સ્વતઃ અનેક દોષોથી દુષ્ટ છે, પ્રભુએ એના દોષોનો વિચાર ન કરતાં એને પોતાનો સેવક બનાવ્યો, એને ઉચ્ચતર અધિકાર આપ્યો, પરંતુ પ્રભુની એ દયાળુતા અને પોતાની પહેલાં સ્થિતિ વગેરે બધું ભૂલી જઇને પોતાના લાભનો અને પોતે પૂજાવાનો પ્રયાસ કરે તો પ્રભુ એના ઉપર કોપ કરે તો એ કાંઇ આશ્ચર્યકારક ગણાય નહીં, શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે જીવ જ્યારે પ્રભુ તરફ એવી રીતે બેવફાનિમકહરામ બને છે ત્યારે પ્રભુ એના ઉપર કોપાયમાન થાય છે.

ભક્તિમાર્ગં પરિત્યજ્ય શિશ્નોદરકૃતોદ્યમાઃ ।
આસુરાવેશિનો દાસાસ્તદૌદાસ્યં ભવેદ્ધરેઃ ।।૨।।

ભક્તિમાર્ગનો પરિત્યાગ કરીને માત્ર જનનેન્દ્રિય અને ઉદરની તૃપ્તિ માટેના જ ઉદ્યમને આદરનારા, આસુરાવેશી દાસો બને છે ત્યારે શ્રીહરિ ઉદાસીન થાય છે. જ્યારે દાસો - સેવકો પ્રથમ શ્લોકમાં વર્ણવેલી કક્ષાથી પણ હીન કક્ષામાં જાય છે ત્યારે તો પ્રભુ એ તરફ જોતાં જ નથી. જ્યારે ભક્તિમાર્ગમાં પણ રહે નહીં, એનો સર્વાંશે ત્યાગ કરે, માત્ર ''આહારનિંદ્રાભયમૈથુનં ચ'' એ ઉક્તિ પ્રમાણે માત્ર પશુવૃત્તિને જ પોષે ત્યારે તો પ્રભુ એના ઉપર કોપ કરીને એને ઠેકાણે લાવવાનું પણ કાર્ય કરતા નથી, એનાથી તદ્દન બેદરકાર રહે છે, એ સેવક જેવી રીતે વર્તવા ઇચ્છતો હોય તે પ્રમાણે એને વર્તવા દે છે, કેમકે એણે માર્ગની મર્યાદા મુદ્દલે જાળવી નહીં, બલકે એનો ત્યાગ કર્યો અને આસુરના સંગમાં અભિરુચિ થવાથી એને આસુરાવેશ થયો. એવા તદ્દન વંઠી ગયેલા નોકરની તરફ ઉદાસીનવૃત્તિ વિના બીજું પ્રભુ શું કરે ?

અહંકારેણ કુર્વન્તિ તથા મહદતિક્રમમ્ ।
નિજા અપિ તદા કૃષ્ણઃ કુપ્યતિ સ્વજનપ્રિયઃ ।।૩।।

જ્યારે અહંકારથી મહાન પુરુષોનો અપરાધ કરે છે, એ પણ પોતાના થઇને, ત્યારે સ્વજન-વત્સલ પ્રભુ કોપે છે. પ્રભુના દાસ્ય જેવો ઉત્તમ પદાર્થ યોગ્યતાના અભાવે મળી ગયો અને પછીથી થયો અહંકાર અને એમાં આંધળા બનીને મહાન ભગવદીયોને પણ ગણ્યાં નહીં, તો શું પ્રભુ એના ઉપર રાજી રહેશે ? કદાપિ નહીં, પ્રભુનો અપરાધ તો કોઈપણ ઉપાયે નિવૃત્ત થઇ શકે છે, પરંતુ મહાનુભાવી ભગવદીયોનો અપરાધ કદાપિ નિવૃત્ત થતો નથી, મર્યાદામાર્ગમાં પણ નલકૂબેરાદિકે સ્વાધિકારના ગર્વથી નારદાદિકનું કરેલું અપમાન અને એનું પરિણામ પુરાણોમાં પ્રસિદ્ધ છે. એવી જ રીતે ભક્તિમાર્ગમાં પણ ભગવદીયોના અપરાધને મહાભયંકર ગણવામાં આવ્યો છે, એ અપરાધ કરનારા ઉપર પ્રભુ કોપે છે. પોતાના જ દાસ થઇને પોતે જ જેમને અનુગ્રહમાર્ગની ઉચ્ચ અવસ્થામાં સ્થાપિત કર્યા છે તેવા મહાન ભકતોનું અપમાન કરે તો પોતાના જન જેને અત્યન્ત પ્રિય છે તેવા પ્રભુ ગુસ્સે થયા વિના રહેતા નથી. એક તો એ દાસ પણ પોતાનો છે, અને માટે જ પ્રિય હોવો

જ જોઇએ, અને મહાનુભાવી ભગવદીયો પણ સ્વદાસ હોવાથી પ્રિય છે, તેથી બન્નેના શ્રેયની ક્ષતિ ન થાય માટે પ્રભુ સ્વકોપથી દાસને અપરાધની શિક્ષા દે છે.

યદા મહત્કુલોદ્ભૂતાસ્ત્યજન્તિ કુલગાં ગતિમ્ ।
તદા તુ તત્કુલસ્વામી ક્રોધમેતિ ન સંશયઃ ।।૪।।

જ્યારે મોટા કુલમાં પ્રકટ થયેલાઓ પણ પોતાના કુલને યોગ્ય ગતિ ત્યજી દે છે ત્યારે એ કુલના સ્વામી ક્રોધ કરે છે, એમાં કાંઇ પણ સંશય નથી. જ્યારે પ્રભુએ જે કુલનો ઉત્તમોત્તમ અધિકાર સ્થાપન કર્યો અને એ કુલમાં પ્રકટ થઇને જો પછી એ કુલના મહાન દરજ્જાને ન છાજતી વર્તણૂંક ચલાવે તો એ કુલનું સર્વસ્વ એના નાથ એ કુલમાં પ્રકટ થયેલા ઉપર કોપે એમાં સંશય શો ?

અન્વિષ્યતાં હિ સર્વત્ર ન ક્વાપિ સુપથસ્થિતિઃ ।
ન વા નિજાચાર્યનિષ્ઠા ન વા દૈન્યં હરેઃ પરમ્ ।।૫।।

બધાં ઠેકાણાં શોધી વળો, કોઈપણ સ્થલે સન્માર્ગની ઝાંખી પણ હવે થવી મુશ્કેલ છે. કલિના દોષમય વાતાવરણથી આવૃત્ત થયેલા હૃદયોથી વ્યાપ્ત સ્થલોમાં સારા ઉત્તમ માર્ગની સ્થિતિ કેમ હોઇ શકે ? જ્યારે એવા માર્ગનાં દર્શન દુર્લભ થઈ ગયાં, તો પછી એ માર્ગના પ્રકાશક શ્રીમદાચાર્યચરણના ચરણારવિન્દમાં નિષ્ઠા-ભાવભક્તિ કયાંથી ? એના વિના પ્રભુને પ્રસન્ન કરવાનું એક જ સાધન તે દૈન્ય કયાંથી આવવાનું ? શ્રીહરિરાયપ્રભુ આજ્ઞા કરે છે કે આ સમયમાં તો નથી સન્માર્ગની મર્યાદા કે નથી શ્રીમદાચાર્યચરણમાં નિષ્ઠા કે નથી દીનતા.

ન વા તદ્વાકયપરતા ન વૈરાગ્યં તથાવિધમ્ ।
ન યથાલાભસન્તોષઃ કથં કૃષ્ણઃ પ્રસીદતિ ।।૬।।

શ્રીમદાચાર્યચરણે જે-જે હિતાર્થવચનો આજ્ઞા કરેલાં છે તેમાં તત્પરતા તેમજ એવું પરમ વૈરાગ્ય પણ નથી રહ્યું. પ્રભુના, ગુરુના, ભગવદીયોના મુખથી પ્રકટ થયેલાં વાકયોને લેશ પણ સંશયયુકત થયા વિના અનુસરવું, એ પ્રમાણે જ ચાલવામાં તત્પર થવું, એવો પરમ દાસધર્મ કયે ઠેકાણે અસ્તિત્વ ધરાવે

છે? પ્રભુથી પૃથક્ પદાર્થોમાં રહેલી આસક્તિનો સમ્પૂર્ણ ત્યાગ કરવો, પ્રભુસેવામાં જ પરોવાઇ રહેવું એવું વૈરાગ્ય કયા હૃદયને શોભાવે છે ? દાસનો ધર્મ છે કે સ્વામીની ઇચ્છાથી જે કાંઇ મળે તેમાં સન્તોષ માની લેવો, પરંતુ એવો સન્તોષ કયા દાસોમાં છે? કોઇ સ્થલે નહીં. જ્યારે કાંઇ નથી છતાં પણ કહો છો કે પ્રભુ પ્રસન્ન થતા નથી, પ્રભુ રાજી રહેતા નથી, તો એ સદાનન્દઘન પ્રભુ કેમ પ્રસન્ન થાય ? એ પ્રસન્ન થાય એવું શું છે ? પ્રભુ કાંઇ નથી માંગતા દ્રવ્ય કે નથી માગતા સાધનો, માત્ર એટલું ઇચ્છે છે કે તમે દાસત્વધર્મનું પરિપાલન કરતા રહો. એટલું પણ જ્યારે થતું નથી ત્યારે શ્રીકૃષ્ણ કેમ પ્રસન્ન થશે ?

★★★

।। બહિર્મુખત્વનિવૃત્તિઃ ।।

(અનુ. - શ્રીવસન્તરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

નિજાચાર્યપદામ્ભોજં સ્થાપ્યતાં સતતં હૃદિ ।
તત એવ તદીયાનાં સકલં સિદ્ધિમેતિ હિ ।।૧।।

બહિર્મુખ કેવી રીતે થવાય છે, એનો ખ્યાલ આપીને હવે બહિર્મુખતાથી બચવાનો માર્ગ શ્રીહરિરાયચરણ બતાવે છે. બહિર્મુખતાથી બચવું હોય, દાસ્યધર્મને સહજ પણ આંચ આવવા દીધા સિવાય પ્રભુ પ્રસન્ન કરવા હોય તો આપણા આચાર્યચરણકમલને હૃદયમાં સ્થાપો. આપણા ગમે તેવા દોષકોશનું દહન કરીને પ્રભુની સાથે મજબૂત ગાંઠ-સમ્બન્ધ બાંધી દેનાર આપણા ગુરુ શ્રીમહાપ્રભુજીના ચરણકમલને હૃદયમાં પધરાવો. અને એ કાર્ય જો થઇ ગયું તો પછી બીજું કાંઇ કરવાનું રહેતું નથી. જે તદીય છે તેને તો શ્રીમદાચાર્યચરણના દૃઢ આશ્રયથી સર્વ સિદ્ધ થાય છે, બીજા કાંઇ સાધન એને કરવાં પડતા નથી. કવિવર દયારામભાઇ કહે છે કે ''શ્રીમહાપ્રભુનો ભગ્ન ભરોસો, એ જ અન્યાશ્રય'' એટલા માટે શ્રીમહાપ્રભુજીમાં જ દૃઢ વિશ્વાસ રાખવો એ તદીયનો મુખ્ય ધર્મ છે.

સંગ સતામેવ સદા વિધયેયો નાસતાં કવચિત્ ।
સત્સંગતો હરૌ બુદ્ધિરસત્સંગાદ્ ગૃહાદિષુ ।।૨।।

સંગ કરવો તો સત્પુરુષનો જ કરવો. સંગ પણ સત્પુરુષનો જ થાય એવી પ્રાર્થના કરવી, કેમકે સત્પુરુષો સંગદોષને હરનારા છે. અસત્પુરુષોનો સમાગમ કદાપિ ન કરવો. દુષ્ટપુરુષોના સંગથી ગૃહાદિમાં આસક્તિ થાય છે. વસ્તુતઃ તો શ્રીમદાચાર્યચરણમાં રતિ રાખવી એ જ મુખ્ય કર્તવ્ય છે. છતાં એ કાલબલથી ન્યૂન થાય તો શ્રીમદાચાર્યચરણની આજ્ઞા પ્રમાણે તાદશી ભગવદીયો સાથે સત્સંગ કરવો. એવા તાદશી ભગવદીયોના સંગથી એ ભગવદીયોના પરમ પ્રેષ્ઠ પ્રભુમાં પ્રેમ થાય છે. ભીંજાયેલા હોય તે જ ભીંજવે છે. રંગાયેલા હૃદયનો જ રંગ અન્ય હૃદયને રંગે છે. પ્રભુપ્રેમસુવાસિતના જ સંગથી હરિરતિરૂપ સુગંધનો પાસ લાગે. ખલ પુરુષોનો - આસુરાવેશીનો સંગ કરવાથી એવી જ બુદ્ધિ થાય છે. એઓ માત્ર શિશ્નોદરપરાયણ હોવાથી એઓનો સમાગમ ફલ દેનારો કયાંથી ? એ જ કે આપણે પણ એવા જ પ્રપઞ્ચાસકત બની જઇએ.

અસન્તસ્તુ વિજાતીયા મતિમન્તો નિજા અપિ ।
સન્તો હરૌ રતિયુતા ઉદાસીનાસ્તદાશ્રિયાઃ ।।૩।।

અસત્ પુરુષો વિજાતીય છે. એનો આશ્રય ભલભલા સત્પુરુષોને પણ ડોલાવી દે છે, તો સાધારણોનો હિસાબ શો ? સત્પુરુષો નિજપ્રભુના છે, બુદ્ધિમાન છે. એઓ પ્રભુમાં પ્રીતિ ધરાવનારા છે, તોપણ એઓ જો વિજાતીય-જુદી જાતના ખલ પુરુષોના સમાગમમાં આવી જાય તો અવશ્ય એઓ પ્રભુપ્રેમથી, પ્રભુસેવાથી ઉદાસીન બની જાય. સિંહના સહવાસથી વિખૂટું પડેલું સિંહનું બચ્ચું શિયાળના ટોળામાં ભળીને જેમ પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે તેમ સારા સમાગમનો પાસ જલદી બેસતો નથી, પરંતુ ખરાબ દુઃસંગની અસર તો મોટા મોટાઓને પણ જલદીથી થઇ જાય છે. માટે એથી સાવધાન રહેવું.

સ્વમાર્ગીયઃ પરો ધર્મો હરિસેવા નિરન્તરમ્ ।
ફલરૂપતયા જ્ઞાત્વા વિધેયા મનઆદિભિઃ ।।૪।।

સ્વમાર્ગનો-શ્રીમહાપ્રભુજીએ દૈવસૃષ્ટિ ઉપર પરમ અનુગ્રહ કરીને પ્રકટ કરેલા માર્ગનો મુખ્ય ધર્મ પ્રભુસેવા જ છે. એ પણ નિરન્તર કર્યા કરવી. શરૂઆતમાં તનુજા અને વિત્તજા સેવા દેહથી અને દ્રવ્યથી નિરન્તર કરવી. એ સેવા જ પરમફલરૂપ છે, એમ માનવું. દઢ નિશ્ચય રાખવો કે આ સિવાય બીજું કાંઇ ઉત્તમ ફલ છે જ નહીં; મોક્ષાદિક પણ તુચ્છ છે. એ સેવા કરતી સ્થિતિમાં જે અમન્દ આનન્દ પ્રાપ્ત થાય છે તેવો અન્યત્ર નથી, માટે એ જ સ્થિતિમાં રહેવું એ જ પરમ ફલરૂપ છે. એ સેવા મન વગેરેથી કરવી. મન વગેરે સર્વ ઇન્દ્રિયગણ અને દેહ વગેરે પરિકર સેવોપયોગી બનાવવાં. પ્રભુની સેવા તેનો બીજે ઠેકાણે વિનિયોગ ન થાય એની ખાસ સમ્ભાળ રાખવી. તનુજા વિત્તજા સેવા કરતાં-કરતાં માનસી સેવા જે પરમ ફલરૂપ છે તે સિદ્ધ થાય છે. પહેલી બન્ને સેવા વેળાએ સેવોપયોગી પદાર્થોનો સાક્ષાત્ અનુભવ નથી થતો. માનસી સેવા સિદ્ધ થતાં દષ્ટિ જ બદલાઈ જાય છે. પ્રભુને પધરાવવાના સિંહાસનમાં કે ગાદીમાં ભૌતિક પદાર્થો દષ્ટિગોચર થતા નથી, પરંતુ એ સ્થલે સાક્ષાત્ શ્રીયશોદાજીના ઉત્સંગના દર્શન થાય છે. એવી રીતે સર્વત્ર સમજી લેવું. આવા અલૌકિક અનુભવથી અધિક ફલ શું હોઇ શકે ?

સદાનુસંહતિઃ કાર્યા નિવેદનકૃતેરપિ ।
સદ્ભિઃ સહ તતઃ કૃષ્ણં ક્ષણાન્તં હૃદયં વિશેત્ ।।૫।।

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર ભગવદીયોની સાથે સદા સર્વદા નિવેદનનું અનુસન્ધાન કરવું, એ આજ્ઞા આપે 'નવરત્ન' ગ્રન્થમાં કરી છે. એવા કોઇ વિરલ ભગવદીયોનો સુભાગ્યે કરીને સમાગમ થઇ જાય તો એમની સાથે નિરન્તર નિવેદનનું સ્મરણ કરવું. પોતાનું કહેવાતું સર્વસ્વ તુલસીદલ લઇને શ્રીમદગ્નિસ્વરૂપના જ કૃપાબલથી પ્રભુને અર્પણ કરેલું છે તેનો વિનિયોગ પ્રભુમાં જ થવો જોઇએ તેમજ સ્વામી સેવકનો બન્ધાયેલો નાતો સદા નભે એમ વર્તવું જોઇએ - વગેરે અનુસન્ધાન નિવેદિતાત્મા ભગવદીયોના સમાગમથી જ રહે છે. માટે એવાઓ સાથે નિરન્તર નિવેદનનું સ્મરણ કરવું. એમ કરવાથી એ જ ક્ષણે એ જ પળે સાક્ષાત્ શ્રીકૃષ્ણ હૃદયમાં બિરાજે છે.

શ્રીભાગવતભાવાર્થ શ્રવણં કીર્તનં તથા ।
સ્મરણં વા સદા કાર્યં બાહિર્મુખ્યનિવૃત્તયે ।।૬।।

વળી બહિર્મુખતા ટાળવા માટે એવા જ ભગવત્સેવાપરાયણ ભગવદીયોના જ મુખારવિન્દથી શ્રીમદ્ભાગવતનો ભાવાર્થ શ્રવણ કરવો. દશલીલાવિશિષ્ટ પ્રભુની નિત્યનૂતન લીલાના રસનો અનુભવ એવા ભગવદીયોના હૃદયમાં પ્રકટ થયેલી વાણીથી જ થાય છે. ભગવલ્લીલાનો સાક્ષાત્કાર કરીને ગાયેલાં અષ્ટસખાદિ મહાનુભાવીઓનાં રસમય પદોનું કીર્તન કરવું અને શ્રવણ કરેલી શ્રીમદ્ભાગવતોકત ભગવલ્લીલા અને કીર્તન કરેલી પરમ ભગવદીયોની વાણીનું અહર્નિશ સ્મરણ કરવું. બહિર્મુખતાની નિવૃત્તિ એનાથી જ થાય છે. આ સિવાય બહિર્મુખતાથી બચવાનો બીજો ઉપાય એકે નથી.

★★★

।। સ્વમાર્ગીયભાવનાસ્વરૂપનિરૂપણમ્ ।।

(અનુવાદક : શ્રીચિમનલાલ હરિશંકર શાસ્ત્રી)

નિવેદિતાત્મભિર્નિત્યં સ્વમાર્ગીયા તુ ભાવના ।
ભાવ્યા ભાવપ્રધાનત્વાત્ તત્પ્રકારો નિરૂપ્યતે ।।

આત્મસમર્પણ કરેલાઓએ હંમેશા સ્વમાર્ગીય ભાવના અવશ્ય કરવી, કારણ કે પુષ્ટિમાર્ગ ભાવપ્રધાન છે. તેથી ભાવનાનો પ્રકાર અમે જણાવીએ છીએ.

સ્વરૂપભાવના લીલાભાવના ભાવભાવના ચેતિ ત્રિવિધાઃ

તત્ર સ્વરૂપભાવના.

ભાવના ત્રણ પ્રકારની છે. સ્વરૂપભાવના, લીલાભાવના અને ભાવભાવના. આરંભમાં સ્વરૂપભાવનાનો વિચાર કરીએ છીએ.

સ્વરૂપભાવના :

પ્રથમદશાયામ્ અનનુભૂતે સ્વરૂપે શ્રુતમાત્રે યોગવચ્ચિન્તનમ્. વિશેષસ્તુ પ્રભુસન્દર્શનાભાવજનિતાર્તિસાહિત્યેન ભક્તિમાર્ગીયત્વમ્. યથા આદ્યમહિષ્યાઃ. યથા વા ભગવદાવિર્ભાવાત્ પૂર્વં પ્રાપ્તવરાણાં પ્રભ્વાવિર્ભાવમ્ અભિકાંક્ષમાણાનાં શ્રુત્યાદિરૂપવ્રજસ્થાનામેવ.

પ્રથમ દશામાં જે લોકોએ સ્વરૂપનો કંઇ પણ અનુભવ કર્યો નથી, સ્વરૂપનું માત્ર શ્રવણ કરેલું છે કે સ્વરૂપ આવા પ્રકારનું છે, પરંતુ એનો અનુભવ નથી તેવા લોકોએ જે પ્રમાણે યોગમાં તે પ્રમાણે પ્રભુના સ્વરૂપનું ચિન્તન કરવું. યોગમાં અને આ ચિન્તનમાં એટલો ફરક છે કે યોગીને લોકોમાં પ્રભુદર્શન ન થવાથી જે તાપ-કલેશ થવો જોઇએ તે હોતો નથી, જ્યારે આ ભક્તો ભક્તિમાર્ગીય હોવાથી તાપકલેશ સહિત ભગવાનનું ચિન્તન કરે છે, એ તફાવત છે. આ દૃષ્ટાન્તમાં આદ્ય મહિષી છે. બીજું દૃષ્ટાન્ત શ્રુતિરૂપા ગોપીજનોનું છે. જે શ્રુતિઓને વરદાન મળ્યું કે ‘‘હું તમારી સાથે રમણ કરીશ’’ ત્યારથી આરમ્ભી પ્રભુના આવિર્ભાવ પર્યન્ત એઓએ સ્વરૂપના આવિર્ભાવની ભાવના કરી તેમ આપણે કરવી. (જુઓ ‘ભાવૈરંકુરિતં’’ શ્લોકમાં કલ્પ પર્યન્ત સ્વરૂપભાવના કરવાની વાત લખી છે કે ક્યારે ભગવાન અમારા આગળ પ્રકટે અને એમની સાથે રમણ કરીએ.)

લીલાભાવના :

તતો અનુભૂતે ભગવતિ સાક્ષાદ્ નાદદ્વારા વા લીલાસહિતે હૃદિ પ્રવિષ્ટે તદ્ધિપ્રયોગેણ પ્રાગનુભૂતલીલાભાવના દ્વિતીયા. સા ચ કિઞ્ચિત્સ્વાસ્થ્યહેતુઃ, લીલાવેશે ક્ષણમાત્રં તદભેદેન આનન્દાનુભવાત્.

ત્યાર બાદ લીલાસહિત ભગવાનનો સાક્ષાત્ અથવા નાદદ્વારા હૃદયમાં

પ્રવેશ થાય અને પ્રવેશાનન્તર પાછો વિયોગ થાય ત્યારે પૂર્વ અનુભવેલી લીલાઓની ભાવના કરવામાં આવે એ બીજી, એટલે કે લીલાભાવના. જ્યારે લીલાભાવનાથી લીલાનો અનુભવ થાય છે ત્યારે હૃદયમાં સ્વસ્થતા આવી જાય છે. પ્રભુ અને લીલા જુદાં નથી, ઉભય આનન્દમય છે, કેમકે લીલાવેશથી ક્ષણ માત્ર અભેદથી આનન્દનો અનુભવ થાય છે.

> **સ્વરૂપભાવનાયાં તુ સ્વરૂપાનુભવાવિર્ભાવઃ યથા ''નન્દસ્ત્વાત્મજ ઉત્પન્ન'' ઇતિ. યથા વા લીલાદિભાવનાં વિહાય સમ્ભૂય ગુણગાને ''જયતિ તેऽધિકમ્'' ઇત્યાદિના સ્વરૂપાવિર્ભૂતયે તદ્‌ભાવનયા કૃતે સ્વરૂપાવિર્ભાવઃ ''તાસામાવિરભૂદ્'' ઇત્યાદિ.**

પરંતુ સ્વરૂપભાવનામાં સ્વરૂપના અનુભવનો આવિર્ભાવ થાય છે, જેમ નન્દરાયજીને ત્યાં સ્વરૂપ પ્રકટ થયું ત્યારે સ્વરૂપના અનુભવનો આવિર્ભાવ થયો હતો. અથવા, ગોપીજનોએ પણ સ્વરૂપનો આવિર્ભાવ કરવાને સર્વ લીલા વગેરે ભાવનાઓ છોડી એકઠાં થઇ ''જયતિ તેऽધિકમ્'' એવું ગાયું અને 'તાસામાવિરભૂત્'' એ શ્લોકમાં વર્ણવેલ સ્વરૂપનો આવિર્ભાવ થયો.

> **લીલાભાવનાયાં તુ તદ્રૂપાપત્તિઃ યથા ''ક્રીડામય્યો જાતા'' ઇતિ. એતદ્ અર્થસ્તુ, તદાસકત્યા દેહાદિષુ સર્વત્ર ક્રિયાસુ જ્ઞાનેષુ પદાર્થેષુ અખિલેષુ ચ અન્યેષામ્ અન્યથાત્વેન પ્રતીતાવપિ તાઃ પ્રભુલીલામેવ આસક્તિભ્રમન્યાયેન સર્વત્ર પ્રતિયન્તીતિ તદાત્મકત્વમ્. યથા વા લોકેऽપિ ''પરવ્યસનિની નારી વ્યગ્રાપિ ગૃહકર્મણિ, તદેવ આસ્વાદયત્યન્તઃ પરસનરસાયન'' મિતિ. તેન તત્ક્રિયાભાવનાયાં ક્રિયાત્મત્વમ્ ઉક્તમ્. યથા વા વ્રજસ્ત્રીણામેવ ''યા દોહને વહને'' ઇત્યત્ર ઉદિતમ્.**

લીલાભાવનામાં લીલારૂપ બની જવાય. એ લીલાભાવનાથી ગોપીજનો પણ ક્રીડામય બની ગયાં હતાં, એટલે કે લીલાની આસક્તિથી દેહાદિથી સર્વત્ર ક્રિયામાં, જ્ઞાનમાં, સર્વ પદાર્થમાં બીજાઓને અન્યથારૂપ પ્રતીતિ થતી હોય

એમાં પણ પ્રભુની જ લીલાનું ભાન (જેમ સમુદ્રના વમળમાં પડેલો ફરીથી આવતો નથી તે પ્રમાણે આસક્તિના વમળમાં પડેલો પણ પાછો ઉપર આવતો નથી. પ્રભુના રસસિન્ધુમાં ડૂબવું એ ભ્રાન્તિ નથી, પણ આનન્દમય રસાસ્વાદ છે.) આસક્તિ-ભ્રમન્યાયથી થઇ જાય છે, લીલાત્મા બની જાય છે. જેમ ''લોકમાં પરપુરુષવ્યસની સ્ત્રી ગૃહકર્મમાં વ્યગ્ર છતાં પરપુરુષસંગના રસને જ આસ્વાદે છે'' આમાં જેમ ક્રિયાની ભાવનાથી એ ક્રિયારૂપ બની જાય છે તેમ જ પ્રભુલીલારૂપ ભાવનાથી લીલારૂપ બની જાય છે ત્યારે પ્રભુલીલાસ્વાદ મળી જાય એમાં નવાઇ શી ? આ પ્રમાણે અથવા ''યા દોહને વહને'' એ શ્લોકમાં શ્રીગોપીજનો જે પ્રમાણે ભગવન્મય બન્યાં તે પ્રમાણે.

ભાવભાવના :

> **ભાવાભાવનં તુ - ભાવો હિ ભાવયતિ. નવીનતયા રસપરવશં ચેત ઉત્પાદયતિ, સ્વવાસનયા વાસિતં વા કરોતીતિ. ભાવઃ પ્રેમાખ્યો ગૂઢઃ. યેન તત્સ્વરૂપે તલ્લીલાયાં પ્રવૃત્તિઃ. યેન વા સ્વરૂપાદિસમ્બન્ધિસુખાનુભવઃ સર્વોઽપિ, ક્ષુધાન્નરસાનુભવ ઇવ. સ ભાવઃ સ્વવિષયં સ્વરૂપં લીલાં વા પ્રાપ્ય તદાનન્દં શીતલં જલમિવાનુભૂય કિઞ્ચિચ્છાન્તો ભવન્ ન દેહેન્દ્રિયાદિકં દાહયતિ તદભાવે દેહાદિનૂતનતાભાવેન પૂર્ણવિયોગાત્મકેવલભાવાનુભવો ન ભવતિ. યથા સંયોગતારતમ્યેન તત્સુખાનુભૂતિતારતમ્યં, તથા તાપતારતમ્યેન કેવલભાવાનુભવતારતમ્યમ્. તાપશ્ચ સ્વાસ્થ્યલેશેઽપિ હ્રસતિ. ભગવત્સમ્બન્ધિ તુ સકલં જ્ઞાનગુણાદિ તાપહારકમ્. યથા ભગવતિ પ્રવિષ્ટાનાં મુક્તાનાં સદા તત્સમ્બન્ધિનામેવ સંયોગાનુભવઃ, તથા તદ્ભિન્નાનાં સદા તદસમ્બદ્ધાનામેવ વિયોગાત્મકકેવલભાવાનુભવઃ.**

ભાવ ભાવના કરાવે તે. આ ભાવ નવીનતાથી જ ચિત્તને રસપરવશ બનાવી દે છે. આ ભાવ ચિત્તને સ્વવાસનાથી વાસિત-વાસનાવાળું કરે છે. આ

ભાવ એ પ્રેમરૂપી ગૂઢ ભાવ છે. આ ભાવથી જ સ્વરૂપ અને લીલા સમ્બન્ધી સુખનો સર્વ અનુભવ થાય છે. જેમ ભૂખમાં અન્નરસનો અનુભવ થાય તેમ ભાવભાવનાથી લીલા અને સ્વરૂપનાં સુખોનો અનુભવ થાય. એ ભાવ સ્વવિષયક એટલે જેનું ભાવભાવન કરવાનું હોય તે સ્વરૂપને અને તે લીલાને પ્રાપ્ત કરી એના આનન્દને શીતલ જલની માફક અનુભવીને કિઞ્ચિત્ શાન્ત થાય છે અને દેહેન્દ્રિયાદિકને તપાવતો નથી. જો આવી રીતે તાપ - કલેશ ન થાય તો દેહાદિની નૂતનતા થાય નહીં. અને પૂર્ણવિયોગાત્મક કેવલ ભાવાનુભવ ન થાય; (કેવલ ભાવનો અનુભવ એ જ પરમ ફલ છે ધ્યાનમાં રાખવું.) જેમ સંયોગના તારતમ્યથી એ સંયોગરસના સુખનો અનુભવ કરવામાં તારતમ્ય આવે છે તેવી રીતે તાપમાં તારતમ્ય (વધઘટ) થવાથી કેવલ ભાવાનુભાવમાં પણ તારતમ્ય થઇ જાય છે. (તાપકલેશ આ ભાવાનુભવમાં મુખ્ય કારણ છે.) તાપકલેશમાં તો જરા પણ સ્વસ્થતા થાય તો તાપકલેશ કમી થઇ જાય, કારણ કે ભગવાન સમ્બન્ધી જ્ઞાન ગુણ વગેરે સર્વ તાપહારક છે. જુઓને, ભગવાનમાં જેઓનો પ્રવેશ છે તે મુક્તોને કયાં વિરહતાપ છે ? એ ભગવત્સમ્બન્ધી એટલે સદાય ભગવાનના સાન્નિધ્યમાં રહેનારાને કયાં વિયોગરસાનુભાવ થાય છે ? આવી રીતે સંયોગરસવાળાને વિયોગરસનો અનુભવ થતો નથી, માટે ધ્યાનમાં રાખવું કે ભગવાનથી ભિન્ન સાન્નિધ્યરહિત થયેલાને જ વિયોગાત્મક કેવલ ભાવાનુભવ થાય છે.

નનુ વિયોગાગ્નિના તીવ્રેણ દેહાદિદાહે તદભાવે કથં સર્વાંશેન તદનુભવ ઇતિ ચેત્, ન વિયોગસ્યાપિ સ્વરૂપાત્મકત્વેન તેનૈવ તદ્રક્ષણાત્.

પ્રકારસ્તુ પૂર્વદેહં સ્વતાપેન શુદ્ધં વિધાય તત્સ્થિતં મલાદિ દૂરીકૃત્ય વહ્નિસમ્બન્ધેન કાષ્ઠમિવ તેજોમયં વિધાય, યથા વિયોગાગ્નિ નાશો ન ભવતિ તદાત્મકત્વાત્: મૂર્તિવદધિષ્ઠાનત્વેન તં નિર્માય તત્ર ભાવાત્મા બહિ: પ્રકટસમાનાકાર: સર્વલીલાવિશિષ્ટ: પ્રવિશતીતિ. સ ચ વિરહાત્મા દુ:ખેનૈવાનુભૂયતે. યથા બ્રહ્માનન્દ આત્મનૈવ, સ્વર્ગો

દેહાધ્યાસેન, ભજનાનન્દોડલૌકિકદેહેન્દ્રિયાદ્યૈરપિ. લોકેડપિ નેન્દ્રિયાન્તરવિષયં ફલમિન્દ્રિયાન્તરૈર્ગૃહ્યતે. તથા ચ વિરહસ્તદૈવાનુભૂતો ભવતિ કેવલો યદા સ્વરૂપલીલાજ્ઞાનગુણ-સ્વાસ્થ્યાપ્રતિબન્ધકાપ્રતિબદ્ધઃ કેવલસ્તાપાત્મકો ભાવો ભવતિ. સ એવ ચ કૃષ્ણાસ્યં, પુષ્ટિભક્તિઃ, સ્વતન્ત્રભક્તિર્વા, યત્ર ભાવાતિરિકતાખિલનૈરપેક્ષ્યમ્. તસ્ય ચ સિદ્ધૌ ન પ્રકારાન્તરં ભાતિ, કિન્તુ ભાવનૈવ, ''ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે'' ઇતિ વાક્યાત્.

''આ તીવ્ર વિયોગાગ્નિથી દેહાદિ બળી જશે તો ભાવનો અનુભવ શી રીતે કરીશું ?'' એવી શંકા કરશો નહીં, કારણ કે વિયોગ પણ સ્વરૂપાત્મક હોવાથી એ વિયોગરસ દ્વારા (તમારા) દેહનું રક્ષણ થશે.

પૂર્વદેહને - આ લૌકિક દેહને સ્વતાપ વડે શુદ્ધ કરીને દેહમાં રહેલા મલાદિકને દૂર કરી જેમ અગ્નિસમ્બન્ધથી કાષ્ઠ તેજોમય બની જાય છે તેમ તેજોમય બનાવી દઇ, વિયોગાગ્નિથી એ દેહનો નાશ ન થાય તેમ એને તેજોમય બનાવે છે. વિયોગાગ્નિ પણ સ્વરૂપાત્મક છે તેથી દેહનાશ થતો નથી. આ પ્રમાણે દેહને શુદ્ધ તેજોમય બનાવ્યા બાદ મૂર્તિમાં જેમ પ્રભુ જ્યાં હસ્ત ત્યાં હસ્તરૂપે, પાદ હોય ત્યાં પાદરૂપે આવિર્ભાવ પામે છે, મૂર્તિને અધિષ્ઠાન સ્થાન - કરી ત્યાં જેમ આપ પ્રગટે છે તેમ આ ભકતના દેહને પણ અધિષ્ઠાન બનાવી આપ બહાર પ્રગટેલા હોય એવા આકારવાળા ભાવાત્મક સર્વલીલાવિશિષ્ટ પ્રભુ પ્રવેશ કરે છે, અર્થાત્ બહાર પ્રકટ થયા હોય અને જેવો આકાર હોય તેવા આકારથી જ પ્રભુ આ ભક્તમાં પ્રવેશ કરે છે. આ પ્રવિષ્ટ વિરહાત્મા પ્રભુ મહા દુઃખે અનુભવાય છે. (ભક્તને તો એમની સાથે સર્વેન્દ્રિયરસભોગની તીવ્રેચ્છા થઇ જાય છે. સર્વત્ર ફલાનુભવ કરવામાં આ જ વ્યવસ્થા છે. જે ફલ જે પ્રકારે અનુભવ કરવાને યોગ્ય હોય છે તે પ્રકારે અનુભવાય છે.) જુઓ, બ્રહ્માનન્દ આત્માથી અનુભવાય છે, સ્વર્ગ દેહાધ્યાસથી અનુભવાય છે, અને ભજનાનન્દ અલૌકિક દેહેન્દ્રિયો વગેરેથી જ અનુભવાય છે, અને ભજનાનન્દથી અલૌકિક

દેહેન્દ્રિયો વગેરેથી જ અનુભવાય છે. લોકમાં પણ અન્ય ઇન્દ્રિયોથી અનુભવાતું ફલ અન્ય ઇન્દ્રિયોથી ક્યાં ગ્રહણ થાય છે ? સારાંશ કે જ્યારે તાપકલેશને ('સંન્યાસનિર્ણય'માં વિરહાગ્નિમાં જ્ઞાન-ગુણ બાધક કહ્યાં છે અને દયાળુ પ્રભુ આ વિરહી ભક્તની આડે આવતા નથી, એના વિરહને પોષે છે.) પ્રતિબન્ધ કરનારાં સ્વરૂપ લીલા જ્ઞાન ગુણ સ્વાસ્થ્ય વગેરે જ્યારે હરકતરૂપ ન થાય ત્યારે જ તાપકલેશભાવ થાય અને કેવલ વિરહાનુભવ થાય (ભાવભાવન થાય). આ ભાવને જ અમે 'શ્રીકૃષ્ણાસ્ય' કહીએ છીએ, અથવા 'પુષ્ટિભક્તિ' ના નામથી ઓળખીએ છીએ, અથવા 'સ્વતન્ત્ર ભક્તિ' તરીકે પ્રસિદ્ધ છે, જ્યાં કેવલ ભાવ વિના કોઇની અપેક્ષા નથી. આ પુષ્ટિભક્તિની સિદ્ધિમાં કોઇ બીજો પ્રકાર નથી, પરંતુ ભાવના જ સાધન છે. ''ભાવ ભાવના વડે જ સિદ્ધ થાય છે, અન્ય સાધનની એને અપેક્ષા નથી.''

> **તસ્યાશ્ચ અયં રીતિઃ. આદૌ ગુરુત્વેન સ્વામિનીસમાશ્રયઃ. તત્રૈવ ભાવઃ સિદ્ધઃ. તાસામેવ ચ સ્વત્વં, તદદત્ત એવ ચ પ્રાપ્યત ઇતિ. દાનં ચ ન સાક્ષાત્, કિન્તુ ભાવનાદ્વારૈવ.**

આ ભાવ શી રીતે મેળવી શકાય ? આરમ્ભમાં ગુરુ તરીકે શ્રીસ્વામિનીજીઓ એટલે કે શ્રીગોપીજનો એમનો સમાશ્રય કરવો, કારણ કે આ ભાવ એમનામાં જ સિદ્ધ થયો છે. આ ભાવના માલિક શ્રીગોપીજનો છે અને એઓ એ ભાવનું આપણને દાન કરે તો જ એ પ્રાપ્ત થાય. દાન પણ સાક્ષાત નહીં, પણ એ ભાવના દ્વારા જ આપે છે.

ભાવના કેમ કરવી ?

> **પૂર્વં તાઃસ્વસર્વસ્વવિરહતપ્તા વહ્નિરૂપાઃ સ્વમનસિ સમાનીય, તાસ્વપિ યસ્તાપાત્મકો ભાવો ભ્રમરગીતાદૌ પ્રોક્તો યત્ર સર્વનૈરપેક્ષ્યં તં હૃદિ નિધાય, સ્વાસ્થ્યહેતુ નિખિલં પ્રભુસમ્બન્ધપિ પરિત્યજ્ય કેવલં તં ભાવમેવ ભાવયતિ, ન**

સ્વરૂપં, ન વા લીલાં, ન વા ગુણાન્, તદા તેન ભાવેન તાપાત્મકેન શોષણમ્. તતસ્તેનૈવ નવપલ્લવતા, યથા વસન્તે ધર્મેણૈવ વૃક્ષાણામ્. તતો ભાવસ્ય તસ્ય તસ્મિન્ નવીનદેહે સ્થિરતયા સ્થિતિઃ.

ભાવના કેમ કરવી ? પ્રથમ તો સ્વસર્વસ્વ – શ્રીગોપીજનવલ્લભના વિરહથી તપેલાં વહ્નિરૂપ-શ્રીગોપીજનોને મનમાં ધારણ કરવાં અને એ શ્રીગોપીજનોના હૃદયમાં બિરાજમાન જે તાપાત્મક ભાવ છે તેને હૃદયમાં સ્થાપવો કે જે ભાવ તાપાત્મક છે અને જેનું નિરૂપણ ભ્રમરગીતાદિમાં કરેલું છે. જે ભાવને કોઈ પણ (સાધનની) અપેક્ષા નથી તે ભાવને હૃદયમાં ધરી સ્વાસ્થ્ય કરનારાં પ્રભુસમ્બન્ધી ગુણ જ્ઞાન વગેરેને ત્યજીને કેવલ એ વિરહભાવનું જ ભાવન કરવું, પ્રભુના વિયોગનો તાપકલેશ કરવો. આ વખતે સ્વરૂપની ભાવના કરવી નહીં, લીલાની (કારણ કે આ સર્વ તાપકલેશમાં – વિરહમાં બાધક છે) ભાવના કરવી નહીં. ગુણો ગાવા નહીં, પરંતુ કેવલ એ વિરહનું જ ભાવન કરવું. આ તાપાત્મક ભાવથી શોષણ થશે; પુનઃ વસન્ત ઋતુમાં જેમ નવાં પલ્લવ ફૂટે છે તેમ નવપલ્લવતા થશે. ત્યાર બાદ એ ભાવના એ નવીન દેહમાં સ્થિરતા પામશે. (પુનઃ આ ભાવ કદી નહીં ડગે).

તતસ્તસ્ય વૈચિત્ર્યં, વિકલત્વમસ્વાથ્સ્યં ચ, તદ્ દ્વિવિધમ્. યથા મહાસમુદ્રનિમગ્નસ્ય મજ્જનોન્મજ્જનં તથા વિરહભાવરસસિન્ધુમગ્નસ્યાપિ વિકલત્વસ્વાસ્થ્યે. તતશ્ચાતિવિગાઢવિયોગે કૃષ્ણાસ્યે આનન્દમાત્રકરપાદમુખોદરાદિરૂપવહ્નૌ પ્રવેશઃ. તતસ્તદ્રૂપતા. તતઃ કદાચિત્ તત્પ્રકટીકરણં તદભક્તિદાનાર્થમ્. લોકે તદ્રૂપેણૈવ તદદાનં સમ્ભવતિ. અથવા, ભકત્યાત્મક્ત્વાત્ સર્વત્ર ભાવવદધદયદેશેષુ તદેવાસ્યં પ્રવિષ્ટમસ્તિ, તદાશ્રયેણૈવ તદભાવનાસિદ્ધિઃ. ઇયં ભાવના મુખ્યફલાપ્તિસાધનમ્. મુખ્યફલં તુ વિયોગાત્મકસ્વરૂપપ્રાપ્તિ. ''મયિ તે તેષુ ચાપ્યહ'' મિતિવત્ સ્વસ્ય તદ્રૂપતા તસ્ય ચ લીલાવિશિષ્ટસ્ય સ્વસ્મિન્

પ્રવેશ. યથા વહ્નિઃ કાષ્ઠે, કાઠં વા વહ્નૌ, તથા ભાવરૂપેણ ભગવતસ્તાસુ સ્થિતિઃ, તાસાં ચ ભાવાત્મના ભગવતિ સ્થિતિઃ. તથા ચ ભાવરૂપેણૈવ ઓતપ્રોતપટવત્ સતતં યથાસુખં સ્થિતિઃ. લીલાસૃષ્ટૌ ભગવદ્ધૃદયે તદાસ્યે ચા. એતસ્ય ફલસ્ય સાધનં તત્તાપભાવનં, તસ્ય ચ સર્વત્યાગઃ, તસ્ય ચ સમર્પણં, તેન કૃતપુણ્યપુઞ્જાનાં સમર્પિતસ્વસર્વવસ્તૂનામ્ આચાર્યચરણાશ્રિતાનાં ફલમુખભાગ્યરાશીનાં સિદ્ધપ્રેમભાવાનાં પરિત્યક્તાખિલસ્વાસ્થ્યહેતૂનામેવ સા સિધ્યતીત્યલમધિકનિરૂપણેન.

ઇતિ શ્રીદાસાનુદાસશ્રીહરિદાસવિરચિતં ભાવનાત્રયમ્.

વિરહભાવ સ્થિર થયા પછીની સ્થિતિ : આ ભાવ સ્થિર થયા બાદ એમાં વિચિત્રતા થાય છે તે બે પ્રકારની છે : ૧. વિકલતા અને ૨. અસ્વાસ્થ્ય. જે મહાસમુદ્રમાં ડૂબેલાને સમુદ્રની લહેરોમાં મજ્જન ઉન્મજ્જન થાય છે તેમ વિરહભાવરૂપી રસસિન્ધુમાં ડૂબેલા આ રસિક ભકતને પ્રભુ વિના જરા પણ ચેન ન જ પડે, વિકલ બની જાય. આમ કરતાં અતિવિગાઢ વિયોગરૂપ શ્રીકૃષ્ણાસ્ય આનન્દમાત્ર-કરપાદમુખોદરાદિરૂપ (આધિદૈવિક અગ્નિમાં આ ભકતનો પ્રવેશ થાય છે અને આનન્દ-માત્ર-કરપાદાદિરૂપ) આ ભકત બની જાય છે. પુનઃ કદાચિત્ આ અગ્નિમાંથી પ્રકટ કરી, એને ભક્તિનું દાન કરી (એની સાથે રમણ કરે છે). લોકમાં પણ એ રૂપ વડે જ એ દાન આપી શકાય છે. (આ તો ભકતને આનન્દમય આસ્યરૂપ અગ્નિમાં પધરાવવાની વાત થઇ, હવે ભકતના હૃદયદેશમાં એ કૃષ્ણાસ્ય પ્રવેશ કરવાની પ્રક્રિયા દર્શાવે છે) અથવા તો શ્રીકૃષ્ણાસ્ય ભક્ત્યાત્મક છે, તેથી ભાવરૂપે સર્વત્ર ભાવવાળા હૃદયાદેશમાં શ્રીકૃષ્ણાસ્ય પેઠેલું જ છે. એમના આશ્રયથી (શ્રીકૃષ્ણાસ્યશ્રીમદાચાર્યચરણના આશ્રયથી) એની ભાવનાની સિદ્ધિ થાય છે. આ ભાવનાથી જ મુખ્ય ફલ મળે છે. આ ભાવના શ્રીમદાચાર્યચરણાશ્રયોદ્ભવા - ભાવના જ - સાધન છે અને મુખ્ય ફલ

વિયોગાત્મક સ્વરૂપની પ્રાપ્તિ છે. ‘‘હું ભક્તમાં છું અને ભકત મારામાં છે’’ એ ભગવદ્વાક્ય ભગવાનની એ ભકતરૂપતા સૂચવે છે, ભક્તની ભગવદ્રૂપતા સૂચવે છે, એ લીલાવિશિષ્ટ શ્રીકૃષ્ણાસ્ય ભકતમાં પ્રવેશ કરે છે, અથવા કાષ્ઠ વહ્નિમાં પ્રવેશ કરે છે તેમ ભાવરૂપે જ ભગવાનની એ ભકતોમાં - ગોપીજનોમાં - સ્થિતિ અને એમની ભાવાત્મકરૂપ ભગવાનમાં સ્થિતિ, અર્થાત્ ભાવરૂપે જ પરસ્પર કપડાના વાણાતાણા માફક ભગવાન ભકતમાં સદા ઓતપ્રોત થઇ સ્થિતિ કરે છે. આ સ્થિતિ લીલાસૃષ્ટિમાં કે ભગવદ્હૃદયમાં કે શ્રીકૃષ્ણાસ્યમાં પણ થાય છે. (હવે આ સન્દર્ભનો સારાંશ એ થયો કે) આવું ઉત્તમ ફલ પ્રાપ્ત કરવું હોય તો એનું સાધન પ્રભુના તાપની ભાવના. અને પ્રભુના તાપની ભાવભાવના કરવા સર્વ વિરહતાપમાં જે બાધક પાછળ જણાવ્યાં તે સર્વનો ત્યાગ કરવો. અને સર્વ ત્યાગમાં સાધન સમર્પણ છે; અર્થાત્ સમર્પણ કરી, તાપકલેશમાં બાધકનો ત્યાગ કરી કેવલ તાપપૂર્વક ભાવભાવન કરે તો એ પૂર્વોકત ફલ મળે. માટે સમજવું જોઇએ કે જેમણે મહાન પુણ્યનો પુંજ સમ્પાદિત કર્યો છે, સર્વ વસ્તુ પ્રભુના ચરણમાં સોંપી દીધી છે, જેમણે શ્રીમદાચાર્યચરણનો દૃઢાશ્રય કર્યો છે, જેમનાં ભાગ્ય ફલોન્મુખ થયાં છે, જેમને પ્રેમભાવ સિદ્ધ છે, જેમની સ્વસ્થતા છૂટી ગઇ છે, એટલું જ નહીં, પરંતુ સ્વસ્થતા થવામાં હેતુભૂત જ્ઞાનગુણ પણ ત્યાજાઇ ગયાં છે તેવા પરમભાગ્યશાળીને આ ફલ (ભાવભાવના) સિદ્ધ થાય છે. વધારે કહેવાની શી જરૂર છે ?

સારાંશ :

મહાન પુણ્ય હોય તો બ્રહ્મસમ્બન્ધસમર્પણ થાય, સમર્પણ દ્વારા જ શ્રીમહાપ્રભુજીનો આશ્રય થાય, આશ્રયથી જ આપણાં ભાગ્ય ફલોન્મુખ બને, પ્રેમ સિદ્ધ થાય, અને વિરહાત્મક તાપ થતાં વચમાં તાપને બગાડનાર હેતુઓને પણ શ્રીમહાપ્રભુજી દૂર કરી આવું ભાવભાવનરૂપી ઉત્તમ ફલ આપે છે. માટે શ્રીમહાપ્રભુજીનો જ દૃઢ આશ્રય કરવો, સાધનબલનો મદ તજવો, દીન બનવું. દીનતાથી પ્રભુ પ્રસન્ન થશે.

★★★

।। કામાખ્યદોષવિવરણમ્ ।।

ઉપક્રમ :

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ષડવર્ગને જ્યાં સુધી જીતવામાં ન આવે ત્યાં સુધી હૃદય કદાપિ શુદ્ધ થતું નથી; અને એવા અશુદ્ધ હૃદયમાં પ્રભુનો વાસ કદાપિ થતો નથી. ગમે તે માર્ગ કે સમ્પ્રદાય દ્વારા ભગવત્પ્રાપ્તિનો પ્રયત્ન કરવામાં આવે, પરંતુ જો ઈન્દ્રિયો ઉપર કાબૂ ન હોય તો સર્વ પ્રયત્ન ખારી જમીનમાં બી વાવવાનો પ્રયત્ન કરી એમાંથી ફલ પ્રાપ્ત કરવાની મિથ્યા આશા જેવા થાય છે. આ ભયંકર છ દોષોમાં કામ પહેલો છે. બધા દોષોનું મૂળ એ જ દોષ છે, કેમકે ઇન્દ્રિયોના વિષયોની પૂર્તિ ન થવાને કારણે જ બીજા અનર્થ એક પછી એક ઉત્પન્ન થાય છે. પ્રભુની માનસી સેવા સિદ્ધ કરવામાં પરમ બાધક કોઇ હોય તો એ કામ જ છે. શ્રીહરિરાયજીએ કૃપા કરી આ ગ્રન્થમાં કામનું ખરૂં સ્વરૂપ બતાવવાનો અનુગ્રહ કર્યો છે :

દોષેષુ પ્રથમઃ કામો વિવિચ્ય વિનિરૂપ્યતે ।
યસ્મિન્નુત્પદ્યતે તસ્ય નાશકઃ સર્વથા મતઃ ।।૧।।

ઉપનિષદમાં ઇન્દ્રિયોને ઘોડા કહ્યા છે. ‘‘આત્માને તું રથી જાણ, શરીરને રથ જાણ, બુદ્ધિને સારથિ અને મનને ચાબુક જાણ. ઇન્દ્રિયોને ઘોડા કહ્યા છે જ્યારે એના વિષયોને એઓને ચરવાના બીડ-ગોચર કહ્યાં છે. આત્મા ઇન્દ્રિયો અને મનનું સંયુકત બનેલું જે કાંઇ તે ભોક્તા, એમ બુદ્ધિશાળી પુરુષો કહે છે. અયોગ્ય અને કરી જે હંમેશા વિજ્ઞાન વિનાનો છે તેને, જેમ સારથિને દુષ્ટ ઘોડા વશ નથી રહેતા તેમ, ઇન્દ્રિયો વશ નથી રહેતી’’ (કઠ. ૨।૨।૩ થી ૫). આ ઇન્દ્રિયરૂપી ઘોડાઓને જો કાબૂમાં ન રાખવામાં આવે તો શરીરરૂપી રથને ઊંધો વાળી દે અને સર્વનાશ થઇ જાય. પ્રભુના ભક્તોને તો આ ઇન્દ્રિયરૂપી ઘોડાઓને સારી રીતે કાબૂમાં રાખવાના છે, કેમકે જરા પણ ચિત્ત ચલિત થતાં ભગવદ્ભજનમાં પ્રતિબન્ધ ઉત્પન્ન થાય છે.

કામના કાર્ય :

એની ભયંકરતા જણાવતા કહે છે કે

વિષયાવેશહેતુત્વાદ્વિક્ષેપોત્પત્તિકારણમ્ ।
રજોગુણસમુત્પન્નો રજ:પ્રક્ષેપકો મુખે ।।૨।।
બ્રહ્માવેશવિરોધી ચ સદબુદ્ધેર્બાધકો મતઃ ।
સત્કર્મનાશકઃ સર્વપ્રાકૃતાસક્તિસાધકઃ ।।૩।।

કામ વિષયના આવેશમાં કારણરૂપે રહેલો છે. ભગવાન ગીતાજીમાં આજ્ઞા કરે છે કે ''વિષયોનું ધ્યાન કરતાં પુરૂષને સંગ ઉત્પન્ન થાય છે, સંગથી કામ ઉત્પન્ન થાય છે, કામથી ક્રોધ ઊપજે છે, ક્રોધથી કર્તવ્યાકર્તવ્યનું ભાન ભૂલાય છે, એ મોહથી સ્મૃતિમાં ભ્રાન્તિ થાય છે. સ્મૃતિમાં ભ્રાન્તિ થઇ એટલે થયો બુદ્ધિનાશ, અને બુદ્ધિનો નાશ એટલે સર્વનાશ.'' (ભ.ગી. ૨।૬૨ થી ૬૩). કામ આટલો ભયાનક છે તો અનેક જાતના વિક્ષેપ-બાધ કરવામાં એ કારણરુપે હોય ત્યાં શી નવાઈ ? ભગવાને ગીતાજીમાં કામ અને ક્રોધની ઉત્પતિ રજોગુણમાંથી કહી છે, પ્રભુ આજ્ઞા કરે છે કે

''આ કામ, આ ક્રોધ એ રજોગુણમાંથી ઉત્પન્ન થયેલાં છે. એ મોટાં ખાઉધર, મહાપાપી છે; એને તું દુશ્મન જાણ. જે પ્રમાણે ધુમાડાથી અગ્નિ ઢંકાઇ જાય છે, જે પ્રમાણે અરીસો મળથી છવાઇ જાય છે, જે પ્રમાણે ઓળથી ગર્ભ ઢંકાઇ જાય છે, તે પ્રમાણે કામથી આ જગત છાયેલું છે. હે અર્જુન ! દુ:ખેથી જેની પૂર્તિ થઇ શકે તેવા, જ્ઞાનીના નિત્યવૈરી કામરૂપી એ અગ્નિએ જ્ઞાનને ઢાંકી દીધું છે. ઇન્દ્રિયો મન અને બુદ્ધિ એ કામનું રહેઠાણ છે. આ સ્થાનોએ કરી કામ જ્ઞાનને ઢાંકીને જીવાત્માને મોહ પમાડે છે; તેથી આરમ્ભમાં જ તું, હે ભરતકુલોત્પન્ન ! ઇન્દ્રિયોને નિયમમાં રાખી જ્ઞાન અને વિજ્ઞાનનો વિનાશ કરનારા પાપી કામનો વિનાશ કરી નાખ'' (ભ.ગી. ૩।૩૭ થી ૪૦)

કામથી બુદ્ધિ બ્હેર મારી જતી હોવાથી કુકર્મો કરવા તરફ જીવ ખેંચાઇ જાય છે કે અનેક સ્થલેથી એને પરિભવ સહન કરવો પડે છે; એ દુનિયાની નજરેથી ઉતરી જાય છે; કોઇ એનું સમ્માન કરતું નથી. આનું નામ તે મોં પર

રજ-ધૂળ પડવી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ‘‘વિષયથી ઘેરાઇ ગયેલા દેહવાળાઓને હરિનો આવેશ થતો જ નથી’’ (સં.નિ.૬). જેને બુદ્ધિનો વિનાશ થઇ ચૂકયો છે તેને શું સારૂં શું બુરૂં એનો વિચાર જ કયાંથી હોય ? આવી સ્થિતિમાં પાપો કરવાં એ એને સહજ છે. એ પાપોથી અનેક સત્કર્મો ધોવાઇ જાય છે. જેમ-જેમ વિષયોને અધીન થતાં જઇએ તેમ-તેમ લોકમાં વધારે અને વધારે આસક્તિ થતી જાય છે.

ચિત્તાશુદ્ધિનિદાનત્વાત્ ચિદુત્પત્તૌ ચ બાધકઃ ।
ભક્તિમાર્ગમહાદ્વેષ્ટા વૈરાગ્યાભાવસાધનાત્ ।।૪।।
સર્વત્રાપરિતોષશ્ચાનેન લોભસમુદભવાત્ ।
યથાકથઞ્ચિત્સામુખ્યેન્દ્રિયવૈમુખ્યકારકઃ ।।૫।।

કામની બેઠકો માંહે ચિત્ત એક છે, જ્યાં-જ્યાં કામનો સમ્પર્ક થયો ત્યાં-ત્યાં બુદ્ધિનાશનાં પગરણ થઇ ચૂકયાં જ સમજો; એટલે ચિત્તને મલિન થતાં વાર જ નથી લાગતી. જ્યાં ચિત્ત મલિન થઇ ચૂકયું ત્યાં જ્ઞાન ટકી કયાંથી શકે ? ઉપનિષદમાં કહ્યું છે કે ‘‘જે અજ્ઞાની છે, જેનું મન ઠેકાણે નથી, જે સદા અપવિત્ર છે, તે પરમ પદને પ્રાપ્ત કરી શકતો નથી; એ સંસારમાં ગોથાં ખાય છે’’ (કઠ. ૧।૩।૭). જ્યાં જ્ઞાન નથી ત્યાં પ્રભુનો આવેશ કયાંથી ? ભગવાન ગીતાજીમાં જ્ઞાનનું લક્ષણ આપતાં આજ્ઞા કરે છે કે ‘‘અમાનીપણું, અદમ્ભીપણું, અહિન્સા, ક્ષમા, સારલ્ય, આચાર્યસેવા, પવિત્રતા, સ્થિરતા, અન્તઃકરણ પર કાબૂ, વિષયોમાં વૈરાગ્ય, નિરભિમાનિતા, જન્મ, મૃત્યુ, ઘડપણ અને રોગ વિશે દુઃખરૂપી દોષોનો વારંવાર વિચાર, સ્ત્રી પુત્ર ઘર વગેરેમાં અનાસક્તિ અને અળગાપણું, ઇષ્ટ કે અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં હંમેશા ચિત્તનું સમાનપણું, મારામાં અનન્ય યોગ વડે અનન્ય ભક્તિ, એકાન્ત પ્રદેશમાં રહેવાનું, જ્યાં મનુષ્યોનો સમૂહ રહેલો હોય ત્યાં અપ્રીતિ .....’’ આ જ્ઞાનદશામાં વૈરાગ્ય એ મુખ્ય વસ્તુ રહેલી છે. કામ હોય ત્યાં વૈરાગ્ય ટકી જ શકે નહીં. જ્યાં દુન્વયી પદાર્થોમાંથી રાગ છૂટયો નથી ત્યાં અનન્ય ભગવદ્ભક્તિ સાધી શકાય જ કયાંથી ? એ જ માટે કામને ભક્તિમાર્ગનો મહાન શત્રુ કહ્યો છે. કોઇપણ પદાર્થ તરફ ઇન્દ્રિયોનું ખેંચાણ થયું કે તરત જ એ લેવા

દિલ થાય છે. એક બગીચામાં ગયા; વસન્તઋતુ ખીલી રહી છે, આસપાસ વનસ્પતિ નવા સ્વાંગ સજી મનોહર થઈ રહી છે, ત્યાં જતાં ફૂલોના ઉદ્‌ગમને જોઇ આંખો અને નાક બન્ને એ બાજુ ખેંચાઇ છે, એટલે એ જોયા જ કરવાનું અને સૂન્ઘ્યા જ કરવાનુ એને વારંવાર મન થયા કરે અને ફૂલો ચૂંટવાનુ મન થાય. આનું નામ તે લોભ. હવે મનવાઞ્છિત પદાર્થ જ મળે, અને ન મળે એ સ્વાભાવિક છે, કેમકે વધુ ને વધુ મેળવવાપણું એ જીવને સ્વાભાવિક છે, કેમકે વધુ ને વધુ મેળવવાપણું એ જીવને સ્વાભાવિક જેવું છે, એટલે અસન્તોષ જ રહેવાનો. ઉનાળાનો સમય છે; ઉકળાટો ફાટી નીકળ્યો છે; મોટાં શહેરોની બજારોમાં શીતોપચારને માટે આઇસક્રીમ બરફ સોડાલેમન અને સરબતોની છત છે ત્યાં જરા પણ મન લલચાયું એટલે એ વસ્તુ લીધી, ખાધી યા પીધી ને જરા શાન્તિ અનુભવાઇ, પણ પાછો ઉકળાટો તો ચાલુ જ છે, એટલે લે બીજી વાર, લે ત્રીજી વાર, આમ અસન્તોષ રહ્યા જ કરે, પણ જો પ્રથમથી સંયમ રાખ્યો હોય, ઇન્દ્રિયોને એ મોહક પદાર્થો તરફ ખેંચાવા ન દીધી હોય, તો અસન્તોષને કાંઇ કારણ છે ? આ જ લૌકિક તરફની આસક્તિ જીવને પ્રભુ તરફથી વાળી લે છે, બહિર્મુખ બનાવે છે. ચિત્ત ચલિત બનતાં લૌકિક મોહક પદાર્થો તરફ આસક્તિ વધતી જાય છે એટલે ચપલ ઇન્દ્રિયરૂપ ઘોડા પોતાના વિષયરૂપી ગોચરોમાં ફરવા પ્રયત્નશીલ બને છે, અને એનું પરિણામ સંસાર જ.

કામની સાથે લોભ સંકળાયેલો જ છે એટલે એને પણ ટાળવો મુશ્કેલ છે, ત્યાં બે ઉપર વિજય મેળવવો મુશ્કેલ હોય એમાં શું આશ્ચર્ય ? મનને દૂષિત કરનારા એ બન્નેનું સ્વરૂપ બતાવતાં શ્રીહરિરાયજી નિર્દેશે છે કે

કામલોભૌ હરિપ્રાપ્તિપ્રતિબન્ધકપર્વતૌ ।
અનુલંધ્ય ન શક્નોતિ ગન્તું કૃષ્ણાન્તિકં જનઃ ।।૬।।
સંસારમોહહેતુત્વાન્મનોદૂષણસાધનમ્ ।
અતઃ સેવાવિરોધી ચ યતઃ સા માનસી મતા ।।૭।।

પહાડ ઓળંગી જવો એ કાંઇ સહેલ વાત નથી. કામ અને ક્રોધ પણ એવા બે ભયંકર પહાડ છે; એના ઉપર વિજય મેળવવામાં આવે ત્યાં સુધી પ્રભુ પ્રાપ્તિ થઇ શકે જ નહીં. વાજશ્રવસ ઉશનાએ પોતાનો પુત્ર નચિકેતા યમને

આપી દીધો. નચિકેતા યમની પાસે ગયો; ત્યાં યમરાજે એને વરદાન માગવાનું કહ્યું, એમાં ''આ મૃત્યુલોકમાં જે-જે કામો મળી શકે તેવા નથી, તે સર્વ કામો તું સ્વેચ્છાપૂર્વક માગ. રથ અને ઘોડા સહિત આવા પ્રકારની સ્ત્રીઓને મનુષ્યો મેળવી નથી શકતા.'' (કઠ. ૧।૧।૨૪). એવી સ્ત્રીઓ વગેરે માગવાનું કહ્યું. નચિકેતાએ જવાબ આપ્યો કે ''અરે, સર્વ જીવન જ ચાર ઘડીનું ચાંદરડું છે, તમારા ઘોડા, તમારા નૃત્યો અને ગીતો પણ ક્ષણિક છે.'' (કઠ. ૧।૧।૨૬). ઉપનિષદો ડિણ્ડિમ વગાડીને કહે છે કે મૂર્ખ પુરુષો પ્રભુથી પરાંગમુખ કરનારા કામોને અનુસરે છે; એઓ એમ કરી વિસ્તૃત એવા મૃત્યુના પાશમાં ફસાઇ છે. જે ધીર પુરૂષો છે તે ધ્રુવ એવા એક અમૃત તત્ત્વને જાણીને અહીં અધ્રુવ પદાર્થોને ઇચ્છતા નથી.'' (કઠ. ૨।૧।૨). આ ધીર પુરુષો જ્ઞાનપૂર્વક કામાદિ પહાડોને વટાવી અવિચલ પ્રભુની પ્રાપ્તિના અધિકારી થાય છે. આ કામાદિના સકંજામાં ફસાઇ જવાથી મન દુષિત થઇ જાય છે, જેને પરિણામે જીવ સન્સારમાં ફસાયો જ રહે છે. ઉત્તમોત્તમ નથી. આમ આ કામ સેવામાં જબ્બર અડચણ ઉભી કરનારો છે. શ્રીમહાપ્રભુજીએ 'સેવાફલ'માં સેવાના ત્રણ પ્રતિબન્ધમાં લૌકિક ભોગને ગણાવ્યો છે. એ લૌકિક ભોગ તે જ કામપૂર્તિ; એનો ત્યાગ કર્યે જ સેવા સિદ્ધ થઇ શકે.

''જન્મથી આંધળો માણસ કદી જોઇ નથી શકતો, એ જ રીતે કામથી આંધળો થયેલો પણ કશું જોઇ શકતો જ નથી.'' એ સુપ્રસિદ્ધ વાત છે. આવા અન્ધ માણસને પ્રભુસામ્મુખ્યકારક કાંઇ પણ કયાંથી ગમે ? એ બતાવતાં કહેવામાં આવે છે કે

નિરોધસ્ય મહાઞ્છત્રુરન્યસ્ફૂર્તિકરો યતઃ ।
ગુણગાનસપત્નોઽપિ ન રોચન્તે ગુણા યતઃ ॥૮॥
વૈરાગ્યસાધકાઃ સર્વે કામિનસ્તં કથં પ્રિયાઃ ।
અત એવ હિ દશ્યન્તે ગુણશ્રવણવૈરિણઃ ॥૯॥

શ્રીમહાપ્રભુજીએ 'નિરોધલક્ષણ' માં નિરોધની સિદ્ધિ માટે જે-જે ઉપાયો દર્શાવ્યા છે તેમાં ગુણવર્ણનને પણ એક સાધન બતાવ્યું છે. હવે હૃદય કામથી પરાભૂત થઇ ગયું છે તેવા મનુષ્યનું પ્રભુધ્યાન સ્થિર ટકી શકતું નથી,

કામપૂર્તિની લાલસામાં લૌકિક પદાર્થોમાં એનું દિલ ખેંચાયું જાય છે, એ પ્રભુના ગુણોનું ગાન ક્યાંથી કરી શકે ? બે શોક્ય ઘરમાં હોય તો કદી પતિને જંપ લેવા દેતી નથી; એ જ પ્રમાણે એક જ મનુષ્યોમાં એકી સાથે કામ અને પ્રભુના ગુણોનું ગાન ઉત્પાત મચાવી મૂકે છે. શોક્ય દૂર થાય તો ઠરીઠામ બેસાય; એ જ રીતે કામનો ત્યાગ થાય તો જ જીવને સ્થિરતા પ્રાપ્ત થાય. પ્રભુના ગુણ છે તે તો સંસારમાં વૈરાગ્ય ઉપજાવનારા છે, સંસારાસક્તિ દૂર કરાવનારા છે, જ્યારે કામીને તો સંસારમાં ઓર અને ઓર ખૂત્યે જવાનું દિલ હોય છે; એને આ ગુણો ક્યાંથી ગમે ? અસ્થિર ચિત્તવાળા કામીઓને ભગવદ્ગુણ-શ્રવણ કદાપિ ગમતું નથી. એક સ્થાનમાં એક સમયે એક જ પદાર્થ રહી શકે; મનરૂપી સ્થાન પર બેઠો; હોય ત્યાં બીજું કાંઇ કેમ બેસી શકે ?

કામ અનેક અનર્થ-પરમ્પરાને ઉત્પન્ન કરાવનારો છે; એની ભયાનકતાનું વર્ણન કરતાં કહેવામાં આવે છે કે

ક્રોધઃ સ્વકાર્યકરણાલ્લોભઃ પ્રાપ્ત્યાપિ શામ્યતિ ।
ઘૃતહોમે વહ્નિરિવ કામો ભોગેન વર્ધતે ॥૧૦॥
કામેન નાશિતમતિઃ પ્રતિષિદ્ધે પ્રવર્તતે ।
અગમ્યાગમને ચૌર્યે તથૈવાભક્ષ્યભક્ષણે ॥૧૧॥
યત ઉત્પદ્યતે ક્રોધો મહાદ્રોહસમુદ્ભવઃ ।
લોભોઽપિ જાયતે તસ્માત્ સ ચાર્થવિષયો ભવેત્ ॥૧૨॥
સોઽર્થઃ પઞ્ચદશાનર્થમૂલં તત્ર પ્રવર્તતે ॥૧૨ ૧/૨॥

કામ સર્વ અનર્થોનું મૂળ છે. કોઈ પણ વસ્તુ મેળવવાની ઇચ્છા થઇ; એ ન મળી એટલે તરત ગુસ્સો ચડે છે એટલે એ મેળવવાનો લોભ થાય છે, પણ ક્રોધ અને લોભ તે-તે વસ્તુ પ્રાપ્ત થઇ જવાથી ઠરી જાય છે, પરંતુ આ કામ-ઇન્દ્રિયોપસેવનની તો એનાથી ઊલટી વાત છે. યયાતિ રાજાએ અનેક વર્ષો સુધી કામોપભોગમાં પ્રવૃત્તિ કરી, પણ એમને તૃપ્તિ થઇ નહીં. એના મુખમાંથી આ વાક્ય નીકળે છે કે **‘‘ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ, હવિષા કૃષ્ણવર્ત્મૈવ ભૂય એવાભિવર્ધતે’’** ॥ (ભા. ૯।૯૧।૧૪) ‘‘કામ વિષયોના ઉપભોગથી શાન્ત થતો નથી; અગ્નિમાં ઘીનો હોમ કરવામાં આવે અને અગ્નિ

જેમ વધુ અને વધુ પ્રદિપ્ત થતો જાય છે તેમ કામ ઓર અને ઓર વધતો જાય છે.'' બળવાન એવો ઇન્દ્રિયોનો સમૂહ મહાન બુદ્ધિશાળીઓને પણ ભયંકર પાપગર્તાઓમાં ધકેલી દે છે. શાસ્ત્રકારો તો સ્પષ્ટ આજ્ઞા કરે છે કે ''એકાન્તમાં મા-બહેન કે દીકરી સાથે પણ ન બેસવું'' (ભા. ૯।૧૯।૩૭) એ તો સ્પષ્ટ છે કે – ''વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ'' (ભર્તૃહરિ) શું સારું કે શું નરસું એનો જેને વિચાર જ નથી રહ્યો તેવાઓની પડતી કયાં-કયાં અને કેટલી થાય છે એ સમજમાં આવતું નથી – અનેક પ્રકારનું એનું અધઃપતન થાય છે.'' અગમ્ય-ગમન જેવાં કાર્યોથી વડીલો અને રાજાઓનો ભયંકર દ્રોહ ઉત્પન્ન થાય છે જેને પરિણામે પરસ્પર ગુસ્સાની લાગણી જાગ્રત થાય છે. વળી કામ એ અર્થસાધ્ય વસ્તુ છે. જ્યાં સુધી નાણા હોય ત્યાં સુધી અનેક સ્ત્રીઓ વીંટળાઇ વળે, પણ નાણા ખલાસ થયાં કે બધી દૂર થઇ જાય. એવે ટાણે સ્ત્રીઓને પ્રસન્ન રાખવાને માટે નાણાનાં બન્દોબસ્તમાં એણે ચોરી ખૂન જેવાં ભયંકર કાર્યો કરવામાં પ્રવૃત્ત થવું પડે છે. (અત્યારે વર્તમાનપત્રો વાંચનારાઓને આ વાત સમજાવવી પડે એમ નથી.) કામીઓને અર્થપ્રાપ્તિ થઇ એટલે ભયંકર પન્દર અનર્થોની પ્રવૃત્તિ થાય છે. ધનિક કામી ધુન્ધુકારીના અનર્થોનું વર્ણન શ્રીભાગવત-માહાત્મ્યમાં છે. ''એ સ્નાન-શૌચહીન, ધાર્મિક-ક્રિયાહીન, અભક્ષ્ય-ભક્ષક, ક્રોધી, ખરાબ લોકોની સંગતિવાળો, ખૂન કરી ભોજન કરનારો, ચોર, બધાને પીડા કરનારો, પારકાંના ઘરમાં કજિયા લગાડનારો, નાનાં બચ્ચાઓને મારી નાખનારો, હિંસક, ગરીબો અને આંધળાઓને પીડા કરનારો, ચાણ્ડાલો સાથે રહેતો, હંમેશા હાથમાં ફાંસલો રાખનારો, અને વેશ્યાસંગી'' આવા પંદર દુર્ગુણો ધુન્ધુકારીના ગણાવવામાં આવ્યા છે. પંદર અનર્થ શાસ્ત્રમાં નીચે મુજબ ગણાવ્યા છે : ''સ્તેયં હિંસાનૃતં દમ્ભઃ કામઃ સ્મયો મદઃ ! ભેદો વૈરમવિશ્વાસઃ સંસ્પર્ધા વ્યસનાનિ ચ''. ૧. ચોરી, ૨. હિંસા, ૩. જૂઠું બોલવું, ૪. દમ્ભ, ૫. કામ, ૬. ક્રોધ, ૭. ગર્વ, ૮. મદ, ૯. ભેદ, ૧૦. વૈર, ૧૧. અવિશ્વાસ, ૧૨. ઇર્ષ્યા, ૧૩. સૂરત, ૧૪. ધૂત, ૧૫. મદ્ય. આ પંદર અનર્થ પ્રસિદ્ધ છે.

કામનાં પરાક્રમ :

કામની ભયંકરતા વર્ણવતા કહેવામાં આવે છે કે

કામેનૈવ હિ કાર્પણ્યં કામિનીષુ સતાં મતમ્ ।।૧૩।।
પ્રાર્થયન્તિ યતસ્તુચ્છાં પ્રવેશ્ય વદને કરમ્ ।
પ્રિયવ્રતસુતો રાજા ભ્રષ્ટઃ કામેન સત્ફલાત્ ।
આગ્નીધ્રો વિષયાવેશાદુર્વશીલોકમાપિતઃ ।।૧૪ ૧/૨।।

કામનું બળ એટલું બધું જબ્બર છે કે મહાન પુરુષો, પરમ ઋષિઓ, જબ્બર યોગી-મહાત્માઓ સામાન્ય હલકી એવી સ્ત્રીઓ પાસે કામપૂર્તિની વિનંતી કરવા માંડે છે. વાયુ, પાંદડા અને પાણી માત્રથી પોતાના જીવનનો વ્યવહાર ચલાવનારા વિશ્વામિત્ર અને પરાશર જેવા મહર્ષિઓ સ્ત્રીઓ પાછળ ઘેલાં થઇ પોતાના હજારો વર્ષનાં તપના ફલોને ક્ષણમાત્રમાં ગુમાવી બેઠા છે. રાજા આગ્નીધ્રનો પ્રસંગ શ્રીમદ્ ભાગવતના પઞ્ચમ સ્કન્ધના બીજા અધ્યાયમાં આવે છે. સ્વાયમ્ભુવ મનુથી શતરૂપા ઉત્પન્ન થયેલાં મોટાં પુત્ર પ્રિયવત રાજાનો આગ્નીધ્ર એ મોટો પુત્ર હતો. એક વાર પિતૃલોક પ્રાપ્ત કરવાની ઇચ્છાએ કરી હિમાલયમાં બ્રહ્માજીની તપઃપૂર્વક આરાધના કરવા લાગ્યો. બ્રહ્માજીએ એની પરીક્ષા કરવાને માટે પૂર્વચિત્તિ નામની અપ્સરાને મોકલી. એના નૂપુરનો ઝંકાર કાને આવતાં રાજાએ જરા આંખ ખોલી એના તરફ દષ્ટિ કરી અને એ એમાં ફસાઇ ગયો. વર્ષો સુધી એની સાથે વિલાસ કરતાંયે, નવ-નવ પુત્રો ઉત્પન્ન થઈ ચૂક્યાં તોયે, એને સન્તોષ ન થયો. પુત્રો થયાં બાદ પૂર્વચિત્તિ પાછી બ્રહ્માજી પાસે ચાલી ગઇ. રાજાને બહુ જ તકલીફ થઇ. હંમેશા પૂર્વચિત્તિનું જ ધ્યાન ધરવાં લાગ્યો અને તન્મય થઇ અપ્સરાના લોકને પામ્યો; પિતૃલોક ધર્યો રહ્યો.

આગ્નીધ્ર જેવાં ક્ષત્રિયો જ કામે નષ્ટ થઈ ગયાં, એટલું જ નહીં, મહાન સમર્થ ઋષિવર્યો અને શિવ-નારદ જેવાં પણ ચલિત થઇ ગયાં; જેવાં કે

કામેન કશ્યપો દૈત્યોત્પાદને હેતુતાં ગતઃ ।।૧૫।।
નિવૃત્તસન્ધ્યાનિયમઃ પત્નીપ્રાર્થનમોહિતઃ ।

કામેન ચ શિવઃ કૃષ્ણયુવતીરૂપવઞ્ચિતઃ ॥૧૬॥
કામેન નારદઃ ષષ્ટિપુત્રાજનયત્ સ્વતઃ ।
ગર્વાભાવાય હરિણા દત્તઃ કામો મહાશનઃ ॥૧૭॥

કશ્યપ ઋષિ, શિવજી અને નારદ એ ત્રણેય કામદેવના સપાટામાં અટવાયા. કશ્યપ ઋષિને માટે એવી કથા છે કે એક વાર શોકયોના ખારે દિતિને સાંજની વેળાએ પતિ સાથે સમ્બન્ધ કરવાની ઇચ્છા થઇ. પતિ એ સમયે અગ્નિશાળામાં અગ્નિનું યજન કરી રહેલા. એની પાસે જઇ એણે વિનંતી કરી. પત્નીની વિનંતી ન ધકેલવાં ખાતર એણે એને થોભી જવાનું કહ્યું, પણ નિર્લજ્જ પત્નીએ પતિનું વસ્ત્ર ખેંચી રાખ્યું અને પરિણામે હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ જેવાં ભયાનક પુત્રોની ઉત્પતિ થઇ. (ભા. ૩।૧૪ મો અધ્યાય). શિવજીના વિષયમાં એવી કથા છે કે જલધિ – મથનમાં મોહિની સ્વરૂપે પ્રભુએ દૈત્યોને મોહમાં નાખી દેવોને અમૃતપાન કરાવ્યું. (ભા. ૮।૧૨ મો અધ્યાય). આ વાત શિવજીએ સામ્ભળી ત્યારે મોહિનીસ્વરૂપ જોવાની ઇચ્છા થઇ, એટલે જ્યાં પ્રભુ બિરાજતા હતા ત્યાં ઉમાજી સાથે પધાર્યા અને પ્રભુને વિનંતી કરી કે ‘‘જેનાથી દૈત્યોને આપે મોહ કર્યો તે સ્વરૂપનાં અમે દર્શન કરવા આવ્યાં છીએ, તો દર્શન કરાવો.’’ પ્રભુ ત્યાં જ અન્તર્ધાન થઈ જંગલમાં મોહિનીસ્વરૂપ પ્રકટ કર્યું. ભગવાન શિવ એ મોહિનીસ્વરૂપની મોહક ક્રીડાઓથી મુગ્ધ થઇ એને પકડવાં દોડયાં, ભેટી પડયાં, પરંતુ મોહિની-સ્વરૂપ પ્રભુ છટકી ગયાં. કામથી અત્યન્ત મુગ્ધ થઈ ગયેલાં શિવજી ફરી દોડવાં લાગ્યા. એ પછી પ્રભુએ પ્રગટ થઇ એમનો મોહ ઉતાર્યો. નારદજીની તો આનાથીય ભયંકર દશા પુરાણાન્તરમાં સમ્ભળાય છે. કામ તૃપ્તિ ખાતર નારદજીને સ્ત્રીરૂપ ધારણ કરવાનું થયું, જેને પરિણામે સ્ત્રીરૂપ નારદે ૬૦ પુત્રોને જન્મ આપ્યો. કામદેવને આમ મહાનમાં મહાન પુરુષોને ગડપ કરનારો પ્રભુએ બનાવ્યો છે, એ મહાન પુરુષોનો ગર્વ ઉતારવા ખાતર.

કામેન ભરતસ્યાપિ હરિણત્વં ભવાન્તરે ।
પુરઞ્જનોઽપિ કામેન સ્ત્રીયોનિમુપલબ્ધવાન્ ॥૧૮॥

કામેન વેદગર્ભોઽપિ સ્વસુતાયાં તથાકરોત્ ।
તેનૈવ રાવણો બુદ્ધિં રમાયામન્યથાકરોત્ ।।૧૯।।

ઋષભદેવજીના પુત્ર ભરત રાજા વાનપ્રસ્થાશ્રમનો આશ્રય કરી વનમાં રહેતા હતાં. એઓએ પ્રભુપદ આ જ જન્મમાં પ્રાપ્ત કર્યું હોત, પરંતુ એક દિવસ એવો બનાવ બન્યો કે જ્યારે ભરતજી સ્નાન કરી, નિત્યનિયમથી પરવારી પ્રણવનું ઉચ્ચારણ કરતાં બેઠાં હતા ત્યાં સામે કાંઠેથી વાઘની બીકથી ઠેકેલી એક મૃગલીનો ગર્ભ નદીમાં પડતો અને તણાતો એમણે જોયો. એમણે બચ્ચાને પાણીમાંથી ઉઠાવી લઇ પુત્ર માફક એનું પાલન કર્યું. એમાં એમને અત્યાસક્તિ થઇ ગઇ અને યોગાદિ કર્મો કરવાને બદલે મૃગબચ્ચાના પાલનપોષણમાં જ એમનો સમય વ્યતીત થવા લાગ્યો. એમ કરતાં-કરતાં મૃગમાંને મૃગમાં આસક્તિવાળા એમને મૃત્યુ આવ્યું. આસક્તિને લીધે બીજાં ભવમાં એ મૃગ તરીકે જન્મ્યાં. સંસારમાં મૃગબચ્ચાં તરફના પુત્રવત્ પ્રેમનું પણ આવું પરિણામ આવ્યું. પુરઞ્જનરાજા સ્ત્રીયોનિને પામ્યો. શ્રીમદ્ભાગવત-ચતુર્થસ્કન્ધમાં જીવનાં રૂપક તરીકે આપેલો રાજા પુરઞ્જન યવનોથી જ્યારે પરાભૂત થઇ ગયો ત્યારે યવનો એને કેદી તરીકે ઉઠાવી ગયાં. વિરહથી વ્યગ્ર થયેલો એવો એ પોતાની સ્ત્રીનું સ્મરણ કરવા લાગ્યો; એનું સતત ધ્યાન કરતાં વિદર્ભરાજના મહેલમાં ઉત્તમ સ્ત્રીરૂપ થઇ ગયો. એને મલયધ્વજ પાણ્ડય પરણ્યો. (અધ્યાય ૨૮ મો). બ્રહ્માજીએ પોતાની પુત્રીમાં ઇચ્છા કરી; મરીચ્યાદિ પુત્રોએ પિતાને સમજાવ્યાં અને બ્રહ્માજીએ પ્રાયશ્ચિત માટે શરમાઇ પોતાના દેહનો ત્યાગ કર્યો. (ભા. ૩।૧૨।૨૮ થી ૩૩). રાવણની કથા સુપ્રસિદ્ધ છે. હરકોઇ એક ઇન્દ્રિય પણ જો એના વિષય તરફ ખેંચાય તો સર્વનાશ કરે છે તો પછી સમગ્ર ઇન્દ્રિયો ખેંચાય તો શી દશા થાય ?

ભક્તિમાર્ગ અને કામ :

કામે અનેકને પતિત કરી નાખ્યાં છે એ ઉપર બતાવવામાં આવ્યું. ભક્તિમાર્ગીય જીવોએ તો એનાથી અતિ ડરતાં ચાલવાનું છે એવું કહેવાના આશયથી કહેવામાં આવે છે કે

એવં હિ બહવો નષ્ટાઃ કામેનૈવ હિ સાધવઃ ।
ભકિતમાર્ગે વિરોધસ્તુ તત્ર કામકૃતો મહાન્ ।।૨૦।।
કામિનઃ ફલવાઞ્છતઃ શરણં નૈવ સિધ્યતિ ।
સાપેક્ષસ્ય તુ સર્વત્ર દુર્લભં હિ સમર્પણમ્ ।।૨૧।।
તદભાવે તદીયત્વં સર્વથૈવ હિ દુર્લભમ્ ।।૨૨ ૧/૨।।

ઉપર ગણાવેલા એ ઉપરાન્તના અનેક પણ કામદોષના પ્રતાપે સર્વનાશ પામી ચૂકયાં છે. વિશ્વામિત્ર જેવાં સમર્થ ઋષિવર્યોના પણ હજારો વર્ષના તપ પળમાત્રમાં કામના પ્રતાપે ધોવાઇ ગયાં છે. અન્ય સર્વ માર્ગોમાં પણ કામ-ક્રોધાદિ ષડ્વર્ગ પરના વિજય વિનાં કાર્ય સિદ્ધિ થતી નથી, પરંતુ ભક્તિમાર્ગમાં કામ જેટલો બાધક થાય છે તેટલો તો અન્ય માર્ગોમાં પણ નહીં જ. ભક્તિમાર્ગીય જીવને પ્રભુ સિવાય અન્ય કોઇ પણ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા નથી; કામી પુરુષોને તો કામતૃપ્તિ, ઈન્દ્રિયોના વિષયોની તૃપ્તિની ઇચ્છા જાગ્રત જ હોય છે, કેમકે એવી ઇચ્છા ન હોય તો કામીનું કામીપણું જ કયાં રહ્યું ? એકી સાથે એક જ કાર્ય થઇ શકે. હવે જો પ્રભુના શરણને પ્રાપ્ત કરવું હોય તો શરણની જ ભાવના કરવી જોઇએ. કામી શરણસિદ્ધિ માગતો હોય, પરંતુ એને ચલિત હૃદયે શરણભાવના થઇ શકે નહીં. વળી પ્રભુને સર્વ પ્રાપઞ્ચિક પદાર્થો આપી દેવાનું કામી જીવને શકય નથી હોતું, કેમકે એને પોતાની ઇન્દ્રિયોના વિષયોના આધારસ્થાન મેળવવાની ઇચ્છા જ રહેલી જ હોય છે. જરા પણ ફલની ઇચ્છા રહી એટલા પૂરતી પણ અન્ય પદાર્થોમાં મમતા રહી. એને લીધે સમર્પણની જ સમ્ભાવના નથી રહેતી અને સમર્પણ ન થયું તો ભગવદીયપણું આવવું જ શકય કયાં બને ?

સંસારાસકતનું વર્ણન કરતાં શ્રીહરિરાયજી નિર્દેષે છે કે

સાધારણ્યેવ બુદ્ધિઃ સ્યાત્તેન લીલાસ્થિતેષ્વપિ ।।૨૨।।
કામલેન યથા પ્રીતપ્રતીતિરખિલે ભવેત્ ।
પઞ્ચાધ્યાય્યામતઃ પ્રોકતં હૃદ્રોગત્વં શુકૈરપિ ।।૨૩।।
દોષબુદ્ધિઃ કામિનસ્તુ ભવેલ્લીલાકૃતૌ હરૈઃ ।।૨૩ ૧/૨।।

પ્રભુની લીલાઓમાં કામી પુરુષોને સામાન્ય લૌકિકતાના જ વિચાર આવે, કેમકે કમળાવાળો માણસ દુનિયાના સમગ્ર પદાર્થને પીળા જુએ છે. વસ્તુ સ્થિતિએ એ પદાર્થો કાંઇ પીળા હોતાં નથી, પણ એની આંખનો જ એ દોષ હોય છે; એ જ પ્રમાણે પ્રભુની લીલા નિર્દોષ છે પરંતુ દુષ્ટ હૃદયવાળો એ કામી પુરુષ સર્વત્ર પ્રભુની લીલામાં દોષ જોયા કરે છે. શ્રીશુકદેવજીએ શ્રીમદ્‌ભાગવતની રાસપઞ્ચાધ્યાયીના અન્તમાં કામને હૃદયનો રોગ કહ્યો છે. શ્રીશુકદેવજી કહે છે ‘‘પ્રભુનો વ્રજાંગનાઓ સાથેનો આ વિહાર શ્રદ્ધાથી યુકત એવો જે મનુષ્ય સામ્ભળે અને વર્ણન કરે તે મનુષ્ય પ્રભુની અન્દર પરમ ભક્તિ પ્રાપ્ત કરી તરત જ હૃદયના રોગરૂપી કામને દૂર કરે છે.’’ (ભા. ૧૦।૩૩।૩૪). જ્યાં સુધી એ રોગથી ગ્રસ્ત હોય છે ત્યાં સુધી એ કશો વિચાર કરી શકતો નથી. પ્રભુની અપ્રાકૃત આધિદૈવિક લીલાઓમાં પણ એને કામની જ ગન્ધ આવ્યા કરે છે.

ઇન્દ્રિયગ્રિહ

ભક્તિમાર્ગમાં વિવેક અને ધૈર્ય સાચવવાના છે, એ ઇન્દ્રિયનિગ્રહ વિના શકય નથી, એ બતાવતાં કહેવામાં આવે છે કે

નિબન્ધે શ્રીમદાચાર્યૈરત ઇન્દ્રિયનિગ્રહે ।।૨૪।।
અત્યાગઃ સર્વથા પ્રોકતો ભગવદભકિતસાધકઃ ।
કૌતુકાર્થમપિ ત્યાગો ધર્માર્થમપિ વર્જિતઃ ।।૨૫।।
‘સ્વયમિન્દ્રિયકાર્યાણી’ ત્યુક્ત્યા ધૈર્યવિભઞ્જનઃ ।
વિવેકસ્ય વિરોધ્યેવ તદસ્ફૂર્તિકરો યતઃ ।।૨૬।।

ભક્તિમાર્ગમાં ઇન્દ્રિયનિગ્રહ ઉપર જબ્બર મદાર છે. શ્રીમહાપ્રભુજીની ‘તત્ત્વદીપનિબન્ધ’ ના સર્વ નિર્ણય પ્રકરણમાં આજ્ઞા છે કે ‘સ્વધર્માચરણં શકત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્, ઈન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ત્રયમ્’. ‘‘શક્તિ પ્રમાણે અગ્નિહોત્રાદિ સ્વધર્મોનું આચરણ, પરધર્મમાંથી તદન નિવૃત્તિ અને ઇન્દ્રિયરૂપી ઘોડાઓ ઉપર નિયમન, આ ત્રણ વસ્તુનો કોઈ પણ રીતે કોઇ પણ સંયોગમાં ત્યાગ કરવાનો નથી’’. શ્રીહરિરાયજી તો ત્યાં સુધીની આજ્ઞા કરે છે કે કૌતુકને માટે કે ધર્મને ખાતર પણ એ ત્રણેમાં શિથિલતાનો પ્રસંગ ઊભો

થાય તો પણ કોઇ પણ રીતે એ ત્રણેમાં લેશ પણ શિથિલતા થવા દેવાની નથી. શ્રીમહાપ્રભુજીએ 'સ્વધર્માચરણં' એ શ્લોકના પ્રકાશમાં ક્રીડાર્થ-રમત ખાતર પણ આ ત્રણમાં શિથિલતા ન લાવવાની આજ્ઞા કરી છે. શ્રીહરિરાયજી એ જ આશયને સાચવી કૌતુક અને ધર્મ શબ્દ પ્રયોજે છે. શ્રીમહાપ્રભુજીનો આગ્રહ ઇન્દ્રિયનિગ્રહ રાખવાની બાબતમાં સૌથી વધુ છે. ૨૩૯ મી કારિકાના પ્રકાશમાં આપશ્રી આજ્ઞા કરે છે કે પરોપકારને માટે પણ ઈન્દ્રિયનિગ્રહનો અભાવ થવાનો સમ્ભવ રહે એ વગેરે પ્રસંગોમાં સામાન્ય ધર્મનો ત્યાગ કરવો પડે તો કરવો. પરોપકારાદિ ધર્મો ભગવત્સેવામાં બાધકારક હોય તો એનો ત્યાગ જ કરવો.'' ઉપરનો શ્રીહરિરાયજી ''કૌતુક'' અને ''ધર્મ'' શબ્દ પ્રયોજવાનો આશય પણ હવે સ્ફુટ થશે. જીવે મુખ્ય જે કાંઇ સાધવાના છે તે વિવેક, ધૈર્ય અને આશ્રય છે. અન્તિમ આશ્રયની સિદ્ધિ માટે વિવેક અને ધૈર્ય છે. શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈર્યાશ્રય'માં ધૈર્યની સિદ્ધિમાં 'કાયા-વાણી અને મનથી સર્વથા ઈન્દ્રિયનાં કાર્ય, ઇન્દ્રિયનાં વિષયો તરફના જે ખેંચાણ તેનો ત્યાગ કરવાની વાત કહી છે'' (વિ.ધૈ.૮). કૌતુક ખાતર પણ જેનાથી ઇન્દ્રિયો એના વિષય તરફ ખેંચાય, પરોપકારાદિ ધર્મો ખાતર પણ જેનાંથી ઇન્દ્રિયો એનાં વિષયો તરફ ઘસડાય, તેનાંથી સર્વનાશ થવાની પૂરી સમ્ભાવના છે; માટે કોઇ પણ પ્રસંગમાં ઇન્દ્રિયો ઉપરનો કાબૂ છોડવાનો નથી.

ઇન્દ્રિયનિગ્રહનો ત્યાગ વિવેક અને ધૈર્યનો નાશ કરનાર છે. ''પ્રભુ બધું પોતાની ઇચ્છાથી કરશે એ વિવેક.'' (વિ.ધૈ.૧) અને ''મરણ પર્યન્ત ત્રણે પ્રકારનાં દુઃખ સહન કરવાં એ ધૈર્ય.'' (વિ.ધૈ.૬) આ બન્ને વસ્તુ કામીથી સિદ્ધ થઇ શકે નહીં, ત્યાં આશ્રયની શકયતાં ખરી ? એનો જવાબ આપતા કહે છે કે

આશ્રયસ્તુ કથં સિધ્યેન્મનોવિક્ષેપસમ્ભવાત્ ।
ભક્તિમાર્ગોડપિ મૂલત્વાત્ત્યાગસ્ય ન હિ સિધ્યતિ ।।૨૭।।
બાહ્યાપક્ષે કૃષ્ણયોગઃ સર્વથા ત્વાન્તરે મતઃ ।
પરન્તૂભયથા ત્યાગો મૂલમત્ર ન સંશયઃ ।।૨૮।।
કામે સતિ કથં ત્યાગઃ સાપેક્ષસ્ય પ્રસિધ્યતિ ।।૨૮ ૧/૨।।

સ્થિર ચિત્ત વિના આશ્રય સિદ્ધ થાય નહીં. શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈર્યાશ્રય' માં સતત શરણભાવના કરવાની આજ્ઞા કરી છે. ''પ્રાપ્તં સેવેત નિર્મમઃ (વિ.ધૈ.૧૫) કોઈ પણ જાતની મમતા વિના જે મળે તેનાથી સન્તોષ માની લેવો'' ''યથાકથઞ્ચિત્કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ'' (વિ.ધૈ. ૧૬) ઉચ્ચ અને અવચ-લૌકિક વૈદિક કર્મો જરૂર પડતાં ભગવદાશ્રય રાખી કર્યે જવા.'' કામ ચિત્તને ડખોળી નાખે છે. હવે ચિત્ત જો વ્યગ્ર હોય તો ભગવદાશ્રયનું સતત ચિન્તન થઇ શકે નહીં. ઇન્દ્રિયોના કાર્યોનો સદન્તર ત્યાગ, પૂર્ણ સંયમ, એજ ભક્તિમાર્ગમાં મુખ્ય વસ્તુ છે. એ વિના ભક્તિમાર્ગ સિદ્ધ થઇ શકે જ નહીં. જુદા-જુદા અધિકારીઓને ઉદ્દેશી ભક્તિમાર્ગમાં પ્રભુપ્રાપ્તિ જે પ્રકારે છે ત્યાં શ્રીહરિરાયચરણ વિષયત્યાગના બે વિભાગ કરે છે : એક બાહ્ય, બીજો આન્તર. દેહ ઇન્દ્રિયાદિ બાહ્યોપકરણથી બાહ્ય વિષયત્યાગ કહેવાય અને અન્તઃકરણમાંથી એની વાસના પણ કાઢી નાખવી એ આન્તર ત્યાગ કહેવાય. બોલો, કામથી ડખોળાઇ ગયેલાને આ બન્ને કયાંથી સિદ્ધ થાય ? ભક્તિમાર્ગમાં તો પ્રભુને પ્રાર્થના કરવાનું પણ નથી. પ્રભુએ બધુ જ ધારી મૂકયું છે તે જ પ્રમાણે થાય છે. કાંઇ માંગણી કરીએ તો પણ જે પ્રભુનું ધારેલું તે જ થવાનું. વળી પ્રભુ તરફ તેથી શંકાની નજરે જોવાપણું થાય છે. તેથી અવિશ્વાસ ઉત્પન્ન થાય છે અને તેથી ઇન્દ્રિયોનાં કાર્યોનો ત્યાગ જ જે ભક્તિમાર્ગમાં ઇષ્ટ છે તે કયાંથી સિદ્ધ થાય ? વિવેક અને ધૈર્યને અન્તે સિદ્ધ કરવાનો આશ્રય કામી પાસેથી હાથતાળી દઇને છટકી જાય છે.

ઉપસંહાર :

આટલા સુધીમાં કામની ભયંકરતા, ભક્તિમાર્ગમાં ઇન્દ્રિયનિગ્રહનો અત્યાગ, ઇન્દ્રિયોના કાર્યોનો ત્યાગ અને કામીને વિવેકધૈર્યની અશકયતા બતાવવામાં આવ્યા, હવે ઉપાય બતાવતા શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે

તસ્માદ્ વિચાર્ય તદ્રૂપં દુરતિક્રમણં સ્વતઃ ।।૨૯।।
શરણીકરણીયં શ્રીનિજાચાર્યપદામ્બુજમ્ ।
સાધનાનામભાવેડપિ સ્વબલાખિલસાધકમ્ ।।૩૦।।

તત એવ ચ નિસ્તારો દોષપોષયુતાત્મનામ્ ।
નાન્યા ગતિર્ગોકુલેશભજનાનન્દકાંક્ષિણામ્ ।।૩૧।।

કામનું સ્વરૂપ અતિ ભયંકર છે. એના ઉપર વિજય મેળવવો અતિ મુશ્કેલ છે. એને તરી જવાં માટે પરમ ગુરુનું શરણ જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાધન છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''ક્લૌ ભકત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઇતિ મે મતિઃ (વિ.ધૈ.૧૬) મારો એવો મત છે કે કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગો દુઃખથી સાધી શકાય તેવાં છે.'' માટે જ આપશ્રીએ બધાને હિતકારક એવાં સતત ભગવદાશ્રય-સતત શરણની ભાવનાનો આદેશ કર્યો છે. શરણ બે રીતે સાધ્ય છે : ૧. સર્વત્યાગપૂર્વક શરણસાધના અને ૨. અત્યાગપૂર્વક શરણસાધના. આમાંનું પહેલું શરણ તે સિદ્ધ શરણ અને બીજું સાધન શરણ છે. ત્યાગાત્મક સિદ્ધ શરણમાં ભોજન વગેરેથી શરીરના રક્ષણની પરવાયે નથી કરવાની હોતી આ અતિ ઉત્કટ દશાની વાત છે. અતિ દુઃશક્યતા આ કલિયુગમાં આની રહેલી છે. વિવેક ધૈર્ય ભક્તિ વિનાના, દુનિયામાં ખૂતી ગયેલા જીવને માટે બીજું સાધન-શરણ છે. આ બીજા શરણમાં દેહાદિક મમતાનો અંશ રહેલો હોય છે. એને સતત ભગવદાશ્રયની ભાવના કરવાની હોય છે. એ ભાવના ઉત્તમ ગુરુ દ્વારા ટકાવી વિસ્તારી શકાય છે. આ કાર્ય ભક્તિમાર્ગના પરમાચાર્ય ભગવાન શ્રીવલ્લભાચાર્યજીના આશ્રયથી સિદ્ધ થાય છે. બ્રહ્માજીએ ગર્ભગત શ્રીકૃષ્ણચન્દ્રજીની સ્તુતિમાં કહ્યું છે કે ''સ્વયં સમુત્તીર્ય સદુસ્તરં દ્યુમન્ ભવાર્ણવં ભીમમદભ્રસૌહૃદાઃ, ભવત્પદામ્ભોરુહનાવમત્ર તે નિધાય યાતાઃ સદનુગ્રહો ભવાન્'' (ભા. ૧૦।૨।૩૧) ''હે પ્રભો ! એ પવિત્ર સુહૃદ-ધર્મવાળા મહાનુભાવો અત્યન્ત દુસ્તર એવા આ ભયાનક ભવસાગરને જાતે જ તરી આપનાં ચરણારવિન્દરૂપી નાવને અહીં મૂકી ગયાં છે, કારણ કે આપ સત્પુરુષો તરફ મહાન કૃપાશાલી છો''. માટે લોકો ઉત્તમ પ્રકારના ગુરુને આશ્રય કરે છે. બેશક, એમાં પ્રભુનો અનુગ્રહ જ નિયામક છે, કેમકે ''જો જીવને પ્રભુનો અનુગ્રહ ન હોય તો આ માર્ગમાં સર્વ કાંઇ અશકય છે'' (નિ.સર્વનિ.૨૨૬). 'નિરોધલક્ષણ' માં શ્રીમહાપ્રભુજીએ પ્રભુમાં હૃદય નિરુદ્ધ કરવાના ઉપાય બતાવ્યાં છે : ''પ્રભુના ધર્મોના સામર્થ્યથી વિષયોમાં સ્થિર વૈરાગ્ય રાખવું.

પ્રભુનો ગુણોએ કરી સુખદ સ્પર્શ થતાં કયાંય પણ સાંસારિક યાતનાઓની અસર ન થવાની. મત્સર દોષ વિનાના થઇ સંસારમાં આસક્તિ રાખ્યાં સિવાય પ્રભુનાં ગુણોનું સદૈવ ગાન કરવું. માનસી રીતે પ્રભુનાં સ્વરૂપનું સદા ધ્યાન ધરવું'' (નિ.લ.૧૫।૧૭). અને એ બધું શ્રેષ્ઠ ગુરુના આશ્રયપૂર્વક. આવા ગુરુની પ્રશંસા આજકાલની નથી, પરંતુ છેક ઉપનિષત્કાલથી ચાલી આવે છે. શ્વેતાશ્વતર ઉપનિષદને અન્તે સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે ''યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌ, તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ''. ''જેને દેવે પરા ભક્તિ, દેવશી ગુરુમાં રહી, અર્થો તેના મહાત્માને આ કહ્યા સ્ફુટ થાય છે''.

* * *

।। નિષ્કામલીલા ।।

(અનુવાદક : શ્રીવસન્તરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

(શ્રીમદ્ભાગવતનાં દશમસ્કન્ધના ૨૬મા અધ્યાયમાં કથા પ્રસંગ એવો છે કે ''શરદઋતુની પૂર્ણિમાની રાતે પ્રભુ રમણેચ્છાથી યોગમાયાનો આશ્રય કરીને વનમાં પધાર્યા અને ત્યાં વેણુનાદ કર્યો. વેણુનાદના મધુર સ્વરથી આકર્ષાઇને ભગવત્સ્વરૂપાનંદની અભિલાષાવાળા વ્રજભક્તો ત્યાં પધાર્યા. પ્રથમ તો પ્રભુએ એમને શ્લિષ્ટ વાણીથી મોહ પમાડયા. ભગવાનનું એવું ખેદજનક ભાષણ સામ્ભળીને પ્રથમ તો એમને શું કરવું એની સમજ પડી નહીં, પછી હિમ્મત કરીને પ્રભુની દશ પ્રકારની વાણીનો પ્રત્યુત્તર દશ પ્રકારે આપીને છેવટે સ્વરૂપાનંદનું દાન કરવાની વિનન્તિ સ્વીકારીને આત્મારામ પણ પ્રભુ એમની સાથે રમ્યાં.''

સંશય વિચારમાં ઉપયોગી છે. પ્રત્યેક વિચારમાં સંશય પણ નિર્ણાયક થઇ પડે એમ હોવાથી શ્રીહરિરાયચરણ લેખના પ્રારમ્ભમાં પ્રકૃત વિચારને અનુકૂળ સંશય વર્ણવે છે. એ સંશય એટલો બધો સ્વાભાવિક છે કે આ લીલાનું શ્રવણ કે પઠન કરતાં ઉત્પન્ન થાય જ)

નન્વત્ર ભગવતઃ કામલીલા નિરૂપ્યતે. સા અનુપપન્ના, કામસ્ય પ્રાકૃતશીરરાધારત્વનિયમેન ભગવતિ તાદશતદ્ધત્ત્વાપાતાત્.

સંશય :

શ્રીશુકદેવજી આ પ્રકરણમાં ભગવાનની કામલીલાનું નિરૂપણ કરે છે. એ અહીં ઉપપન્ન-બન્ધબેસતી નથી, કામ પ્રાકૃત શરીરના આધારે રહે છે, અર્થાત્ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં પઞ્ચમહાભૂતોના શરીરમાં એ જ કામ વસે છે. હવે એવો કામ ભગવાનમાં રહે એમ માનશો તો ભગવાનનું શરીર પણ લૌકિક માનવું પડશે; પરંતુ એમ મનાય જ નહીં, કેમકે એમનું શ્રીઅંગ માત્ર આનન્દમય જ છે, એમાં સ્થૂલ શરીર અને સૂક્ષ્મ શરીર એવા બે ભેદ નથી, એટલું જ નહીં, પરંતુ લોકમાં જેમ જીવ અને શરીર જુદાં-જુદાં છે તેમ ભગવાનનું શરીર અને ભગવાન જુદા એવો પણ ભેદ નથી જ, તો પ્રભુના એ દિવ્ય શ્રીઅંગમાં પાંચ મહાભૂતનાં પૂતળાઓમાં રહેનારો કામ કેમ સ્વીકારાય ?

અલૌકિક શરીરમાં કામ કેમ ન માનવો ?

(ઉપરનાં સંશયનો નિરાસ કરતાં કોઇ એકદેશી જણાવે છે કે ‘‘કામ લૌકિક શરીરમાં જ રહે છે. ભગવાનમાં જો એ રહે તો ભગવાનનું શરીર લૌકિક બની જાય એમ માનવાને કાંઇ કારણ નથી, કેમકે ‘‘કામ લૌકિક શરીરને જ આધારે રહે છે’’ એવો નિયમ જ નથી. એવો નિયમ માનીએ તો પ્રભુનું શરીર લૌકિક ઠરે. કામ જેમ લૌકિક શરીરમાં વસે છે તેમ અલૌકિકમાં પણ એ ઘર કરે તો શો વાંધો ?’’

મુખ્ય સંશયનું આ સમાધાન સન્તોષકારક નથી એમ સંશયકર્તા જણાવે છે)

ન ચ નાયં નિયમ. મોક્ષદશાયામાધિદૈવિકદેહવતો જીવસ્યાપિ ‘‘યદા સર્વે પ્રલીયન્ત’’ ઇતિ શ્રુત્યા તન્નિવૃત્તિશ્રવણાત્ ‘‘સોઽશ્નુતે સર્વાન્’’ ઇતિ ભગવતિ પ્રવિષ્ટાનાં તેન સહ સ્વરૂપાત્મકતદનુભવ એવ. અન્યથાન્તર્ગૃહગતાનાં ગોપીનાં કામઃ પ્રતિબન્ધકો નોચ્યેત.

અલૌકિક શરીરમાં કામ ન જ મનાય :

જ્યારે જીવની મોક્ષદશા થાય છે ત્યારે એનો દેહ આધિદૈવિક થઇ જાય છે, લૌકિક દેહ નિવૃત્ત થતાં અલૌકિક બની જાય છે. એ વેળાએ જીવને પણ કામ રહેતો નથી, એમ શ્રુતિ-વેદ કહે છે. ''યદા સર્વે પ્રલીયન્તે જ્યારે સર્વ કામોનો પ્રલય થઇ જાય ત્યારે જીવના અલૌકિક શરીરમાં કામ નથી રહેતો'' તો હવે ભગવાનના દિવ્ય શ્રીઅંગમાં એની સ્થિતિ કેમ માની શકાય ? (શંકાકારના ઉત્તર સામે એકદેશી ફરીને પોતાની યુક્તિ દર્શાવે છે).

વેદ અલૌકિક શરીરમાં પણ કામ હોવાનું કબૂલે છે :

વેદ કહે છે કે ''અલૌકિક દેહ ધરાવનારો જીવ ચતુર પરમાત્મા સાથે સર્વ-અનેક -કામોનું અશન કરે છે.'' આ વેદના મન્ત્રમાં અલૌકિક શરીરવાન જીવ રસભોગ કરવામાં ચતુર સર્વકામોને અનુભવે છે એમ જણાવ્યું છે. જો અલૌકિક શરીરમાં કામ જ ન હોય તો એનો ભોગ જીવ કરી શકે અને શ્રુતિ એવું કહે પણ કેમ ? માટે અલૌકિક શરીરમાં પણ કામ તો છે. એકદેશીનું આ સમાધાન રુચિકર લાગતું નથી એમ શંકાકાર જણાવે છે)

એ શ્રુતિમાં 'કામ' શબ્દનો અર્થ વિલક્ષણ છે :

અપ્રાકૃત-અલૌકિક શરીરમાં પણ કામ વસે છે એમ ઠરાવવા માટે જે શ્રુતિ આપવામાં આવી છે તે શ્રુતિમાં 'કામ' શબ્દનો અર્થ લોકમાં અનુભવાતો 'દુષ્ટ કામ' એવો નથી થતો, પરંતુ 'કામ' એટલે ભગવત્સ્વરૂપાત્મક જે કામ તેનો અનુભવ એ દિવ્ય દેહવાન ભકતો કરે છે. લૌકિક કામનો અનુભવ અલૌકિક દેહ ધર્યા પછી, એ પણ આનન્દમય પ્રભુ સાથે જીવ કરે એમ માનવું તદન અયોગ્ય જ ગણાય. પ્રભુસ્વરૂપથી - ભગવાનથી ભિન્ન નહીં, પણ તદ્રૂપ આનન્દમય જે કામ તેનો ભોગ અલૌકિક દેહવાન જીવો કરે છે એ માનવું વેદસમ્મત છે. વળી જો પ્રભુ સાથે પણ લૌકિક કામનો ભોગ થાય છે એમ માનશો તો મહાન વિરોધ આવશે. એ વિરોધ આ પ્રકારે ઉદ્‌ભવશે :

રસલીન રાસરમણે કરેલા મનોહર વેણુનાદનું શ્રવણ કર્યા પછી રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણ એવાં ત્રણે ગુણોના મિશ્રભાવથી નવ પ્રકારનાં અને

નિર્ગુણ મળી દશ પ્રકારનાં વ્રજભકતો પ્રભુસન્નિધાનમાં પધાર્યા, એમાંનાં કેટલાંક વ્રજસુન્દરીઓ કાલનાં બન્ધનમાં આવી પડયાં. પૂર્વનો ભક્તિભાવ હતો, છતાં કાલના પ્રતિબન્ધથી બન્ધાઇને ભજનાનન્દનો અનુભવ કર્યા વિના ભગવત્સાયુજ્યરૂપ મોક્ષને પ્રાપ્ત થયાં, અર્થાત્ ભજનાનન્દરૂપ ઉત્તમ ફલ નહીં મળતાં સાયુજ્યરૂપ મધ્યમ ફલ એઓને મળ્યું.

આ પ્રસંગને અનુસરીને શ્રીશુકદેવજી શું કહે છે અને એનું હાર્દ શ્રીવલ્લભાગ્નિએ કેવું પ્રકટ કરેલું છે એ સમજવા માટે મૂલ શ્લાક અને તે ઉપરનાં શ્રીસુબોધિનીજી અહીં ઉતારવામાં આવે છે :

અન્તર્ગૃહતાઃ કાશ્ચિદ્ ગોપ્યોઽલબ્ધવિનિર્ગમાઃ ।
કૃષ્ણં તદ્ભાવનાયુકતા દધ્યુર્મીલિતલોચનાઃ ।।

(શ્રીસુબોધિની) દૈવગત્યા કાશ્ચિદ્ ગૃહમધ્યે સ્થિતા ગોપભાર્યાઃ ચાતુર્યાનભિજ્ઞા અપ્રૌઢાઃ પતિસહિતાઃ પતિભિરેવ સંરક્ષિતા અલબ્ધવિનિર્ગમા જાતાઃ. તતઃ પ્રતિબન્ધનિવૃત્ત્યર્થં કૃષ્ણમેવ ધ્યાતવ્યઃ, પરં તદભાવનાયુકતા ભગવાન્ જારઃ સ્વયમભિસારિકા ઇતિ. અન્યથા પ્રતિબન્ધો ન સ્યાત્. તાદશોઽપિ મીલિતલોચનાઃ સત્યો ભગવન્તં દધ્યુઃ ધ્યાતવત્યઃ. તતો મુક્તા જાતાઃ ।।

અર્થ : દૈવગતિથી કેટલીક ઘરમાં જ રહેલી, અને સ્વતઃ પ્રૌઢ - પુખ્ત ઉમરની - નહીં હોવાથી ચતુરતાથી અજાણ જ રહેલી. પતિ સાથે હોવાથી પતિથી જ રક્ષણ કરાયેલી ગોપભાર્યાઓ અન્ય વ્રજસુન્દરીઓ પેઠે પ્રભુનાં દર્શન કરવાની તીવ્ર અભિલાષા છતાં બહાર નીકળી શકી નહીં; ત્યારપછી પ્રભુમિલનમાં આવી પડેલા પ્રતિબન્ધને તોડી નાખવાને શ્રીકૃષ્ણનું ધ્યાન ધર્યું, પરંતુ ભાવ તો એ જ હતો, તે એ કે ''ભગવાન જાર છે અને અમે અભિસારિકાઓ છીએ.'' તેથી જ એમને પ્રભુને મળવામાં પ્રતિબન્ધ નડયો, નહીં તો પ્રતિબન્ધ થાત જ નહીં. એવાં હતાં તોપણ નયનો મીંચીને ભગવાનનું

જ ધ્યાન ધર્યું તેથી મોક્ષને એ પામ્યાં''.

ઉપરના વચનોનું મનન કરતાં જણાયા વિના નહીં રહે કે લૌકિક કામ તો પ્રતિબન્ધ નાખનારો છે. જે ગોપભાર્યાઓની પ્રભુ પ્રતિ જારબુદ્ધિ - કામબુદ્ધિ હતી તે તો પ્રભુને સાક્ષાત્ મળી શકયાં જ નહીં. હવે અલૌકિક દેહ ધરીને પણ લૌકિક કામ જો પ્રભુમાં રાખે તો ભજનાનન્દના અનુભવથી તો દૂર જ રહે એમાં લેશ પણ સંશય રહેતો નથી. એટલા વાસ્તે જ પ્રભુના અલૌકિક શ્રીઅંગમાં લૌકિક કામ માનતાં અને મોક્ષ પામેલો જીવ પ્રભુ સાથે લૌકિક કામનો ભોગ કરે છે એમ માનતાં, ઉપરના સિદ્ધાન્ત સાથે વિરોધ પ્રાપ્ત થશે, માટે એમ માનવું યોગ્ય નથી.

(શંકાકારના ઉત્તરનો પ્રત્યુત્તર ફરીને એકદેશી આપે છે)

અલૌકિક દેહમાં અલૌકિક કામ :

પ્રભુના દિવ્ય દેહમાં લોકમાં અનુભવાતો કામ માની લેતાં ઉપરનો વિરોધ આવી પડે છે, તો એક બીજો માર્ગ એ વિરોધોને અટકાવવા લઇ શકાય એમ છે. પ્રભુના દિવ્ય દેહમાં પ્રાકૃત કામ છે એમ ન માનતાં અપ્રાકૃત અલૌકિક-કામ છે એમ માનવું. લૌકિક કામ શરીરને આધારે રહે અને અલૌકિક કામ અલૌકિક શરીરને આધારે રહે એમ માની લેતાં કોઇ પણ પ્રકારના વિરોધનું બીજ રહેશે નહીં. ગોપભાર્યાઓને લૌકિક કામબુદ્ધિ હતી તેથી એમને પ્રતિબન્ધ થયો, અલૌકિક હોત તો ન જ થાત. એટલે આ સ્થલમાં જે સિદ્ધાન્ત ઉપદેશાયેલો છે તેનો થોડો પણ બાધ નહીં થાય અને પ્રત્યેક સંશય શમી જશે.

એકદેશીનું આ સમાધાન પણ શંકાકારને રુચ્યું નહીં, તેથી એકદેશીના કથનનો પુનઃ જવાબ આપે છે :

> **ન ચાપ્રાકૃતવિગ્રહેઽપ્રાકૃતઃ સ ઇતિ વાચ્યં, સ્વરૂપાતિરિકતસ્ય તથાવિધસ્ય તસ્યાપ્રસિદ્ધેઃ. ન ચૈવમપિ વકતું શકયં નાસ્ત્યેવ સ ઇતિ, તદનુકૂલક્રિયાયાઃ સત્ત્વાદિત્યાશંકયય સમાદધતે ''ક્રિયા સર્વાપી''તિ.**

પ્રભુથી ભિન્ન અલૌકિક કામ છે જ ક્યાં ?

''અલૌકિક કામ'' જો હોય તો એ પ્રભુના દિવ્ય વિગ્રહમાં માનવો ઠીક થઇ પડશે, પરંતુ અલૌકિક કામ ક્યાં છે ? પ્રભુના દિવ્ય સ્વરૂપથી જુદો કોઇ દિવ્ય કામ પ્રસિદ્ધ ક્યાં છે ? જો કામ પ્રસિદ્ધ હોય તો સંશયનો કાંઇક પરિહાર થઇ શકે છે, પણ એવો કામ જ પ્રસિદ્ધ નથી એટલે નિરૂપાય.

એકદેશી હવે કાંઇક કટાક્ષથી કહે છે :

પ્રભુમાં કામ છે જ નહીં એમ માનો.

પ્રભુમાં કામ છે એમ માનતાં આટલા બધા તર્ક ઊઠે છે અને એને તોડવાના અનેક પ્રયાસ કરવા પડે છે. એમ જ માની લો કે પ્રભુના દિવ્ય દેહમાં કામ જ નથી. લૌકિક કામ માનતાં વિરોધ આવે અને અલૌકિક કામ માનતાં સન્તાપ થાય, અને એવો કામ છે એવું ભાસે જ નહીં, તો પછી કામ માનવો શા માટે ?

એકદેશીનું છેલ્લે સમાધાન તો અનુભવથી દૂર છે એમ ઠરાવતાં શંકાકાર વદે છે કે :-

કામ તો પ્રભુમાં હોવો જોઇએ :

ભગવાનનાં લેશ પણ કામ જ નથી એમ માનવું તદન ભૂલભરેલું છે, કેમકે કામાનુકુલ, કામના અસ્તિત્વથી જે કાંઇ થાય છે તે, ક્રિયાઓ તો અહીં જોવામાં આવે છે. કામ હોય તો જ ક્રિયાઓ, કામાધીન ક્રિયાઓ જણાય; એ ન હોય તો ક્રિયા પણ ન જ હોય. ક્રિયાઓ-ચેષ્ટાઓ તો એવી જણાય છે. કાર્ય તો થાય છે, તો એ ચેષ્ટાઓનું મૂલ-કામ પ્રભુમાં કેમ ન હોવો જોઇએ ? જો એને લૌકિક માનીએ છીએ તો પણ વિરોધ ઊભો થાય છે અને અલૌકિક માનવા જતાં એવો કામ કોઇ ઠેકાણે વર્ણવેલો સાંભળ્યો નથી; એવી રીતે બન્ને બાજુએથી પાશમાં સપડાયા જેવું થતાં શ્રીવલ્લભાગ્નિ ઉપદેશે છે કે

''ક્રિયા સર્વાપિ સૈવાત્ર પરં કામો ન વિદ્યતે ।
તાસાં કામસ્ય સમ્પૂર્તિર્નિષ્કામેનેતિ તાસ્તથા ॥

ભગવતો ''રસો વૈ સ'' ઇતિ શ્રુત્યા રસાત્મકત્વાદત્ર ભગવતિ ક્રિયા સર્વાપિ સૈવ, યા રસશાસ્ત્રે રસાવિર્ભૂતિહેતુત્વેન પ્રસિદ્ધા નૃત્યબન્ધાદિરૂપા. રસસ્ય ચ સ્વક્રિયાભિવ્યકતસ્યૈવ પ્રકટત્વાદ્ ભગવાનપિ સ્વં રૂપં પ્રકટયિતું સ્વસ્ય રસાત્મતા ચ બોધયિતુમેવ લીલાં કરોતીતિ ક્રિયાપિ તથૈવેત્યર્થઃ''

અન્વયાર્થ : ''આ લીલામાં ક્રિયા પણ સર્વ છે, અને એ રસશાસ્ત્રમાં વર્ણવેલી છે તેની તે જ છે, પરંતુ કામ નથી. વ્રજસુન્દરીઓના કામની પૂર્તિ પણ નિષ્કામ સ્વરૂપે જ કરી છે, કેમકે વ્રજાંગનાઓ અલૌકિક દેહવાળી જ છે.

તાત્પર્ય : કોઇ પણ વિચારનો પ્રારમ્ભ કરતાં પહેલાં શ્રુતિ અને યુક્તિથી દૃઢ થયેલો સિદ્ધાન્ત હૃદયારૂઢ કરવો જોઇએ. શ્રુતિ-વેદ કહે છે કે અક્ષરબ્રહ્મથી પર પરબ્રહ્મ, સદાનંદ ગુણાતીત ષડ્ગુણયુક્ત પૂર્ણ પુરુષોત્તમ રસાત્મક છે. સર્વ રસસ્વરૂપ એ જ પ્રભુ છે. ભગવાન સ્વયં સર્વ રસસ્વરૂપ છે, તેથી રસશાસ્ત્રમાં રસના આવિર્ભાવમાં કારણરૂપ માનેલી નૃત્યબન્ધાદિ ક્રિયાઓ ભગવાનમાં હોય એમાં આશ્ચર્ય શું ? સ્વયં પ્રભુ સર્વરસાત્મક છે. પોતાની રસરૂપતા પ્રકટ ક્યારે થાય ? જ્યારે તે-તે રસને પ્રકટ કરનારી ક્રિયાઓ પોતે કરે ત્યારે. જ્યારે રસ સ્વક્રિયાથી સ્પષ્ટ થાય છે ત્યારે જ એનું ખરું સ્વરૂપ ખીલી નીકળે; અર્થાત્ જ્યારે ક્રિયા વડે એનું સ્વરૂપ આલેખાય છે ત્યારે જ એ પોતાનું સ્વરૂપ આબેહૂબ રીતે પ્રકટ કરે છે. એટલા માટે જ ભગવાન પોતાનું સ્વરૂપ જણાવવા માટે તે-તે રસના પ્રકટ થવામાં હેતુરૂપ નૃત્યબન્ધાદિ ક્રિયાઓ કરે છે અને પોતાની રસરૂપતા પ્રકટ દર્શાવે છે. એથી જ મૂલમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ''કામલીલામાં ક્રિયા તો રસશાસ્ત્રમાં વર્ણવેલી છે તેની તે જ છે''

(અહીં સંગીત દૃષ્ટાન્તભૂત છે. સંગીતશાસ્ત્રમાં વર્ણવેલા રાગોનું સ્વરૂપ શબ્દથી જણાવતાં કોઇપણ આનન્દ થતો નથી; અર્થાત્ જેમ ''ગાન્ધાર અને ધૈવત આવે નહીં અને આરોહમાં તીવ્ર નિષાદ અને અવરોહમાં કોમલ નિષાદ આવે તે સારંગ રાગ કહેવાય'' એમ જાણવાથી તથા એમ બોલવાથી સંગીતમાં રહેલો આનન્દ અનુભવાતો નથી, એ તો જ્યારે ઉષ્ણકાલનો ખરા મધ્યાહ્નનો

સમય હોય, પ્રભુ સમક્ષ બિરાજેલા હોય, પંખો ચાલી રહ્યો હોય, ફુવારામાંથી ઊડતાં જલપરમાણુઓ ચોતરફ શીતલતા પ્રસરાવી મૂકતાં હોય, ખસના વાળાની ટટ્ટીમાંથી સુગન્ધ મહેકી રહી હોય, તે વેળાએ સારંગી તાનપુર (તંબૂર) વગેરે પ્રાચીન વાદ્યોના મધુર સુન્દર સ્વર સાથે ''બૈઠે હરિ રાધા સંગ'' વગેરે શ્રીઅષ્ટસખાઓનાં કીર્તન જો સારંગ રાગમાં ગવાતાં હોય તો જ એનો આનન્દ અનુભવાય, રાગ પણ પોતાના આધિદૈવિક સ્વરૂપમાં પ્રકટ થાય; એવી જ રીતે રસશાસ્ત્રના શાબ્દિક જ્ઞાનથી એનો અનુભવ થતો નથી, પરંતુ એમાં વર્ણવેલી ક્રિયાઓથી જ રસનું સુન્દર સ્વરૂપ ખડું થાય છે)

અત એવોકતં શ્રીમદાચાર્યૈઃ પઞ્ચમાધ્યાયે ''રસાત્મકસ્તુ યઃ કામ'' ઇત્યાદિ. રસાત્મક ઇત્યનેન સ્વસ્વરૂપાત્મક ઉકતઃ. સ તુ ગૂઢ એવ સ્ત્રીભાવત્વાદિતિ તદુદબોધાર્થમેવ નૃત્યબન્ધાદિપ્રાકટયમિત્યર્થઃ.

(ફલપ્રકરણના પાંચમાં અધ્યાયમાં શ્રીવલ્લભાધીશ્વર ઉપદેશ કરે છે કે

રસાત્મકસ્તુ યઃ કામઃ સોઽત્યન્તં ગૂઢ એવ હિ ।
અતઃ શાસ્ત્રં પ્રવૃત્તં હિ તૃતીયં ભારતં તથા ।।૩।।
અતોઽયં ભગવાંશ્ચકે નૃત્યં કારિતવાંસ્તથા ।
સર્વાંગેષુ ચ યો લીનઃ સ યથા વ્યકતતાં વ્રજેત્ ।।૪।।
જલં વાયુશ્ચ સામગ્રી શ્રમાત્ શીતાચ્ચ જાયતે ।
અત્રૈવ લોકે પ્રકટમાધિદૈવિકમુત્તમમ્ ।।૫।।
કામાખ્યં સુખમુત્કૃષ્ટં કૃષ્ણો ભુંકતે ન ચાપરઃ ।।

અથરાર્થ : ''રસાત્મક કામ લૌકિક કામથી વિલક્ષણ છે, એટલું જ નહીં, પરંતુ અત્યન્ત ગુપ્ત છે. ([1]સ્ત્રીભાવરૂપ હોવાથી ગૂઢ છે.) એનો ઉદ્‌બોધ થાય એ હેતુથી નૃત્યબન્ધાદિનું વર્ણન કરનાર તૃતીય કામશાસ્ત્ર-ભરતમુનિપ્રણીત નાટયશાસ્ત્ર પ્રવૃત્ત થયું છે. એ જ હેતુથી રસાત્મક પ્રભુએ પણ લીલામાં પોતે નૃત્ય કર્યું[2] અને ભકતોને નૃત્ય કરાવ્યું, સર્વ અંગમાં[3] જે ગુપ્ત છે તે જેવી રીતે

પ્રકટ થાય તેવી રીતે આપે નૃત્ય કર્યું અને ભકતોને નચાવ્યાં. શ્રમથી જલ અને શીતથી વાયુરૂપ સામગ્રી થાય છે. આ લોકમાં પ્રકટ થયેલું ઉત્તમ અને આધિદૈવિક કામરૂપ સુખ તો કૃષ્ણ જ ભોગવે છે, અન્ય નહીં)

ટિપ્પણી :

૧. અહીં ભગવદીયોએ ''સોન્દર્યં નિજહૃદગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં'' એ શ્લોકમાં નિર્દિષ્ટ શ્રીમહાપ્રભુસ્વરૂપનું અનુસન્ધાન કરવું.

૨. આ નૃત્ય તે જ રાસ; રાસલીલાનું તારતમ્ય શ્રીવલ્લભાગ્નિ પોતે જ ઉપદેશે છે : ''બહુનર્તકીયુકતો નૃત્યવિશેષો રાસઃ રસસ્યાભિવ્યકિતર્યસ્માદિતિ, રસપ્રાદુર્ભાવાર્થમેવ નૃત્યં, રાસે ક્રીડા લીલા સ્વસ્ય'' નાચનારી જેમાં વિશેષ હોય તેનું નામ રાસ, અર્થાત્ જેથી રાસની અભિવ્યકિત થાય તે રાસ. રસના પ્રાદુર્ભાવ માટે જ નૃત્ય છે. રાસમાં જે પ્રભુની ક્રીડા લીલા તે રાસલીલા'' આ ઉપરથી જે કેટલાક 'રાસલીલા' શબ્દ 'રહસ્યલીલા' ઉપરથી થયેલો માને છે તેઓની એક પ્રકારની ભ્રાન્તિ છે એમ સમજવું.

૩. ''સર્વે અંગોઅંગ રસભર્યાં, રસભર્યાં લોચન ચાર'' એ શ્રીગોપાલદાસજીનું કવન અહીં સ્મરવું.

એતદેવ ચોકતં ''વૃન્દાવનં સખી'' ત્યસ્યાભાસવિવૃત્તૌ પ્રભુભિરપિ ''લીલૈવ પરિચાયિકે''તિ. તત્તદ્રસાત્મકસ્ય સ્વરૂપસ્ય સા-સા લીલૈવ પરિચયસમ્પાદિકેત્યર્થઃ. સર્વેતિપદમખિલતદ્ધત્વેન લોકવૈલક્ષણ્યાય. ન હિ લોકે ક્વચિદપિ સકલક્રિયાવત્ત્વમુપલભ્યતે. અપિશબ્દઃસરસતાસિદ્ધયે ઉત્કૃષ્ટસમસ્તતત્સત્ત્વબોધનાય. એવકારોઽત્રૈત-દન્યતદસત્ત્વજ્ઞાપનાય. અંશતોઽપ્યન્યક્રિયા-સત્ત્વે રસાત્મકતા ન સ્યાત્. એવં સતિ ભગવતો યા કાચિલ્લીલા સા સર્વાપિ તત્તદ્રસાત્મકસ્વરૂપાવિર્ભાવાયેતિ મન્તવ્યમ્. અન્યથા પુરુષોત્તમસ્ય પ્રાકૃતાનુકરણં બોધ્યેત. વસ્તુતસ્તુ ન તત્ પ્રાકૃતાનુકરણં કિન્તુ તદ્રસસ્ય વિશિષ્ટં રૂપમેવ તથેત્યર્થઃ.

વળી શ્રીમત્પ્રભુચરણ ''વૃન્દાવનં સખિ'' એ શ્લોકના વિવરણમાં એવી જ આજ્ઞા કરે છે. આપ લખે છે કે ''પરિચય કરાવનારી તો લીલા જ છે'' પ્રભુ સર્વરસરૂપ છે. રસ અનેક પ્રકારના હોવાથી તે-તે રસનું સ્વરૂપ ઓળખાવનારી, તે-તે સ્વરૂપનો પરિચય કરાવનારી તેવી-તેવી લીલાઓ જ હોઇ શકે. તેવી-તેવી લીલાઓથી તે-તે રસરૂપ સ્વરૂપનો પરિચય થઇ શકે; માટે ''લીલા જ પરિચય કરાવનારી છે'' એ શ્રીગુસાંઇજીની યુકિત અતીવ સુન્દર છે.

પહેલાં આપેલી કારિકામાં શ્રીમહાપ્રભુજી એમ ઉપદેશે છે કે ''આ લીલામાં ક્રિયા પણ સર્વ છે'' આ ઠેકાણે 'સર્વ' પદ એક અગત્યનું રહસ્ય સ્પષ્ટ કરે છે. ભગવાનમાં બધી ક્રિયાઓ છે એટલે સર્વ ક્રિયાઓનો આધાર એ રાસરમણ જ છે, અન્ય કોઇ નથી. લોકમાં કોઇ પણ સ્થલે સર્વ રસ ઉત્પન્ન કરનારી સર્વ ક્રિયા કદાપિ દૃષ્ટિપથ નહીં થાય. કોઇમાં કોઇ એક હશે તો કોઇમાં કોઇ બીજી હશે, પરંતુ સર્વ ક્રિયાઓના આધાર તો માત્ર મન્મથમન્મથ જ છે, આ તાત્પર્ય જ એ ક્રિયાઓની અને એ ક્રિયાઓ જેમાં છે તેવા રસેશ શ્રીગોકુલેન્દુની લોકથી વિલક્ષણતા બતાવે છે. મૂલમાં 'અપિ' શબ્દ પણ એટલા માટે યોજાયેલો છે. રસમયતાની સિદ્ધિ માટે સર્વ ક્રિયા પણ રસમય છે એમ સિદ્ધિ થવા માટે ઉત્કૃષ્ટ અને અપકૃષ્ટ સર્વ ક્રિયાઓ અહીં છે, એમ જણાવવા માટે જ 'અપિ' શબ્દ મૂલમાં યોજ્યો છે. તેમજ 'એવ' શબ્દ પણ નિગૂઢ તાત્પર્યનું બોધન કરે છે. જે ક્રિયા રસને પ્રકટ ન કરી શકતી હોય, જે લીલા પ્રભુનું રસસ્વરૂપ જણાવતી ન હોય તેવી અન્ય ક્રિયાઓ રસાભાસ કરી નાખનારી ક્રિયાઓ તો પ્રભુમાં નથી જ એમ 'એવ' શબ્દ કહે છે; અર્થાત્ આ ઉપરથી એમ નિશ્ચય કરવો કે પ્રભુની જે કાંઇ લીલા છે તે બધી લીલા તે-તે રસાત્મક સ્વરૂપના આવિર્ભાવ માટે જ છે, જેથી રસાત્મક સ્વરૂપ દીપે નહીં તેવી લીલા તો પ્રભુમાં છે જ નહીં. એવી થોડીએ લીલા પોતાના અનેક રસથી પરિપૂર્ણ સ્વરૂપને જ પ્રકટ કરનારી હોય છે. જો એમ ન હોય તો પ્રભુ પૂર્ણપુરુષોત્તમ કોટિ બ્રહ્માણ્ડના નાયક પ્રાકૃત જનોનું અનુકરણ શા માટે કરે ? કારણ કે એ અનુકરણમાં કાંઇક ગૂઢ રસ સમાયેલો હશે. અને લૌકિકનું પણ અનુકરણ કરવાથી કોઇ રસસ્વરૂપ પ્રકટ થતું હશે, માટે જ પ્રભુ લૌકિકને અનુસરતી લીલાઓ કરે છે, તેથી લોકનું અનુકરણ પ્રભુએ કર્યું એમ આપણને

ભાસે છે, પણ એ વાસ્તવિક નથી, વાસ્તવિક તો એ જ છે કે ભગવાન કાંઇ લૌકિકનું અનુકરણ કરતા જ નથી, પરંતુ તે-તે રસને જણાવનારું સ્વરૂપ પ્રકટ કરનારી લીલા કરે છે. લોકનું અનુકરણ પ્રભુએ કરવાથી પ્રભુમાં લૌકિક બુદ્ધિ પ્રવેશે છે, માટે પ્રભુ લૌકિકને અનુસરતા જ નથી, અને એમની લીલામાં લોકને અનુસરવાની જ્યાં ભ્રાન્તિ થાય ત્યાં એમ જ સમજવું કે એ વિલક્ષણ રસથી યુકત સ્વરૂપ જ એવું છે. પોતાની રસમયતા જણાવવા માટે જ પ્રકટ થાય છે, નહીં કે લોકનું અનુકરણ કરવા માટે, એ સિદ્ધાન્ત લક્ષ્યમાં રાખવો.

> **નન્વેવંવિધક્રિયાવત્ત્વે ભગવતો લોકે સા કામવત્સમાનાધિકરણા દષ્ટેત્યત્રાપિ કામસિદ્ધૌ પૂર્વોકતદૂષણાપાત ઇત્યાહુઃ ‘‘પરં કામ’’ ઇતિ. સન્તુ તા એવ ક્રિયાસ્તથાપિ ન દોષઃ અજન્યવાત્તસામ્. ન હિ ભગવત્સ્વરૂપે આનન્દમાત્રેઽન્યદસ્તિ કિઞ્ચિત્, સ્વસ્વરૂપમેવ ભકતભાવનમુપલભ્ય તથા - તથા ભવતીતિ સિદ્ધાન્તસ્ય ‘‘વિનાનુવાદં ન ચ તન્મનીષિત’’મિત્યત્ર નિરૂપણાત્. વ્યાસૈરપ્યભિહિતમ્ ‘‘આહ ચ તન્માત્ર’’મિતિ.**

પુનઃ સંશય :

ભગવાન સર્વરસાત્મક છે, તેવાં -તેવાં રસમય સ્વરૂપોને જણાવવા માટે તેવી-તેવી રસમય લીલાઓ કરે છે. એ બધું સુયોગ્ય છે અને માન્ય જ છે, પણ એવી ક્રિયાઓ ભગવાનમાં છે એમ માનતાં ભગવાનમાં લૌકિક કામ રહેવાનો નિશ્ચય કરવો પડશે, કેમકે એવી નૃત્યબન્ધાદિ ક્રિયાઓ લોકોમાં તો જ્યાં કામ હોય છે ત્યાં અનુભવાય છે. કામ વિના એવી ક્રિયાઓનો સમ્ભવ જ નથી. એવી ક્રિયાઓ પ્રભુમાં માનતાં એવો કામ પણ પ્રભુમાં છે એમ માનો અને એ માનતાં પૂર્વે કહેલા દોષ ફરીને તૈયાર થઇને ઊભા જ રહેશે.

સમાધાન :

ઉપરના સંશયનું સમાધાન પૂર્વ કારિકામાં જ શ્રીમહાપ્રભુજીએ કરેલું છે. આપ આજ્ઞા કરે છે કે ‘‘પરંતુ કામ નથી.’’ લોકમાં જણાતી નૃત્યાદિક ક્રિયા ભલે

હો તોપણ દોષ નથી, કેમકે એ ક્રિયાઓ ઉત્પન્ન થતી નથી. લોકમાં કામને લઇને એ ક્રિયાઓ ઉત્પન્ન થાય છે. પહેલાં શરીરમાં કામ પ્રવેશ કરે, ત્યાર પછી એ શરીરમાં એવી ચેષ્ટાઓ[૧] જણાય. એવી રીતે પ્રભુમાં ક્રિયા ઉત્પન્ન જ થતી નથી. પહેલાં જણાવ્યું છે કે ભગવાન તો આનન્દરૂપ છે. ભગવાન જુદા અને એમનો દેહ જુદો એવી લોકવત્ વ્યવસ્થા ત્યાં નથી. પ્રભુનું શ્રીઅંગ જ આનન્દમય છે. ત્યાં આનન્દ સિવાય અન્ય છે જ નહીં તો પછી કામનો પ્રવેશ કયાંથી થવાનો અને એવી ક્રિયાઓ જન્મવાની કયાંથી ? અન્યત્ર[૨] એવોજ સિદ્ધાન્ત પ્રકટ કરવામાં આવ્યો છે કે ભકતની ભાવના પ્રમાણે પ્રભુ સ્વરૂપ પ્રકટ કરે છે. ભકતના હૃદયમાં જેવા રસાત્મક સ્વરૂપની ભાવના થઇ રહેલી હોય છે તેવા જ સ્વરૂપે પ્રભુ થાય છે. વેદવ્યાસે પણ એમ જ કહ્યું[૩] છે કે ''જેમ સમુદ્ર અન્દર અને બહાર સૈન્ધવ-લૂણથી પરિપૂર્ણ છે તેમ પ્રભુ આનન્દથી પૂર્ણ છે.'' એમનાં શ્રીહસ્તેન્દ્રિયાદિ સ્વરૂપથી જુદાં નથી. પણ સ્વરૂપાત્મક આનન્દમય જ છે. વેદ વગેરે એમના નિઃશ્વાસ હોવાથી એ નિઃશ્વાસરૂપ ક્રિયાઓ પણ એ જ સ્વરૂપમાંથી થાય છે. સર્વાકારસ્વરૂપ પ્રભુ હોવાથી ઇન્દ્રિયાદિક કલ્પનાથી શ્રુતિનો વિરોધ આવતો જ નથી, આવો સિદ્ધાન્ત વેદવ્યાસજીએ કહ્યો છે.

ટિપ્પણી :

૧. જેમ કોઇ શરીરમાં પ્રેત પેઠેલો હોય અને એ શરીરમાં જેવી વિચિત્ર ક્રિયાઓ જોવામાં આવે છે તેમ કામનો પ્રવેશ થયા પછી શરીરમાં ચિહ્નો બદલાઇ જાય છે અને નવી-નવી ક્રિયાઓ ઉત્પન્ન થાય છે...

૨. ''વિનાનુવાદં ન ચ તન્મનીષિતં'' એ શ્લોકમાં.

૩. ''આહ ચ તન્માત્રમ્'' એ બ્રહ્મસૂત્રમાં ૩જા અધ્યાયના બીજા પાદમાં

નનુ કથમજન્યત્વં તલ્લીલાનામિત્યાશંકય તદુપપાદયન્તિ ''કામોઽત્ર ન વિદ્યતે'' ઈતિ. લોકે તદ્ધેતુત્વેનાભિમતઃ કામોઽત્ર ન વિદ્યતે, પ્રભોરેવ તદ્રૂપત્વાત્, 'સાક્ષાન્મન્મથમન્મથ' ઇતિ વાકયાત્. ન હિ ભગવતો વિગ્રહે કામઃ. કામ ઈતિ તુ સુવચમ્. એતેન હેત્વભાવેનાજન્યતયા તત્ક્રિયાણાં નિત્યત્વમલૌકિકત્વં

ચ સમર્થિતમ્. એવંવિધલીલાકરણેઽપિ ભગવતો નિષ્કામત્વપ્રાકૃતત્વં ચોકતમ્. અત એવ કામાભાવાદેવ ન લૌકિકામુકવત્ સાપેક્ષતા ભગવતઃ, પ્રત્યુત માનશ્ચ.

પુનઃ સંશયોત્પત્તિ :

ભગવાનની ક્રિયાઓ અજન્ય છે એનું કારણ શું ? લોકમાં જીવની ક્રિયા તો ઉત્પન્ન થતી જોવામાં આવે છે. ભગવાનને પણ શરીર હોવાથી એમની ક્રિયા ઉત્પન્ન થતી નથી. નવી નથી ઉદ્ભવતી એ શું ?

સમાધાન :

એ સંશય ઉત્પન્ન થતાં એનો ઉત્તર શ્રીમહાપ્રભુજી આપે છે કે ''પરંતુ કામ નથી'' લોકમાં એવી ક્રિયાઓના કારણરૂપ કામ છે, અહીં એવો કામ જ નથી. એવો કામ હોય અને જો ક્રિયા ઉત્પન્ન થાય તો એ ક્રિયા ઉત્પન્ન થયેલી ગણાય, પણ મૂલમાં એવો કામ જ નથી તો પછી એવી ક્રિયા ઉત્પન્ન થયેલી કેમ ગણાય ? ભગવાનમાં કામ નથી, પરંતુ પ્રભુ જ કામરૂપ છે, કેમકે ''પ્રભુ સાક્ષાત્ મન્મથમન્મથ છે'' એમ શ્રીશુક કહે છે. કામને પણ પરાસ્ત કરનાર કોટિકન્દર્પલાવણ્ય પ્રભુ છે ત્યારે એમ જ નિશ્ચય કરવો કે જેમ જીવના દેહમાં કામ પેસે છે ત્યારે એમ જ નિશ્ચય કરવો કે જેમ જીવના દેહમાં કામ પેસે છે તેમ ભગવાનના દેહમાં કામ નથી, પરંતુ ભગવત્સ્વરૂપ જ કામ છે. એમ તો સારી પેઠે કહી શકાય, જીવ જુદો તેવો દેહ પણ જુદો અને એમાં પેસનાર કામ પણ ભિન્ન, એટલે એમાં ક્રિયા ઉત્પન્ન થવામાં કામ કારણ થઇ પડે, પણ ભગવાન જુદા નહીં. ભગવાનનું શરીર પણ ભગવાનથી ભિન્ન નહીં અને કામ જુદો ન હોઇને ભગવત્સ્વરૂપ જ ઠર્યો, તો હવે ત્યાં કામે એવી ક્રિયાઓ ઉત્પન્ન કરી કેમ મનાય ? તેમજ ભગવાનને કામી-કામવાન કેમ કહેવાય ? એથી જ સર્વ અભેદમય હોવાથી, ભેદનો લેશ પણ ન રહેવાથી ક્રિયાઓ પણ બધી અજન્ય છે, નિત્ય છે, અલૌકિક છે, વધારે તો શું પણ ભગવદ્રૂપ છે, એમ સિદ્ધ થયું. તેમજ એવી-એવી અનેક પ્રકારની લીલા કરવામાં પણ પ્રભુની નિષ્કામતા અને દિવ્યતા તેવી જ અખણ્ડ જ પ્રકાશે છે.

ભગવાનમાં એવો તુચ્છ કામ નહીં હોવાથી જ લૌકિક કામીની પેઠે ભગવાનને કોઇની અપેક્ષા પણ નથી, પરંતુ ઊલટું માન છે. લૌકિક કામી સ્ત્રીઓ માટે તલપે છે, જ્યારે પ્રભુ અલૌકિક કામસ્વરૂપ, છતાં રાત્રિના સમયમાં વનમાં મનોહર શરદ્ઋતુમાં પોતાની પાસે આવેલા વ્રજસુન્દરીઓને ઘેર જ જવાનો ઉપદેશ કરે છે અને એમની થોડી પણ અપેક્ષા દેખાડયા વિના પોતે માનલીલામાં જ બિરાજે છે !

> **ગીતગોવિન્દાદ્યુકતપ્રકારેણ લૌકિકીષુ રાત્રિષુ રમણે સાપેક્ષતા ચ તદ્રસસ્વરૂપસ્ય તથાત્વબોધનાયાલૌકિકત્વં હિ લોકનિર્વચનીયત્વં, ન તુ લોકસિદ્ધત્વં, લોકે રસસ્યૈવાભાવત્ ''દર્શયન્ કામિનાં દૈન્ય''મિત્યત્ર તથા નિરૂપણાત્. લોકાનાં તુ મહારાજલીલાનુકરણે બાલાનાં તર્દાભિમાન ઇવ સરસતાભિમાનમાત્રમિતિ નિગર્વઃ.**

'ગીતગોવિન્દ'માં કહ્યા પ્રમાણે લૌકિક રાત્રિમાં રમણ કરતાં પ્રભુએ જે અપેક્ષા બતાવેલી છે તે સ્થલે એમ જ સમજવું કે એ રસસ્વરૂપ એવું કાંઇક વિલક્ષણ છે; જેમ કે 'ગીતગોવિન્દ' ના કર્તા જયદેવજી એ સ્વરૂપ કહે છે : ''વિકિરતિ મુહુઃ શ્વાસાનાશાઃ પુરો મુહુરીક્ષતે, પ્રવિશતિ મુહુઃ કુઞ્જં ગુઞ્જન્મુહુર્બહુ તામ્યતિ । રચયતિ મુહુઃ શય્યાં પર્યાકુલં મુહુરીક્ષતે, મદનકદનકલાન્તઃ કાન્તે પ્રિયસ્તવ વર્તતે'' (ગીતગોવિન્દ, સ.૫) ''લૌકિક લૌકિક'' એમ કહેવામાં આવે છે, પરંતુ એનો ભાવાર્થ શો લેવાનો છે એ કોઇ જાણતું નથી. લૌકિક એટલે લોકમાં કહેવાતું હોય તે, નહીં કે લોકમાં જે સિદ્ધ છે તે લૌકિક. લોકમાં જ સિદ્ધ હોય તે તો પ્રભુમાં હોય જ નહીં, પરંતુ લોકમાં જે કાંઇ કહેવાતું હોય અને તેથી લૌકિક ઠરી ગયેલું હોય તેવું લૌકિક પ્રભુમાં હોઇ શકે; જેમકે રસમાત્ર લૌકિક કહેવાય છે, પણ એ લોકમાં સિદ્ધ નથી, કેમકે લોકમાં રસ જ નથી. લોકમાં રસ સિદ્ધ હોય તો એ પ્રભુમાં ગણાય નહીં. જેમ લોકમાં શરીર પઞ્ચમહાભૂતનું સિદ્ધ છે, પણ એ પ્રભુમાં મનાય નહીં, પણ આનન્દનું શરીર લોકવેદમાં કહેવાય છે, પણ લોકમાં નથી, તો એવો દેહ પ્રભુમાં

મનાય પણ છે. લોકમાં રસ નથી, પણ કહેવાય તો છે, તો એ રસ માત્ર પ્રભુમાં હોય, પ્રભુ એ રસરૂપ હોય જ, એમાં આશ્ચર્ય શું ?

વ્રજમણ્ડન વદે છે કે **''રેમે તયા ચાત્મરત આત્મારામોઽપ્યખણ્ડિતઃ, કામિનાં દર્શયન્દૈન્યં સ્ત્રીણાં ચૈવ દુરાત્મતામ્''** (ફલપ્રકરણ)

અક્ષરાર્થ : ''આત્મરમણ કરનારા, અખણ્ડિત, આત્મારામ એવા ભગવાન કામીઓની દીનતા અને સ્ત્રીઓનું દુરાત્માપણું દર્શાવતા એમની સાથે અન્તઃપ્રવિષ્ટાઓની સાથે રમ્યા હતા.''

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે

> **''કામિનસ્ત્વેવમેવ દીના ભવન્તિ. 'કામાર્તા હિ પ્રકૃતિકૃપણા' ઈતિ તેષામનુકરણં કરોતિ. અન્યથા તેષાં નિરોધો ન સ્યાત્. પ્રયોજનાન્તરમપ્યસ્તીત્યાહુઃ સ્ત્રીણામિતિ. સ્ત્રીણાં ચ દુરાત્મા પ્રદર્શિતા. ન તાસાં કાચિદશક્તિરસ્તિ નાપિ સૌકુમાર્યં, કિન્તુ વશીકૃતે પુરુષે દૌષ્ટયમેવ કુર્વન્તિ. શાલાવૃકાણાં હૃદયાન્યેતાનિ. અત ઉભયબોધનાર્થં રેમે.**

લોક જ પ્રભુની લીલાનું અનુકરણ કરે છે :

અર્થાત્ લૌકિક કામીઓ દીન છે, એમની દશા દયાજનક છે, કેમકે કાલીદાસ કહે છે કે ''કામાર્ત પુરુષો પ્રકૃતિએ શિથિલ હોય છે'' માટે જ પ્રભુ એનું અનુકરણ કરે છે અને નિરોધ કરે છે. સ્ત્રીઓની પણ એવી જ દુષ્ટતા બતાવે છે. આ ઉપરથી એટલો જ સાર લેવાનો કે જે કાંઇ લોકમાં રસ કહેવાય છે તે લોકમાં સિદ્ધ નથી, માત્ર રસનો આભાસ દેખાય છે એટલું જ; રસથી પરિપૂર્ણ તો માત્ર સદાનન્દ પ્રભુ જ છે. છતાં લોકમાં રસનું અભિમાન રહેતું હોય તો આટલા પુરતું જ છે. જેમ સાધારણ બાળકો અન્દર-અન્દર રમતી વેળાએ કોઇ રાજા બને છે, કોઇ પ્રધાન બને છે, કોઇ સિપાઇનો વેશ ભજવે છે, એમાં રાજા બનેલો પોતે રાજા હોવાનો ફાંકો રાખે છે. રાજલીલાનું-અનુકારણ-હુકમ કરવા વગેરે કરે છે, તેમ જ લોકો પણ એ ત્રિલોકના નાયક રસેશ પ્રભુની રસમય લીલાનું અનુકરણ કરીને પોતાને રસમાં ડૂબાડૂબ થયાનું માની બેસે છે ! પરંતુ

એમનું એ માનવું બાળકોના દૃષ્ટાન્તની પેઠે ઉપહાસપાત્ર તેમજ એક દૃષ્ટિએ દયાજનક છે. સર્વ જગત એ રસાત્મક મન્મથમન્મથ નન્દનન્દનની લીલાનું અનુકરણ કરે છે. પ્રભુ કાંઇ લૌકિક ક્રિયાનું અનુકરણ કરતા નથી, પરંતુ રસમય લીલા કરીને લૌકિક કામીઓની દીનતા તેમ એવી સ્ત્રીઓની દુષ્ટતા જ જણાવે છે, અને એઓની એમાંથી આસક્તિ ઊઠી જાય, એમનું સરસપણાનું અભિમાન કમી થાય, માટે જ રસમય સ્વરૂપ પ્રકટ કરે છે, એ જ સિદ્ધાન્તનો શિરોમણિરૂપ મહાસિદ્ધાન્ત છે.

> નનુ ભક્તાનાં તુ કામસત્ત્વેન સકામત્વં પ્રાકૃત્વં ચ દુષ્પરિહારમિતિ તત્સમ્બન્ધેન ભગવતો લીલાયાશ્ચ તથાત્વં સિધ્યેદિત્યાશંકયાહુ: તાસાં કામસ્યેતિ. તાસાં સ્વામિનીનાં યઃ કામઃ સોઽપિ સ્વરૂપાત્મક એવ, ન લૌકિકઃ યતો નિષ્કામેનાધેયાસમ્બન્ધેન કામાભાવવતા સમ્યક્ સર્વભાવેન તસ્ય પૂર્તિરિતિ. પ્રતિમાયાં સ્વરૂપસ્થિત્યા તત્ત્વમિવ તાસ્વપિ સ્વરૂપાત્મકકામસ્થિતા તદ્રૂપત્વમિતિ તાઃ સ્વામિન્યોઽપિ તથા ભગવાનિવાપ્રાકૃતવિગ્રહા નિષ્કામાશ્ચેતિ તથાભૂતાસુ રમણાન્નાંશતોઽપિ લીલાયાઃ સ્વરૂપસ્ય ચ પ્રાકૃતત્વશંકેત્યર્થઃ અત એવ દૃશ્યન્તેઽત્ર સર્વત્ર તથાવિધાન્યેવ તાસાં વચાંસિ ''સન્ત્યજ્ય સર્વવિષયા''નિત્યાદિ. ન હિ કામિન્ય એવં વદન્તિ. ન વા ભગવતોઽન્યઃ સર્વથા નિરપેક્ષા ભવતિ. દ્વિતીયાધ્યાયીયસાપેક્ષતા તુ ભગવત ઇવોત્તરરસપ્રાકટ્યેન તદ્ધર્માવિર્ભાવરૂપેતિ ભાવઃ ।।૧।।

સંશયોત્થાપનઃ

ભગવાનમાં કામ નથી એ સિદ્ધાન્ત તો દૃઢ થયો, પરંતુ ભક્તોમાં તો કામ હોવાથી ભકતો તો સકામ અને પ્રાકૃત જ રહેવાના. એ માટે કોઇપણ ઉપાય ચાલી શકે એમ નથી. ભકતોની સકામતા અને પ્રાકૃતતા માટે કાંઇ પણ બચાવ થઇ શકે એમ નથી. ભક્તો સકામ અને લૌકિક રહેશે તો ભગવલ્લીલા પણ સકામ અને લૌકિક થઇ જવાની, કેમકે એવા ભક્તો સાથે લીલા મુખ્ય સમ્બન્ધ ધરાવે છે.

સંશયનિરાસ :

આ શંકાનો પરિહાર શ્રીવૈશ્વાનરાચાર્ય એ જ શ્લોકમાં કરે છે : એ વ્રજસુન્દરીઓનો કામ પણ ભગવત્સ્વરૂપાત્મક જ છે. સ્વામિનીઓનો કામ લૌકિક નથી. વ્રજભક્તોના કામની પૂર્તિ નિષ્કામથી કરી છે, કામના આધાર વિનાના સર્વાત્મભાવથી કરી છે. પોતાનો સર્વભાવ પ્રભુમાં જ થાય એ સર્વાત્મભાવ કહેવાય. એ સર્વાત્મભાવમાં કામ નથી રહેતો. એવા કામથી રહિત સર્વાત્મભાવ વડે કામની પૂર્તિ થઇ ગયેલી છે. તાત્પર્ય કે જેમ કાષ્ઠાદિની પ્રતિમામાં-મૂર્તિમાં ભગવત્સ્વરૂપની સ્થિતિ થવાથી મૂર્તિ ભગવદ્રૂપ થઈ જાય છે, તેમ સ્વરૂપાત્મક કામ, સાક્ષાત્ પ્રભુરૂપ કામ, એ વ્રજભક્તોમાં રહેલો હોવાથી વ્રજસીમન્તિનીઓ પણ ભગવદ્રૂપ થઇ ગયેલાં સમજવાં. એથી જ સ્વામિનીઓ પણ રસનાયકની પેઠે અલૌકિક દેહવાળાં તથા નિષ્કામ થઇ ગયેલાં હોવાથી એમની સાથે રમવાથી લીલામાં અને સ્વરૂપમાં લેશ પણ દોષ આવતો નથી તેમજ લીલાની દિવ્યતા અખણ્ડ સચવાઇ રહે છે. માટે સ્વરૂપમાં અને લીલામાં પ્રાકૃતતાની શંકા લાવવી નહીં. એમાં બીજા પણ અનેક કારણો છે. વ્રજભક્તો જ્યારે વેણુનાદથી આકર્ષાઇને પ્રભુની સન્નિધિમાં આવ્યાં ત્યારે પહેલાં પ્રભુએ એમને ચાતુરીથી ભરેલાં વચનો વડે ગૂંચવાડામાં નાંખ્યા, પણ એમને લૌકિક કામનો ગન્ધ સ્વપ્ને નહીં હોવાથી ભક્તિબલ ઉપર આધાર રાખીને પ્રભુને પ્રત્યુતર આપે છે, તેમાં પહેલા જ શ્લોકમાં[1] પોતાના હૃદયમાં સર્વ ભાવ પ્રકટ છે : **''મૈવં વિભોડર્હતિ ભવાન્ ગાદિતું નૃશંસ સન્ત્યજ્ય સર્વવિષયાંસ્તવ પાદમૂલમ્, પ્રાપ્તા ભજસ્વ દુરવગ્રહ મા ત્યાજાસ્માન્ દેવો યથાદિપુરુષો ભજતે મુમુક્ષુન્''.**

તાત્પર્ય :

''હે વિભો ! આવું ક્રુર ભાષણ કરવું આપને યોગ્ય નથી. આપ સમર્થ છો તેથી જ આવું ક્રૂર બોલો છે, દયાળુ હોત તો આવું નિષ્ઠુર ભાષણ કરત નહીં. આપ પૂછો છો કે ''વ્રજ કુશળ તો છે ?'' પણ એની સાથે અમારો સમ્બન્ધ શો ? વ્રજ કુશળ હોય વા ન હોય એ જાણવાની અમારે જરૂર શી છે ? અમે તો સર્વ **વિષયોનો ત્યાગ** કરીને આપની પાસે આવેલાં છીએ. હવે જે માર્ગે જવાનું

છોડી દીધું, જે દિશા ભણી જોવાનું જ અકારું થઇ પડયું, ત્યાં આપ પાછાં મોકલો એ શું યોગ્ય છે ? જે વિષયો ઉપર પૂળો મૂકયો તેનો સ્વીકાર શું ઉચિત છે ? અમે આપને જાર માનીને પણ નથી આવ્યાં, એકાદશ ઇન્દ્રિયોના વિષયોનો વાસનારૂપ બીજ સાથે ત્યાગ કર્યો છે. જો એમ ન કર્યું હોત તો આપના ચરણારવિન્દને પ્રાપ્ત કેમ કરી શકત ? સર્વ વિષયો-લૌકિક વિષયો જ્યારે છૂટે છે ત્યારે જ આપના ચરણમૂલની પ્રાપ્તિ થાય છે. એ પ્રાપ્તિ અમને થઇ છે, વિષયોની વાસના હવે અમારા હૃદયમાં નથી એમ અમે માનીએ છીએ. આપે પૂછ્યું કે અહીં આવવાનું કારણ જણાવો. તો અમે જણાવીએ છીએ કે ''તમે અમને ભજો'' નથી ભજતા એ આપનો એક પ્રકારનો દુરાગ્રહ છે. જીવોને બધું કરવું ગમે છે, પણ ભગવદ્ભજન કરવું નથી ગમતું, એવું આપને પણ થયું છે કે શું ? જેમ ભગવદ્ભજન ન કરવાનો આગ્રહ જીવોમાં મહાદોષરૂપ ગણાય છે તેમ આપ પણ અમને નહીં ભજો તો એવું જ ગણાશે. અમે આપને ત્યજતાં નથી તો આપ પણ અમને છોડો નહીં. જેમ આદિપુરુષ દેવ સર્વને ભજે છે તેમ આપ અમને ભજો. દેવનું ભજન વ્યભિચારજનક ન જ કહેવાય. જેમ મુમુક્ષુઓને ભગવાન ભજે છે. પોતાના તરીકે એમનો અંગીકાર કરે છે, સ્વાનન્દનું દાન કરે છે. તેમ અમારું ભજન આપે કરવું જ જોઇએ.''

ઉપરના શ્રીવ્રજાંગનાઓનાં વાકય વાંચ્યા પછી કામની સૂગ જણાય છે ખરી ? સાધારણ જ વિચાર કરો કે જે કામિની હોય તે આવાં વચનો બોલે ? લૌકિક અનુભવ તમને શો પાઠ શીખવે છે ? કામના અનિવાર્ય તાપથી તપેલી સ્ત્રીઓ આવા જ્ઞાની ભકતોના પણ હૃદયમાં નહીં ઉદભવતા ઉત્તમોત્તમ રસથી છલકાતા ભાવ પ્રકટ કરવા શક્તિમતી બને, તે એમ માનવા તત્પર બને ? સર્વથા નહીં એવો આન્તર ધ્વનિ થાય છે. જેવી ભાવના ભકતોની છે તેવી જ પ્રભુની છે. જેમ વ્રજભકતોમાં કામનો અંશ પણ નથી તેમ જ પ્રભુમાં નથી, એ જ પ્રભુની નિરપેક્ષતા સિદ્ધ કરી આપે છે.

ફલપ્રકરણના દ્વિતીય અધ્યાયમાં ભગવાનની જે સાપેક્ષતા બતાવાઇ છે તે તો ભિન્ન જ છે. સર્વ ભકતોને સૌભાગ્યમદ પ્રાપ્ત થતાં પ્રભુ તિરોહિત થયા અને એ મદથી રહિત એવાં મુખ્ય સ્વામિનીજીને સાથે લઇ ગયા અને એમણે જે કહ્યું તે પ્રમાણે થોડે સુધી કર્યું પણ ખરું, એ બધી અપેક્ષા ઓર જ ભાવનું

સૂચન કરે છે. એ વખતે જેમ ભગવાનમા અપેક્ષા છે તેમ સ્વામિનીભાવમાં વિરહ રસનું પ્રાકટય થયા પછી એવી સાપેક્ષતા પ્રકટે, અને એમ થવામાં એ ધર્મના આવિર્ભાવરૂપ ભગવાનની સાપેક્ષતા છે.

ટિપ્પણી :

૧. કામની સૂગવાળા વિચારકો જો આ શ્લોકનું જ પુરેપૂરું રહસ્ય સમજતા હોય તો એઓને કદી ખાડામાં પડયાની ધાસ્તી રહેતી નથી, પણ વિચારના વમળમાં વલખાં મારતાં મારતાં, શ્રીગુસાંઇજીના જ શબ્દોમાં કહું તો, નેત્ર વિનાના થઇને બહિર્મુખતા અસત્સંગ નામના મોટા ભયંકર ખાડામાં પડી જાય છે અને એમનું અન્તઃકરણ પરવશ બનીને પરકીય સૂજને ઉપદેશેલું પણ એના સ્મરણમાં રહેતું નથી, એટલે એમને ખાડામાંથી બહાર ખેંચી કાઢનાર કોઇ મળતું નથી.

નનુ એવમપિ ભક્તાનામ્ અલૌકિકામવત્ત્વે કિં પ્રમાણમ્ ? ભગવતઃ પરમકૃપાલોઃ અન્યથાકર્તુમપિ સમર્થત્વેન તદર્થં પ્રાકૃતવિગ્રહં કામં ચ સ્વીકૃત્ય પ્રાકૃતમપિ તદીયં તં પૂરયેદ્ ઇતિ આશંકય આહુઃ 'કામેને'તિ.

કામેન આધેયરૂપેણ સ્વરૂપભિન્નેન પૂરિતઃ પ્રાકૃતઃ કામઃ સંસારં પુત્રપૌત્રાદસમ્પત્ત્યા વિશેષાહન્તામમતાત્મકં જનયેન્ન તુ તદભાવં, "ન જાતુ કામઃ કામાના"મિતિ વાકયાત્. કામાભાવેન કામસ્યાધેયસ્યાભાવો યત્ર તદશેન સ્વરૂપેણ પૂર્ણસ્તુ કામો નિષ્કામ આધેયકામરહિતઃ સ્વરૂપાત્મક એવ સ્યાત્. અત એવ તાદશકામવતાં યથા - યથા ભગવતો વિશેષલીલા તથા - તથા દશ્યતેऽત્યન્તનિરપેક્ષ-તૈવ. યતો ભગવતોऽપ્યગ્રે નિરપેક્ષા જાતાઃ સ્વતન્ત્રભકત્યૈ સ્થિતાઃ. યદિ લૌકિક એવ કામઃ સ્યાત્તદા નૈવં સ્યાદિતિ સ્વરૂપાત્મકકામવત્ય એવૈતા ઇતિ સર્વમનવદ્યમ્ ।।૨।।

ઉત્થાનિકા :

ભગવાનના અપ્રાકૃત દેહમાં તો અનેક પ્રમાણો મળે છે, તેમ એ

વ્રજાંગનાઓનાં અપ્રાકૃત શરીર અને અલૌકિક કામમાં પ્રમાણ શું ? એમાં કાંઇ પ્રમાણ હોય તો એમ માનવું સંશય-ભરેલું ન ગણાય, પરંતુ પ્રમાણ વિના તો નિરાધાર ગણાઇને વિશ્વાસપાત્ર ગણાશે નહીં.

વળી ભગવાન પરમકૃપાળુ છે. 'કર્તુમકર્તુમ્ અન્યથાકર્તુમ્'' સમર્થ છે, તે ભકતોના પ્રાકૃત દેહ અને લૌકિક કામનો સ્વીકાર કરીને પણ ભકતોના લૌકિક કામને કેમ ન પૂરે ? પ્રભુ સર્વ કાર્ય કરવાને સમર્થ છે. આ શંકાનું નિવારણ કરવા માટે શ્રીમહાપ્રભુજી અન્ય કારિકા યોજે છે - ''કામેન પૂરિતઃ સંસારં જનયેત્ સ્ફુટમ્, કામાભાવેન પૂર્ણસ્તુ નિષ્કામઃ સ્યાન્ન સંશયઃ''. તાત્પર્ય - ''પ્રાકૃત દેહના આધારથી રહેનારા, ભગવતસ્વરૂપથી ભિન્ન એવા કામથી જો પ્રાકૃત કામ પૂર્ણ કરવામાં આવે, સ્વભિન્ન એવા લૌકિક કામનો આશ્રય કરે, અને એ જ કામથી ભકતોના લૌકિક કામને પૂરે તો એમ કરવાથી જેમ લોકમાં પરિણામ આવે છે તેમ અહીં પણ આવે. લોકનું અનુસરણ પ્રભુ કરે તો સંસાર જ ઉદ્દભવે, પુત્રપૌત્રાદિ સમ્પત્તિ ગળે વળગે, અને તેથી વિશેષ અહન્તા-મમતાત્મક સંસાર જ જન્મ પામે; એ સંસારનો અભાવ તો ન જ રહે. સંસાર વધારે વળગે તો ભયંકર હાનિ થાય છે. ''ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ, હવિષા કૃષ્ણવર્ત્મૈવ ભૂય એવાભિવર્ધતે''. અર્થ - ''જેમ ઘી હોમવાથી અગ્નિ વધતો ને વધતો જ જાય છે, તેમ કામના ઉપભોગથી કામ કદી શાન્ત થતો નથી જ, બલકે વધારે ને વધારે વધે છે.''

હવે સમજાશે કે જો પ્રભુને પણ પ્રાકૃત દેહ અને પ્રાકૃત કામ હોત અને ભકતોને પણ એમ જ હોત તો પુત્રપૌત્રાદિ સંસાર જ ઉત્પન્ન થાત. એવું થયેલું કોઇ પણ ઠેકાણે શ્રીભાગવતમાં કે અન્ય પુરાણોમાં વર્ણવ્યું નથી, માટે જ ભકતોનો કામ અને ભગવાનનો કામ લોકથી વિલક્ષણ છે એમ સિદ્ધ થયા વિના રહેતું નથી.''

ભગવાને નજીકનાં ભકતોનો કામ પ્રાકૃત કામથી નથી પૂર્યો, પરંતુ કામના અભાવથી એ પૂર્યો છે. કામનો જેમાં અભાવ છે તેવું જે આપનું મન્મથમન્મથ સ્વરૂપ તદ્રૂપ કામ એમાં પૂર્યો છે. એમ થવાથી કદાચિત્ ભકતોમાં લૌકિક કામ હોય તોપણ એ ભગવદ્રૂપ થઇ જાય. અહીં સૂક્ષ્મતાથી જોતાં જણાશે કે એવા સ્વરૂપાત્મક કામવાળાં સાથે જેમ-જેમ ભગવાને વિશેષ

લીલાઓ કરી છે તેમ-તેમ અત્યન્ત નિરપેક્ષતા જ દષ્ટિગોચર થાય છે. વધારે તો શું, પણ ભગવાનની આગળ પણ નિરપેક્ષ જ થઇ ગયાં, માત્ર સ્વતન્ત્ર ભક્તિ વડે જ રહ્યાં. જો એમનો કામ લૌકિક જ હોય તો એવી રીતે નિરપેક્ષ થાય જ નહીં, માટે સ્વરૂપાત્મક કામ જ વ્રજસુન્દરીઓમાં છે અને એ ભગવત્સ્વરૂપ હોવાથી એમનો દેહ પણ પંચમહાભૂતનો નથી પણ ભગવદ્રૂપ છે, દિવ્ય છે, એ સિદ્ધ થયું.

> **નન્વેવં ભગવતો ભકતાનાં ચ નિષ્કામત્વે રસશાસ્ત્રમર્યાદા ભજ્યેત. કામબતોરેવ તથા ભાવનિરૂપણાદિત્યાશંકયાહુ: ''અતો ન કાપી''તિ.**
>
> **યતો ભગવાનેવ કામઃ સ્વસ્વરૂપમેવ વિગ્રહરૂપેણ કામરૂપેણ ચાવિર્ભાવ્ય ભકતેષુ ચ સ્વસ્વરૂપં પ્રતિષ્ઠાપ્ય પ્રસાદરૂપશક્તિપ્રવેશેન સ્ત્રીભાવં દત્ત્વા સ્વસ્વરૂપસ્ય ચ તત્સમ્બન્ધિત્વં વિધાય સ્વરૂપાત્મિકાભિઃ સહ રમત ઇત્યતો રસમર્યાદા નિષ્કામત્વાદ્ મોક્ષફલાપિ સા ન ભગ્નેત્યર્થઃ. ''અત એતચ્છુતા''વિતિ યતો નેયં કામલીલાઽપિ તુ સ્વરૂપાનન્દદાનલીલા. અત એતચ્છ્રવણેન વેદાન્તશ્રવણેનેવ લોકઃ સાધારણોઽપિ નિષ્કામ એવ સર્વથા સર્વપ્રકારેણ ભવેત્ ।।૩।।**

ઉત્થાનિકા :

ઉપર પ્રમાણે તો ભગવાન પણ નિષ્કામ અને ભકતો પણ નિષ્કામ સિદ્ધ થયાં. બન્ને નિષ્કામ થાય તો રસનો આવિર્ભાવ પણ ન થવો જોઇએ, રસશાસ્ત્રની મર્યાદા પણ તૂટી જવાની, કેમકે કામ વિના રસની ઉત્પત્તિ કોઇ પણ રસશાસ્ત્રમાં વર્ણવી જ નથી. કામના આધાર સ્ત્રીપુરુષમાં જ રસપ્રાકટ્ય સિદ્ધ છે.

આ શંકાનું નિવારણ તૃતીય કારિકામાં શ્રીવલ્લભાગ્નિ કરે છે - ''અતો ન કાપિ મર્યાદા ભગ્ના મોક્ષફલાપિ ચ, અત એતચ્છ્રુતૌ લોકો નિષ્કામઃ સર્વથા

ભવેત્'' (૩) **તાત્પર્ય** - ''રસશાસ્ત્રની મર્યાદા ભગ્ન થતી નથી. ભગવાન અને ભકત લૌકિક કામથી રહિત છે. લૌકિક કામનું ફલ સંસાર છે અને અહીં તો ફલ મોક્ષરૂપ છે, છતાં પણ રસશાસ્ત્રની મર્યાદા અખણ્ડિત રહે છે અને રસની ઉત્પત્તિ પણ અવિરત થાય છે, અને ભગવાનની રસમયતા-રસાત્મકતા પ્રત્યક્ષ કરી શકાય છે. એમાં મૂલ કારણ એ છે કે લોકોની પેઠે અહીં કામ જુદો નથી એ તો પહેલાં વારંવાર પ્રતિપાદન કરેલું જ છે, માટે કામ ભિન્ન નથી, પણ ભગવાન જ કામ છે. પ્રભુ પોતાનું જ સ્વરૂપને સ્થાપીને, એમાં પોતાનો અનુગ્રહ સ્થાપે છે. એના પ્રવેશથી ભકતોમાં અલૌકિક સ્ત્રીભાવ પ્રાપ્ત થાય છે તેનું એ પરમફલાત્મક સ્ત્રીભાવનું દાન પણ એ રાસનાયક પ્રભુ જ કરે છે. એ પ્રમાણે સ્ત્રીભાવનું દાન કરીને, ભકતોને - શ્રીવ્રજસુન્દરીઓને સ્વસ્વરૂપ કરીને એની સાથે રમે છે. માટે રસની પણ ઉત્પત્તિ રસનિસ્યન્દિનીનો સુન્દર પ્રવાહ અવિચ્છિન્ન ચાલુ રહે છે અને રસશાસ્ત્રની કોઇ પણ મર્યાદા ભગ્ન થતી નથી. પુત્રપૌત્રાદિક સંસારરૂપ ફલ નહીં છતાં મોક્ષરૂપ જ ફલ પરિણામમાં છે, એ પણ વિલક્ષણતા સ્મરણમાં રાખવી.

આ કામલીલા નથી, પણ સ્વરૂપાનન્દદાનલીલા છે.

આ લીલા કામલીલા કહેવાય છે, લોકના શબ્દોમાં કામલીલા કહેવાય છે, પરંતુ વસ્તુતઃ કામલીલા નથી. ભકતોને પ્રભુ સ્વરૂપાનન્દનું દાન કરે છે, માટે એનું મુખ્ય નામ સ્વરૂપાનન્દદાનલીલા છે એમ નિર્ધારવું. એ જ કારણથી આ લીલાના શ્રવણથી વેદાન્તના શ્રવણની પેઠે સાધારણ લોક પણ સર્વ પ્રકારે નિષ્કામ જ થાય છે.

નન્વેવમપ્રાકૃતત્વમવિદુષાં કાવ્યાદિશ્રવણ ઈવૈત્છ્રવણેઽપિ કામોદ્બોધ એવ સ્યાદિત્યાશંકયાહુઃ 'ભગવચ્ચરિત'મિતિ.

યત સર્વમેવ ભગવતઃ પરમકાષ્ઠાપન્નસ્ય ચરિતમતો નિષ્કામ ઈર્યતે કથ્યતે, પ્રભોર્નિષ્કામતાયાઃ પૂર્વં પ્રતિપાદિતત્વાત્. ન હિ ભગવાન્ પરમકાષ્ઠાપન્નઃ શરીરં ગૃહ્ણાતિ ન વા કામં ન વા તચ્ચેષ્ટામ્. યતો જ્ઞાનિનોઽપિ તત્ત્યજન્તિ. તસ્માત્તસ્ય ભગવતશ્ચરિતં ચેત્તદા નિષ્કામમેવેતિ

સાધારણાનામપિ જ્ઞાનસમ્ભવાદેતચ્છ્રવણે કવ કામોદબોધસમ્ભાવના ? પ્રત્યુતાપ્રાકૃતત્વનિષ્કામત્વાદિજ્ઞાનં ચ તત્સ્વરૂપં લીલાયાં ચ સેત્સ્યતીત્યર્થઃ. અત એવ શુકોડપિ પ્રવૃત્તઃ પરિત્યજ્ય જ્ઞાનનિષ્ઠામ્. પ્રાહ ચ ''કામં હૃદ્રોગ'' મિતિ પ્રકરણાન્તે સ્ફુટમેવ વાકયમિતિ સર્વમનવદ્યમ્ ।।૪।।

ઉપસંહાર :

સંશય ઊઠે છે કે જે લોકો ઉપર પ્રમાણે આ લીલાની દિવ્યતા સમજી શકતા ન હોય તે લોકોને તો કાવ્યો-શૃંગારના કાવ્ય-સાંભળ્યાથી જેમ કામનો ઉદ્‌બોધ થાય, લૌકિક કામ જાગે, તેમ આ લીલાના શ્રવણથી પણ એ જ પરિણામ આવે.

આ સંશયનો પરિહાર અન્તિમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી કરે છે : **''ભગવચ્ચરિતં સર્વં યતો નિષ્કામમીર્યતે, અતઃ કામસ્ય નોદ્‌બોધઃ તતઃ શુકવચઃ સ્ફુટમ્''.**

તાત્પર્ય : ''પરમકાષ્ઠાપન્ન ભગવાનનું સર્વ ચરિત નિષ્કામ જ હોય છે. એ ચરિત અન્યનું હોય તો સકામ કહેવાય, પરંતુ એ અખિલ બ્રહ્માંડના નિયન્તાનું છે, માટે જ નિષ્કામ કહેવાય છે. ભગવાન તો આપ્તકામ છે, એ લૌકિક-કામ નથી એમ પહેલાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે જ, તો એમના ચરિત્રમાં કામ કયાંથી આવવાનો ? ભગવાન તો પરમકાષ્ઠાપન્ન પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ છે, તો કાંઇ પ્રાકૃત દેહ પણ ધરતા નથી કે નથી સ્વીકારતા કામને અને એની ચેષ્ટાઓને, કેમકે જ્ઞાની પુરુષો પણ લૌકિક દેહને, કામને અને કામની ચેષ્ટાઓને ત્યજે છે તો ભગવાન એને સ્વીકારે એ તો કેમ જ મનાય ? એથી ભગવાનનું ચરિત્ર તો કામના લેશ પણ સ્પર્શથી રહિત જ હોવું જોઇએ, એમ સાધારણ માણસો પણ જો વિચાર કરે તો એ, સમજી શકે એમ છે; તો હવે આ ચરિત્રના શ્રવણથી તો ભગવાનની દિવ્યતા અને નિષ્કામતાનું ભાન થાય છે. એટલા માટે જ શુકદેવજી જેવા જીવન્મુકત જ્ઞાની પુરુષ પણ જ્ઞાનમાં રહેલી પોતાની નિષ્ઠા ત્યજીને ભગવાનની આ રસાત્મક દિવ્ય લીલાનું વર્ણન કરવા તત્પર થયા, અને છેવટે એમ જ ઉપદેશ છે કે **''વિક્રીડિતં વ્રજવધૂભિરિદં ચ**

વિષ્ણોઃ શ્રદ્ધાન્વિતોડનુશૃણુયાદથ વર્ણયેદ્ યઃ, ભક્તિં પરાં ભગવતિ પ્રતિલભ્ય કામં હૃદ્રોગમાશ્વપહિનોત્યચિરેણ ધીરઃ'' (ફલપ્રકરણે).

તાત્પર્ય-''વ્રજવધૂગણ સાથે ભગવાને કરેલ વિશેષ ક્રીડારૂપ ચરિત્ર જે ભકત શ્રદ્ધાયુકત થઇને સારી પેઠે વર્ણન કરાતું હોય તે સામ્ભળે, અથવા તો એને પણ પોતે જ વર્ણવે તો ભક્તિ પ્રાપ્ત કરે. આમાં વર્ણાદિનો પણ નિયમ નથી, બ્રાહ્મણ ક્ષત્રિય ગમે તે હો, એ ભગવાનમાં ભક્તિ, એ પણ ઉત્કૃષ્ટ ભક્તિ, પ્રાપ્ત કરે છે. એ ભક્તિ હૃદયમાં સ્થિર થયા પછી હૃદયનો ભયંકર વ્યાધિ, જિગરનું દર્દ, એવો જે કામ તેને તત્કાળ દૂર કરે છે. જે કામ પહેલાં હૃદયમાં પેસીને વારંવાર અડચણો નાખતો, ઉત્તમ વસ્તુનો તત્કાલ બાધ કરતો, તેને એ ભક્તિ ત્યાંથી દૂર કરે છે, એ માત્ર આ ચરિત્રના શ્રવણથી જ. ત્યારપછી પહેલાંની વાસના વડે કોઇ વેળાએ જો કામ ઉત્પન્ન થાય તો એને દબાવવાને શક્તિમાન થાય છે. થોડી જ વારમાં એને દબાવી શકે છે. માટે આ ચરિત્ર અભિપ્રાય સાથે સાંભળવું. સાંભળવું એ એના ઊંડા રહસ્યની સાથે સાંભળવું, એના ઊંડા મર્મની સાથે સાંભળવું.

શ્રીશુકદેવજીના રાસપઞ્ચાધ્યાયીના આ છેલ્લા વચનથી સ્પષ્ટ થાય છે કે ભગવચ્ચરિત્ર સાંભળવાથી, એનો અભિપ્રાય જાણવાથી કામનો ઉદબોધ થવો તો દૂર રહ્યો, પરંતુ હૃદયને કોરી ખાનાર એ ઝેરી કીડો મહાભયંકર રોગરૂપ દૂર થઇ જાય છે, કોઇપણ વખતે ત્યાં સ્થાન મેળવી શકતો નથી.''

આ પ્રમાણે પ્રકીર્ણ લેખની સમાપ્તિવેળા શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે

શ્રીમદાચાર્યદાસેન હરિદાસેન રૂપિતઃ ।
અર્થઃ સ્વાચાર્યવાક્યાનાં સ એવૈષ પ્રસીદતુ ।।૧।।

શ્રીમદાચાર્યના દાસ હરિદાસે લખી કહ્યો,
અર્થ આચાર્ય-વાક્યોનો એ પ્રસન્ન થઇ રહો.

★★★

મૃણાલિની યાને આદર્શ મર્યાદી

(સેવા ધર્મઃ પરમ ગહનો યોગિનામપ્યગમ્યઃ)

(લે. પૂજ્યપાદ આયુષ્યમાન્ ગો. શ્રીવ્રજનાથલાલજી)

આજે મૃણાલિનીના હૃદય-પ્રદેશમાં આહ્લાદ મ્હાતો હતો. ચન્દ્રની એમ.એ.ની પરીક્ષાનું પરિણામ પ્રકટ થઈ ચૂક્યું હતું. તેમાં તે સન્માનપૂર્વક સુવર્ણ-પદક પ્રાપ્ત કરી પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયો હતો. તેના હર્ષાવેશમાં મૃણાલીની શ્રીબાલકૃષ્ણપ્રભુને કમલોપવનમાં પધરાવવાની હતી. સુન્દર સુરભિત સુમન મંડલીમાં બિરાજાવવાની હતી. વિધવિધ પ્રકારના પકવાન ભોગો આરોગાવવાની હતી. 'મૃણાલ-સરોવર' માં પ્રિય શ્રીબાલકૃષ્ણને નૌકા વિહાર કરાવવાની હતી. બસ, આજે મૃણાલિની આવા અનેક પ્રકારના મનોરથો દ્વારા શ્રીબાલકૃષ્ણને રીઝાવવાની હતી. અને એજ મનીષાથી મૃણાલિની આજે આંનદોત્ફલ્લિત જણાતી હતી.

તે એક બાળ-વિધવા હતી. તેના ગર્ભશ્રીમંત પિતા વિનયચન્દ્ર પાઠક મુંબઈનગરીમાં સુવિખ્યાત હતા. તેઓ પોતાના કુટુંબ સાથે વોર્ડનરોડ પરના ''વિનય નિકેતન'' માં રહેતા હતા. વિનય નિકેતનની સમીપમાં જ કમલોપવન બનાવેલું હતું. તેમાં એક રમણીય 'મૃણાલ સરોવર' તેની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યું હતું. મૃણાલિનીની જનની તેને પાંચ વર્ષની અલ્પ વયમાં જ તેના પિતાના હસ્તોમાં સોંપીને શ્રીચરણોમાં પ્રાપ્ત થઈ ગઈ હતી.

વિનયચંદ્ર પાઠક પત્નિના અવસાનથી ઘણા જ ખિન્ન થઈ ગયા હતા. તેમનાં કોમલ હૃદયને તેથી તીવ્ર આઘાત પહોંચ્યો હતો. દુનિયામાંથી તેમનું મન ઉડી ગયું હતું. તેઓ પુનઃ અન્ય કુમારીકા સાથે લગ્ન કરવાના કટ્ટા વિરોધી હતા. જેવી રીતે વિધવા સ્ત્રી અન્ય વખત લગ્ન નથી કરી શકતી તેવી જ રીતે વિધુર પણ સત્યતાથી અન્ય કુમારીકા સાથે લગ્ન ન જ કરી શકે. તેમ તો આ જન્મ 'એક પત્નિ' વ્રત જ પાળવું જોઈએ એવી એમની દૃઢ માન્યતા હતી. તેથી પત્નિના મૃત્યુ પછી સંસારની સર્વ વસ્તુઓમાંથી હૃદય કાઢી શ્રીબાલકૃષ્ણને અનન્ય ભાવથી સેવવા લાગ્યા હતા.

મૃણાલિનીને ૧૧મે વર્ષે કૃષ્ણકાન્ત બી.એ. સાથે લગ્ન ગ્રંથી વડે જોડી દીધી હતી. મૃણાલિનીનો ભાઈ ચન્દ્ર મેટ્રીકની પરીક્ષામાં પાસ થઈ કોલેજમાં અભ્યાસ

કરતો હતો.

એક દિવસ મૃણાલિનીએ બહારથી આવીને પિતાના હાથમાં તાર મૂક્યો. વિનયચંદ્રે ધડકતે હૃદયે તાર વાંચ્યો, અને ધરતી પર ઢળી પડયા. મૃણાલિનીએ શોર મચાવી મૂક્યો. બાજુના ખંડમાંથી ચંદ્ર તુરત દોડી આવ્યો અને પ્રભુપ્રસાદિ ગુલાબજળ પિતાના મોં પર છાંટવા લાગી ગયો. મૃણાલિની પણ પિતાને પવન નાખવા લાગી ગઈ, ભાઈબ્હેનની સુસ્નેહ શુશ્રુષાથી વિનયચંદ્ર પાઠકે થોડીવારમાં જ આંખો ઉઘાડી. હસ્તસંકેતથી મૃણાલિનીને પોતાની સમીપ બોલાવી. નિશ્ચલ તથા ગદ્‌ગદ થઈ ક્ષીણ સ્વરે કહેવા લાગ્યા – ''પુત્રી મૃણાલિની !! હાય ! ત્હારાં ભાગ્યમાં અન્તે શું આ જ લખાયું હતું ? હાય ! શું હું ત્હને આવી દુઃખી જોવા જ અત્યાર સુધી જીવતો રહ્યો ? દુઃખમય સંસારમાં અવશેષ દુઃખી જ છે. ત્હારી વય, ત્હારૂં નિર્દોષ મુખડું જોઈ મ્હારૂં હૃદય ચીરાઈ જાય છે, હાય ! તેં તો સાસરીયામાં પગે મૂક્યો નથી. ઓ વિધાતા ! આ ત્હારાં કેવાં ભયંકર ક્રૂર વિધાન ! પુત્રી ! ગઈ સાલે જ ત્હારાં લગ્ન કર્યાં હતાં. આજે તું હાય ! બાલવિધવા .. થઈ ગઈ !''

આટલું બોલતાં જ વિનયચન્દ્ર પાકઠ પુનઃ મુર્ચ્છિત થઈ ગયા. ભાઈબ્હેનની સેવાથી પાછા સ્વસ્થ થઈ કહેવા લાગ્યા – મૃણાલિની ! મને લાગે છે કે હું હવે વધારે જીવીશ નહિં. મ્હારાં શ્રીબાલકૃષ્ણપ્રભુની સેવાનો ભાર હું ત્હને સોપું છું. તું સદાકાળ શ્રીબાલકૃષ્ણની તન, મન, ધનથી સેવા કરજે. પ્રભુને જરાએ પરિશ્રમ પડવા દેતી નહિં. ત્હારા પિતા અને ત્હારા પતિ હવે તેઓ જ છે. તેને જ તું તારૂં સર્વસ્વ માની સેવા-પ્રણાલિકાથી પ્રભુની પ્રેમપૂર્વક સેવા કર્યા કરજે. તું કોઈ દિવસ પણ ગભરાઈશ નહિં. કયાંક ભૂલચુક થઈ જશે તો તે શ્રીબાલકૃષ્ણ પ્રભુ ખીજાશે નહિં. ત્હારાથી રીસાશે નહિં. સમજી ? જેવી આવડે તેવી સામગ્રી તૈયાર કરીને પ્રભુને આરોગાવજે. એક અગત્યની વાત તું અને ચન્દ્ર બરાબર લક્ષ્યમાં રાખજો, **આજકાલ આપણા પુષ્ટિમાર્ગમાં લેભાગુ ઢોંગી વૈષ્ણવતાનો ડોળ કરનારા વધી પડયા છે. તેઓ માત્ર પોતાની ઉદર-જવાલાની શાંતિ અર્થે જ વૈષ્ણવત્વનાં ચિન્હો પરિધાન કરી ઠગબાજી આદરે છે. હાય ! તેવાઓના કારણે સંપ્રદાય ઉપર અનેક ધૃણિત આક્ષેપો હાલમાં થઈ રહ્યા છે. તેવા ઢોંગીઓને ત્હમે ત્હમારા ગૃહદ્વારમાં પેસવા ન દેશો, એટલું જ નહિં પણ તેવા દુષ્ટોનું મોં પણ ન જોશો.** પ્રભુના બાળકો ચિરાયુ રહો પ્રભુના પાદપદ્મમાં તન મન અને ધન સમર્પી સેવા કરતા રહી જીવનનું સાર્થક્ય કરતા રહો !

પાઠક આટલું બોલી શ્રીબાલકૃષ્ણનું ચિન્તન કરી બાલકો ઉપર સ્નેહભીનો કર મૂકી ગોલોકવાસી થઈ ગયા. બન્ને બાળકો અશ્રુધારાથી મૃતપિતાના પાદપદ્મોનું અભિમયાદ પ્રક્ષાલન કરી શોક-વિહ્વલ બની ગયા.

આજે તે ઘટનાને વર્ષો વીતી ગયાં છે. મૃણાલિની પિતાની આજ્ઞા મુજબ એકચિત્તથી શુદ્ધભાવે શ્રીબાલકૃષ્ણની સેવા કરી રહી છે.

મૃણાલ સરોવરના પ્રસ્તર સોપાન ઉતરી શ્રીબાલકૃષ્ણની ઝારી માટે પવિત્ર જળ પ્રાતઃકાળે અને સાયંકાલે ન્હાની ગાગરમાં ભરી આવે છે. પોતાના જીવનના મુખ્ય કર્તવ્ય શ્રીબાલકૃષ્ણની સેવાતિરિકત કંઈ સમજતી નથી. સેવાના અવકાશ સમયે મૃણાલિની ચન્દ્ર પાસે સાંપ્રદાયિક ગ્રન્થો દ્વારા સ્વમાર્ગીય સિદ્ધાન્તોનું મનન કરે છે. તાળામંગલ કરી મૃણાલિની આજે કમલોપવનમાં પ્રભુને આરોગાવવા અનેક પ્રકારની સામગ્રીઓ તૈયાર કરી રહી છે. ઉત્થાપનનો સમય થતાં મૃણાલિનીએ પ્રભુમંદિરમાં અશ્પર્સમાં સ્નાન કરી પ્રભુને ફલ-ફૂલ ધર્યા એવામાં ચન્દ્ર ત્યાં આવી પહોંચ્યો.

''કેમ ! મૃણાલિની ! પ્રભુને 'કમલોપવન' માં કયારે પધરાવીશ ?''

''મોટા ભાઈ ! એજ તૈયારીમાં છું. જુઓ ! આ સામેથી કોણ આવે છે?''

બન્ને ભાઈ બ્હેન રસ્તા ઉપર જોવા લાગ્યાં. વૈષ્ણવ જેવી જણાતી બે વ્યકિતઓ તેમણે જોઈ.

''મોટાભાઈ આ પણ ઠીક જ થયું. આજના આપણા મનોરથમાં આગંતુક વૈષ્ણવો પણ ભાગ લેશે''

''મૃણાલિની ! તું પિતાની અંતિમ આજ્ઞા કેમ વિસરી જાય છે ? **આ વૈષ્ણવોની મુખાકૃતિ મને રુચતિ નથી.''**

''ના, ના મોટાભાઈ આ તો તાદશી વૈષ્ણવો જ લાગે છે. તમે આવો ખોટો વ્હેમ ન લાવો.''

ચન્દ્રે મૃણાલિનીની આ વાત સાંભળી નહિં, તે ઘણા જ વિચારમાં પડી ગયો. મૃણાલિનીએ આગંતુક વૈષ્ણવોનું સ્વાગત કરીને તેમને આદરપૂર્વક બેસાડયા અને ઉત્થાપનનો સરાવેલો પ્રસાદ સ્નાન કરી આવી લઈ લેવા તેઓને કહ્યું.

આંગતુકો પૈકી એકે કહ્યું : બ્હેન ? તમારે ત્યાં મનોરથ છે એવી વાત સાંભળીને જ અમે અહીંયા આવ્યા છીએ. બ્હેન ! તમો તો અનન્ય ભાવથી પ્રભુને લાડ લડાવી રહ્યા છો તમારાં ભાગ્યની તો દેવતાઓને પણ ઈર્ષ્યા થતી હશે ? **પણ...બ્હેન ત્હમોને મરજાદ છે કે નહિં ?** ''ભાઈ ! મરજાદ તો અમને નથી. પણ

હું શુદ્ધ આચારથી અને વિશુદ્ધ સેવાપ્રણાલિકાથી પ્રભુ-સેવા કરૂ છું.''

મૃણાલિની આ વાત કરતી તે વખતે આંગતુકો મૃણાલિનીને પાપદષ્ટિથી નિહાળતા હતા. તેથી તેમણે તેની વાત સાંભળી નહિં તેથી તેમણે ફરીથી પૂછયું:

''ફરીથી કહોને બ્હેન ! અમે સાંભળ્યું નહિં''

મૃણાલિની તેમનો કલુષિત ભાવ સમજી ગઈ તેથી તેણે ટૂંકમાં જ પતાવ્યું **''ના, મને મરજાદ નથી.''**

''ત્યારે બ્હેન ! તમારા ઘરનું ફળફૂલ કે ફળાદિ પણ - પ્રસાદ સિવાય અમને કંઈપણ કામમાં ન આવે. **તમે મરજાદ કેમ નથી લેતા ?''**

''ત્યારે લો આ ફળફૂલ''

મૃણાલિનીએ તેમની સાથે વિશેષ વાર્તા પ્રસંગ ન લંબાવતા ફળફૂલના દડીયા તેમની પાસે મૂકી શ્રીબાલકૃષ્ણ પ્રભુને લાડ લડાવી અને 'કમળોપવન'માં પધરાવીને ચાલી ગઈ. આંગતુકો તેને જતી જોઈ રહ્યાં અને પછી ત્યાં જ સુઈ રહ્યા.

(૨)

''બ્હેન ! તમારા ઉપર આ દારૂણ દુ:ખ કેટલાક વખતથી આવી પડયું છે?''

બીજે દિવસે રાજભોગ પછી આગન્તુકો પૈકી એકે મૃણાલિની સાથે પુનઃ વાર્તારંભ કરવાનું એક બહાનું શોધી કાઢયું. પાસે બેસેલો ચંદ્ર હવે વધુ વખત મૌન ન રહી શકયો તે બોલી ઉઠયો -

''તમે આકૃતિથી તો પરમ વૈષ્ણવો જેવા લાગો છો. આથી તમારે આવા લૌકિક પ્રસંગો છેડવા એ અનુચિત ન ગણાય ? વારૂ, તમે મર્યાદ કોને કહો છો?''

''જુઓ ચંદ્રભાઈ ! જે માણસ દૈવી હોય તે જ મરજાદનો અધિકારી થઈ શકે છે. મરજાદ લીધા પછી તે અન્ય કોઈના પણ હાથનું ખાઈ ન શકે. જેણે મરજાદ લીધી હોય તેના હાથનું જ તે ખાઈ શકે. મરજાદીને લૌકિક વાતથી કાંઇ સંબંધ રહેતો નથી. સમજ્યા ?''

''ત્યારે તમે પણ મરજાદી જ જણાઓ છો. તમારામાં નાતજાતનો લોપજ હોય છે, નહિં વારૂ ? ગમે તે નાતનાં હોય પણ મરજાદી હોય એટલે અરસપરસ ખાઈ શકે છે ને ?''

''હા હા, પછી શો વાંધો ? મરજાદ એ પુષ્ટિમાર્ગનો મુખ્ય સિદ્ધાન્ત છે. મરજાદીઓ જ્યારે મનોરથો કરે છે ત્યારે તમે જુઓ કે કેવા મનોરથો થાય છે ! પ્રભુ હીંડોળે ઝુલતા હોય અને સાન્નિધ્યમાં જ અબીલ ગુલાલ ઉડાડીએ અને રંગોની નદીઓ અમે લોકો જ વહેવડાવીએ. ગયા વરસે બોરીવલીમાં ઘણો આનંદ આવ્યો

હતો. પ્રભુની સાન્નિધ્યમાં જ બધાં ગોપ ગોપીઓ રમતાં હતા.''

''હેં ! ગોપગોપીઓ ! ત્યાં ક્યાંથી આવ્યાં ?''

''ચંદ્રભાઈ વાત એમ છે કે આપણો માર્ગ ભાવનો છે. પ્રભુની સાથે પ્રભુને સેવતા દૈવીજીવોમાં આવા પ્રસંગો વખતે ગોપોનો આવેશ આવી જાય છે. અને દૈવી સ્ત્રીઓમાં ગોપીજનોનો.''

''છી, છી. આવી બિભત્સ અને પાપમય વાતો કરતાં તમને શરમ નથી આવતી ?'' વચમાં જ મૃણાલિની છંછેડાઈ પડી.

''બ્હેન ? આ વાતમાં તમે ન સમજો. આપણો માર્ગ તો ભાવના પ્રધાન છે. જ્યાં ભાવનું પ્રાચુર્ય હોય તો કંઈ જોવાનું નથી **તમે મરજાદ તો લ્યો. જોઈ લ્યો કેવો આનંદ આવે છે.** તમે આ લૌકિક દુઃખ ભૂલી જશો. ભૂલી.''

''તમારી મરજાદને મારા નવગજના નમસ્કાર હો. અહા ! કેવું મર્યાદનું શુદ્ધ સ્વરૂપ છે, અને કેવો પાધરો અર્થ છે, તેનો આવો અનર્થ? તમે લોકો માત્ર ઉદર પોષવા માટે અને તમારૂં કાળું મોં કરવા માટે આવા ભ્રષ્ટ અનાચાર શા માટે ફેલાવો છો? **ખરેખર! તમે વૈષ્ણવ નથી પરંતુ વૈષ્ણવતામાં સંતાયેલા નરપિશાચ છો.''**

''બ્હેન? આમ ન બોલો. ભગવદીયોને આમ ન બોલાય. આવું બોલી ઉલટા દોષના ભાગીદાર થશો. ગુરૂ અને વૈષ્ણવને સરખા લેખવા જોઈએ. હરિની ગુરૂની અને વૈષ્ણવની ગમે તેવી આજ્ઞા હોય તેનો વિચાર કર્યા વિના પાળવી જ જોઈએ. એ જ પુષ્ટિમાર્ગનો સિદ્ધાંત છે, બ્હેન? **તમને રસમાર્ગનો પરિચય નથી થયો, તેથી જ આમ અરસિક જણાઓ છો.''**

''શ્રીકૃષ્ણ ! શ્રીકૃષ્ણ !! મૃણાલિની પિતાજીએ જે અન્તિમ વાકય કહ્યું હતું તે આજે ચરિતાર્થ થાય છે. **આ વૈષ્ણવો નથી પણ વિષયના કીડાઓ છો.''**

''ભાઈ ! જુઓ સમજાવું. આપણા માર્ગમાં અભિમાન ન કરવું એમ કેટલાયે સ્થળે ખુલ્લું લખેલું છે. અમે લોકો અભિમાની ન બની જઈએ માટે જ આ દોષ અમારામાં જોવામાં આવે છે. આવા દોષથી અમને કોઈ દિવસે પણ અભિમાન થતું નથી. ઘણીજ દીનતાથી અને શ્રદ્ધાથી અમે સેવા કરતા રહીએ છીએ.''

હાય ! હાય ! તમે શું લવારો કરી ગયા. પુષ્ટિમાર્ગનો આવો સિદ્ધાન્ત નથી. ના ના તમે પુષ્ટિમાર્ગના અનુયાયી છો તેમાં હવે મને શંકા છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરનો સર્વત્ર પુષ્ટિમાર્ગમાં ત્યાગનો જ ઉલ્લેખ કરાયો છે. દોષેષુ પ્રથમઃ કામઃ । આમાં શ્રીહરિરાયજીએ કામને દોષોમાં પ્રથમ ગણ્યો છે. સાક્ષાત્

મહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે કે વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ। જ્યારે તમારામાં કામ વાસના છે ત્યારે તમારી સેવા પ્રભુ અંગીકાર કરે જ ક્યાંથી, વિષયાક્રાંત દેહમાં પ્રભુનો આવેશ સર્વથા આવતો જ નથી. વારૂ તમે પહેલા કહી ગયા કે હરિ ગુરૂ વૈષ્ણવને સરખા માની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. આ તમારી વાત બરોબર છે. પણ શ્રીકૃષ્ણને શ્રીકૃષ્ણ ભાવથી, ગુરૂને ગુરૂ ભાવથી, અને વૈષ્ણવને વૈષ્ણવ ભાવથી જ ભજી શકાય. તેઓ આપણા ઉપર સદા કૃપા દષ્ટિ જ રાખે અને આપણા શ્રેયનો માર્ગ તેઓ સદા બતાવે. જે અનુચિત આજ્ઞા ગુરૂ કરનાર ગુરૂ હોઈ શકે જ નહિ. તો વૈષ્ણવ ક્યાંથી જ સંભવે ? આવી અનર્થકારી વાતો તમે શા માટે ફેલાવતા હશો ? તમારી આ પ્રપંચજાળ અહિં નહિં ચાલે. મને મારા પિતાજીએ મરણ પહેલાં જ તમારા જેવા ઢોંગીઓથી ચેતતા રહેવાનું કહી ગયા છે. હાય ! તેઓએ તો તમારા જેવા દુષ્ટો સાથે મને ભાષણ કરવાની એ મના કરી હતી. પણ આજ તે આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તમારી સાથે માથાફોડ કરવા બેસી, તેનો દંડ મને આજેજ મલ્યો કે આજે મારાથી મારા શ્રીબાલકૃષ્ણ પ્રભુની સેવામાં વિલંબ થઈ ગયો. જાઓ પધારો. આજ પછી કોઈ દિવસ પણ તમારૂં શ્યામ મુખ મને ન દેખાડશો. પ્રભુ તમને સદ્બુદ્ધિ પ્રદાન કરે.

''જોયું મૃણાલિની ! મારૂં અનુમાન ખરૂં પડયું કે નહિં?''

''મોટાભાઇ જવા દો એ અધમોની નીચ કથા. એવા પાખંડીઓએ જ મર્યાદાના વિશુદ્ધ સ્વરૂપ ઉપર શ્યામ યવનિકા નાખી દીધી છે. પિતાજીની આજ્ઞા ઉલ્લંઘન કરી મને ઘણો જ પશ્ચાતામ થાય છે.''

પિતા ! પિતા !! ઓ સદ્ગત પિતા !!! તમારી આ રાંક પુત્રીની પ્રથમ ભૂલને ક્ષમા પ્રદાન કરો. આ મૃણાલિની હવે પછી આવો અક્ષમ્ય અપરાધ કોઈ દિવસ પણ નહિં કરે. મોટાભાઈ તમે પણ શ્રીબાલકૃષ્ણ પ્રભુની સેવા કરોને ? પ્રભુની સેવા એ અલૌકિક છે તેનું ફલ પણ અલૌકિક મળે છે, અને એનો આનંદ ઓર છે.

''બ્હેન ! તારી વાત ખરી છે. સેવા એજ આપણો મુખ્ય ધર્મ છે. અહા! સેવા ધર્મઃ પરમ ગહનો યોગીનામપ્યગમ્યઃ । સેવારૂપી પરમ ધર્મ તો યોગીઓથીએ અગમ્ય છે.''

''મૃણાલિની ! પ્રભુની સેવાનો હું હજુ પૂર્ણ અધિકારી નથી થયો. મને હમણાં લોકસેવા અને દેશસેવા કરવા દે તે પણ એક પ્રકારની આધિભૌતિક સેવા જ છે. એટલું તો ખરૂ જ કે આ આધિભૌતિક સેવાનું ફલ પણ આધિભૌતિક જ કિંતુ મને પૂરો વિશ્વાસ છે કે આ સેવા કર્યા પછી હું અવશ્ય આધિદૈવિક પ્રભુ સેવાનો

અધિકારી થઈશ જ બ્હેન ! હું આ જન્મ કૌમાર્યવ્રત જ પાળીશ, સંમત છે ને ?''

''મોટાભાઈ ! ખરેખર ! તમે કલ્યાણમતિ છો. તમારા હૃદયની ભાવના અત્યંત પવિત્ર છે. હું ભાગ્યશાળી છું કે તમારા જેવા વડીલ ભ્રાતાની શીતલ છાંય સેવી રહી છું. અને તે ઠંડી છાયમાં શ્રીબાલકૃષ્ણની તન મન ધનથી સેવા કરી રહી છું. ચાલો શ્રીબાલકૃષ્ણ પ્રભુના દર્શન કરો.''

''ચાલ બ્હેન !''

ચન્દ્રનું હૈયું ભરાઈ આવ્યું તે વધારે ન બોલી શકયો. અલ્પવયસ્કા મૃણાલિનીનો પ્રભુ પ્રત્યેનો ભાવ જોઈ અને આદર્શ એવં શ્રેષ્ઠ વિચારો સાંભળી ચન્દ્ર હર્ષાશ્રુ વહેડાવવા લાગ્યો. બન્ને જણ પ્રભુ મંદિરમાં જઈ પહોંચ્યા. મૃણાલિની શ્રીબાલકૃષ્ણ પ્રભુની આરાર્તિકા કરવા લાગી. અને ચન્દ્ર નિજ મંદિરની બહાર ઉભો ઉભો શ્રીહરિરાયચરણ વિરચિત અષ્ટપદિ ગદ્‌ગદ કંઠે ગાવા લાગ્યો.

મયિદિનેષુદયાકરણીયા;
વરણનિત્યતા હૃદિધરણીયા
૧
નિજપદકમલયુગકૃતશરણે
સન્તતવિહિતાવિહિતવિચરણે
૨
સાધનમતિકૃતનિજપથહાને
ફલસમ્બન્ધિવિરોધસમાને
૩
વિફલમૃષામદદત્તમાનસે
વિઠ્ઠલવિપુસેવૈકલાલસે ।। ઈત્યાદિ

(નિ.લી.શ્રીમદ્‌હરિરાય ચરણા:)

અષ્ટપદી ગાતાં ગાતાં ચન્દ્રકાન્ત પ્રેમ વિહ્વલ થઈ જઈ ત્યાં જ શ્રીબાલકૃષ્ણ પ્રભુની સન્નિધિમાં જ મુર્ચ્છિત થઈ ઢળી પડયો. મૃણાલિની પણ આરાર્તિકાની પૂર્ણાહુતીમાં અષ્ટપદીનું ગર્ભિત અર્થ સમજી સંજ્ઞા શૂન્ય બની ગઈ.

('શ્રીપુષ્ટિપીયૂષ' પ્રાચીન અંકમાંથી સંકલિત પાના નં.૧૦૬ થી ૧૦૮ અને ૧૩૫ થી ૧૩૭)

★★★

મરજાદ એટલે શું ?

(નિ.લી.ગો. શ્રીવૃજનાથલાલજી મહારાજ ''પરાગ'', વિલેપાર્લા)

(૧) મરજાદનો શુદ્ધ ઉચ્ચાર છે મર્યાદ. અને તેનો ભાષામાં અનુવાદ કરીએ, તો તેને માત્ર બીજો પર્યાય શબ્દ છે પ્રણાલિકા ! તાત્પર્યમાં 'મર્યાદ' એટલે કઠોર નિયમોનું પાલન અને 'મર્યાદા' એટલે તેવા કઠોર નિયમોનું પાલન કરનાર વ્યક્તિ.

(૨) તે નિયમ શ્રીમદ્‌વલ્લભાચાર્ય મહાપ્રભુજી અને શ્રીગુસાંઈજીના સમયમાં ન હતો પરંતુ કિંવદન્તિ અનુસાર શ્રીગુસાંઈજીના ચતુર્થ કુમાર શ્રીગોકુલનાથજીના સમયમાં આપશ્રીએ ઘડીને તેનો પ્રચાર કર્યો.

(૩) શરણ-દીક્ષાન્તર આત્મનિવેદન દ્વિતીયદીક્ષા ગ્રહણ કર્યા પછી જીવ શ્રીકૃષ્ણની સેવા કરવાનો દેવદુર્લભ-દિવ્ય અધિકાર પ્રાપ્ત કરે છે, પરંતુ યુગ પ્રભાવે જીવ જ્યારે માનસિક શિથિલતા જીવનમાં અનુભવી યુગપ્રવાહમાં તણાવા લાગ્યા ત્યારે તેને નિયમમાં બાંધી રાખવા શ્રીમદ્ ગોકુલેશજીએ 'મર્યાદ' નામક કઠોર નિયમ બ્રહ્મસંબધથી શરણાગત થયેલા જીવોને ભગવત્સેવામાં આદર્શતા લાવવા ઘડયો. અને તેનો પ્રચાર થયો. એ અવશ્ય સ્વીકારી શકાય છે. પરંતુ આપશ્રીએ તે નિયમનું પાલન કરનાર વ્યક્તિએ 'વ્યવહાર' વિધિ કરીને મરજાદ લઈને એક હારે બ્રાહ્મણ-વૈશ્ય તથા શૂદ્રો વગેરે વર્ણો સાથે બેસીને પ્રસાદ લે અને તેમ કરીને વેદોકત વર્ણાશ્રમ ધર્મનો નાશ કરે, તો કાંઈ અનુચિત નહીં, ને દોષ ન લાગે એવી કાંઈ આજ્ઞા નથી કરી.

(૪) બ્રહ્મસંબંધ સંસ્કાર થયા પછી સેવા-વિધિના આચારમાં ''કઠોર નિયમ મર્યાદ'' લેવી જ જોઈએ એવું કાંઈ નથી. બ્રહ્મસંબંધ થયા પછી વૈષ્ણવોએ શુદ્ધ આચારવિચાર પૂર્વક વર્ણાશ્રમ ધર્માનુસાર રહી સેવાપરાયણ થવું જોઈએ. અને 'મર્યાદ' લીધા પછી વિશેષ ધર્મપરાયણ

અને સંયમી બનવું જોઈએ, તેથી જ કહ્યું છે કે – ''રસિકાઃ કામવર્જિતાઃ'' અર્થાત્ જે ભગવદ્રસમાં રંગાયેલ હોય અને કામ જેને સ્પર્શ પણ ન કરે તે જ સાચા 'રસિક' છે.

(૫) વૈષ્ણવોએ અત્યારે ઐક્યતા સાધવાની આવશ્યકતા છે, દ્વેષ, કલેશ, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે અધર્મોને આ માર્ગમાં સ્થાન નથી. માટે એ દુર્ગુણોથી બચીને, તેનો નાશ કરીને સમ્પ્રદાયના ખરા સિદ્ધાન્તો (શ્રીમહાપ્રભુજીના ગ્રંથો) સમજવા જોઈએ. ઘણા ખરા ધૂર્તો ભકત મર્યાદીના સ્વાંગ ધરી ભોળા શુદ્ધ હૃદયના ખેડુતો જેવા અજ્ઞાન વૈષ્ણવોને ઉંધુચત્તુ, કાંઈને કાંઈ સમજાવીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરીને તેઓને સર્વનાશની ઊંડી ગર્તા(ખાઈ)માં ધકેલી દે છે, ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં સંસારાસક્તિ અને સાંસારિક પદાર્થો પ્રત્યેની મમતા મટી સ્વરૂપાસક્તિ દૃઢ થાય એ જ મરજાદ છે.

★★★